# પ્રકરણ ચોથું

## શ્રીમાન્ વિશ્વવંદ્યનો વાઙ્મય વિહાર

## પ્રકરણ ૫

## શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યની રસસૃષ્ટિ

સંવત્ ૧૯૫૩માં નાગપંચમીના દિવસે શ્રીમન્નૃસિંહાચાર્યજી ૪૩મે વર્ષે સ્વરૂપાવસ્થાન પામ્યા ત્યારે ઉષઃકાલે ઉદય પામેલા સૂર્ય સમા બાલક ઉપેન્દ્રની વય માત્ર ૧૨ વર્ષની હતી, અને વર્ગના ભાવિ તૃતીય આચાર્ય શ્રીમત્સુરેશ્વરાચાર્યજીનો દેહપિંડ માતુશ્રી રુકિમણીદેવીના ગર્ભાગારમાં રૂપવિકાસને પ્રાપ્ત કરી રહ્યો હતો. સહસ્ત્ર ઉપરાંત સાધકોનાં મન અનાથ અસહાય બની ગયાં હોય તેમ વિષણ્ણ અવસ્થાને અનુભવી રહયાં હતાં. હવે તેઓનું શું થશે એવી તો એમને જરાય ભીતિ ન હતી. કારણ કે આચાર્યશ્રીના દ્વિતીય હૃદય સમા શ્રીમાન્ માસ્તર સાહેબનાં અલૌકિક જ્ઞાનસામર્થ્ય ઉપરાંત વર્ગ પ્રતિનું તેમનું – આચાર્યશ્રીના જેવું જ – વાત્સલ્ય સાધકોનાં હૃદયમાં સ્થપાયેલા વિશ્વાસને લેશમાત્ર ડગાવી શકતું નહીં. લૌકિક વ્યવહારના વાતાવરણને લીધે તથા આચાર્યશ્રી પ્રત્યેના આત્યંતિક અનુરાગને લીધે, આચાર્યશ્રીના લીલાતનુનું અદર્શન તત્કાલ તો સાધકોનાં સ્થૈર્યધૈર્ય અને તત્ત્વદષ્ટિને કસોટીએ ચઢાવે એ સ્વાભાવિક હતું. પરંતુ શ્રીમાન્ વિશ્વવંદ્યની આચાર્યકુટુંબ પ્રત્યેની અનુરક્તિ અને તેમના સાધકજીવનની ચરમ અવસ્થાને અનુભવતા સાધકો, અંતરાત્મામાંથી જ જાણે અલૌકિક રીતે આશ્વાસન અને સાન્ત્વન મેળવી રહ્યા. તેઓએ, સાધકવર્ય વિશ્વવંદ્ય દ્વારા, અને વિશ્વવંદ્ય સહિત, પોતાની સમસ્ત શ્રધ્ધાનું આરોપણ બાલ-ઉપેન્દ્રમાં કર્યું. આચાર્યશ્રીએ સાધકો સમક્ષ અનેક વખત કહેલું કે,

"જે મેં પોતે નથી કર્યું તે "<u>મોટાભાઈ</u>" કરશે."

બાલ-ઉપેન્દ્રને તેઓ "મોટાભાઇ" કહેતા. આ ભાવવચનનું સંસ્મરણ પણ આ પ્રસંગે સાધકોના ચિત્તને સુદૃઢ બનાવી રહ્યું. તેમનાં અંત:કરણમાં એવી અનાયાસ દૃઢ પ્રતીતિ પ્રકટ થઇ કે શ્રીનૃસિંહાચાર્યજીની દિવ્ય ભવ્ય સત્તાના જ્ઞાનૈશ્વર્યપ્રભાવની તેજસ્વી દ્યુતિ ધીમેધીમે બાલ-ઉપેન્દ્રના જીવનમાં જ્વલંત જ્યોત રૂપે ઝળહળશે અને એના પારાવાર પ્રકાશમાં સાધકોને – પૂર્વવત્ – પુણ્યસ્નાન કરવાનું પુનઃ સદ્ભાગ્ય પ્રાપ્ત થશે.

શ્રી વિશ્વવંદ્યના શિર પર વર્ગના નિર્વહણની જવાબદારી આવી પડી。 નેતા થવાની સ્પૃહા ન હોવા છતાં, આચાર્યવિભૂતિના કેવળ વાહક તરીકે તેમને થોડાંક વર્ષ સુધી વર્ગનું નેતૃત્વ સંભાળવું પડ્યું. પણ તેથી ય વિશેષ કપરી કસોટી તો બીજા વિલક્ષણ મુદ્દા પરત્વે હતી. થોડાક જ દિવસોમાં તેમણે સર્વ સાધકોની સંમતિથી મોટો સમારંભ યોજી બાલ-ઉપેન્દ્રને આચાર્યપદે આરૂઢ થયેલા જાહેર કરી, સૌથી પ્રથમ અગ્રણી શ્રેયસ્સાધક તરીકે પૂજાવિધિસહ પ્રણિપાત કર્યા – અને સારો ય સાધકસમુદાય નિષ્ઠાપૂર્વક તેમને અનુસર્યો. શ્રી ઉપેન્દ્ર ભગવાન રૂપે (શ્રીમન્નૃસિંહાચાર્યને સાધકો "બાપજીશ્રી" કહેતા તેમ શ્રી ઉપેન્દ્રાચાર્યને "ભગવાનશ્રી" કહેતા) શ્રીમન્નૃસિંહાચાર્યજી પોતે જ વિલસી રહ્યા છે એ ભાન અને ભાવને જાગ્રત રાખીને, શ્રીનૃસિંહાચાર્યજી પ્રતિ પોતે જે રીતે વ્યવહારવર્તન રાખતા હતા તે રીતનાં જ વ્યવહારવર્તન શ્રીઉપેન્દ્ર-ભગવાન પ્રતિ પણ ચાલુ રાખીને, શ્રીવિશ્વવંદ્યે પોતાની ગુરુભક્તિ પ્રકટ કરી ; તો બીજી બાજુથી અંગત રીતે, કિશોર વયના ઉપેન્દ્રમાં ગુપ્તસુપ્ત બીજાંકુર અવસ્થામાં રહેલી દિવ્ય અલૌકિક શક્તિઓનો વિકાસ ક્રમે ક્રમે આવિર્ભાવ પામે તે માટે તેમણે વત્સલ પિતા કે શિક્ષકની દૃષ્ટિથી (શિષ્યભાવ કાયમ રાખીને) શ્રીઉપેન્દ્રભગવાનના શિક્ષણનો પ્રબંધ કર્યો。 ભવિષ્યમાં સાધકોને "જીવન ઘડો"નો મુદ્રાલેખ આપનાર શ્રીઉપેન્દ્રાચાર્યજીના કિશોરકાળમાં તેમના

જીવનઘડતરને આચાર્યાનુરૂપ વળાંક મળે એ રીતે, તેમના શિષ્ય-સાધક વિશ્વવંદ્યે "ગુરુ" તરીકેનું ધર્મકાર્ય ખૂબ કુનેહ અને કાળજીપૂર્વક બજાવ્યું. તેમાં સફળતા મેળવવામાં તેમણે કેવળ ગુરુકૃપા અને ઈષ્ટસંકેતને જ આગળ ધર્યાં છે, એમાં શ્રીમાન્ વિશ્વવંદ્યની અપ્રતિમ વિનમ્રતા જ પ્રતીત થાય છે.

.....અને એક બે વર્ષમાં જ સાધકોનાં ચિત્ત અપાર શાંતિ-સંતોષનો અનુભવ કરવા લાગ્યાં. શ્રી વિશ્વવંદ્યની ઉપસ્થિતિ પર્યંત તેમના સહાયકરૂપે રહી, અને ત્યારપછી સ્વતંત્રપણે શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીએ શ્રેયસ્સાધક અધિકારી વર્ગની વાટિકાને જે રીતે વિકસાવી અને રસાન્વિત કરીને સંસ્કારસૌરભથી મઘમઘતી કરી તેથી સાધકસમુદાય ઉપરાંત, અન્ય સૌ કોઇ પણ, આશ્ચર્યમુગ્ધ થઈ રહ્યાં. પિતાએ શરૂ કરેલી સર્વોન્નતિસાધક પ્રવૃત્તિઓને ચાલુ રાખવા અને વિકસાવવા ઉપરાંત, તેમણે માત્ર પ્રબોધેલી કે સૂચવેલી તથા આદરીને અધૂરી રાખેલી પ્રવૃત્તિઓને સર્વોત્કૃષ્ટ રૂપે પ્રકટ સ્વરૂપ આપવાનો આ સત્પુત્રે પ્રચંડ પુરુષાર્થ કર્યો - એ હકીકતમાં જ "જે મેં પોતે નથી કર્યું તે મોટાભાઈ કરશે" એ ઋષિવિધાનનું રહસ્ય છુપાયેલું છે.

અત્રે એક બાબત ધ્યાનમાં રાખવાની જરૂર છે કે, શ્રીમન્નૃસિંહાચાર્યજીની જીવનલીલાનો સમય ૧૯મી સદીના ઉત્તરાર્ધનો હતો {ઇ.સ. ૧૮૫૪ થી ૧૮૯૭}. શ્રીમાન્ વિશ્વવંદ્યનો સેવાકાળ {ઇ.સ. ૧૮૬૪ થી ૧૯૧૨} નો મોટોભાગ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં અને સ્વલ્પ શેષ સમય વીસમી સદીના આરંભકાળમાં વ્યતીત થયો હતો. જ્યારે શ્રીમદ્ ઉપેન્દ્રભગવાન {ઇ.સ. ૧૮૮૫ થી ૧૯૩૭} વીસમી સદીના આરંભકાળે તથા યૌવનના આરંભકાળે આચાર્યપદે આરૂઢ થયા અને તેમણે વર્ગની વિવિધ પ્રવૃત્તિઓને વીસમી સદીના પોણાભાગના પ્રથમ

પૂર્વાર્ધમાં વિકસાવી અને પરાકાષ્ઠાએ પહોંચાડી. ઊંડાણપૂર્વક સૂક્ષ્મતાથી વિચાર કરનારને સહજ જણાશે કે, વર્ગની ત્રણેય મહાન વિભૂતિઓ – બે આચાર્ય અને એક સાધુશિરોમણિ પટ્ટશિષ્ય મહાત્મા –ના વર્ગ પ્રતિના અભિગમમાં, અને સાધક-સજ્જનોનાં જીવનમાં શ્રેયસ્‌ની સાધના અથવા અંતર્દૃષ્ટિનું ઉદ્‌ઘાટન કે આમુષ્મિક અનુભૂતિના આવિષ્કારના આદર્શ ધ્યેયમાં એકવાક્યતા હોવા છતાં, ત્રણેયની કાર્યપધ્ધતિમાં તથા બાહ્ય પ્રકટીકરણ કે પરિપાટીમાં (સાધન અને સાધનાક્રમમાં જરા ય ફેર ન હોવા છતાં) થોડો ઘણો તફાવત પડે એ સ્વાભાવિક છે. શ્રી ઉપેન્દ્રાચાર્યજીની પ્રબોધપધ્ધતિમાં આધુનિકતાના અંશો ઉતરી આવે એ સહજ છે. આ દૃષ્ટિએ જોતાં, શ્રીમાન્ વિશ્વવંદ્ય, ઉભય – પિતાપુત્ર – આચાર્યોની વચ્ચે જાણે સાતત્યના સેતુરૂપ હતા એમ લાગ્યા વિના રહેતું નથી.

શ્રી વિશ્વવંદ્ય ઉપરાંત વર્ગના અગ્રણી વિદ્વાનોના સંપર્કમાં તથા અગમ્ય સત્તાની સહાયથી શ્રી ઉપેન્દ્રાચાર્યજીએ વિવિધ શાસ્ત્રોનું સંગીન અધ્યયન મેળવી લીધું. યોગવિદ્યાવિષયક જ્ઞાનાનુષ્ઠાન અને અનુભવ તો તેમને યોગીશ્વર પિતાશ્રી પાસેથી બાળપણથી જ મળી રહ્યાં હતાં; તેના પૂર્ણ વિકાસ માટે અવકાશ મળે એ રીતે શ્રીમાન્ વિશ્વવંદ્યે વાતાવરણ સર્જ્યું. નૃસિંહાશ્રમ જાણે અધ્યાત્મનું વિશ્વવિદ્યાલય અથવા તો યોગવિદ્યાપીઠ બની રહ્યું. સ્વલ્પ સમયમાં જ, શ્રી ઉપેન્દ્ર ભગવાને શિષ્યો-સાધકો પ્રતિનું ગુરુકાર્ય આરંભ્યું; અનેક દીક્ષિતોની જીવનપરિવર્તનની પ્રક્રિયા પ્રકૃષ્ટપણે પ્રબળ થવા લાગી; એટલું જ નહીં પણ પ્રબુધ્ધ વિવેકમતિવાળા વડીલ સાધકોની અધ્યાત્મકલાના વિકાસની ગતિ મંદ, સ્થિર કે સ્થગિત ન બનતાં, અધિકારની ઉત્તરોત્તર ઉચ્ચકક્ષાને પ્રાપ્ત કરવામાં તેઓને ભગવાનશ્રી તરફથી સતત માર્ગદર્શન અને પ્રેરણા મળતાં રહ્યાં. સાધકોની સાધનાનું

ઝરણું ધીમે ધીમે ધસમસતા ધોધમાં ફેરવાઇ જવા લાગ્યું. વર્ગનું કેન્દ્ર વડોદરા હતું પરંતુ તેની ક્ષિતિજોએ પાંખો વિસ્તારી. આર્યસંસ્કૃતિ અને સનાતનધર્મના અનુરાગી ઉપરાંત સુશિક્ષિત સંસ્કારી ગણાતા. પરદેશગમન કરી આવેલા તથા પાશ્ચાત્ય ઢબને જીવનમાં વણી ચૂકેલા સજ્જનો, અમલદારો, દૂરદૂરથી "નૃસિંહાશ્રમ"ના તીર્થધામમાં આવવા લાગ્યા. શ્રીમાન્ માસ્તર સાહેબના દેહોત્સર્ગ પછી તો શ્રી ઉપેન્દ્રભગવાને, સાધક સમુદાયની વિજ્ઞપ્તિથી, વર્ગના સૂક્ષ્મશરીર જેવા સાધકશિરોમણિના સ્મારક રૂપે, નૃસિંહાશ્રમથી માત્ર એકાદ માઇલના અંતરે આવેલી કારેલીબાગની વિશાળ જમીન સંપાદન કરી અને તેનું નામ <u>શ્રી વિશ્વબંધોધાન</u> રાખ્યું. એ સ્થાન વેરાન વન જેવું હતું તે અલ્પ સમયમાં જ મંગલ ઉપવન જેવું બની ગયું, એમાં શ્રી ઉપેન્દ્રાચાર્યજીની આયોજના, કલાદૃષ્ટિ અને કાર્યક્ષમતાએ જ મોટો ભાગ ભજવ્યો છે.

પુરોગામી સંવત્સરની ઇષ્ટ પ્રવૃત્તિઓના પ્રકટીકરણ અને વિસ્તરણ માટે વીસમી સદીના સમાજધુરંધરોની ઉત્કટ અભિલાષા હોય એ સ્વાભાવિક છે; પરંતુ તે ગમે તેટલી ઇચ્છનીય અને હિતકારક હોય તો પણ તે જૂની ઢબે તો ન જ નભી શકે. તેથી શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીએ પિતાના રહસ્યપૂર્ણ જીવનકાર્યના આત્મા (Spirit)ને તો આત્મસાત્ કર્યો – અપનાવ્યો, પરંતુ તેને જનતા સમક્ષ પ્રકટ કરવા માટે રસોપભોગ્ય આકર્ષક ઉપકરણોના વાધા પહેરાવીને કલાસ્વરૂપનો સ્વાંગ સજાવ્યો. આથી, વર્ગના સાધકો અને સંભાવિત સજ્જનો, નાનાં બાળકોની જેમ ક્રીડા કરતાં કરતાં કેળવણી પામતા જાય તેમ, અનેરા ઉમંગોત્સાહપૂર્વક ગહન તત્ત્વજ્ઞાનના ઘૂંટડા ગળવા લાગ્યા અને યોગની સીડીનાં સોપાનો ચઢવા લાગ્યા. અલબત્ત, શ્રી ઉપેન્દ્રાચાર્યજી માત્ર નિવૃત્તિપરાયણ આસનસ્થિત યોગાભ્યાસ તરફ ઐકાન્તિક ઝોક આપતા ન હતા, પરંતુ ધ્યાનાદિ પ્રવૃત્તિઓમાં પારંગતતા પ્રાપ્ત કરીને તેનો વિનિયોગ વ્યાવહારિક દૈનિક જીવનની પ્રત્યેક

પળમાં કરવા ઉપર વિશેષ ભાર મૂકતા હતા. તેથી योग: कर्मसु कौशलम् । એ ગીતાનું સૂત્ર અને रसो वै स: જેવો ઉપનિષદ્‌નો મહાન સિધ્ધાંત - આ બંનેનો સુભગ સમન્વય, તેમની તમામ પ્રવૃત્તિઓ, યોજનાઓ અને કાર્યક્રમો પાછળ ડોકાયા કરતો હતો. ગાંધીજીએ જેમ જીવનને મહત્ત્વ આપ્યું તેમ આ ગૃહસ્થી ગુરુદેવે પણ જીવન જીવવાની કલાને સર્વોત્કૃષ્ટ કલા હોવાનું જણાવી, જીવનની નાની મોટી, ઐહિક અને આધ્યાત્મિક હોવાનું મનાતી, તમામ પળો અને પ્રવૃત્તિઓમાં કલાના વિનિયોગને ગૌરવવંતું ગણ્યું. આ હેતુ સિધ્ધ કરવા તેમણે પરંપરાગત ઉત્સવ-પ્રણાલીમાં ઘટિત સુધારા-વધારા કર્યા, કે જેથી જ્ઞાનભક્તિના પંથ પર પ્રયાણ કરતાં કરતાં સાધકોને, નીરસતાના નિરસનપૂર્વક, પરિણામે તો ધર્મજ્ઞાનભક્તિને જ ઉપકારક નીવડે એવું રસપ્રદ સંસ્કારપોષક પાથેય પણ મળી રહેતું.

શ્રીમન્નૃસિંહાચાર્યજીના દેહવિલય પછી કાર્તિક કૃષ્ણ ચૌદસે આચાર્યશ્રીની જન્મતિથિના અને આષાઢી પૂર્ણિમાએ ગુરુપૂર્ણિમાના જે બે ઉત્સવોનું પાલન પૂર્વવત્ ચાલુ રહ્યું તેમાં શ્રીમાન્ માસ્તરસાહેબે નવો સૂર પૂર્યો. આ બંને ઉત્સવોના દિવસે "સદુપદેશશ્રેણી"ના અંકો પ્રસિધ્ધ કરવાનું સં. ૧૯૫૫ના ગુરુપૂર્ણિમાના ઉત્સવથી શરૂ કર્યું. આરંભમાં બે ત્રણ લેખો અને કીર્તનપદોથી શરૂ થયેલી આ "સદુપદેશશ્રેણી"ની ગ્રન્થમાળાએ આગળ જતાં કદ અને અંતર્ગત સાહિત્યની દૃષ્ટિથી અકલ્પ્ય વિશાળ સ્વરૂપ ધારણ કર્યું. તેમાં, સં. ૧૯૫૮ના "સદુપદેશશ્રેણી"ના સાતમા અંકથી તો શ્રી ઉપેન્દ્રાચાર્યજીની લેખિનીનો પણ સંપૂર્ણ સહકાર સાંપડ્યો. "શ્રેણીનાં પ્રકાશનો ઉપરાંત, નવાં નવાં આવિષ્કરણો પામતાં મહાકાલ, પ્રાત:કાલ, યમદંડ, ધર્મધ્વજ, ભક્ત, દંપતિમિત્ર, દંપતિજીવન, શ્રેયસ્સાધક વગેરે વર્ગ દ્વારા અને વર્ગની પ્રેરણાથી વર્ગના જ વિદ્વાનો દ્વારા સંચાલિત થયેલાં વિવિધ સામયિકોમાં

શ્રી ઉપેન્દ્રાચાર્યજીની કવિપ્રતિભાએ પ્રકાશ પાથર્યો અને કલેશતિમિરથી આવૃત્ત અનેકનાં જીવનને પ્રોજ્જવલ જ્ઞાનપ્રકાશથી સભર બનાવવામાં ઉમદા ફાળો આપ્યો.

આ સઘળી પ્રવૃત્તિઓમાં તેમણે સાહિત્યકલાને "સાધ્ય" જેટલું મહત્ત્વ ન આપતાં માત્ર "સાધન" તરીકેનું સમુચિત સ્થાન આપ્યું. સાહિત્ય એ મિથ્યા મનોરંજનનું કે વ્યર્થ વાદવિવાદ અને વાણીવિલાસનું રંજક-રજોગુણી સાધન નથી પરંતુ આત્મકલાના આવિષ્કાર માટેનું વિશુધ્ધ વાહન છે, એ ભાવ તેમણે સાહિત્ય-ભોકતાઓનાં ચિત્તમાં જાગૃત કર્યો. જીવનની પૂર્તિ અને પૂર્ણતા માટે સાહિત્યકલાએ પોતાનો યોગ્ય ભાગ ભજવવાનો છે, એ ખ્યાલ તેમણે વહેતો મૂકયો. જીવન અને સાહિત્ય કે કોઈપણ કલા વચ્ચે વિનિમય કે સામંજસ્ય ન સધાય તો એ વાણીનો વ્યભિચાર છે, એવું તેમણે નીડરતાથી પોતાના સાહિત્યસર્જન દ્વારા સાબિત કરી આપ્યું; એટલું જ નહીં પણ સાહિત્યમાં અજબ સામર્થ્ય રહેલું છે એનું પણ સમર્થન તેમણે સાહિત્ય દ્વારા જ કર્યું. સાહિત્યકલાના અંશો, ભસ્માચ્છાદિત અંગારાની જેમ, સૌ કોઈમાં પ્રચ્છન્ન પડેલા છે તેને, સુયોગ્ય વાતાવરણ અને વાયુસ્પંદન દ્વારા જાગ્રત-પ્રકટ કરી, જીવનજ્યોતિને ઝળહળાવવાનો કીમિયો આ કીમિયાગરે શોધી કાઢયો. એ અર્થમાં એ જીવનજ્યોતિર્ધર ઉપરાંત સાચા કલાકાર અને કવિ હતા.

ઉપર જણાવ્યું તેમ વર્ગના બે પ્રધાન ઉત્સવો ઉજવાતા તથા આગળ વર્ણવવામાં આવશે તેમ હોળીનો સાધનસમારંભનો સપ્તાહ પર્યંતનો ઉત્સવ, શ્રીનૃસિંહાચાર્યજીની અને શ્રી વિશ્વવંદ્યની પુણ્યતિથિના ચિતિપ્રદીપપ્રકટીકરણોત્સવ વગેરે ઉત્સવો ઉજવાતા. સં. ૧૯૭૭ (ઇ.સ. ૧૯૨૦) થી શ્રી ઉપેન્દ્રજયન્તી-મહોત્સવ ઉજવવાનો આરંભ થયો. આ તિથિ કાર્તિક કૃષ્ણ પ્રતિપદાને રોજ આવતી હોવાથી

અને તેર દિવસ પછી શ્રીમન્નૃસિંહાચાર્યજીની ચતુર્દશીનો ઉત્સવ આવતો હોવાથી સાધકો, કાર્તિક માસને દિવાળીના આનંદના વિસ્તરણરૂપ માનતા. ક્યારે કાર્તિક માસ આવે એની ચાતકની ડોકે પ્રતીક્ષા કરતા. એનાં કારણોમાં પરંપરા પ્રત્યેનો આદર, ગુરુભક્તિ, આધ્યાત્મિક ઉન્નતિમાં વેગ અને ઉત્સાહ મેળવવાની તમન્ના ઉપરાંત આ નવીન ઉત્સવનાં નિત્યનૂતન ઉમેરાતાં આહ્લાદજનક અંગો પણ હતાં. શ્રી ઉપેન્દ્રજયન્તીના ઉત્સવને આચાર્યશ્રીએ ઉત્સવાધિરાજનું સ્વરૂપ આપ્યું હતું. અન્ય ઉત્સવોમાં હાજરી ન આપી શકનાર સાધક સજ્જન આ ઉત્સવનો લાભ લેવા માટે ઐહિક રીતે ગમે તે અગવડો ભોગવી, આર્થિક કે ઈતર રીતના દેખાતા લાભોનો ત્યાગ કરીને પણ – મુંબઈ કે ભૂજ દ્વારકાથી પણ – દૂરદૂરથી આવતા. આ ઉત્સવના કાર્યક્રમોની[1] વિવિધતાએ પછીનાં વર્ષોમાં તો એવું સ્વરૂપ પકડયું કે આ ઉત્સવ બે દિવસનો કરવામાં આવ્યો. તેમાં ગંભીર ચિન્તનાત્મક પ્રવચનો ધ્યાન–જપ ઉપરાંત, આબાલવૃધ્ધ સૌ કોઈની પ્રતિભાને પ્રકટ થવાની અને વિકસવાની તક મળે તે રીતે વક્તૃત્વ, નિબંધ, પરિસંવાદ, પ્રશ્નોત્તર, પાદપૂર્તિ, મિમિક્સ, ચિત્રકલા, રંગોળી, દીપકલા, પાકપ્રદર્શન, રસહાટ (આનંદબજાર), રાસ, ગરબા, સંવાદ, રમતો વગેરે રસિક રોચક બાબતોનો તેમાં સમાવેશ થતો. આ બધી બાબતો આજે અતિપ્રચલિત હોઇ તેનું મહત્ત્વ ના લાગે પરંતુ ઇ.સ.૧૯૨૦ થી ૧૯૩૮ના સમયના સંદર્ભમાં વિચારીએ તો આચાર્યશ્રીએ, સાધકો અને તેમનાં બાળકોને મનોવૈજ્ઞાનિક પધ્ધતિએ સંયમસાધના અને કલા–કેળવણીના સંસ્કારનું પીયૂષ પાવામાં ઘણી બાબતોની પહેલ કરી હતી, એમ કહેવામાં જરા ય અતિશયોક્તિ થતી નથી.

---

૧. વિવિધ ઉત્સવોની વિગત માટે જુઓ પ્રકરણ ૭

આ ઉત્સવના ક્રમ પ્રમાણે, સામૂહિક ગાન માટેનાં કીર્તનો અને લેખો-પ્રવચનોથી સમૃધ્ધ "સદુપદેશશ્રેણી"નું સાહિત્ય તો પ્રકટ થતું અને સાંજે "નૃસિંહાશ્રમ"માં નૂતનવિચારભાવનાં સુગેય પદો-કીર્તનોનું મધુર મંડળગાન પણ થતું. તદુપરાંત, રાત્રે રંગભૂમિ પરથી રજૂ કરવા માટે પ્રાર્થના, સ્વાગતગીત, અભિનયગીતો, રાસ-ગરબા અને નાટ્ય સંવાદનું સાહિત્ય પણ શ્રીઉપેન્દ્રાચાર્યજી પોતે રચતા..... અને તેને રજૂ કરવાનું માર્ગદર્શન અને કદી કદી તો પ્રત્યક્ષ પદાર્થપાઠ પણ આપતા. વર્તમાનકાળે વિધમાન સેંકડો સાધકોને સુવિદિત છે કે, ઘણુંખરું એમ જ બનતું કે, પરમ દિવસે રજૂ થનાર સંવાદનો થોડો ભાગ કે ગીત અથવા પાત્રવરણી કે માર્ગદર્શન બાકી હોય.....તેમ છતાં જયારે તે પુણ્યરાત્રીએ રંગમંચ પર રજૂ થાય ત્યારે હજારો પ્રેક્ષકો અહોભાવ મુગ્ધ બની પ્રશંસાનાં પુષ્પો વેરતાં હોય! આ સફળતાની પાછળ સાધકો "ગુરુદેવ"ના અલૌકિક સામર્થ્ય-સંકેતને સ્વીકારે એમાં શું આશ્ચર્ય ? આ રીતે આત્મીય આનંદના પ્રકાશક આ ઉત્સવો નિમિત્ત કવિશ્રીની સિધ્ધહસ્ત લેખિની, વિપુલ વિશુધ્ધ અને વિલક્ષણ પ્રકારનું સાહિત્યસર્જન કરતી. શરૂઆતમાં તે સાહિત્ય "કીર્તનાદિ સાહિત્ય" એ નામથી પ્રકટ થતું પણ છેવટનાં ૧૦-૧૨ વર્ષોમાં કવિશ્રીએ એને "રસદર્શન" નામ આપ્યું હતું. એમાં રસની રેલમછેલ ઉડાવનાર રસર્ષિની રસલીલાનું દર્શન થતું. આનંદ અને આશ્ચર્યની વાત તો એ છે કે, વડોદરામાં ટાઉનહોલની કે જાહેર રંગમંચની કોઈએ કલ્પના સરખી પણ કરી ન હતી ત્યારે આ રસરાજવીએ વિશાળ ઓપનએર થિયેટર જેવું બાંધ્યું. તેની બાંધણીમાં પણ ત્રિખંડ નાટ્યમંચની એવી વિશિષ્ટ રચના કરી કે એકી સાથે ત્રણ દ્રશ્યો રજૂ થઇ શકે. તેના ઉપર બરાબર મધ્યમાં ભવ્ય નટરાજનું ચિત્રાલેખન કરી તેને "રસપદ્મ" એવું સૂચક નામ આપ્યું

.....અને એ મંચ પરથી તેમણે અંતિમ ૮-૧૦ વર્ષો દરમ્યાન સંસ્કાર અને સાહિત્યની સૌરભ વહેતી મૂકી.

નવયુવાનોના જીવનઘડતરના પાયામાં ચારિત્ર્યનું ચણતર કરવાના ઉચ્ચ આશયથી તેમણે પ્રાચીન ગુરુકુલ અને અર્વાચીન બોર્ડીંગના મિશ્રણરૂપ "ચારિત્ર્યમંદિર" પણ ચલાવ્યું. તેમાં નિવાસ કરનારા વિદ્યાર્થીઓ માત્ર સાધકકુટુમ્બના જ નહોતા, પણ ભિન્નભિન્ન કોમના અને ભિન્નભિન્ન વિચારસરણી ધરાવતાં કુટુંબોમાંથી આવેલા વડોદરાની હાઈસ્કૂલો અને કૉલેજમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓનું આ નિવાસસ્થાન હતું. આચાર્યશ્રી જાતે પ્રભાતે વહેલા ઉઠતા અને પ્રત્યક્ષ આચરણ દ્વારા સ્વાશ્રય, વ્યાયામ, સંયમ, શિસ્ત, સંયમપાલન, દરેક કામમાં ચોકસાઈ, ચીવટ, સુઘડતા, સ્વચ્છતા, પ્રકૃતિ સાથેના સંપર્કની અગત્ય, અભ્યાસમાં એકાગ્રતા, સહિષ્ણુતા, પ્રાર્થના....વગેરે જીવનને સમૃધ્ધ કરનાર ગુણો અને આદર્શોનું વિદ્યાર્થીઓનાં અંત:કરણમાં બીજારોપણ કરતા. વર્ગના ધાર્મિક કે આધ્યાત્મિક વિચારો કે કાર્યક્રમોને ચારિત્ર્ય-મંદિર સાથે તેઓ બિલકુલ સાંકળતા નહીં. આ ચારિત્ર્યમંદિર વધુ વર્ષો ચાલ્યું હોત તો યુવકોના જીવનવિકાસ માટેની તે એક આદર્શ પાઠશાળા કે પ્રયોગશાળા બની રહેત. આ સ્થાનનો થોડો સમય પણ લાભ લઇ ચૂકેલા કેટલાય વિદ્યાર્થીઓએ પાછળથી રાજકારણ, શિક્ષણ અને સમાજના વિવિધ ક્ષેત્રોમાં પોતાની શક્તિનો પ્રભાવ પ્રગટ કરીને "ચારિત્ર્યમંદિર"ની જ સંસ્કારસુવાસને પ્રસારી છે.

તા. ૨૯-૧૦-૧૯૩૪માં તેમણે શ્રેયસ્સાધક સ્પેશિયલ ટ્રેઈન દ્વારા, ભારતનાં તીર્થોનો પ્રવાસ યોજી, સાધકોને જે તે સ્થાનનો ઐતિહાસિક, સાંસ્કારિક અને આધ્યાત્મિક દૃષ્ટિથી પરિચય આપીને, પર્યટનનું શૈક્ષણિક મૂલ્ય પ્રસ્થાપિત કર્યું અને સાધકોની દૃષ્ટિમર્યાદાને વિસ્તારી.

નૃસિંહાશ્રમમાં અને વિશ્વવંદ્યોધાનમાં સંતો, યોગીઓ અને મહાત્માઓનો જ નહીં પણ પ્રતિષ્ઠિત સંસ્કાર સ્વામીઓનો સત્કાર કરી, સાધકસમાજનો તેઓના પ્રતિ કેવો અભિગમ હોવો જોઈએ તે શીખવ્યું અને "અતિથિદેવો ભવ"ની પ્રાચીન આર્યભાવનાને અર્વાચીન સમયમાં પણ મૂર્તિમંત કરી બતાવી. ઇ.સ. ૧૯૧૯માં ભારતના કવિકુલગુરુ રવીન્દ્રનાથ ટાગોર અત્રે પધાર્યાં હતા ત્યારે તેમની હાજરીમાં શ્રીઉપેન્દ્રાચાર્ય અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી જયંતીદેવીનાં રચેલાં કેટલાંક પદોનું સ્ત્રીવર્ગ તરફથી ગાન થયું હતું. કવિશ્રીને કીર્તનો સમજવામાં સુગમતા થાય તે માટે તે ચૂંટેલાં પદોનું અંગ્રેજી ભાષાંતર વિદ્વાન સાધક દી.બ. નર્મદાશંકર મહેતાએ કર્યું હતું.[1] તે વખતે શ્રી વિશ્વવંદ્ય અને શ્રી ઉપેન્દ્રાચાર્યજીએ "સાહિત્યચન્દ્રિકા" નામની એક કીર્તનપુસ્તિકા પણ પ્રકટ કરી હતી. સાક્ષરોનું અભિવાદન કરતા એક ગીતમાં સાહિત્ય અને સાહિત્યકારો પ્રતિ કેવી નિઃસ્પૃહ પ્રીતિભાવના પ્રકટ થઈ છે !

"વાગીશ્વરીકેરી વીણાના, સર્વ છો સુન્દર તાર,
જ્ઞાનધ્વનિ કરજો જેમાંથી, થાય સુખનો રણકાર."

o o o

"હિન્દ તણાં હીરાઓ ! સર્વે, પ્રકટાવો નિજ રૂપ,
જ્ઞાનપ્રભાવે દેશસકલ આ, કરજો સૂર્યસ્વરૂપ.
ભારતતરુનાં મધુરાં ફલ છો, તૃપ્તિરૂપ ગુણયુક્ત,
પ્રસરાવી નિજ સુગુણ પ્રજાને, કરો ક્ષુધાથી મુક્ત.
અભિનન્દન દેતાં અંતરમાં, આનન્દ વાધે આજ,
આર્યોન્નતિની મોટી ઊંડી, આશા છે તમમાં જ.
હૃદયથી અભિનન્દન દઉં આજ."

: "શ્રીઉપેન્દ્રગિરામૃત", દ્વિતીય પરિવાહ, પૃ. ૮૩ :

---

૧ અને આ મુલાકાતથી તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો....વડોદરામાં ચતુર્થ સાહિત્ય પરિષદ ભરાઈ હતી ત્યારે આ આચાર્યદંપતિએ પરિષદના પ્રમુખસહ સાક્ષરસજ્જનો અને કવિકલાકારોને પોતાને આંગણે નોતર્યા હતા એટલું જ નહીં પણ સરસ્વતીના સપૂતોને ગૌરવ અપાવે એ રીતે તેઓનું સ્વાગત કર્યું હતું.

૪૦ આ સાધનસમારંભ માટે સુયોગ્ય વાતાવરણવાળા સ્થાનની પસંદગી માટે ભરૂચ ગયેલા શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીએ,

—— પોતાના આયુષ્યની અવધિનો સંકેત મળતાં પવિત્ર નર્મદાતટે, સર્વને ઓરડાની બહાર બેસાડી પોતે ધ્યાનસ્થ સ્થિતિમાં બેઠા અને થોડાક જ કલાકમાં સ્વરૂપસમાધિ લીધી. બાવન વર્ષની સ્થૂળ શરીરની જીવનયાત્રા એટલે બાવન અક્ષરોની મર્યાદામાં ખેલાતી ક્ષર જીવનની લીલા. અખાએ પણ ૫૩મે વર્ષે દેહયાત્રા પૂર્ણ કર્યાનું કહેવાય છે અને એ મર્યાદાનું અતિક્રમણ કરીને બાવનથી પર એવા અનાદિ-અનંત અક્ષરબ્રહ્મને તેણે માણ્યો અને ગાયો છે. તેવો જ સંકેત શ્રીમદ ઉપેન્દ્ર ભગવાનની જીવનલીલાનો કેમ ના હોઇ શકે ?

આવી ટૂંકી પણ તેજસ્વી જીવનયાત્રાના તપસ્વી કલાકાર યાત્રિકનું "સત્યં શિવં સુંદરમ્"નો પડઘો પાડનારું ગદ્યપદ્યાત્મક સાહિત્ય વિસ્તૃત અને બહુમૂલ્ય છે. તેનું ઊંડતું વિહંગાવલોકન કરીએ.

પદ્ય

સમાલોચનાની સરળતા અને સંક્ષિપ્તતા સાચવવા તથા લેખનના સમયક્રમને પણ અનુસરવા માટે આપણે પ્રથમ "શ્રી ઉપેન્દ્ર-ગિરામૃત"નાં પદો અને પછી "કીર્તનાદિ સાહિત્ય" તથા "રસદર્શન"માં પ્રકટ થયેલાં કાવ્યોનો આસ્વાદ ગ્રહણ કરીશું.

શ્રી ઉપેન્દ્રજયન્તી-મહોત્સવ શરૂ નહોતો થયો તે પહેલાં આચાર્યશ્રી વર્ષની બે સદુપદેશશ્રેણીમાં તથા મહાકાલ, પ્રાતઃકાલ, યમદંડ, ભક્ત, ધર્મધ્વજ વગેરે સામયિકોમાં પોતાનાં કાવ્યો પ્રકટ કરતાં.

(૧) "શ્રી ઉપેન્દ્રગિરામૃત" - પ્રથમ પરિવાહ: સને ૧૯૧૦ના ઓકટોબરમાં પ્રકટ થયો હતો. તેમાં, સદ્દુપદેશશ્રેણીના ૨૩ અંકોમાં, તથા ઉપર જણાવેલાં સામયિકોનાં અંકોમાં પ્રકટ થયેલાં પદ્યોનો, તથા સાધનસમારંભના ૧૧ અને ચિતિપ્રદીપપ્રકટીકરણોત્સવના ૭ ઉત્સવો પ્રસંગે તથા અન્ય નિમિત્તે રચાયેલાં આશરે ૪૦૦ પદ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૨) "શ્રી ઉપેન્દ્રગિરામૃત" - દ્વિતીય પરિવાહ : ત્યારપછી ૨૮ વર્ષ દરમ્યાન, આચાર્યશ્રીએ, ઉપર જણાવ્યા પ્રમાણે ઉત્સવાદિ પ્રસંગોએ અને સામયિકોમાં લગભગ ૧૨૦૦ ઉપરાંત પદ્યો રચી પ્રકટ કર્યાં છે. તે પૈકી આ બીજા ભાગમાં લગભગ ૪૫૦ પદોનો સમાવેશ કરેલો છે અને તે બીજો ભાગ, આચાર્યશ્રીના લીલાતનુના નિરોધાન પછી સને ૧૯૩૮ના નવેંબરમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ દ્વિતીય પરિવાહમાં "કીર્તનાદિ સાહિત્ય" કે "રસદર્શન"માંનાં કાવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

કાવ્યનાં પ્રયોજન અને અનિવાર્ય લક્ષણો વિશે પૌર્વાત્ય આલંકારિકોએ અને પાશ્ચાત્ય વિવેચકોએ પણ ભિન્નભિન્ન દૃષ્ટિબિન્દુથી પર્યેષણા કરેલી છે. કોઇ અર્થ પર તો કોઇ શબ્દચમત્કૃતિ પર ભાર મૂકે, કોઇ રસ તો કોઇ અલંકારને મહત્ત્વ આપે. અર્થ, ધ્વનિ, કલ્પના, અલંકાર, ગુણ....આ બધું ય છેવટે તો રસનિષ્પત્તિનું જ પ્રયોજન સિધ્ધ કરીને, સહૃદયને કવિતાનો આસ્વાદ કરાવે છે. તત્ત્વજ્ઞાનના સાહિત્યમાં મૂલભૂત પ્રયોજન ભલે બોધનું હોય તો પણ, એ બોધપ્રવાહની સાથે સાથે, કવિપ્રતિભાની કોટિને અનુસરીને, કવિતાનો રસપ્રવાહ પણ અનુસ્યૂતપણે વહે, એ સ્વાભાવિક છે. આચાર્યશ્રીની સાહિત્યપ્રવૃત્તિ કેવળ આત્માનંદ માટે ન હતી પરંતુ જનસમાજના જીવનને સ્પર્શવાના હેતુથી જ થતી હતી, એ આપણે આગળ કહી ગયા છીએ. વળી, વર્ગના આચાર્ય તરીકે તેઓ વર્ગના વિચારો અને સિધ્ધાંતો - જે સાંપ્રદાયિક કે મર્યાદિત નથી પણ + સાર્વભૌમિક આત્મકલ્યાણપ્રેરક

છે – નું તેમના કવનમાં ભિન્નભિન્ન રીતે અને રૂપે પુનરાવર્તન કર્યાં કરે એ પણ સ્વાભાવિક છે. સંતો અને આચાર્યોની કવિતાના વિષયવર્તુળની લક્ષ્મણરેખા સ્તવન, પ્રાર્થના, અભ્યર્થના, આરાધના, ઉપાસના, પ્રણતિ, વિજ્ઞપ્તિ, ભક્તિ, શરણાગતિ, જ્ઞાન, યોગ, મનને તથા જીવને ઉપદેશ તથા ફિલસૂફીના વિચારોથી અંકિત થાય એ પણ સ્વાભાવિક છે. પરંતુ કથનશૈલી, અલંકારો તથા ઉચિત શબ્દોનો સમયને તથા ભાષાભેડાણને અનુલક્ષીને કાવ્યમાં થતો વિનિયોગ....વગેરે લક્ષણોથી, શ્રી ઉપેન્દ્રાચાર્યજીની કવિતા, શ્રીમન્નૃસિંહાચાર્ય અને શ્રી વિશ્વવંદ્યની કવિતાથી – વિષયવિચાર સમાન છતાં – સહેજ સહેજ જુદું આગવું સ્વરૂપ ધારણ કરતી હોવાનું પ્રતીત થાય છે. અને – આપણે આગળ જોઇશું તેમ – "કીર્તનાદિ સાહિત્ય" અને "રસદર્શન"માંની કવિતા તો અભિવ્યક્તિની દૃષ્ટિએ અને વિષય પરત્વે પણ તદ્દન નિરાળું – કેટલેક અંશે આધુનિક કહી શકાય એવું – સ્વરૂપ ધારણ કરે છે.

પ્રથમ આપણે "શ્રી ઉપેન્દ્રગિરામૃત"માંથી થોડાક નમૂનાઓ જોઈશું. ગુરુ, પરમાત્મા, પરબ્રહ્મ તથા વિવિધ દેવદેવીઓની સ્તુતિ-પ્રાર્થનાનાં તથા અનાવૃષ્ટિ, સામયિકોનાં ઉદ્ઘાટન, નૂતનવર્ષ કે જન્મદિન નિમિત્તે અભ્યર્થનાનાં સો ઉપરાંત પદો છે. તે પૈકી વર્ષોથી જનકંઠે ચઢી ગયેલી એક પ્રાર્થનાના અંતમાં વારસાઈહક્ક કેવો શ્રધ્ધાપૂર્વક ઉચ્ચારાયો છે !

"અમ સત્તાધન અમને આપો, બાલક અમે શ્રીમંતના...
પ્રિયતમ પ્રભુ કરીએ વંદના, જયઘોષસહિત આનંદના."
{ઉ. ગિ. ૧, પદ ૧૮૩}

તેવી જ બીજી પ્રસિધ્ધ પ્રાર્થના છે :

"જય જય જગપતિ ! જય મહામાયા !
મળી આપની વત્સલ છાયા ; જયજય."
{ઉ. ગિ. ૨, પદ ૪૩}

અન્ય મંગલાત્મક સ્તુતિમાં ઉચ્ચભાવ સાથે પ્રાસનો મેળ કેવો સુખદ લાગે છે !

"જ્યોતિર્મય, તત્ત્વાકર ! વ્યાપ્ત સભર ! જય ! અગમ અગોચર !
સ્વપ્રભાએ જીવશિવનું હશે મહદંતર ; –
નિત્ય પ્રકટ રહો, મૂર્ધે અભ્યંતર,
નિરખી નિરખી નિજમય થઇ રહીએ સત્વર ; –"
"મૂર્ધથી અણુઅણુ (માંહિ) ઉતરતી રશ્મિ ખરખર,
કીધુ બધું નિજરૂપ બહિરંતર ; –
તે સ્થિતિ અનુભવીએ અષ્ટ પ્રહર,
જેથી નથી કોઇ મહદ-અનન્તર."

(ઉ. ગિ. ૧, પદ ૩૫૬)

એવી જ સમૂહમાં ધૂનની પેઠે ગવાતી એક પ્રણતિ-પ્રાર્થનામાં "કરુણારથ" અને "વદનલલામ" એ સમાસ અને રૂપક તથા યમકસાંકળી કેવાં મનોહારી છે ? –

"જય સુખધામ ! મન – અભિરામ ! કરીએ આજ કોટિ પ્રણામ.
સ્મરીએ સર્વ મંગલ નામ, થાય સફલ નિજ અર્થ તમામ,
પ્રભુ આજ કરુણા રથપર ધરજો,
અમને શિખરપર ગુરુ સ્થિર સત્વર કરજો,
મહાજ્ઞાનનું દાન રે, પદ નિષ્કામ,
દો વદી હે વદનલલામ !"

(ઉ. ગિ. ૧, પદ ૩૫૫)

દ્વિતીય પરિવાહના આરંભક પદમાં અષ્ટપદીલયમાં કવિ પ્રભુને વન્દન નથી કરતા પરંતુ પ્રભુના સ્મિતને વન્દન કરે છે. કેવી અનોખી કલ્પના છે !

"વન્દન – મંગલ પ્રભુસ્મિતને.

મધુર પ્રભામય, મોહક, શાન્તિ અમિત થતી, જે એ પ્રભામાં સ્હોતા ;
સૂર્ય શશિ પણ લજ્જિત થાતાં, સૌમ્ય પ્રભાપર મ્હોતા ;
પ્રભુ ભક્તો નિજ દુરિત સકલને, નિશ્ચલ જેમાં ધોતા ;
ઇન્દુકલાસમ, (એ) અધરઉપર કંઇ, પ્રાણ પસારે જોતાં ;
એહ પ્રકાશે, સાધક, નિજ મનમોતી, પ્રભુ સૂત્રે ઝટ પ્રોતા."

(ઉ. ગિ. ૨, પદ ૧)

સર્વત્ર વિલસી રહેલા તત્ત્વને પ્રણિપાત નિવેદન કરતા નીચેના હિંદી પદમાં તો ઉપનિષદોનો અર્ક જાણે પદ્યરૂપે વહી રહ્યો હોવાનું પ્રતીત થાય છે :

"પરબ્રહ્મ જય જય પરમેશ્વર ! નમો નમો માયેશ મહેશ્વર !
સકલ દેશ સબ બાહિર ભીતર, બસત એક બસ તુહિ તુહિ સભર.
તુહિ મૂલમેં, તુહિ શિખર પર, તુહિ બસત યહ ગુહાકી અંદર,
તુહિ મિલનકાજે મુનિયતિવર, ધ્યાવત ખૂબ ધ્યાન કર કર કર.
તુહિ રૂપ મહા મોહક ધરકર, તુહિ ખચિત સબકા લે ચિત્ત હર,
તુહિ રૂપ જબ ધરત ભયંકર, અખિલ વિશ્વ કંપત થર થર થર."

(ઉ. ગિ. ૨, પદ ૨૮૪)

શ્રી ઈષ્ટનું સન્નિહિત દર્શન થતાં પ્રાર્થનાનો સૂર કેવો પલટાઇ જાય છે ?–

"જય જય અગમરૂપ અવિનાશી,
જયાં ત્યાં આપ જ રહ્યા પ્રકાશી. જય૦
આપને અંતર્ બહિર્ નિરખીએ, તો શીદ જઇએ કાશી,
ઘર બેઠે જયાં પ્રાપ્ત રહો ત્યાં, થાવું શીદ પ્રવાસી. જય૦
મૂર્ધ શિખર પર આપને જોઇએ (તો) શીદ થવું ગિરિનિવાસી,
હૈમ ગુહામાં શું છે ? આપ તો, હૃદયગુહાના વાસી. જય૦

(ઉ. ગિ. ૨, પદ ૨૫૫)

અને એ જ બ્રહ્મનું સાધક જ્યારે જ્યોતિર્મય દર્શન કરે છે ત્યારે તેની વિજયવાણી સામાસિક બને છે –

"બ્રહ્મમયી ૐ પરમ જ્યોતિ ! જય ! વિજય ! જયકારિણિ !
તત્પદની પણ તત્ત્વરૂપા, જ્ઞાનરશ્મિપ્રસારિણિ !
શ્રેયામૃતફલદાયિનિ જય, જય જનિમૃતિહારિણિ !
યોગિચિત્તાહ્લાદિનિ જય ! પાપપુંજવિહારિણિ !"

(ઉ.ગિ. ૨, પદ ૨૫૬)

એ ભોગમોક્ષપ્રદાયિની, અરિષ્ટનિવારિણિ, ભક્તહૃદયવિલાસિની, અધમજનઉદ્ધારિણી, ઊર્ધ્વ મૂર્ધનિવાસિની અચલતાધારિણી જ્યોતિનો જયજયકાર ગાય છે :

"રમ્ય મંજુલહાસિનિ જય, સકલ ઈપ્સિતસારિણિ !"

(ભજન)

એવા જ્યોતિ-દર્શનને પ્રાપ્ત તત્ત્વનિષ્ઠ સાધક તો સર્વત્ર સર્વદા બ્રહ્મમસ્તીમાં મહાલતો ગાય છે :

"અમને લાગી સ્વરૂપશું તાળી, રહીએ અમે બ્રહ્મમાં મહાલી.
બ્રહ્મવિના આ સચરાચરમાં, કશું ન શકતા ભાળી,
દૃષ્ટિગોચર અને અગોચર, બ્રહ્મવિના નથી ઠાલી.

o o o

સ્વરૂપપુષ્ટિની તનમન ઉપર, છવાઈ રહી છે લાલી,
બ્રહ્મભુવનમાં અમો વસું જ્યાં, સદાય બાહોજલાલી.

o o o

ચિતિવિહંગ બની સ્વરૂપાકાશે, ઊડીએ ફરરર ફાલી,
અખંડ વાસ ગગનમાં કરીએ, શકે ન કોઇ નિહાળી."

(ઉ. ગિ. ૧, પદ ૩૫૩)

એવો સાધક સ્પષ્ટ અનુભવોદ્‌ગાર કાઢે છે :

"અમે બ્રહ્મ વિના અન્ય કાંઇ ભાળતા નથી,
ભાળતા નથી કે ભળાવતા નથી.
એક જાતિ જયાં છે નહિ, ત્યાં કયાં જાતિ ચાર,
એક વર્ણ જયાં છે નહિ, ત્યાં કયાં વર્ણ અઢાર,
આત્મદૃષ્ટિથી વ્યવહાર અમે સેવતાં,
વટળાતા નથી કે વટાળતા નથી. અમે૦"

{ઉ. ગિ. ૧, પદ ૩૫૪}

તત્ત્વદૃષ્ટિને વરેલા એવા સાધકો મિથ્યા શોકમોહના પ્રસંગથી "પ્રજળતા નથી કે પ્રજાળતા નથી" ; મિથ્યા માનેલી વિપત્તિ-વૃષ્ટિથી "પલળતા નથી કે પલાળતા નથી" ; અંતર્ પ્રકટેલો જ્વલિત જ્ઞાનાગ્નિ "કજળતા નથી કે કજાળતા નથી" ; અને છેવટે કહે છે :

"સહ સંકલ્પ શમી ગયા, ગયું પ્રારબ્ધ વિલાઈ,
જયાં વસીએ ત્યાં ભાસતું, છીએ બ્રહ્મની માંહિ ;
બ્રહ્મસિંધુકેરૂં મત્સ્ય અમે બ્રહ્મસિંધુથી,
ઉછળતા નથી કે ઉછાળતા નથી. અમે૦"

{એજન}

એવા બ્રહ્મવિહારી પુરુષની મસ્ત ખુમારી એક ગઝલમાં વ્યકત થાય છે :

"ન્યારી સ્થિતિ આ વિશ્વમાં સૌથી અમો મસ્તાનની.
જયાં પાયવિણ ચાલી શકાયે રાહ એ મસ્તાનની."

{ઉ. ગિ. ૨, પદ ૮૫}

સર્વત્ર મંગલસ્વરૂપતત્ત્વનું જ વિલોકન કરનાર સાધકના મંગલમય તનુએ "મહા આનન્દજરકશી શેલાં" પહેર્યાં હોય છે, અને તેનું પ્રસાદમય ચિત્ત નિરન્તર અવિચ્છિન્ન શાન્તિમાં વિલીન હોય છે. કારણ,

"અચલ ખુમારી ચઢે અંતરની, રહે ન કશાથી દીન,
તત્ત્વવિષે મસ્ત ખેલે મતિ તેની, જેમ જળમાંહિ મીન રે ;
બ્રહ્મચારી તેહ આસન જેનું છે, શાન્તિરૂપી કૃષ્ણાજિન,
તે જ છે સંન્યાસી જેણે ધર્યું રાખું, શાન્તિતણું કૌપીન રે."

(ઉ. ગિ. ૨, પદ ૧૦)

તેની અંતરદૃષ્ટિમાં આમૂલપરિવર્તન થતાં, તેનો મનમધુકર મંગલકુસુમપરાગને ચુગી મસ્ત બની ગુંજે છે :

"મંગલમાં હું વાસ કરું ને, મંગલમાં જઉં – આવું,
મંગલને હું મોકલું જયાં ત્યાં, મંગલને હું વધાવું.
હું તો મહામંગલ જયાં ત્યાં ભાળું,
ગ્રહી મંગલનું અજવાળું."

(ઉ. ગિ. ૨, પદ ૯)

આ પ્રકારની શિખરસ્થ સ્થિતિની અનુભૂતિને વર્ણવનારાં અનેક પદો પૈકી નીચેનું પદ અભિવ્યક્તિ અને કાવ્યત્વની દૃષ્ટિએ પણ ઉત્તમ કોટિનું છે.

"ન્યારી ન્યારી, દેવી અગમ્ય ભૂમિકા અમારી,
સ્થિતિ શી ! મહતી જણાતી.

o o o

અનુભવના થતા અખંડ ઝળકારા જેમાં,
ન શંકાતણી દૃષ્ટિતણા પલકારા તેમાં,
મહા નિશ્ચિંત ને અચિંત્ય સ્થિતિના શિખરે,
થઈ જ રહીએ નિરંજન ને નિરાકાર એમાં.
મનમતિ નથી ગતિ જયાં કરી શકતાં,
સુરમુનિવર પણ જયાંથી અટકતા,
ધ્યાનીજ્ઞાનીસરખા પણ ના શકે વિચારી,
અનુમાને નથી એ અણાતી. ન્યારી ન્યારી૦"

(ઉ. ગિ. ૧, પદ ૩૭૩)

સર્વ બંધનોના અતિક્રમણપૂર્વક અગાધ અને અકલ્પ્ય ઉત્ક્રમણનો અનુભવ કરાવતી સાધકની આ ચરમ સ્થિતિ ખરેખર ન્યારી નિરાળી જ છે.

"સર્વરૂપ છતાં સર્વથી અતીત અમે,
થતા બાહ્ય ને સર્વાન્તરે પ્રતીત અમે,
સુપ્રસન્ન અને પૂર્ણપદે સ્થિત અમે,
ગુણાતીત, કાલાતીત, પરાતીત અમે."

(એજન)

વિસ્મયની વાત તો એ છે કે, આવી સર્વોચ્ચ સ્થિતિના તત્ત્વાનુભવને કવિ, ભિન્નભિન્ન ભૂમિકાના સાધકોને સરળતાથી સમજાય તેટલા માટે કેટલાંય પદોમાં સાવ સામાન્ય લાગે એવાં દૃષ્ટાંતો અને ઉપમાનો યોજે છે.

"જયાં જગદીશ જોતો ત્યાં પછી, જગને કયાંથી ભાળું,
એક વસ્તુ બે જણાય એવું, મુજ નેત્રે નથી જાળું.

o o o

જડ જેવી કોઇ વસ્તુ છે નહિ, તો પછી શેને ગાળું,
મૂળ બીજને જોઇ ન શકતો, ત્યાં કયાં દેખું ડાળું.
દુકાળનો કેમ વિચાર આવે, જયાં હું જોઉં હરિયાળું,
નકુચો સાંકળ હું નથી જોતો, તો કયાં મારૂં તાળું.

o o o

જગત નથી તો જગના ધર્મો, શા આધારે ઝાલું,
જોતાં હું પરવારી ન શકતો, જગદીશરૂપ રઢિયાળું."

(ઉ. ગિ. ૧, પદ ૩૭૬)

સ્વરૂપાનુભવ કરનાર સમગ્ર સિદ્ધિરૂપ પૂર્ણતૃપ્ત અને આપ્તકામ હોવાથી તેને કશું જ પ્રાપ્તવ્ય-કર્તવ્ય રહેતું નથી. તેથી હોરીપદમાં તે કહે છે :

"કર્તા કર્મ ક્રિયાથી ન્યારો, શીદ હવે એ ઉકાળું,
બંધનથી નિવૃત્ત થયેલો, (મને) કેમ બંધનથી બાંધું,
સ્વતંત્ર હું નિર્લેપ સાધુ.
હવે શીદ સાધન સાધું, જગતને ત્રિકાળ હું બાધું,
ધ્યેય સ્વરૂપ રહ્યો હું પોતે, કોને હવે હું આરાધું."
(ઉ. ગિ. ૧, પદ ૧૯૯)

ધ્યાનાવસ્થાની અવધિએ પણ સાધક આવો અવર્ણ્ય અનુભવ કરે છે ત્યારે –

"અંતરમાં ઊંડા જતાં આ શું જણાતું ઓહો !
તાણ્યા વિના પણ મારું મન ત્યાં તણાતું ઓહો !
વાધ કે વક્તા ત્યાં ન દીસે તો એ,
મહિંથી કંઈ ગાન જેવું દૈવી સુણાતું ઓહો !
○ ○ ○
દેખું ન ખેતી ન ભૂમિ ન બીજક,
તો એ પણ પાક જેવું પેલું શું લણાતું ઓહો !
બાહ્ય રહ્યે એ નહિ સમજાયે, ત્યારે –
સમજાયે, મન આ જયારે અંતર્ આણાતું ઓહો !"
(ઉ. ગિ. ૨, પદ ૨૮૨)

એક વિલક્ષણ પદમાં તો કવિશ્રી, સામર્થ્યનો મહાસિંધુ "દૈવી અજરામરતાની તૃપ્તિ" અને "પ્રાપ્તવ્યમાત્રની સંતૃપ્તિ" રૂપ બ્રહ્મબુધ્ધિના મુખે જ તેનું માહાત્મ્ય ગવડાવે છે :–

"અનુભવી જનકેરી, શુધ્ધસત્ત્વા હું બ્રહ્મબુધ્ધિ છું.
સમગ્ર વિશ્વતણી હું પોતે, પ્રણાશ ઉત્પત્તિ સ્થિતિ છું.
પદાર્થ પ્રાણીમાત્રતણું મૂલ, ગત, ભાવિ ને સંપ્રતિ છું.
તો એ નિત્ય નિર્વિકાર હું, નિ:સંગી રહું,
મુજમાં ન હાનિ કે વૃધ્ધિ લહું,
સર્વ સામર્થ્યમય સમૃધ્ધિ છું ; ......અનુભવી૦

અગમ્ય જ્ઞાનસ્વરૂપા એવી, અકલ સકલ વેદ શ્રુતિ છું,
સત્સંસ્કારસમન્વિત જનની, જગત વિષે હું સત્કૃતિ છું.
આદિ અન્તરહિત વિભુ હું, સઘળે વ્યાપ્ત છું,
સત્ ચિત્ આનન્દરૂપી વૃત્તિ છું,
સઘળી પ્રવૃત્તિ ને નિવૃત્તિ છું.......અનુભવી૦"
: ઉ. ગિ. ૨, પદ ૯૬ :

આ જ બ્રહ્માનુભૂતિ અને તત્ત્વસિધ્ધિના અનુભવને "ચિતિ"વાચક વાણીધારામાં વહેતો મૂકવામાં આવે છે ત્યારે તે નવીન જ શબ્દ સૌષ્ઠવને ધારણ કરે છે.

"ચિન્મય હું આ વાર, કરૂં દશદિશ ચિતિધુતિ પ્રસ્તાર,
પ્રકાશવાને હું મૂલ, કલા મુજ બ્રહ્મા, વિષ્ણુ, ગૌર સાર."
(ઉ. ગિ. ૧, પદ ૧૪૯)

અપાર અનંત અને વ્યાપક જીવનતત્ત્વ રૂપે રહેલ ચિતિ સૌ જીવના અંતરાત્મા રૂપે વિવિધ વ્યાપારને પ્રેરે- કરાવે છે.

"નાદ બ્રહ્મસ્વરૂપ હું, કરૂં સઘળે રણકાર,
જાગ્રત અણુ અણુ કરનાર, સત્તાસ્ફુર્તિરૂપ હું.
મારો જ ચિતિચમત્કાર, કોઈ મુજ પામી ન શકે પાર.
હું પ્રકટું ત્યાં જ્ઞાન પ્રકટતું, સઘળો મુજ પ્રકાશ,
અભિમુખતા મુજ પ્રતિ સેવે તે, - ની હું પૂરું આશ,
હું નિરંજન નિરાકાર, ધરૂં સ્વેચ્છાથી કદી આકાર."
(એજન)

ચિત્તની ચિન્મયાવસ્થા અન્ય પદમાં આ રીતે પ્રકટ થાય છે :-

"ચિતિતત્ત્વમાં ચિત્ત મારૂં રમે છે, સમુદ્રે તરંગો સમું થઈ શમે છે.
કદી દૃશ્યને આ ન મન ચિંતવે છે, સ્વરૂપથી લગની એ લગાવી રહે છે.

० ० ०

કદા સચ્ચિદાનંદ રૂપે પ્રકાશે, કહા સાક્ષીરૂપે નિરાળું જ ભાસે ; –
મળી જાય જળમાંહિ જળ એક રૂપે, મળ્યું ચિત્ત ચૈતન્ય એક સ્વરૂપે ; –
નથી ચિત્ત એ ચિત્ત, પણ એ ચિતિ છે, ચિત્તરૂપ અવસ્થા હવે તો
વીતી છે ;
ઉપેન્દ્રચિતિસ્પર્શથી ચિત્ત આજે, ઉપાધિ દહીને ચિતિમાં વિરાજે."
{ઉ. ગિ. ૧, પદ ૨૨૪}

જડચેતન સ્થૂલસૂક્ષ્મ સર્વમાં, પ્રાણીમાત્રના સર્વ સંબધો અને વ્યવહારમાં પણ સર્વત્ર ચિતિ ચમત્કારને અનુભવે છે.

"ચિતિમય વ્યતીત, પ્રકટ સઉ પ્રાણી, ચિતિમય સૃષ્ટિ અજાત,
સર્વ ચિતિમય, સઘળું ચિન્મય, ચિતિમય ગુપ્ત પ્રખ્યાત ;
સમસર્વત્ર ચિતિપતિ વિલસે, કરીએ પ્રીતે પ્રણિપાત,
ચિતિવિણ અન્ય દીસે તે ન સાચું, મિથ્યા ઝંઝાવાત.
ચિતિપતિ રાજે સાક્ષાત્ – સર્વત્ર આજ."
{ઉ. ગિ. ૧, પદ ૨૮૦}

અહીં "અજાત"નો અર્થ "જન્મેલું" તથા "ઝંઝાવાત"નો અર્થ "ઝાંઝવાનું પાણી" હોવાનું પાદટીપમાં સૂચવ્યું છે તે વિચિત્ર લાગે છે !

ચિન્મયતાના અનુભવોદ્‌ગાર પ્રકટ કરતાં બીજા પદમાં સર્પ–કાંચળીનું યોગ્ય દૃષ્ટાંત આપ્યું છે.

"આ સ્ફુરણ કયાંથી આવે, હું બ્રહ્મ કો સ્ફુરાવે,
મને આજ કો શમાવે ચૈતન્યમાં.
મુજને ચિતિમય કરી જણાવે ચિતિ અન્યમાં ; –
સર્પ ઉતારે કાંચળી, તેમ ગયો જીવભાવ,
ચિતિરૂપે ચળકી રહ્યો, એ શો દિવ્ય પ્રભાવ,
સામર્થ્ય હું માં આ ક્ષણે હું મહા અનુભવું,
પૂર્ણરૂપે ભાસું મને, શેષ ના રહ્યું થવું,
મારૂં સ્વરૂપ આજ અવનવું."
{ઉ. ગિ. ૧, પદ ૨૮૨}

ચિતિચંદ્રધ્યુતિમાં રમમાણ રહેનારો સાધક પોતાના આનંદને વર્ણવી શકતો નથી. તે તો "અહા ! સુખ શું !" એવા આશ્ચર્યોદ્ગાર દરેક ટૂંકમાં ધ્રુવપદના અનુસંધાનમાં કાઢે છે :-

"ચિતિચંદ્ર છાયમાંહ્ય, રમણ થતાં મુજ હર્ષ ન માય.

o o o

જ્યાં ત્યાં ચિતિરશ્મિ વ્યાપી, ત્યાં ત્યાં મુજ દષ્ટિ સ્થાપી,
વિશ્વે મહામસ્ત બનીને ચાલતો ; અહા ! સુખ શું !
હર્ષ જે ઉરમાં ઉભર્યો, અન્યથી જાયે તે ન કળાયો,
હૃદયને છોળથી ઉછાળતો ; અહા ! સુખ શું !
ચિતિછાયમાં હું બેહું, ચિતિરૂપ થઇ હું રેહું,
ચિતિમાં પર્યંક મારો ઢાળતો ; અહા ! સુખ શું !"

(ઉ. ગિ. ૧, પદ ૩૭૭)

એ ચિતિચંદ્રની છાય કેવી પ્રભાપ્રસારક, ઉજ્જવલ, અનલનિવારક, પાપવિહારક, જનિમૃતિહારક અને ઉધ્ધારક-તારક છે તેનું વર્ણન કરતા એક પદની ત્રણ જ પંક્તિ જોઈએ :-

"કમનીય કાંતિ ચિતિઇન્દુની, કોથી કદી ન કથાય,
શી શુભ્રતા છાય, સુભાગી કો નાહ્ય, થતો :તે :ઉજ્જવલ યશકારક
હૃદયકુમુદિની વિકસિત થાતી, આ રજનીની માંહ્ય,
અતિ ઉભરાય, પ્રફુલ્લ જણાય, કરી નર્તન ચિત્તહારક ; -
ચિતિચંદ્રની આ છાય, અહા ! શી, શીતલકારક, ચિતિચંદ્રની
આ છાય."

(ઉ. ગિ. ૧, પદ ૧૫૦)

ચિતિ-આનંદમાં નિમજ્જન કરનાર સાધકનો અનુભવ ચન્દ્રસાગરના રૂપક દ્વારા વ્યક્ત થાય છે :

"હું હૃદયસમુદ્રે, હર્ષતરંગમાં ઝીલી રહ્યો.
ચૈતન્યચંદ્ર શો ખીલી રહ્યો, સંગી થયો, નભમાં વહ્યો.

o o o

ઉંડે હું જેમ જાઉં, અણુ અણુથી અભેદ થાઉં,
ન્યારો ન કહીં હું જણાઉં, મહાજલરૂપે ગણાઉં,
ક્ષારપુત્તલિ, પાછી ન નીકળી, તેમાં હવે હું મળી ગયો,
હું ગળી ગયો, હું ભળી ગયો."

: ઉ. ગિ. ૧, પદ ૨૬૨ :

આ પ્રકારનાં કાવ્યોનાં વધુ ઉદાહરણો ન અવલોકતાં હવે આપણે કવિપ્રતિભાના અન્ય પાસાને પ્રકટ કરતાં કેટલાંક પદો જોઈએ. પરબ્રહ્મ અને જીવ જગત તથા ઈશ્વરની ત્રિપુટી વિશે આલોચના કરવાના પ્રસંગે, શ્રીમદુપેન્દ્રાચાર્યજી પણ શાંકરસિધ્ધાન્તને સમરૂપ "વિવર્ત" શબ્દનો જ પ્રયોગ કરે છે. સ્વરૂપોત્થિત સ્થિતિનો અનુભવ વર્ણવતાં સાધકકવિ કહે છે :

"અણછેતું અળગું અહં થયું, તો પણ નિજપદ માંહ્ય,
રથી સંકલ્પ યથાવિધિ, વિવર્તરૂપે થાય.
અનવધિ આકાશમાં રચું હું રુડા ઘાટ,
સ્થૂલ સૂક્ષ્મ ભેદથી પ્રસારૂં ભલિ ભાત.
સર્વ તે સ્વતંત્ર છતાં, મુજથી અધીન,
મુજથી પર દીસે છતાં, મુજથી અભિન્ન.
અટપટું એવું બ્રહ્માંડ, વિલાસ મારો રે,
મુજ રૂપ છતાં ધરી ભેદ, દીસે ન્યારો રે."

{ઉ. ગિ. ૧, પદ ૧૮૦}

"જયાં જયાં દૃષ્ટિ નાખતો, ત્યાં જુએ ચૈતન્ય વિવર્ત ;
સારૂં ખોટું કયાં રહે પછી, જયાં કેવલ ચિન્નર્ત."

સ્વસ્વરૂપની નિરંતર ભાવના કરવા માટે મનને પ્રબોધ કરતા પદમાં પણ,

"જે જે જણાતું ઈશ્વરૂપે આ, લહીશ ન તત્ત્વથી તે પરિચ્છિન્ન ;
વિવર્તરૂપે વિશ્વ સકલ આ, નિરખતાં, કદી ન રહીશ તું ભિન્ન."
(ઉ. ગિ. ૨, પદ ૧૨૪)

માયાનું મિથ્યા આવરણ દૂર થતાં જ,

"સર્વાધિષ્ઠાતા થઇ રહેતાં, જણાશે બધું તુજને સમિચીન."
: એજન :

વર્ગના તત્ત્વવિચારની આ એક વિશિષ્ટતા છે કે તેઓ શાંકરવેદાન્ત પ્રમાણે વિવર્તલીલાનો તથા તેના મૂળમાં અજાતવાદનો પણ સ્વીકાર છતાં, જગતને અસત્ય હોવાનું ઠરાવતા નથી. બંને આચાર્યો અને શ્રી વિશ્વવંદ્યના વિચારોનું વલણ સવિશેષપણે વિધેયાત્મક છે, નિષેયાત્મક છે, નિષેધાત્મક નથી. અને તેથી જ તેઓની જ્ઞાની ભક્ત કે યોગી તપસ્વીની વ્યાખ્યાઓ વનવાસી સંન્યાસીઓને લગતી નથી પરંતુ સંસારી સાધુઓને લગતી છે.

"જગત્ જગદીશમાં વસ્તુતઃ ભેદના, મૂર્ખ અજ્ઞાની જુદા જ લેખે,
જ્ઞાની તો એક વસ્તુરૂપે ન્યાળીને, ભ્રમવડે ભિન્ન ના કાંઇ પેખે.
માટી ને ઘટ વિષે ભેદ નથી કાંઈ રહ્યો, ભેદ ના ઘૃત અને તૈલદીપે,
એકરૂપ તેમ ઘટના બધી જગત્‌ની, ભાસતી જ્ઞાની દૃષ્ટિસમીપે.
જગત્‌ને જગત્ પતિરૂપ જે ન્યાળતા, તે જ પામે નિરાવરણ દૃષ્ટિ,
જગત્‌પતિરૂપ આપે થઇ તે રહે, બણી હરિરૂપ વ્યષ્ટિ સમષ્ટિ.
o o o
ઉર થકી દ્વૈતને ત્યાગી અદ્વૈતમાં, સાધુ જન ! સર્વદા આવી વસજો,
અનુભવી એકરૂપ જગતને જગપતિ, નૃહરિકંચન રસે વિશ્વ રસજો."
(ઉ. ગિ. ૧, પદ ૬૫)

આ દૃષ્ટિ વૈશિષ્ટ્યના કારણથી જ વર્ગની વિચારસરણીમાં શાંકરવેદાન્તનું પ્રામુખ્ય હોવા છતાં તેને બહુજનપ્રિય શુધ્ધાદ્વૈતના સિધ્ધાન્તો સાથે વિરોધ આવતો નથી.[1] (અલબત્ત, મૂળ કેન્દ્રસ્થ અભેદતત્ત્વને પાયામાં રાખીને જ આવું આત્યંતિક વિધાન થઇ શકે). તેથી શ્રી ઉપેન્દ્રાચાર્યને પણ પરંપરિત સુવર્ણનો અલંકાર જ પ્રિય થઇ પડે છે :

"વિધવિધ ઘાટ સુવર્ણના, સ્વર્ણરૂપે એક,
તદ્વત્ જીવશિવ ના જૂદા, કરવો ઘટે એ વિવેક.
વેષધારી જેમ વેષથી, જૂદાં રૂપો ધારે,
પોતાને એક સ્વરૂપમાં, જુએ વસ્ત્રો ઉતારે ; -
જીવશિવ જુદા ન જાણીએ, સ્વરૂપે એક જ રૂપ."

(ઉ. ગિ. ૧, પદ ૧૯૮)

અનુભવી આત્મજ્ઞાની તેથી કહે છે કે,

"અકલિત ને અતુલિત છે, મુજ સ્વરૂપ ન્યારૂં રે,
સ્વરૂપ ન્યારૂં રે, ન જાણે જીવ બિચારૂં રે.
બહિર્ ભીતરમાંહિ જુદાં હું રૂપ ધારૂં રે,
તે નાણી ના શકનાર, ગોથાં ખાય હજારું રે.

o o o

---

૧. આ પ્રકરણમાં જ પૃ.૯૯૫ પર ચર્ચા કર્યા પ્રમાણે, શ્રી ઉપેન્દ્રાચાર્યજીએ તેમની "સન્ધ્યાબલ" નામની નાટિકામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પાત્રમુખે નીચેનું ગીત વહેતું મૂકયું છે :

"ઘટ ઘટ વસેલ તું, તારી અપાર લીલા.
તુંનો તું લીલી વાડી, તુંનો તું સુકું વન,
જડપણ બને તુંનો તું, તુંનો તું મહાચેતન ; તારી અપાર લીલા૦
તુંનો તું જિહ્વાભોગે, તુંનો તું જુએ નયન,
લય પણ કરે તુંનો તું, તુંનો તું સંજીવન ; તારી અપાર લીલા૦
તુંનો તું હુંમાં વિલસે, તુંનો તું મમ જીવન,
ખેલવે મને તુંનો તું, તુંનો તું મુજ રસધન ; તારી અપાર લીલા૦

જ્ઞાની કે અજ્ઞાનીની, કંઈ પ્રવૃત્તિ ન કોઈ,
વ્યર્થ જીવો આરોપતા, કર્તા મુજને જોઈ.
કર્તા અકર્તા હું નથી એ કેમ વિસારું રે,
મુજમાં મહેશમાં નથી, સ્વરૂપસ્થિતિએ ભેદ,
મહેશ ને મુજ સ્વરૂપને, અતકર્ય કહેતા વેદ,
ઉપેન્દ્ર કરુણાપાત્ર ઉર, (મુજ) સત્ય રૂપ ઉતારું રે."
(ઉ. ગિ. ૧, પદ ૧૮૪)

કારણ કે,

"સ્વરૂપમાંથી સર્વ પ્રકટ્યું, ત્યાં જ લય પણ થાય છે;
માત્ર મધ્યે વિવર્તોથી, તુચ્છ ઉચ્ચ ગણાય છે."

સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મવસ્તુ જ નામરૂપના આધાર કે અધિષ્ઠાન રૂપ છે. એટલે મધ્ય વ્યક્ત સ્થિતિમાં પ્રતીત થતો ભેદ મિથ્યા અથવા શૂન્યવત્ છે. આ બધો કલ્પિત આવિર્ભાવ છે અને કલ્પનાતીત થતાં નિઃસંકલ્પ અવસ્થામાં તે સર્વ બ્રહ્મમાં તિરોહિત થઈ જાય છે. જેમ મૃત્તિકામાં ઘટ, તંતુમાં પટ, જલમાં તરંગ તેમ બ્રહ્મ અને બ્રહ્માંડ એકરૂપ છે. "યથા પિંડે તથા બ્રહ્માંડે" એ ઉક્તિ અનુસાર, પિંડ એ વિરાટ બ્રહ્માંડની ક્ષુદ્ર આવૃત્તિ હોઇ પિંડાભિમાની જીવ કહેવાય છે અને વિરાટ બ્રહ્માંડાભિમાની (Universal Consciousness) ઈશ અથવા શિવ કહેવાય છે. વસ્તુતઃ જીવ જગત અને ઈશ્વરમાં પ્રતીત થતો ભેદ કેવળ કલ્પિત છે, વસ્તુતઃ વસ્તુગત ભેદ નથી. તેથી જ જીવહંસને હૃન્માનસસરોવરનો આશ્રય ગ્રહણ કરવા કવિ એક પદમાં અનુશાસન કરે છે :-

"જા જીવહંસા માનસ રે,
ક્ષુલ્લક ખાબોચીયાં છોડીને, નિર્મળ સરવર જજે જી,
તૃષ્ણાનિવારણ અર્થે જળ પી, મસ્ત બની ત્યાં નહાજે.

o o o

મૌક્તિકફળ આહારાર્થે લઈ, અજરઅમર તું થાજે જી,
જીવત્વ ત્યજીને શિવત્વ પામી, નિજ સ્વરૂપે સોહાજે."
(ઉ. ગિ. ૧, પદ ૧૦૨)

સ્વરૂપાનુભવ કરનારની દૃષ્ટિ ઉપર જણાવ્યા પ્રમાણે આમૂલપરિવર્તન પામે છે.

"શરીરમાં શરીરી ન હું ન્યાળું, અંતઃકરણે સ્ફુરણ ન હું ભાળું,
આ મન નથી અભિમાનીવાળું, દશેદિશ તત્ત્વ જ રઢિયાળું,
સ્વરૂપ છાતાં થયો વિવર્તવિનાશ ; -
વિલોક્યો આત્મસ્વરૂપ પ્રકાશ, તિમિરનો ક્યાંહિ નથી અવકાશ.

o o o

કુમંગિસમું સઉ આકર્ષી, આ મન બની રહ્યું તત્ત્વસ્પર્શી,
અમન થઈ થયું પ્રત્યક્‌દર્શી, વૃષ્ટિરૂપ થઈને રહે વર્ષી,
વિરમતાં અંતે વદાતી હાશ ; - વિલોક્યો આત્મસ્વરૂપપ્રકાશ."
(ઉ. ગિ. ૨, પદ ૯૦)

છેવટે સ્વસ્વરૂપાવબોધ અને તેના સામર્થ્યનું ગૌરવ કરતી બે ત્રણ આલંકારિક પંક્તિઓ જોઇએ :-

"મુજસ્વરૂપવિષે, અનવધિ આ સામર્થ્ય અનંત પ્રકાશે,
જેનો નહિ પાર જણાય કંઈ, જેનું કંઈ માપ શકે ન થઈ,
જેની તુલ્યે છે કોઈ નહિ.
મુજસ્વરૂપતણા સામર્થ્ય વિષે, આ સપ્તસિંધુ જળબુંદ દીસે,
આકાશ અખિલ અણુસમ ભાસે,
આ સૂર્ય દીસે નાની જ્યોતિ, દમડીવત્ કુબેરસંપત્તિ,
શારદાની ભાસે ન્યૂન જ્ઞપ્તિ ;
પર્વત હિમાલય ને મેરુ, જેનું વર્ણન શું ઉચ્ચારું,
ભાસે ઢેફું માટીકેરું."
(ઉ. ગિ. ૧, પદ ૨૯૩)

કવિશ્રીએ યોગવિષયક પદો - થોડી સંખ્યામાં - રચ્યાં છે. પણ તેમાં કાવ્યતત્ત્વની દૃષ્ટિએ ખાસ નવીન ચમત્કૃતિ નથી. ભક્તિ-ઉપાસનાનાં સૈંકડો પદો પૈકી આપણે થોડાંક પદોનો આસ્વાદ ચાખીએ. શરણાગત ભક્ત ઈષ્ટને ભક્તિનું દાન કરવા પ્રાર્થે છે :

"ભક્તિદોર વડે ઉડાવો, ગગનવિષે હું પતંગ,
ભક્તિમલે ભલે બીડાવો, રસભોગી મનભૃંગ રે.
o o o
હે ભક્તિના ભોગી ! મુજ મનમંદિરમાંહિ વહાલા આવજો.
ભક્તિકેરા ચોક હું પૂરીશ, ધરીશ ભક્તિની માળ,
ભક્તિની આરતી ઉતારીશ, ધરીશ ભક્તિનો થાળ રે.
o o o
હે ભક્તિના બાંધ્યા ! ભક્તિબંધનથી બંધાજો પ્રેમથી,
બંધનરહિત ન રહેવા ઇચ્છું, ઇચ્છું ભક્તિબંધ,
આપણ ભક્તિથી બંધાતાં, મળે સુવર્ણસુગંધ રે.
હે નરહરિ સ્વામિ ! શરણાગતને આપો ભક્તિ આપની."
(ઉ. ગિ. ૧, પદ ૨૫૫)

પણ એ ભક્તિ સામાન્ય કોટિની નથી. ભક્તકવિ પ્રેમલક્ષણાની પતાકા ફરકાવે છે. સાચા સ્નેહનાં લક્ષણ તો સ્નેહપાત્રમાં જ પ્રકટ થાય અને તેને સ્નેહીજન જ પિછાણી શકે.

"જેનું હૃદય સ્નેહસરિતામાં ઝીલે, કેવળ તે જ પીછાણે રે.
સ્નેહસ્નેહીને હૃદય એક જાણે,
એને લુખું હૃદય શું પ્રમાણે ?"
(ઉ. ગિ. ૧, પદ ૩૪૪)

કવિ ચતુર છે. સમગ્ર ઈશસત્તાને આકર્ષનારી ભક્તિના મુખે જ કેવા ઉદ્‌ગાર કઢાવે છે !

"નેડલો જોડોને કોઈ, હું તો છું નારી રે,
રસિલી કામણગારી રે, હોજી ભક્તિના રે ભોગિ !
o o
મોહિની થકી તો પેલા, અસુરો રીઝે રે,
હું તો પ્રભુ રીઝવનારી રે, હો જી."

(ઉ. ગિ. ૨, પદ ૭૩)

ભારી ભુરકી ભરેલી એની કામણગારી આંખોના અને અંતર–આંખના કટાક્ષથી વિષ્ણુ, બ્રહ્મા, મહેશ વગેરે તેને અધીન થયા. માટે તે આહ્‌વાન કરે છે :

"જેને જે જોઈએ તેને, જયારે ને ત્યારે રે,
મોંનું માગ્યું હું આપનારી રે ; હોજી ઈચ્છાના રે ભોગિ !
માટે તો વહેલા વહેલા, વરી લો મને રે,
થઈને રહીશ હું તમારી રે ; હોજી સુખાદિના ભોગિ !"

(એજન)

જયાં પ્રેમભક્તિની ધાર છૂટી એટલે કવિની કલ્પનાનો દોર પણ છૂટો મૂકાય જ. તેમાં રસિકતાની છાંટ આવે જ – પછી ભલે ને કવિ ધર્મગુરુ કે તત્ત્વદર્શી મહાત્મા હોય. કારણ ધર્મ અને તત્ત્વનો પાયો તથા તેનું ચરમ શિખર પ્રેમ સિવાય અન્ય શું હોઇ શકે ? વીસમી સદીના પ્રારંભકાળના આ કવિની વાણી પ્રેમભક્તિનાં કાવ્યોમાં કેવું ઊર્મિગીતોનું સ્વરૂપ પકડે છે તે બે ચાર ઉદાહરણ પરથી જણાશે. પ્રેમમાં સંયોગ વિયોગ બન્ને સ્થિતિ સંભવે. અને એ સ્થિતિમાં વિવિધ પ્રકારનાં ભાવ–સ્પંદનો ભિન્ન ભિન્ન રૂપે કવિતામાં વહેવા માંડે. ઈષ્ટવિરહ પામેલી વૃત્તિ હૃદયને વહેતું મૂકે છે :–

"હું તો પ્રેમની પ્યાસી, પ્રીતમના દર્શને ચાલી,
દેવા દુ:ખ વિરહનું નાથ, એક દિન આપીને તાળી,
ગુપ્ત કંઈ ઝટ થઇ ગયા, નહિ મૂર્તિ ફરી ભાળી ; –
હું સુંદર મૃદુ ચંપાકળી, પ્રિય પ્રાણ મુજ માળી,
મુજને સુકાતી મૂકી, ન સામું – જોયું નિહાળી."
(ઉ. ગિ. ૧, પદ ૧૫૬)

એની પ્રીતિનિષ્ઠા કેવી અડગ છે !

"હું પણ ખરી કે લાવું, પિયુના હાથને ઝાલી,
રંગે હું રમીશ પિયુસંગ થઈને, ઘેલી ને કાલી.
o o
એક ન હું તસુ ચસું લાવું, અહિંયાં પકડી વનમાળી,
મુખથી હું રટી કર સ્હાઈ, માળા નામ પિયુવાળી,
આવી અહિં લેશે મને નિજ અંકમાં ધાલી."
(એજન)

બીજા પદમાં પ્રેમની અન્યોન્યતાને નિખાલસતાથી વર્ણવે છે :

"શ્યામસુંદરની સંગે, છાની છે મારે પ્રીત રે,
રમું રસબસ થઇ રંગે, પ્રેમે પરસ્પર નિત્ય રે.
નેત્રને મીચું, નીરખું જયાં નીચું, આવે સંમુખ કરી સ્મિત રે,
મલપતા હાલે, સ્નેહથી ભાળે, નેત્રકટાક્ષે વીંધે ચિત્ત રે."
(ઉ: ગિ. ૧, પદ ૨૫૬)

કારણ ?

"પ્રેમ જયાં રાચે, તાંતણે કાચે, રે ત્યાં પ્રભુની એવી રીત રે,
ખેલે ખેલે જયારે, વશથઇ મારે, આપતા મુજને એ જિત રે,
નરહરિ નાગર, રત્નાકર, હું છું એમની સરિત રે."
(એજન)

પ્રભુ પ્રેમવશ છે એ વાત પર તેને દઢ વિશ્વાસ છે. તેથી જ પિયુની પ્રતીક્ષા કરતી વૃત્તિનારી પ્રેમમય કલ્પનાઓ કરે છે.

"આજે મનના માન્યા સંગે મોજ માણશું,
અમે રંગે રમીશું આજ એ સુજાણશું.
o o o
સ્વાતિનું બિંદુ લેવા ચાતક છે આ આતુર,
ચંદ્ર કિરણ ગ્રહેવા કુમુદ આ આતુર,
આ વેલી એ વૃક્ષથી વીંટાવા છે આતુર,
મનભ્રમર એ કુસુમ સુંઘવાને છે આતુર,
પિયુ આલિંગવા હું રોમેરોમ છું આતુર,
મનમાં થાએ, મળી, કયારે કહી દઉં, "હું વેચાણ છું." "
{ઉ. ગિ. ૧, પદ ૨૭૬}

છેલ્લી પંક્તિમાં ભક્તિની પરાકાષ્ઠા "હું વેચાણ છું" એ ત્રણ જ શબ્દોમાં કેવી પ્રકટ થઇ છે !

એક સુંદર પદમાં પણ પ્રેમની પરાકાષ્ઠાપ્રેરક સોણલાનું સુરેખચિત્ર શબ્દસ્થ થયું છે :-

"મુજ પ્રિયતમની સોડમાં આજે ભરાઈશ હું.
આજે ભરાઈશ હું, અખંડ જ ત્યાં શમાઈશ હું."
{ઉ. ગિ. ૧, પદ ૩૬૨}

પ્રિયતમને સ્નેહામૃતના ગ્રાસો ભરાવવા, પિયુસંગમાં મહાનંદ-સરિતામાં સ્નાન કરાવવા અને એના ઐશ્વર્યમાં રગદોળાવાની અભીપ્સા છેવટે વ્યક્ત કરે છે.

"પિયુસંગ અનુભવકુંડમાંહિ ઝબકોળાઈશ હું.

o o

આલિંગવા પ્રભુને પ્રભુકંઠે જ ટંગાઈશ હું,
પિયુ એકયના સુખરંગમાં સર્વાંગે રંગાઈશ હું.
પિયુ સોડમાંહિ ગુપ્ત રીતે આજ સંતાઈશ હું,
જોનારની દૃષ્ટિવિષે પિયુરૂપ જણાઈશ હું."

: એજન :

પ્રેમૈકયની ભાવનાના ભરત ભરતું આ પ્રેમમધુર ગીત ખરેખર ઉચ્ચ કક્ષાનું કાવ્ય બની રહે છે.

બીજા એક પદમાં અનુરક્તિ-વૃત્તિ ઈશ્વરમાં શુકારોપણ કરીને પ્રેમાલાપ કરે છે :

"મારા ખીલતા ડોલતા પ્યારા પોપટને રીઝાવું હું મીઠા વહાલથી,
ધરી હાથમાં, બાથમાં, રાખી હું સાથમાં, ચાલું ઠમકતી ચાલથી.

o o o

કરું તનમન કુરબાન એના ઉપર,
મારું હૃદય એ એનું છે પિંજર,
મારો પ્રેમ એ તો એનું ફળ સુંદર,
મારા રૂડા રંગીલા એ બાળા ભોળાનું, જતન કરીશ હું સંભાળથી."

(ઉ. ગિ. ૧, પદ ૨૯૮)

ભક્તિનું અખંડ અનુસંધાન રાખવાનો બોધ આપવાની કવિશ્રીની રીત અનોખી છે. એક સખી બીજી સખીને શિખામણ આપીને સાવધાન કરે છે :

"અલી જો જે રસિયાથી છૂટી થાતી,
છોડવશે તુજને, યુક્તિઓ કંઇ કંઇ એ લગાવી.
ભોળી થઇને રખે તું ભરમાતી,
ભરમાવી તુજને, છટકી જશે એ લાગ લાવી.

o o

ઈ. ા. નિ. ..

બીજા વિષે તું મુગ્ધ થાયે એવો યત્ન ચલાવશે,
તુજ ચિત્ત અન્યે જાય, એવે પંથ તેહ પળાવશે ;
પણ તે છતાં તું તેમનામાં, અધિક સ્નેહ દૃઢાવશે,
તો હસિત હૃદયે પ્રિતમ તુ જ, તુજને જ હૃદય લગાવશે."
(ઉ. ગિ. ૨, પદ ૨૧૪)

આ પ્રકારની પ્રેમવિષયક ગરબીઓ કે ગીતો-પદોમાં તીવ્ર વિરહવેદના હોય, સંભાવિત મિલનસુખનાં સ્વપ્નાં હોય તો બીજી બાજુ મીઠા રસીલા ઉપાલંભનાં વચનો પણ હોય. આ પ્રકારની રમતિયાળ શૈલીવાળાં કાવ્યોમાં ભક્તકવિ (કે પ્રણયકવિ !) દયારામની ચાતુરી, પદાવલિ વગેરેનું સ્મરણ કરાવે છે. અલબત્ત, તેમાં શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યની કવિપ્રતિભાનું પોત આગવું આકર્ષણ ધરાવે છે. તેમાં વિશિષ્ટતા, સાંપ્રત સમયનાં વ્યવહારસુલભ સાધનો અને વ્યતિકરોને દૃષ્ટાંતો કે રૂપક-અન્યોક્તિમાં યોજવાની, અને આછા મર્મ-વિનોદને પણ સહજ રીતે વહેતો મૂકવાની છે. નીચેના પદમાં વેદનાની અભિવ્યક્તિમાં કેવી માર્મિકતા ભળી છે !

"અણુ અણુમાં બાણેથી વીંધવાનો, માર લાગે સહેલો સહેવો,
બળતા અંગારા ગળવા કઠિન નથી, જાણીને મીઠો મેવો રે.
ખાંડણીમાં શિર, સાંબેલે કૂટે પણ, ઘાવ્ન એવો લહેવો,
સહસ્ર સર્પ કે વીંછીના ડંખનો, ઘાવ ન એના જેવો રે.

o o o

અંતર્પ્યાલો વિરહના ઘાવથી, ભાગે છે કોણ જાણે કેવો,
સંધાઈ તે કદી આખો થતો નથી, ગમે તેનાથી એ રેવો રે,
ઘાવ જે લાગ્યો હૃદય, કોને કહેવો."
(ઉ. ગિ. ૧, પદ ૩૫૨)

પદાંતે ઉક્તિમાં ઉત્કટતા વરતાય છે.

"વિમલહૃદયવિરહાશ્રુનો ધોધ, શરૂ થયો જ્યાં વહેવો,
ખાળ્યો ન ખળતો, જાણે ન કોઈ, શી રીતે બંધ કરી દેવો રે.
અંતરધાવને આઠે પહોર ભલે, ચાહે તેનાથી સેવો,
(પણ) જ્યારે સ્મરણતણા નેત્રથી જોઈએ, ત્યારે તે જેવો
ને તેવો રે.
ઘાવ જે લાગ્યો હૃદય, કોને કહેવો."
(ઉ. ગિ. ૧, પદ ૩૫૨)

અહીં "અંતરપ્યાલો" રૂપક તથા "સેવો" અને "રેવો" ક્રિયાપદની યોગ્ય પસંદગી કવિનું ભાષાપ્રભુત્વ અને કલ્પનાકૌશલ પ્રકટ કરે છે. કલાપીની યાદ આપે એવી એક ગઝલમાં કવિનો વિરહાલાપ વેધક છે.

"તેડાવું કોને પ્રેમથી જ્યાં આવનાર જતા રહ્યા,
બોલાવું કોને બોલ દઈ જ્યાં બોલનાર મૂગા થયા.
o o
મેરુસમા મેં નિત્ય નિશ્ચલરૂપ જેને તો ગણ્યા,
તે દષ્ટિમાંથી હાય ! આજે, જોતજોતામાં વહ્યા.
વાણી છતાં પણ મૂક છું, આંખો છતાં પણ અંધ છું,
જીવવા છતાં નિર્જીવ છું, જ્યાં પ્રાણ મારા ના લહ્યા.
હે નાથ ! અધિક હું શું કહું, પણ એટલું તો જાણજો,
નયનોથી છો અળગા થયા પણ, મેં હૃદયમાં સંગ્રહ્યા."
(ઉ. ગિ. ૨, પદ ૧૪૯)

અન્ય વિરહપદમાં અપાતા ઉપાલંભમાં કેવી ઘરગથ્થુ ભાષાથી કામ લેવાયું છે !

"રાત ફર્યું બધું વ્યર્થ ન નીકળ્યો, લોટ પ્રભાતે શેર,
વ્યર્થ બધાં સાધન આ સેવ્યાં, (જો) આપ ન આવ્યા ઘેર,
કીધાં કદી પકવાન્ન વર્યું શું, મળ્યા ન જો જમનાર,
રમત માંડી વિધવિધ તેથી શું, જો ન મળ્યા રમનાર.
ઉત્તમ કુળ કન્યા જન્મી પણ, ઉત્તમ જો નથી નાથ,
ગોર અને કોમલ તેથી શું, કંકણ જો નથી હાથ."

(ઉ. ગિ. ૧, પદ ૨૫૩)

રિસામણાં-મનામણાં તથા માર્મિક ઉપાલંભના માધ્યમને ગ્રહણ કરતાં ઊર્મિગીતોમાં વાણીની ઋજુતા, સરળતા અને સહૃદયતા ઉપરાંત શૈલી જાણે વિનોદના વાઘા પહેરતી હોય છે. તેમાં અલંકારોનું ઔચિત્ય પણ કાવ્યને રસપ્રદ બનાવે છે. આ પ્રકારનાં પદોમાં નિવ્યાંજ નિખાલસતા ઉપરાંત – શૃંગાર છતાં – ભાવની સૌમ્ય સાત્ત્વિકતાની છાપ ઉપસી આવ્યા વિના રહેતી નથી. એક પ્રેમકલહનું હૃદયંગમ ચિત્ર જુઓ :

"શિરજોરી શાના ઉપર આવડી, કહોને શ્યામ, શિરજોરી શાના ઉપર આવડી ;
મહેનત કરી મારી મેળે હું આવી છું, કંઇ પકડી આણી નથી બાવડી ;
મેં રીઝવ્યા છે તમને જપતપ કરીને, કાંધે ચઢાવીને કાવડી,
સંસાર સાગર તરવાને કાજે, આપે તો આપી નથી નાવડી,
સુખના સાગર તમને કહે પણ મુજને, દેખાડી ન સુખની તલાવડી,
રાચરચીલાં ઘરે મેં છે વસાવ્યાં, આપે તો આણી નથી તાવડી,
મારા રોકયા ક્ષણ રોકાતા છો ન જયાં, સ્મરે કો ત્યાં ચાલ્યા ચઢી પાવડી,
શા પર આટલો હુકમ ચલાવતા, હજી તો કીધી નથી સુવાવડી,
શાંતિજનક સ્થાન ઇચ્છવા આવ્યા તવ, મોહ્યા'તા જોઇ મારી વાવડી,

પ્રેમની પોથી તો પઢેલા જણાતા નથી, વઢવાની રીત એક આવડી,
જીવન ! ઝાઝું હવે નહિ તાવશો, દુઃખી થશે મારી માવડી,
જેના પર જોર કરો ઓળખો જરા તો તેને, એ તે છે આખલો
કે ગાવડી."
(ઉ. ગિ. ૧, પદ ૩૪૮)

આ પ્રકારનું પ્રાસમેળકૌશલ તમામ કાવ્યોમાં જોવા મળે છે. અહીં કાવડી = તપ, પુરુષાર્થ; રાચરચીલા = સદ્ગુણસમૃદ્ધિ; ક્ષણ = ધ્યાનની ક્ષણો; અને સુવાવડી = તત્ત્વરૂપ બીજના દાનવાળી; તથા વાવડી = અભ્યંતર પ્રદેશ, – એવા આધ્યાત્મિક અર્થ કવિને અભિપ્રેત છે. પિયુને પ્રેમની પોથી અને પ્રેમકલહની રીતિનીતિનો પ્રબોધ કરનાર અંતમાં તો ખુમારીભરી રીતે "ગાવડી"ની નમ્રતા દાખવે છે. એમાં જ ભક્તિગત પ્રપન્નતા અને પ્રેમલક્ષણાંતર્ગત સમાનતાની પ્રતીતિ થાય છે. તે સિવાય આવા ઉદ્ધંડ (!) કહી શકાય એટલી હદના ઉપાલંભ આપી શકાય ?

પ્રેમ પારસ્પરિક અન્યોન્ય અને અનન્ય હોય છે. ભક્તિ અને સ્વરૂપાનુભવના "અમૃતથી અદકો અતિ, મધથી મહામધુર" એવા પ્રેમરસના પિપાસુ એક પદમાં પ્રયોજનને સ્પષ્ટ કરે છે :

"અમપાસે રસ જેહ તે, ભક્તિરસ કહેવાય,
તમપાસે ના રસતણું, અનુભવ નામ ગણાય.
અમારી પ્યાલી આપને, કરશે ઉત્તેજિત,
આપની પ્યાલી અમતણું, કરશે પ્રશાંત ચિત્ત.
(તે) એક બીજાને લેવડાવવા, અમે આવ્યાં રે,
પાઓ, પાઓ, તે પ્રાણાધાર, પીલો પી લો આ વાર.
રસ પાવાના નમનને, આલિંગન કહેવાય,
અભિમુખતા અનિમેષ તે, નયનકટાક્ષ ગણાય.
આતુરતા અમ ઉરતણી, તે જ હૃદય ધબકાર,
પીવું-પાવું તેહ તો, થાવું એકાકાર.

અચવ્યો રસ એ ચખાડીને, અમે આવ્યાં રે,
કરો સફળ અવતાર, હે અમ ભર્તાર !
મીઠો મીઠો, તે રસ ઝીલવા, અમે આવ્યાં રે,
ખોલો ખોલો તો જરી દ્વાર, અમારા હૈયાહાર."
(ઉ.ગિ. ૨, પદ ૨૯૫)

આ આખો ય સ્નેહલીલાનો કવિતાવિહાર આધ્યાત્મિક અનુભવના નિદર્શન રૂપ છે, તે સ્પષ્ટ છે. પણ કવિ એ રહસ્યને છેક સુધી ગોપનીય રાખે છે. શ્રી વિશ્વવંધનાં આ પ્રકારનાં બહુ જ થોડાં પણ લાંબાં પદો છે, તેનાથી શ્રી ઉપેન્દ્રાચાર્યનાં આ કાવ્યો આ રીતે જુદાં પડે છે. અરે, નામરૂપાતીત તત્ત્વના અનુભવની ક્ષણે તેનો નામનિર્દેશ કરવાની – નામકરણ અને સંબોધનની કેવી મીઠી મૂંઝવણ અનુભવે છે તે પણ શૃંગારની રીતે રસિક પદમાં નિરૂપાઈ છે :

"શું કહીને હું બોલાવું રે, મારા "એ"ને તો શું.
નામ ન દેવાય તાણી, લજવાઈ જાય વાણી,
ત્યારે શી દેવી એંધાણી રે. મારા "એ"ને."
(ઉ. ગિ. ૨, પદ ૨૧૧)

અપહ્નુતિ, વ્યતિરેક આદિ અલંકારોનો આશ્રય લઇને તે ચિત્તચોર, સ્વામિ, પિયુ, કોટીકામ વગેરે વિવિધ સંબોધનોનું કારણો આપી નિરસન કરતાં "ચિદાનંદ" સંબંધી કહે છે,

"ચિદાનંદ કહી લઉં લ્હાવો ? બાપીયો, આ શો શબ્દ આવો !
દીઠો એ શું બાવો બાવો રે ; મારા "એ"ને.
કહું ત્યારે રસિયાજી ? નાજી નાજી નાજી નાજી,
ચાર વચ્ચે મરું લાજી રે ; મારા "એ"ને.

o o o

કામ તો પડે ઘડીએ ઘડીએ, મોંએ આવ્યું તે બડબડીએ,
(તો) આપણે બા છોભાં પડીએ રે ; મારા "એ"ને.
નામ ન જો કંઈ દેવાયે, નનામા તો એ કે'વાયે,
મારાથી એ શે સંખાયે રે ; મારા "એ"ને.
બીજું નહિ ગમે એકકે, બીજાને છો ફાવે તે કે',
હું તો મારે કે'વાની "એ" રે –
મારા "એ"ને તો, "એ" કહીને હું બોલાવું રે."
(એજન).

ચાર વચ્ચે મરું લાજી, બા છોભાં પડીએ, શે સંખાયે....
વગેરે પ્રયોગ ઉપરાંત, મનમતિ અને વાણીથી પર અગોચર ગહન અનામી તત્ત્વને પ્રેમલક્ષણાના સાંકેતિક "એ" સંબોધનમાં સ્ત્રીસહજ સરળતાથી ઉતારવાની સ્પૃહણીય રીત ખરેખર અનોખી છે. આ પ્રકારનાં વિનોદી તત્ત્વસ્પર્શી પ્રેમગીતો આપણા સાહિત્યમાં જવલ્લે મળી આવશે.

પ્રેમપરાયણ વૃત્તિ કદી હૃદયદોલામાં પ્રિયતમ ઈષ્ટને ઝુલાવે છે :
"ઝુલો મમ જીવનનિધાન, ઝુલાવું આજ,
હીંડોળે હળું હળું હું હીચોળું, ઝુલે જેમ ગગને વિમાન,
પ્રેમભર્યાં આ હર્ષિત હૃદયે, ઓવારૂં મમ પ્રાણ."
(ઉ. ગિ. ૧, પદ ૩૨૫)

ભક્તિ અને ભક્તના હૃદયની ઊર્મિઓનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોને વ્યક્ત કરવા ઉપરાંત કવિએ મિથ્યા ભક્તો અને દંભી જ્ઞાનીઓ પર મર્મકટાક્ષ કરતાં પદો પણ લખ્યાં છે.

"ભાળો ભાળો ભક્તોની ભવાઈ ભાઈ ભાઈ !
ભાળો ભાળો ભક્તોની ભવાઈ.
જેના સરખી ન જગમાં કો બીજી નવાઈ."
(ઉ. ગિ. ૧, પદ ૨૯૨)

આ પદમાં તથા પ્રથમ પરિવાહના ૧૧૫, ૨૫૭ જેવાં પદોમાં ભક્તિનાં પ્રચલિત-વિપરીત સ્વરૂપોનું વિગતે કટાક્ષમય વર્ણન કર્યું છે.

આ સિવાય, પ્રભુને વિપત્તિનિવેદન કરાતાં કે ઉચ્ચક્રમમાં સ્થાપવા અધિકાર માટે વિજ્ઞપ્તિ કરાતાં પદોમાં અને મનને કે સાધકને તત્ત્વબોધ આપતાં પદોમાં પણ ઉપમા દૃષ્ટાંતોની પસંદગીમાં, ઉપાલંભમાં અને કથનછટામાં વિનોદનાં છાંટણા છંટાયલાં જોવા મળે છે. માત્ર કેટલાંક કાવ્યોની કેટલીક પંક્તિઓ જ આપણે ટાંકીશું. એમાં ઘરગથ્થુ ભાષાનો પ્રયોગ વિજયવતી છે. નીચેનાં અવતરણોમાં શૈલીનાં જુદાં જુદાં પાસાં જોવા મળે છે.

(૧) વિપત્તિનીકસોટીમાં ભક્ત કહે છે :

"હાડે છેક શું જતો, કાંઈક દોરી તો ઢીલી મેલ,
પીલી પીલીને પૂરો કર્યો છે, હવે કહે કયાં સુધી કાઢીશ તેલ.

o o o

સહસ્ત્રાક્ષ તું થયો પણ તુજને, જણાયું ન હું તે થોર કે કેળ ?
મારો તો જીવ જવા બેઠો, તારે મન હસવાનો એ ખેલ.
લોકો પણ તેને આર ન મારે, સરળતાથી જે ચાલે બેલ,
ધણીનો ધણી તું થયો શું કરવા, જગતમાં જેને તેને ખલેલ ?
(ઉ. ગિ. ૨, પૃ. ૩૦૬)

(૨) જગજ્જનોનું સ્વરૂપ અવિશ્વસનીય છે તે દર્શાવતા પદમાં કવિ ધોળકું ધોળવું, ઊભી પૂંછડીએ નાસી જવું, વગેરે કહેવતો યોજે છે.

"ભરોંસાની ભેંસે, પાડો જણ્યો !
મહોડેથી મારતાં સાંભર્યા, મોટી મોટી ડંફાસો,
પીઠે ભાર મૂકવા માંડ્યો ત્યાં, દીઠો પોલો વાંસો.

o o o

કંઈક સમય મીઠી વાણી શુણી, મનડું મારું મોહ્યું,
પ્રસંગ આવ્યે જણાઈ ગયું જે, એ તો ોવાંઝણું પાડું દોહ્યું."
(ઉ. ગિ. ૨, પદ ૨૬૫)

(૩) અન્યને સુધારવાનું લોકોને ગાંડપણ લાગ્યું છે એમ કવિ કહે છે :

"કંઈ લોકોને લાગ્યું છે આજ, એક નવીન જાતનું ગાંડું,
ઊતરે લડાઈમાં લઈને આજ, હાથમાં બુઠ્ઠું ખાંડું.
આ જગના સઘળા લોકો, કેમ જાણે અધોગતિ જાતા,
ચહે પોતે બનવા ત્રાતા, તેના ત્રાતા રે.
o o o
પોતે જાતે ન સુધરવું, બીજાને કહેતા ફરવું,
સઉને કંઈ એવું હડકવું, લાગ્યું હડકવું રે."

(ઉ. ગિ. ૨, પદ ૩૨૨)

(૪) એક પદમાં વિઘ્નઉપાધિવૃંદ પોતાનું સ્વરૂપલક્ષણ સમજાવે છે :

"અમે મનુષ્યમનથી, - સર્જાયાં, - ઉછર્યાં ચિંતનથી,
અમે ન કોઈને ઘેર જતાં કદી, વણ બોલાવ્યાં આજ.
બેસે લમણે હાથ દઈ જે, નિરાશ નિરુત્સાહ થઈને,
તેવાં ઢીલાં જને અમો સઉને ઉપજાવ્યાં આજ.
જ્વલંત શ્રધ્ધા, આશા જેને, ફરકે ન ત્યાં અમ પગ, પણ તેને -
નમસ્કાર નવ ગજના કરી, અમે ભાગી આવ્યાં આજ."

(ઉ. ગિ. ૨, પદ ૩૫૧)

(૫) સંસાર મધ્યે રહેવા છતાં યથાર્થ સાધકને આત્મદર્શનરૂપ લક્ષ્યને બલિષ્ઠ નિશ્ચયથી સિધ્ધ કરવા કવિ રોચક દૃષ્ટાંતો આપે છે :

"વીસ આંખનો તો પણ લક્ષ્ય ન, વીંધ્યું રાવણરાણે,
નેત્રહીન પણ પૃથુરાજે તો, તાકયું તીર એંધાણે રે.
સઉ કોઈ તે જાણે.
હજાર વચ્ચે પ્રેમી નિજ પ્રેમીની દૃષ્ટિ તાણે,
ઉપાધિ, અંતર, ન ગણી એ તો, મોજ પરસ્પર માણે રે.
એ એક જ જાણે.
વિરલ કોઈ લક્ષ્યને વીંધી જાણે રે, સઘળા ના જાણે."

(ઉ. ગિ. ૨, પદ ૩૨૫)

(૬) સર્વસિધ્ધિ સધાવનાર અંતરજ્યોતિનાં રશ્મિ ઝીલવા કવિ નિમંત્રણ આપે છે :

"મારા અંતરમાં જ્યોતિ એક જાગી, સુભાગી કોઈ,
રશ્મિ ઝીલો, રશ્મિ ઝીલો.
જેની દીપ્તિથી માયા દૂર ભાગી, સુહાગી કોઈ,
રશ્મિ ઝીલો, રશ્મિ ઝીલો."
(ઉ. ગિ. ૨, પદ ૪૩૯)

(૭) આ જ રાગનો અતિ પ્રચલિત ગરબો "રસદર્શન" વિભાગનો હોવા છતાં, તેનો અહીં ઉલ્લેખ કરવાનું ઠીક લાગે છે.

"કોઈ મીઠડાં અમૂલાં અતૂલાં આ જ્ઞાનતણાં
ગોરસ લ્યો, ગોરસ લ્યો.
ઘણાં મોઘાં રસાળાં સુખાળાં આ તત્ત્વતણાં
ગોરસ લ્યો ગોરસ લ્યો.
પરમ શુધ્ધ હૃદયપાત્રમાંહિ દૂધ તો ભર્યાં,
ગુરુએ દીધેલ જ્ઞાનદધિએ કંઇ આખર્યાં;
એની બલિહારી, હું એની મહિયારી, મારાં
ગોરસ લ્યો, ગોરસ લ્યો.

o o

અનુભવની એમાં કાંઈ છૂપી મિઠાશ છે,
વેદશાસ્ત્રને પુરાણ એ તો એની છાશ છે.

o o

વિશદ અવિચ્છિન્ન બ્રહ્મજ્ઞાન ઉરે રાખો,
ગોરસ એ ચાખી ગોરસીને ફોડી નાંખો.
લેજો ધીરે ઉતારી, મટકી ભારી, રસવિહારી, ભલા !
ગોરસ લ્યો, ગોરસ લ્યો."

તત્ત્વ અને જ્ઞાનનાં અમીગોરસ આપવાને તત્પર મહિયારીના આ ગીતની મધુર લલિત કલ્પના, વ્યંજના અને સંગીતમાધુરી પણ ગોરસ જેવાં જ મધુર નથી લાગતાં ? અથવા એમ જ કહો કે રસર્ષિ કવિ જ મહિયારી બનીને તેમની સમગ્ર અગમ્ય જ્ઞાનગોરસી વાઙ્મયરૂપે ઠાલવી રહ્યા છે.

માયાનું સ્વરૂપવર્ણન આપણે બે કવિઓનાં પદોમાં જોયું. શ્રી ઉપેન્દ્રાચાર્યની લેખિનીથી અંકિત થયેલું માયાની મોહકતાનું કલ્પનાસભર રૂપકચિત્ર પણ જોવા જેવું છે. ત્યાંય વિનોદનાં વારિ તો વહેતાં હોય જ.

"આ તો ભુલભુલામણીની વાડી રે, કોઈ અટકચાળે,
સહુને બનાવવા ઉગાડી રે.
ઉપરથી જુદું દીસે, અંતરે જુદું રે,
ઉપરથી ગરુડ દીસે અંતરે કુદું રે,
અટપટી એવી આ તે રમત કેવી માંડી રે.
ઉપરનું રૂપ જોઇ નારીને ધારી રે,
પટને ઉપાડી જોવા કરતાં તૈયારી રે.
મુખ જોવા જતાં આવે હાથમાંહિ દાઢી રે.

o o o

રબરનાં પૈડાની, હલકી આ ગાડી રે,
જોઈ ધારે ઝટ લઇ જશે, બગીચે ન વાડી રે,
ચલાવી જોતાં જુએ (કે) તેને જોડી બે બિલાડી રે.
પૂઠેથી જોતાં જોતાં ધારી પરનારી રે,
ધારે એકાન્તે આવી ઠીક મળવા વારી રે,
સામે આવી જુએ તો પોતાની જ માડી રે.

o o o

ભૂલ થતાં ન થાય, મશ્કરી માટે રે,
ફરીઓ જે હોય ઘાટે, હાટે ને વાટે રે,
આગળ એને કરીને, જજો તમે પછાડી રે."
(ઉ. ગિ. ૨ - ૨૩)

આમાં કોઈ સ્થળે માયાનું નામ આવતું નથી. છતાં અન્યોક્તિ અને રૂપક દ્વારા કવિએ જગતરૂપી વાડીમાં બાહ્યસ્વરૂપ સાથે આંતર્સ્વરૂપમાં પ્રતીત થતા વિરોધાભાસને વ્યક્ત કરી માયાનું ચિત્ર સૂચવ્યું છે, અને છેલ્લી લીટીમાં કૃપાળુ આચાર્ય કવિએ, અનુભવી માયાપતિને અનુસરવાનો ઉપાય પણ સૂચવ્યો છે.

કવિ શબ્દરમત અને કલ્પનાને સહારે તથા મર્મપ્રહાર કરીને પણ કડવો બોધ ગળે ઉતરાવી દેતા હોય છે. ચિત્તના ચિન્તનને ઉર્ધ્વ રાખવાના હેતુથી તે પ્રશ્નો કરે છે :

"પેલું કમલ જોઈ તમને સાંભર્યાં કહો કમલનયન કે કમલનયના ?
પેલો ચન્દ્ર નિહાળીને શું સાંભર્યું કહો ચંદ્રશેખર કે ચંદ્રાનના ?
વળી અર્ધચન્દ્ર જોઈ સાંભર્યું કહો અર્ધનારીશ્વર કે શું અર્ધાંગના ?
o o
પેલું પદ્મરાગ જોઈ સાંભરિયા ઓષ્ઠ કૃષ્ણકેરા કે કામિનીના ?"
(ઉ. ગિ. ૨, પદ ૩૦૫)

કારણ ?

"જેવું ચિંતન તેવાં ચઢાય પગથિયાં, ઉન્નતિનાં કે અવનતિનાં."
(એજન)

હવે આપણે "શ્રી ઉપેન્દ્રગિરામૃત"માં જેનો સમાવેશ કરવામાં આવેલો નથી તથા જે, પ્રતિઉત્સવનિમિત્ત આરંભમાં "કીર્તનો", "કીર્તનાદિ સાહિત્ય", "કીર્તનમંજરી" અને પછી "રસદર્શન" નામે પ્રકટ થતી પુસ્તિકામાં જ પ્રકટ થતાં હતાં તેવાં કાવ્યોનો આસ્વાદ માણીશું. આ કાવ્યોનો પરિચય "શ્રી ઉપેન્દ્રગિરામૃત"નાં કાવ્યોથી સ્વતંત્ર રીતે કરવા પાછળ મુખ્ય ત્રણ હેતુઓ છે.

(૧) આ કાવ્યોમાં વિષયવૈવિધ્ય છે. શૈલીમાં આધુનિકતા તરફનો ઝોક છે. તેમાં નાટકો ઉપરાંત તત્કાળ પ્રચલિત થયેલ ગ્રામોફોન રેકોર્ડનાં ગીતો, નવીન જ શરૂ થયેલ ચિત્રપટનાં ગીતો,

શાંતિનિકેતનમાં ગવાતાં બંગાળી ગીતો, લોકગીતો અને દયારામ, ન્હાનાલાલ વગેરેનાં સુપ્રચલિત ગીતોના લય-ઢાળ પસંદ કરવામાં આવેલા છે.

(૨) દરેક કાવ્ય અથવા ગીત કોઈપણ બાલ કે કિશોર કલાકાર સાધક અથવા તેના વૃન્દ દ્વારા રંગભૂમિ પરથી સાભિનય રજૂ થયું છે, એટલું જ નહીં પણ શ્રી ઉપેન્દ્ર ભગવાને, એ રીતે રજૂ કરવાના હેતુથી જ ઉત્સવોના આગલા દિવસોમાં જ તેને રચ્યાં હોય છે.

(૩) ઉત્સવ પર ભજવાતી સંવાદ-નાટિકામાં પણ પાત્રો મનોરમ ગીતો ગાતાં તે સંવાદસાહિત્ય પણ આ "રસદર્શન" વિભાગ સાથે સંકલિત છે.

એક જ આચાર્યકવિના લખાણમાં, વિષયદ્દષ્ટિએ બ્રહ્મ, જ્ઞાન, ભક્તિ અને સંયમ સાધનાનો એક જ સૂર સંભળાય તો પણ ઉપરોક્ત કારણોસર તેને અપાયેલા નવાં સ્વાંગ-ઢબને લીધે, સંક્ષેપમાં પણ તેનું - કથચિત વ્યની દ્દષ્ટિએ પુનરુક્તિ જેવું લાગે તો પણ - અવલોકન કરવું આવશ્યક બને છે. જો એમ કરવામાં ન આવે તો કવિશ્રીને આપણે પૂરતો ન્યાય ન આપી શકીએ. આ જુદી જુદી નાની પુસ્તિકાઓ હોવાથી, પૃષ્ઠ કે પદસંદર્ભ આપ્યા વિના જ આપણે અવતરણો લઈશું.

દરેક ઉત્સવ પર રજૂ થતા આ સાહિત્યોધોનમાં નીચેના પ્રકારની લગભગ બધી જ લાક્ષણિકતાઓ જોવા મળતી.
(૧) વહેલી સવારે (બ્રાહ્મમુહૂર્તમાં) સમૂહમાં ગવાતાં પ્રભાતપદો (પ્રભાત-કીર્તનો) (૨) વ્યક્તિગત અને સામૂહિક અભિનયગીતો (મંડલાકાર કીર્તનો), જેમાં,

(અ) મંગલ પ્રાર્થના, વન્દન, અભ્યર્થના અને આશીર્વાદનાં પદો_
(બ) સ્વાગત-સત્કારનાં ગીતો
(ક) રાસ, ગરબા_
વગેરેનો સમાવેશ થાય છે.

(૩) બાલક-બાલિકાનાં અભિનયગીતો (બાલવિહાર).
(૪) સંવાદ-નાટકો (નાટયાન્તર ગીતો સહ)
(૫) કાર્યક્રમના અંતમાં જયઘોષ કરતાં અથવા ધૂન મચવતાં પદો.

પ્રભાતકીર્તનો ઘણુંખરું શ્રી જયન્તીદેવી, પ્રમીલાબહેન કે કદી કદી વર્ગના અગ્રણી સાધક કવિઓ રચતાં, અને સૌ એકત્ર થઈને, શ્રી ગુરુદેવ સમક્ષ મંગલ અભ્યંગસ્નાનાદિ વિધિ સહ ગાતાં.

ઈષ્ટસ્તવનનું એક મંગલગીત કેવું મધુર અને ભાવસભર છે !

"સચ્ચિન્મય, બ્રહ્મ, ગુરુવર ! ચિદ્ઘન પ્રિય બ્રહ્મ, જય જય જય.
દો ગુરુ યુક્તિ, ભુક્તિ, મુક્તિ, ભક્તિ, શક્તિ ;
સચ્ચિન્મય બ્રહ્મ.

o o o

નયનામૃત વિસ્તારી, સિંચો અનુગ્રહવારિ,
ભેદ નિવારી, સુખ દો પ્રકટ પધારી, તો તો બલિહારી,
હો બલિહારી ! સચ્ચિન્મય બ્રહ્મ."

શ્રી સાધનસમારંભના ૨૯માં મહોત્સવમાં ચૈતન્યમંગલની સ્તુતિ કરાઈ છે :

"ઝળ ઝળ ઝળળ ઝળળળ ઝળકતી ચિતિજયોતિ ! જય જય જય,
અંતર્બહિર્ મધ્યે વિલસતું તે સકલ જયોતિર્મય.
સકલ વિકૃતિ વિષે અવ્યય, સકલ આ દ્વૈતમાં અદ્વૈય ઝળઝળ."

કદી કદી શાસ્ત્રીય રાગમાં ગવાતા મંગલ પ્રાર્થનાપદ દ્વારા "રસદર્શન"ના ઉત્સવનું મંગલાચરણ થતું. નીચેનું ગીત ખમાચ રાગમાં છે.

"અણુ અણુ મંગલ વર્ષાવી રહ્યું.
ઉપર સુમંગલ પ્રકૃતિ-ડોલન,
ભીતર પરમ મંગલ પ્રભુદર્શન. અણુ૦"

તે જ પ્રમાણે અન્ય ઉત્સવનો પ્રારંભ પ્રણવપ્રાર્થનાથી થાય છે :

"ભવતુ ભવતુ કલ્યાણ, અનંત
વિજય, વિજય હો જો, દિગંત
અધિક અધિક હો પુણ્યવંત
ભવતુ ભવતુ૦"

નડિયાદમાં ૧૯૩૦માં પાલન થયેલા સાધનસમારંભોત્સવમાં પ્રથમ ગીતમાં ચિત્તભ્રમરનું હૃદયકમલમાં શમન કરવા પ્રણવધ્યાનનો સંકેત છે :

"મારો ચિત્તભ્રમર ભીતરે ભીતર ભીતર વહ્યો જાય,
હૃત્પદ્મે માંહિ પ્રણવ ગુંજતો.
કોઇ અવનવો આહ્લાદ એને ઉર અનુભવાય,
પ્રતિપળ પોતાનું ભાન ભૂલતો."

બહિરંતર સર્વત્ર પ્રણવપૂર્ણતાની પ્રતીતિ કરાવતું મંગલગાન કેવું મધુર છે !

"મંગલમ્ ! મંગલમય કાર, સર્વમાં મંગલ જય જયકાર.
સઉ દિગંતમાં, નભ અનંતમાં, ઊઠયો પ્રણવ રણકાર.
અણુ અણુ પ્રણવપ્રપૂર્ણ બની કરે, પ્રાણકંપનકાર.
રમ્ય અભયંકર પ્રણવોચ્ચાર ;
અહા હા ! શો પ્રણવાત્મવિહાર."

કેટલીક વખતે ગરબાના રૂપમાં પણ અભિનયની ભિન્ન ભિન્ન છટાઓ સાથે પ્રારંભક ગાન શરૂ થાય છે. તેમાં જ્યોતિપૂજન ખંજરી, દાંડિયા કે મંજિરાદિ ઉપસ્કરોથી વૈવિધ્ય સધાતું હોય છે.

"આવોને સજનિ ! હરખતા હૈયે, અદ્‌ભુત જ્યોતિપૂજન કરીએ,
હૃદય જ્યોતિની ઉપલક્ષક આ, જ્યોતિ લહી ઉર ઉતરીએ.
જય ચિતિજ્યોતિ ! અંતર ચોદે-બ્રહ્માંડને ઉજ્જવલ તું કરજે,
પછી આ બાહ્ય અનન્ત વિશ્વમાં, અણુ અણુમાંહિ વિસ્તરજે,
ઉર અભિવ્યક્તિ થઇ, બહિરંતર, પ્રભારૂપે તું તરવરજે."

સર્વમાં સામર્થ્યજ્યોતિ પ્રકટાવવા બ્રહ્મજ્યોતિની અભ્યર્થના કરતો નીચેનો ગરબો જ્યારે પ્રથમ વાર રજૂ થયો ત્યારે ખૂબ પંકાયો અને વડોદરા – અમદાવાદની ઘણી સંસ્થાઓએ એ ગરબાને તેમના સાંસ્કારિક કાર્યક્રમોમાં અગ્રસ્થાન આપ્યું.

"નિસર્ગભર્ગઉજ્જ્વલ, જય જય તું બ્રહ્મજ્યોતિ !
ઘટ ઘટ પ્રકટ તું પ્રજ્વલ, જય જય તુ પરમજ્યોતિ !
બલિષ્ઠ, સુપ્રતિષ્ઠ પ્રકટાવ તનુજ્યોતિ,
પુણ્ય તેજ પૂર્ણ ઝગઝગાવ નયનજ્યોતિ,
લખલખતા આત્મતેજભરી ખિલાવ બુધ્ધિજ્યોતિ.
ઘટ ઘટ પ્રકટ૦"

અંતમાં તો કવિ ભારતભર્ગની ઉજ્જ્વલતાની અભીપ્સા પ્રકટ કરે છે :

"મહાસમર્થ અર્થદ અપાવ તું શ્રીજ્યોતિ,
વ્યક્તિ વ્યક્તિ વ્યક્તિમાં વિકસાવ ભક્તિજ્યોતિ,
બ્રહ્માંડે ભારતની ઝગાવ તું અખંડ જ્યોતિ.
ઘટ ઘટ પ્રકટ૦"

જ્યારે ધ્વનિવર્ધક યંત્રો નહોતાં અને વીંગમાંથી પાશ્વર્ગાયનની પ્રથા કે સુવિધા નહોતી ત્યારે સંસ્કૃત સમાસોથી અને ગંભીરભાવોથી યુક્ત પદાવલિવાળા નીચેના પ્રકારના ગરબા, સાધકકુટુંબની બહેનો રંગભૂમિ પર સાભિનય ગાતી – રજૂ કરતી – એ સફળતામાં તે બહેનોની શક્તિ ઉપરાંત શ્રી ઉપેન્દ્રાચાર્યની લેખિનીનો અને તેમના અલભ્ય માર્ગદર્શનનો જ પ્રભાવ હતો, એમ કહેવામાં જરા ય અતિશયોક્તિ નથી.

"વન્દન વન્દન, જીવન આનન્દન ! બંધન શમન ! શાન્તાંજન !
સજ્જનમનસાંત્વન, હૃન્મનરંજન નિરંજન !
લોચનલોભન સુશોભન, મોહન પદપદ્મે પાવન !
જનમનવેદનપ્રશામનચન્દન – બન્ધનશમન૦"

તે જ પ્રમાણે,

"નમન નમન, તનમનધનજનઅન્તર્ગત ચેતનઘન !
આત્મન્ ! ચિરન્તન, જય પરમાત્મન્ ! જય જય હૃદયાત્મન્ !
મોહફણિધરનું કરી મર્દન,
રચ્યું તેના શિર પર આસન,
છતાં છો પ્રેમલ પ્રાણપ્રસન્ન,
મંદ મંદ સ્મિતવદને નાચો, થન થન થન થન થન."

દરેક ઉત્સવમાં, અભ્યર્થના પછી, એક બાલિકાનું કે બાલવ્દયનું અથવા બાલવૃન્દનું, વિવિધ હાવભાવ સાથે સત્કારગીત તો હોય જ. એ ગીતોમાં પણ કવિની કલ્પનાની ચમત્કૃતિ અને યોગ્ય શબ્દ પસંદ કરવાની શક્તિનાં દર્શન થતાં હોય છે.

"સજન ઝીલો અમારાં આ કોમલ કુસુમ,
સજન ઝીલો હૃદયનાં આ કોમલ કુસુમ.
કોમલ કુસુમ, સાથ પ્રેમલ કુંકુમ – સજન૦
સ્નેહી હૃદય કરે સ્વાગત સ્નેહીનાં,
એ તો વર્ષેલું જાણો કલ્પદ્રુમ. – સજન૦
હૈયાં તમારાં હરિને નિહાળતાં,
હલકાતાં મલકાતાં નાચો છુમછુમ. – સજન૦"

અન્ય સ્વાગતગીતમાં તો બાળાઓ ચાંદની રાતે ફૂલમાળા લઇને નર્તન કરતી રંગમંચ પર પ્રવેશે છે અને ભાવકોનાં નયન–હૃદયનું તેમનાં ગાન અને અભિનયથી, એકદમ આકર્ષણ કરે છે :

"લીજે લીજે કુંકુમ કુસુમમાલા, પ્રભુના વ્હાલા !
પીજે પીજે રસામૃત પ્યાલા, હરિના લાલા !
પ્રભુના વ્હાલા, હરિના લાલા ! – લીજે."

ઉપસ્થિત ભાવિક શ્રોતાજનોના સમુદાયમાં તે વિભુનું વિરાટ દર્શન કરે છે અને એ ભાવથી વંદન કરી તે સમષ્ટિનું સ્વાગત કરે છે :

"મંગલમન્દિરનાં શોભંતાં, આંગણિયાં હરિયાળાં, – પ્રભુના૦
સત્કારું જયાં રેલાયાં છે, ચન્દ્રનાં રસઅજવાળાં – હરિના૦
o o
ભાવનાં ચંદન, ભાવનાં વંદન, હૈયાં જયાં હેતનાં હુંફાળા–હરિના૦
સ્વીકારીએ રસહૃદયો ! પુષ્પ આ, પૂજયતા પાંખડીયાળાં–પ્રભુના૦
પ્રતિહૃદયો છો વિરાટ વિભુની, પરમ જયોતિની જવાલા – હરિના૦
આપને પ્રભુનું વિરાટરૂપ લહી, ભાવે નમે છે આ બાળા – પ્રભુના૦"

અન્ય સમારંભમાં રસપ્રફુલ્લ આત્માઓનું અભિવાદન થાય છે –

"હે..... સ્વાગત ! રસાત્મા પ્રફુલ્લ !
સ્વીકારજો સ્નેહે મંજુલ આ રસ–ફૂલ.
નયને સારુ પ્રેમ પરિમલ,
કરથી કરું પ્રણમન્ હું નિર્મલ,
હે....વાણીથી અમૃત અણમૂલ – સ્વીકારજો૦
હૃદયથી ચહું પૂર્ણ મંગલ,
ગાજો તમ બલથી ભૂમંડલ,
હે....ઈચ્છું તમ જય જય વિપુલ – સ્વીકારજો૦

તે જ પ્રમાણે,

"અભિનવસભર આંખડીએ, રસહૃદયો સત્કારીએ,
કુસુમ કુસુમની પાંખડીએ, મૃદુલા ભાવ પ્રસારીએ."

તથા

"દૂતો અમે તો અનન્ત દિવ્ય પ્રેમનાં,
દઈએ હૈયેથી અમીરસ ક્ષેમનાં."

અને,

"રસભર્યો હ્રદયસત્કાર, આજ દઉં આવો સુજન !
કંઈ ઝિલાવું અમી રસધાર, ઝીલજો મારાં સ્વજન."

શ્રી ઉપેન્દ્રાચાર્યજીની લેખિની માત્ર તત્ત્વભક્તિના વિષય પૂરતી મર્યાદિત રહી નથી. મોટી બહેનોના રાસ-ગરબા, બાલકોનાં અભિનયગીતો અને સ્વાગતગીતોમાં પણ તેમણે પ્રકૃતિને ઔદાર્યપૂર્વક પ્રવેશ આપ્યો છે. વસન્તને સત્કારતા એક ગરબા સમા ગીતને કવિ કેવા મનોહારી શબ્દોથી ઉપાડે છે !

"નવપલ્લવો, નવલાં કુસુમ, નવલા સ્વરો કોકિલતણા,
નવરસ ઝરંતી પૃથ્વી, નવચેતન અમો સોહામણાં.
સુહાસિની ! રંગે વધાવો વસન્ત,
જો જો જરી, પ્રકટ આ વસન્ત મૂર્તિમન્ત – સુહાસિની૦
રંજનકર રમ્ય વસન્તોત્સવ ઉજવીએ,
નવીન જીવન ભાન ઉર ઊંડાણે ઉપજાવીએ,
પ્રફુલ્લિત રહીને અત્યન્ત ; જીવનભર
પ્રફુલ્લિત રહીને અત્યન્ત. – સુહાસિની૦"

અંતમાં મૂર્તિમંત વસંત જાણે ગરબા મધ્યે આવીને આશીર્વાદ આપતો હોય છે.

"આંતર સૃષ્ટિમાં સદા અમર વસન્ત હો,
ઉરના ઉલ્લાસો અનેક સુફલવન્ત હો.
વિકસિત રહો જીવનપર્યન્ત, વિલાસિનિ !
વિકસિત હો જીવન પર્યન્ત."

૧૯૪૦ પહેલાંના વિવેચકોએ સ્વીકારેલું જ છે કે આધુનિક કવિતા સાહિત્યની અણમોલ સિધ્ધિ એટલે ગરબી અને રાસ-ગરબા: ગરબીનો સાચો ગાનારો તો મધ્યકાલીન કવિતાનો છેલ્લો પ્રતિનિધિ દયારામ જ. રાસગરબાનું સર્વોત્કૃષ્ટ શિખર સર કરનાર

જો કોઈ હોય તો તે કવિ ન્હાનાલાલ. બીજાઓએ તો માત્ર તેમનું અનુકરણ કરવાનો જ પ્રયત્ન કર્યો છે. પરંતુ શ્રી ઉપેન્દ્રાચાર્યની કવિતાવાટિકાના આ વિભાગમાં વિહાર કરનાર કબૂલ કરશે કે આ બાબતમાં "અનામિકા સાર્થવતી બભૂવ" કહેવાની જરૂર નથી. તેમના રાસગરબા અને પ્રકૃતિગીતોમાં ઊર્મિનાં અગાધ અને કલ્પનાનાં ઉચ્ચ ઉડ્ડયન જોવા મળે છે. એટલું જ નહીં પણ તેની સંગીતક્ષમતા, લયમાધુરી અને ઉચિત સૂરસંયોજનાને લીધે તે અત્યંત અભિનયક્ષમ બન્યાં છે. તેમાં કમલ, કલિકા, કુમુદિની, નલિની, ચંપો, ગુલાબ વગેરે વનસ્પતિસૃષ્ટિ ; શરદ, વસંત, વર્ષા વગેરે ઋતુઓ ; વાદળી વીજળી, ઉષા, સંધ્યા, નિશા, વ્યોમ, વસુધા, સૂર્ય, સોમ, સરિતા, સમુદ્ર, પવન વગેરે પ્રકૃતિતત્ત્વો ઉપરાંત ગ્રામજીવન અને ગોપજીવનનાં ઘટકોથી શરૂ કરી, બ્રહ્માંડના રાસખેલન સુધીના વિષયોનો સમાવેશ થાય છે. તેમાં ઘણે સ્થળે પ્રકૃતિ પાશ્ર્વભૂરૂપે તો ઘણે સ્થળે પ્રકૃતિની કૃતિ બોધક દૃષ્ટાંત કે પ્રતીક રૂપે રહીને માનવજીવનના અને માનવહૃદયના વિવિધ ભાવોનું સૂચન કે સ્પષ્ટીકરણ કરવાનો પ્રયત્ન થયો છે. ઘણે સ્થળે તો કવિ પ્રકૃતિની લીલા દ્વારા પરમતત્ત્વના બોધનું કલાત્મક રીતે વિતરણ કરતા જણાય છે. એવાં કાવ્યોમાં કવિ સુરેખ વિશદ રમ્ય કે ભવ્ય શબ્દચિત્રો ઉપસાવતા હોય છે. પ્રકૃતિલીલાની અલૌકિકતાથી આનંદાશ્ર્ચર્ય અનુભવતાં કવિહૃદય ડોલી ઊઠે છે અને ઉદ્‌ગાર કાઢે છે :

"અહા ! ધન્ય પ્રકૃતિ ! ધન્ય કૃતિ !
તું પ્રકૃતિ કે પ્રભુકૃતિ ! અહા !
અનુપમ અદ્‌ભુત અગમ્ય કૃતિને,
અતકર્ય અવાચ્ય તારી ગતિને,
કળી ન શકે કો મહાન મતિ. – અહા ધન્ય૦"

કવિ પ્રતિભાનું ઉન્નત દર્શન કરાવતો તથા સરલ સુંદર સચોટ વાણીમાં નિસર્ગદર્શનની સૂક્ષ્મમાં સૂક્ષ્મ રમ્ય ભવ્ય રેખાઓને સચિત્ર કરતો, કવિશ્રીનો અતિપ્રતિષ્ઠિત પ્રકૃતિસુન્દરીનો રાસ, કવિની શબ્દચિત્ર દોરવાની અને કલ્પના કરવાની શક્તિનો ધોતક છે. કલ્પના કરો કે એક કિશોરી કે યુવતી, ભાવોચિત વેષભૂષામાં સજ્જ થઇ, મસ્તક પર ગાગર મૂકી, પડદો ખૂલતાં જ – સંગીતના અને પાદનૂપુરના મધુર સ્વર સાથે – રંગમંચ પર પગલાં માંડી રહી છે...અને ગાય છે :

"નર્તન–રસનર્તન કંઈ કરતી પ્રકૃતિ સુન્દરી હું,
પ્રકૃતિ સુન્દરી હું, અજબ ચેતનભરી હું."

હવે કલ્પના ભવ્યતાને સ્પર્શે છે. છતાં શબ્દો કેવા સરળ છે !

"શિર પર ધરી આકાશની ગાગર, માંહિ ભરી તારલા ચમકભર,
ઢાંકણ ચંદ્રનું કરી, વિહારે નીસરી હું. – નર્તન૦
નવલ ધવલતા છાઈ છાઈ દઉં, શાન્ત સુધારસ પાઈ પાઈ લઉં,
નવ–નવરસની લ્હાણ કરતી, ઇશ્વરી હું. – નર્તન૦

અનંત–અવકાશમાં અને પાતાલ પર્યન્ત નર્તન કરતી ફરી વળતી, રમ્ય રસહૃદયોમાં પ્રભા પાથરતી, ઊર્ધ્વલોકની ડુંગરી ચઢી જતી પ્રકૃતિ. અંતમાં કહે છે,

"ખેલતી ખેલતી અમૃત સિંચું, જોઉં જયાં જયાં હું ઊંચું નીચું,
તનમનાવતી જગને, રૂપેરી પરી હું. – નર્તન૦"

અહીં તનમનાવતી, રૂપેરી પરી, ડુંગરી જેવા શબ્દને લાડ લડાવતા પ્રયોગો ખરેખર પ્રશસ્ય છે અને ન્હાનાલાલની આ પ્રકારની લાક્ષણિકતાની જાણે અડોઅડ ઊભા રહે છે.

પડદો ખૂલે છે અને આસમાની વસ્ત્રો પરિધાન કરેલી બાળાઓ પ્રવેશે છે. નીલ નભની પાર્શ્વભૂમિકા છે. ગાગરો છલકાય છે. વાદળીઓના મુખેથી રસબુંદની જેમ શબ્દાવલિ ઝરે છે :

"હો ઘનરાજ ! તારી વાદળીઓ.
કંઈ ખિલાવી ઉર-કળીએ કળીઓ.
અમે ગગન ઘૂમવા નીકળીઓ. - ઘનરાજ૦
આભલિયું લીંપનાર અમે તો,
પાડી ભૂરી ભૂરી ઓકળીયો,
મ્હાલીએ અમે થઈ મોકળીઓ. - ઘનરાજ૦
ઉપર ભૂરો ઘનરાજ ! તું નીચે -
ભૂરો સિન્ધુ કાંઈ ઉછળીઓ,
મધ્યે ભૂરાં આપણ અલી ઓ ! - ઘનરાજ૦

અને તરત જ શ્વેતલીલાં પણ ચમકતાં વસ્ત્રોમાં સજ્જ થયેલી "રસતેજ ઝરતી" વાદળીઓનું વૃન્દ પ્રવેશે છે અને અભિનય સહ આત્મપરિચય આપે છે :

"ઢાંકો ભલે બીજાને પણ અમે,
તેજલડાંભરી પૂતળીઓ,
તમથી ન છૂપીએ વાદળીઓ !
અમે ઝબૂક ઝબૂકતી વિજળીઓ ;
તમ સરવરની ભીતર તરતી,
અમે ચમકતી માછલીઓ."

છેલ્લી બે પંક્તિમાંનો વર્ણવિન્યાસ અને યમક તથા માછલીની કલ્પના, અને "તેજલડાં"નો લઘુતાવાચક પ્રયોગ ખરેખર અહીં આકર્ષક લાગે છે. વાદળીઓ અને વીજળીઓનો મધુર સંવાદ અને અર્ધ ગાળાકારે થતો અભિનય રાસને અનોખું સ્વરૂપ આપે છે. અંતમાં તો વાદળીઓ અને વીજળીઓ "પરસ્પર આંગળીઓ" ગ્રહીને ગાય છે કે,

"આવો આપણે સાથે ઘુમીએ,
વ્યોમ તણી ગલીએ ગલીઓ."

આવાં કાવ્યોમાં અલંકાર વૈભવ, કલ્પનાની મૌલિકતા અને પદાવલિની પસંદગી એકી સાથે કાન્ત અને ન્હાનાલાલનાં કેટલાંક ઉત્તમ કાવ્યોનું સ્મરણ કરાવે છે. વ્યોમની ગલીએ ઘુમવાની કલ્પના ખરેખર ઉત્કૃષ્ટ અને અપૂર્વ છે. "વીજલડી"નું એક નૃત્યકાવ્ય આનું સમર્થક છે. ઉચિત વેષભૂષામાં સજ્જ થયેલી કિશોરી કે યુવતી અત્યંત ચપલ અને ચંચલ પગલાંથી સ્ટેજ પર - મર્યાદિત - અભિનયપૂર્વક ગાતી ગાતી ઘુમી વળે છે ત્યારે (પાંત્રીશ વર્ષ પહેલાના જમાનામાં) સમસ્ત પ્રેક્ષકગૃહ ( જે Open air theatre - આકાશઘુમ્મટની નીચે વ્યાપ્ત હોય છે) માં જાણે રંગમંચ પરથી તેજોમય કિરણો પ્રસરી રહેતાં હોય એવો અનુભવ થાય છે. કવિ આવાં કાવ્યોમાં કદી સુંદર તો કદી ભવ્ય બની રહે છે. કદી કદી તે સુંદરથી શરૂ કરી ભવ્યમાં અતિક્રમણ એવી રીતે કરતા હોય છે કે ક્યાંય અનુસંધાન જણાતું નથી. કેટલીય પદાવલિઓમાંથી પરાભક્તિના પ્રભુપ્રસાદનું અને અતીન્દ્રિયના પ્રેમપરિમલનું સહજ ભાવે પ્રસરણ થતું હોય છે.

"વીજલડી હું ઝબુક ઝબુક ઝબુકાઉં, આભલીયે સોહાઉં,
ગગનમાં ઘુમતી વાહ ! વાહ !
વાદળીનું ઓઢી ઉપરણું માંહી, દેખાઈને લપાઈ,
ગગનમાં ઘુમતી વાહ ! વાહ !
વ્યાપું હું તો અણુઅણુની માંહી, ન તો, નહિ ક્યાંહી !
ગગનમાં ઘુમતી વાહ ! વાહ !
નથી મારે દેહ, છતાં છે રૂપ, હસંતી તો ય ચૂપ,
ગગનમાં ઘુમતી વાહ ! વાહ !

ચિદાકાશમાં વિહરતી આ વૃત્તિની વિદ્યુલ્લેખાની પ્રતીતિ કરાવતું બીજું અભિનયગીત કેટલું હૃદયંગમ છે :

"ચિદ્‌ઘન ચઢ્યો નભમંડલે, અતિ પ્રબળ દળ ઉભર્યું,
બની ત્યાં વીજ હું ઝબકું.
એ ગગનગર્ભે ભીષણ ગર્જન, જ્યાં અકથ પ્રસર્યું,
બની બસ વીજ ત્યાં ઝબકું.
ન જણાય ત્યાં મધ્યાહ્ન કે, આછું ય મળસ્કું,
ઝળકે ન સૂર્યેન્દુ ત્યાં ક્યાં, તારાતણું મટકું ;
હું કેવળ વીજ ત્યાં ઝબકું.
એ અભેદ ઘનસ્તરે, હું પણ ક્ષણિક ટકું,
જ્યાં પળની પળ પણ વીતતી ના, ત્યાં પુનઃ છટકું ;
પરંતુ હું જ ત્યાં ઝબકું."

મળસ્કું, મટકું, પ્રબળદળ ઉભર્યું, સૂર્યેન્દુ, ઘનસ્તર....વગેરે પ્રયોગોમાં કવિનું ભાષાપ્રભુત્વ અને શબ્દહથોટી વરતાઈ આવે છે. કલ્પનાદ્યુતિ પણ અધ્યાત્માર્થની દ્યોતક છે.

આ પ્રકારનાં ઘણાંખરાં પ્રકૃતિકાવ્યો, વાચ્યાર્થની દૃષ્ટિએ પ્રકૃતિવર્ણનનાં ઊર્મિગીતો બની રહે છે, પરંતુ આટલા વિવેચન પછી હવે એ સ્પષ્ટ કરવાની જરૂર જણાતી નથી કે તેમાં આધ્યાત્મિક અર્થનાં રહસ્યો, રૂપક કે અન્યોક્તિના આવરણ નીચે છુપાયાં હોય છે. તેમનાં ઉષા, નિશા, સન્ધ્યા, રજની, ચંદ્ર અને ચાંદનીનાં કાવ્યોમાં પણ આ જ પ્રકારની પણ ભિન્ન ભિન્ન છટાથી છટાયેલી ચમત્કૃતિ ગોચર થાય છે. આપણે ત્રણચાર કાવ્યો પર ઉડતી નજર નાખીએ.

નિશા અને ઉષા બન્ને એક જ પ્રકૃતિનાં (અંધાર પ્રકાશના કારણે) ભિન્ન ભિન્ન ભાસતાં છતાં અભિન્ન અંગો છે. તે બન્નેને

(વાદળી -વીજળીના રાસની જેમ) એક જ નૃત્યગીતમાં કવિએ સાંકળી લીધાં છે. નિસર્ગનાં બન્ને સત્ત્વો અગમ્ય સૃષ્ટિની પોથીને જાણે ઉકેલવાની અને સંકેલવાની પ્રવૃત્તિ કરતાં હોય તેવી અપૂર્વ ઉત્પ્રેક્ષા કવિએ યોજી છે.

"અગમ્યમાંથી ઉદ્ભવી અગમ્ય પથ પથરાઉં;
અગમ્ય સર્વ કરી દઉં, શાંતભીતિમય થાઉં.
વિશ્વમાંહી વાધું હું ઘુમતી ને ઘુમતી,
સૃષ્ટિની પોથી સંકેલતી."

ઉષાનું ચિત્રાલેખન તેટલું જ મધુર અને સુરમ્ય છે. પ્રભાતના બાલરવિના ભાલના કુંકુમચાંદલા જેવી કવિએ તેને વર્ણવી છે. ઘેરણનાં ગાઢાં અમલ ઉતારતી નવ જાગૃતિનાં ચંદન છાંટતી ઉજમાળી ઉષા સ્વસ્વરૂપ સામેનો પડદો આ રીતે દૂર કરે છે:-

"પમરે પરિમલ પુષ્પથી, ખીલે શાંતિથી પદ્મ;
ઉઠાડવા અણરવ ઊઠું, સુંદર સંસૃતિસદ્મ.
ઉદ્ભવું ઉષા હું તો ખેલતી ને ખેલતી,
સૃષ્ટિની પોથી ઉકેલતી."

સંપૂર્ણ શાસ્ત્રીય રાગમાં આલાપ સાથે ગવાતું નીચેનું "ઉષા-ઉદગાર"નું ગીત કવિશ્રીએ રચેલાં સંખ્યાબંધ હિંદીગીતોમાં અનેરું સ્થાન ભોગવે છે.[1]

"મન્દ મધુર મલકાઉં મુખન મેં,
સરત સરત જાૅં ગયરી રાત;
જૈસો રમ્ય પરિમલ મૃદુ મૃદુ મૃદુલ,
બહત હે બાયુકી સાથ;

---

૧. આ અને કવિનાં બે ત્રણ ગીતોને, વડોદરાના સંગીતકારોએ શાસ્ત્રીય "ચીજ" તરીકે જાહેરમાં રજૂ કરતાં, સહૃદય શ્રોતાજનો તેમના કવિતા - સંગીતના સુંદર સુમેળથી પ્રભાવિત થયા હતા, એમ જાતે રસલ્હાણ માણનારાઓ જણાવે છે.

ઝલકત ઐસી મૈં ઉષા સાક્ષાત્,
ઐસો અંબરભીતર જબ ઝબકત.
ચૈતન્યકર અંશુ કાંત,
પ્રકાશત તબ તો જીવન પ્રભાત."

વિશ્વવિહારી દૃષ્ટિમાં દિવ્ય ઉષાની સુરખીનાં અંજન અંજાય છે ત્યારે એ અવનવી દૃષ્ટિ અનેરી આભાથી અંકિત થાય છે. એની ચૈતન્યચમકથી ઘટઘટ અને અખિલ બ્રહ્માંડ આલોકિત થતું હોય છે :

"મધુરી ! મારા ઘનઘોર જીવનની માંહ્ય રે,
ગગનમાં ઉષા ઉગી રે લોલ.
મધુરી ! મારા ઘટનાયે ઘટની માંહ્ય કાંય રે,
જયોત અજબ શી ઝગી રે લોલ."

ચન્દ્ર અને ચન્દ્રિકા, ચન્દ્ર અને કુમુદિનીનાં પ્રેમભક્તિવિષયક રૂપકનો આશ્રય લઇ, આચાર્યકવિ જુદા જુદા સંદર્ભ અને સન્નિવેષમાં કલ્પનાસભર ગીતો, નૃત્યગીતો, રાસગરબાઓ ન રચે તો જ નવાઈ ! આપણે બેત્રણ દૃષ્ટાંત જોઈએ. એક જયોતિબાલિકાઓના સમૂહનૃત્ય રાસમાં, કવિ "અભ્રના અંબરે છુપાતા ઝબકતા મલકતા ચન્દ્રમા"નું શબ્દચિત્ર દોરે છે. એ ચન્દ્રની "સકલ સૃષ્ટિ સંચાલિકા ચેતનમાલિકા" રૂપે ઝળહળતી જયોત્સ્નાની ચન્દ્રકલા ગાય છે :

"દેવી સુપ્રભસારિણી, સંસ્કારિણી તમહારિણી,
સમુલ્લાસિની, સુહાસિની અમે જયોતિબાલિકા."

ચંદ્રનું ચારુચિત્ર કેવું આલંકારિક અને સ્પૃહણીય છે ?

"અમૃતઘુંટડા આંખથી ઉતારી, હૈયાને હળુહળુ પાતો,
આછાં અંબર એનાં વાયુથી ઉડતા ત્યાં
બીજા અંબરમાં વીંટળાતો.....
અજબ એ જાદુગર દૂર ઉભો ઉભો
જગદ્ ઉપર મોહજાળ છાતો...."

છેવટે,

"અખિયાતો રહો મારો આભલાનો ચન્દ્રમા,
ને રહેજો અખંડ આવી રાતો."

એક પૂર્ણિમાની રાત્રે પૂર્ણતા રેલાઇ રહી હતી ત્યારે,

"એક શાંત કાંત રાતે, હતી હું પરમ એકાંતે,
કોઈ મળે ન સાથે, હતું ચંદ્રબિમ્બ માથે."

અને જ્યોત્સ્નાસ્નાનમાં મસ્ત બનેલી એ બાલિકાને, એક ચંદ્રરશ્મિએ ગગનમાંથી ઉતરી કાવ્યમય શૈલીમાં સત્યસ્ફોટ કર્યો કે,

"ભવમાં પ્રકાશજે તું, શાંતિ પ્રસારજે તું,
અમૃત પ્રેરજે તું, ચૈતન્ય છે તું જાતે."

તે જ પ્રમાણે, ચન્દ્ર-જ્યોત્સ્નાને નિમંત્રવાની કલ્પના કેવી રોચક છે !

"રંગ રસભરેલી ચાંદની, જી હો નીચે ચાલી ચાલી આવ,
રશ્મિ પ્રસારતી આલ્હાદિની ; જી હો નીચે૦
ખોવાયો હાર આ હૈયાતણો, જી હો નીચે૦

o o

કહે છે, છે કોઈ તેણે આંહિ, જી હો નીચે૦
તેને છુપાવ્યો કુમુદ માંહિ, જી હો નીચે૦

o o

હાર મારો હાથ મારે લાગશે, જી હો નીચે૦
તુજને આપીશ જે તું માગશે ; જી હો નીચે૦"

અહીં ચાંદની, હાર અને કુમુદ દ્વારા અનુક્રમે શુધ્ધ સાત્ત્વિક વૃત્તિ, અંતરાત્મા તથા હૃદયકમલના અર્થની અભિવ્યઞ્જનાને પણ ગોપાવીને આચાર્યકવિએ ધ્વન્યાત્મક રીતે, સાભિનય પ્રકૃતિગીત દ્વારા, બોધપ્રદાનનું કાર્ય કૌશલપૂર્વક પાર પાડ્યું છે.

બીજા એક સુંદર રાસનું દૃશ્ય તો ઘણું જ નાટ્યાત્મક છે. સરવરમાં એકાન્તમાં કુમુદિનીને જોઈને ચંદ્ર ઉદબોધન કરે છે !

"હે....રસિલી કુમુદિની ! સોહામણી રે,
તને શોધવા ચઢ્યો હું તો આકાશમાં, આશાએ તને.
હે....શાથી સંગી બની સરવર-તણી રે,
છૂપી આવા કાં એકાન્તવાસમાં ; લપાઇ છૂપી.
હે.....તને શોધી ગિરિના નિવાસ,
જોયું સિન્ધુ - સરિતા આસપાસ,
દીઠા ત્યાં ન તુજ વિલાસ, શોધવા૦"

અને કુમુદિની પણ અધ્યાત્મરહસ્ય છુપાવતો પ્રેમપ્રત્યુત્તર વાળે છે :

"હે....મારા સૌભાગ્ય-શૃંગાર ચન્દ્રમા રે,
તને જપતી હું શ્વાસપ્રશ્વાસમાં અખંડ તને જપતી૦
હે....જોતી વાટ, મારો મુકુટ આવી મધ્યમાં રે,
ક્યારે ખેલશે તારલાના રાસમાં, આકાશે ક્યારે૦
બીજાં જલ પ્રવાહી તરંગી રે ખાસ,
તેમાં જોઈ ન શકું તારૂં આસ્ય,
મારાં મનગમતાં હાસ્ય. - જપતી૦"

કારણ કે, અસ્થિર જલમાં ચન્દ્રનું સ્પષ્ટ બિમ્બ લહી શકાતું નથી. તાત્પર્ય કે ઉપાધિરહિત નિસ્તરંગ હૃદય સરોવર (અન્ય ગિરિશૃંગ, ઉપવન, સરિતાસાગર - આદિના પરિહારપૂર્વક) જ ઈષ્ટચંદ્રને પ્રત્યક્ષ કરનાર હોવાથી વિવેકી વૃત્તિને તે જ રુચે છે. તો અન્ય વૃત્તિરજની અને ચૈતન્યચંદ્રનાં સંવાદાત્મક ગીતની માત્ર રજનીની આરંભની પંક્તિઓ જ જોઈએ :

"આવ મુજસંગે રમવા રે, મધુરા ચાંદલિયા !
વાતો હળવાં હળવાં રે, કરીશું ચાંદલિયા !"

તે જ પ્રમાણે "ચંદા ગગનવસિયા", "ચન્દ્રકલા હું ચેતનવંતી, અદ્ભુત અમી ઝરતી", "ઝળક દિવ્ય જયોતિ" વગેરે ગીતો પણ અભ્યાસક્ષમ છે.

કવિશ્રીએ શરદ, વર્ષા અને વસંતને વધાવતાં કેટલાંક સુંદર ગીતો લખ્યાં છે. તેમાં નિર્મલ શરદની રઢિયાળી રાતના સુરેખ ચિત્રનું કવિ આલેખન કરે છે. તેમાં નવોદિત તારલાઓમાં કવિ "પ્રકૃતિનાં સુભગ હાસ"ની અને ઝળહળ ઝળકતા ચંદ્રબિંબમાં "પ્રકૃતિના દિવ્ય ધૂપ"ની મૌલિક ઉત્પ્રેક્ષા કરે છે :-

"વર્ષાનાં ઘેનગાઢાં વાદળાં ઘેરાણાં,
આવ્યો કંઈ શરદતણો કાળ, પ્રેમલ પ્રાણ હો !
ઝીલો પ્રકાશ કાંઇ ચન્દ્રચન્દ્રિકાનો.

એના કરતાં ય વધારે સ્પૃહણીય અને ચમત્કૃતિપૂર્ણ કલ્પના તો ચન્દ્રોદય સમયની છે :

"સિન્ધુથી પોષાઈને, આખા જગત સમક્ષ,
ક્ષિતિજના કયારા થકી, આભે ઊગ્યું વૃક્ષ !
સૌન્દર્યસાર જેવું, આનન્દકંદ એ છે,
શાન્તિની છાયા અનુપમ, એ મંદમંદ દે છે."

કવિશ્રી ઉપેન્દ્રાચાર્યજીની નજર માત્ર નગરજીવનને જ નહીં પણ ભારતના પ્રાણ સમાં ગામડાંઓના ઘરઘરના ખૂણેખૂણામાં ઘૂમી વળી છે. તેમણે રચેલા ગ્રામગીતો અને ગોપગીતો ગુજરાતી કવિતાસાહિત્યનું અણમોલ ધન છે. ગામડાં, ગ્રામજનો અને તેમના જીવન પ્રત્યેનો તેમનો અનુરાગ અને અનુકંપાનો ભાવ ગીતે પ્રકટ થતો હોય છે. તેમાં યુવક-યુવતીઓનાં ગીતગરબાઓમાં અને અભિનેય બાલગીતોમાં દાતણવાળી, દૂધવાળી, રબારણ, ગોવાલણ, ક્ષત્રિયાણી, ગોપ-ગોપીવૃન્દ.....સૌ કોઇનો સમાવેશ થાય છે. આ પ્રકારનાં કાવ્યોમાં કવિની ભાષા અનેરું સ્વરૂપ ધારણ કરે છે. ગામડાનું ગૌરવ ગાવામાં ગ્રામ

જીવનના વાતાવરણને અનુરૂપ ગ્રામવાણીનો ઉપયોગ ઉપકારક નીવડે છે. કદી કદી તો તળપદા ગ્રામ્ય શબ્દો કે પ્રયોગો જ નહીં પણ અપભ્રષ્ટ બોલીનો પણ સમુચિત રીતે વિનિયોગ કરવાનું આશ્ચર્યકારક કલાકૌશલ કવિ દાખવે છે.

ગ્રામબાલા એટલે નીરોગી તન, તર્કવિતર્કવિનાનું શ્રધ્ધાન્વિત મન અને દૂધ જેવું ઉજ્જવલ નિવ્યાંજ નિખાલસ પ્રેમસભર હૃદય. આ રહી એ મૂર્તિ !

"કોઈ સાંભળજો રે, મારા ગામડિયણના બોલ.
સાંભળીને બોલ, સઉ કોઇ કરો એનો તોલ – સાંભળજો૦
શેરડીની તો સડાક કરતી, દાંતે ઉતારું છોલ,
ચાર રોટલા કરું ઓઇયાં, જેનું બશેર તોલ – સાંભળજો૦
ખાવામાં ચપરાસ ન ઝાઝી, ઉડાવું ઘી ને ગોળ,
અઘટિત ગરબડ કરે કોઈ તો, લગાવી દઉં એક ધોલ – સાંભળજો૦

ડફણાંથી ઢોર હાંકનાર કે બુઢિયા પર ગલોલ તાકનાર કે ઝાડે દોરડું બાંધી હીલોળનાર ગ્રામ્યકન્યાનું આ સાચું આદર્શ શબ્દચિત્ર ખુસાતું જાય છે. તેનું મુખ્ય લક્ષણ આ રહ્યું :

"સાદાં ઘર ને સાદા વૈભવ, મળે ન મોટા ડોળ,
કહો અમે શાં ખોટાં, ઝાઝી, – કશાની નહિ ચકચોળ –
સાંભળજો."

કવિ આવા એકપાત્રી અભિનયગીતમાં કે ગરબામાં નગરજનોના કૃત્રિમ જીવન પ્રતિ ગર્ભિત વિનોદ-કટાક્ષ પણ વેરતા હોય છે. ખૂબી તો એ છે કે નિસર્ગભર્ગઉજ્જવલ જેવા શબ્દોનો છૂટથી ઉપયોગ કરનાર કવિ ગ્રામગીતો કે ગોપગીતોમાં એવા પાત્રોચિત શબ્દો યોજે છે કે આપણને તે પાત્ર લાગતું નથી પણ સાક્ષાત્ ગ્રામકન્યા ગોપબાળા કે ગ્રામકુમાર જ બોલતાં જણાય છે. આ દૂધવાળીની વાણીની અને અંગલહકની સ્વાભિકતા જુઓ !

"મારે માથે તે દોણી, દૂધલભરી દૂધવાળી હું,
મારાં દૂધલડાં તો ધોળાં, અને બાઈ કાળી હું.
ગળે ગટક કરતાં જાય ઉતરી, દૂધવાળી હું,
લોકો પીએ કરી મોં પહોળાં, કે પાવાવાળી હું."

વાણીવિનોદ કેવો મમાળો છે ! અને અભિનયના રંગથી તો તે સચોટ લાગે.

"મારી ગાયો તો તાજીમાજી, મધુર દૂધવાળી હું,
પીએ બચ્ચાં જુવાન, વૃધ્ધ માજી, કે પાવાવાળી હું.

o o o

મારા દૂધથી મોળી સાકર, મધુર દૂધવાળી હું,
પીએ દુંદાળા શેઠ ને ચાકર, કે પાવાવાળી હું.
મારા દૂધને કરી ક્ષીરસાગર, અજબ દૂધવાળી હું,
માંહી પોઢે લક્ષ્મીનો ઠાકર, લે દઉં હાથતાળી હું."

આવાં પ્રકૃતિનાં કે ગ્રામજીવનનાં ગીતોમાં સીધા ઉપદેશની કોઈ વાત આવતી નથી. છતાં આચાર્યકવિની ખૂબી એ છે કે, તેનું સાહિત્યિક મૂલ્ય સાચવીને પણ જિજ્ઞાસુ ભાવક તેમાંથી અવનવો બોધ ધ્વન્યાત્મક રીતે તારવી શકે છે. આ ગીતોમાં આવતી ઉપમાઓ અને રૂપકોનાં ઉપમાનો પણ ગ્રામ્ય વાતાવરણનાં જ હોય છે. તેની અભિવ્યક્તિ પણ, પાત્રોનાં જીવન જેવી જ મધુર અને સરળ હોય છે.

"અમે બાળાં ને ભોળાં ગામડીઆં,
અમે રેંટીયાશાં ધુમીએ ગોળ,
હળીમળી, હૈયાના હેતની હેલતાળી."

આ ત્રણ લીટીમાં કવિએ કેટલું બધું કહી નાંખ્યું ?

"અમે કામ કરનાર કામણગારાં,
અમે જાણીએ જરી નહિ ડોળ – હળીમળી૦
અમ હૈયાં મીઠાં ને ઉજળાં,
અમે દુધલડાંનાં દોનાર – હળીમળી૦
અમે વડલાની ડાળે ઝુલતાં,
ભુલી જઈએ વૈશાખના તાપ – હળીમળી૦
અમે ખેતરે જઈએ મલપંતાં,
ભુલી જઈએ ત્યાં ઘરના સંતાપ – હળીમળી૦"

ગ્રામબાલબાલિકાના એક મિશ્ર (કોરસ) ગીતમાં તો ક્રિયા, વેગ અને ઉચ્ચ સાદે બોલાતા ઉચિત ગ્રામ્ય શબ્દ લલકારથી વાતાવરણ ધમધમી ઊઠે છે. છોકરીઓ પ્રવેશે છે :

"આવો અલિ ! પ્હેરીને છીંદડીઓ,
લ્યો રે આહુઁ મીઠી શી કોકડીઓ,
આપણે ફરીએ ફૂદડીઓ.
હે....હેકારો કરી ગાઈએ ત્યાં તો, ગાજી ઊઠે આખું વન,
આવો ખૂબ ફરીએ ચકરીઓ,
ઢીલી પોચી છીએ ન બકરીઓ,
આપણ ગામડાની દીકરીઓ."

છોકરાઓ પણ દૂહા – સોરઠા લલકારતા મહીં ઝુકાવે છે અને બહેનોની "જમડાંને પણ ધ્રૂજવે" તેવી હિંમતની વાહવાહ પોકારે છે. છોકરીઓનું શૌર્ય અને સત્ત્વ જુઓ :

"શૂરનાં પૂરમાં વહીને જંગલ ઘૂમીએ દિન ને રેન,
કાઢીએ કારમી આંખો પછી સ્હામું, જોવાની કોની દેન,
હોયે એવો કોઈ જો છાલકિયો,
તોડું તેની તડાક તાલકીઓ,
અમે ગામડાની બાલકીઓ."

અંતનો કટાક્ષ સૂચક અને સરસ છે :-

"છોકરી - ખેલ્યાને કામ કર્યાંની ન મોજો માણી તે શહેરીના ભોગ,
છોકરા - મદ્દાપણાની હૂંડીઓ તો અમે, લખી શહેરીઓ જોગ -
આવો અલિ ! પ્હેરીને છીંદડીઓ."

ખેતરમાં જ રહીને કામ કરનારી ગ્રામ્યકિશોરીઓના તો ઉચ્ચાર પણ કવિએ બીજા ઉત્તમ કોટિના ગ્રામગીતમાં ઉતાર્યા છે. તેમાં "ચાલો"ને સ્થાને "હેંડો", "ખેતર"ને સ્થાને "શેતર", રાણી, ગામ વગેરે શબ્દોમાં અનુનાસિક ઉચ્ચાર આબેહૂબ ખેતરનું ચિત્ર અંકિત કરે છે :-

"હેંડો લ્યાં નેંદવા, હેંડો લ્યા નેંદવા,
શેતરમેં ચીઢું રાખશો રે નહિ,
શેતરડું કરીએ રે કે ઝગમગ ચાંદની, આવો લ્યાં ઑય ઑય.
હેંડો લ્યાં ધબધબ, હેંડો લ્યાં ધબધબ,
ચારનો ભારો માથે તે લઇ,
ભારો લઇ ચાલે રે તે રાણી ગામની,
આવો લ્યાં ઑય ઑય."

પાશ્ચાત્યકવિ મિલ્ટનની કવિતા તેના (Pastoral element) ના ગ્રામ્યગોપતત્ત્વો આ પ્રકારના નિરૂપણ માટે ખૂબ પંકાઈ છે. સ્થાનીય રંગભર્યા વાતાવરણને લીધે તે કવિતા વધુ જીવંત લાગે છે. શ્રી ઉપેન્દ્રાચાર્યજીની આ કવિતામાં તો સંગીતતત્ત્વ એકરસ થઈને ભળી ગયું છે.

શ્રીમદ્ ભાગવત વગેરેમાં શ્રીગોવર્ધનપૂજનો પ્રસંગ જાણીતો છે. એને કેન્દ્રમાં રાખીને કવિએ રંગમંચ પર અનોખું ગિરિદૃશ્ય ઊભું કર્યું અને એની આસપાસ કૃષ્ણઘેલાં ગોપ-ગોપીવૃન્દને તેમના અનોખા પરિવેષ અને પરિવેષ્ટનમાં, ડાંગો સાથે ખડાં કરી દીધાં. એક લીટી ગોપવૃન્દ બોલે તો બીજી લીટી ગોપીવૃંદ બોલે....અને

પ્રસંગરસ જામતો જાય, કવિતાના ભાવ અને શબ્દને અનુસરતી અભિનયક્રિયાથી ધીમે ધીમે રંગમંચ ધમધમી ઊઠે – સાથે પ્રેક્ષકોનાં તનમન પણ.

"ગોપલી પૂજનીયે હાલ હાલ હાલ,
ગોપલાઓ ! ગરવા ગોવર્ધને જઈએ કે – ગોપલી૦"
"ગોપલી જો જો આ પૂજનનો થાળ,
ગોપલા લાવ ઓલો કૃષ્ણ પૂજી લઈએ કે, – ગોપલી૦"
"ગોપલી નૈવેદનો તાજો તાજો માલ,
ગોપલા કૃષ્ણને ખવાડી લાવ ખાઈએ કે, – ગોપલી."

આવાં બીજાં ૭–૮ ગીતોને છોડીને આપણે, ગુજરાતમાં અતિલોકપ્રિય બનેલા "રબારણ"ના ગરબાનો થોડો આસ્વાદ લઈએ.

"આવો રબારણ હો ! મારે નેસલડે.
હૈડાંનાં પાઉં અમીડાં રે,
રબારણ હો ! મારે નેસલડે.
મારો નેસલડો હો, કે વનની વચ્ચે રબારણ !
જાણે છે કોક જાણનાર,
રબારણ હો ! મારે નેસલડે.
માંડો વલોણાં હો, કે નેસને ગર્ભે રબારણ !
તાણો જે હો તાણનાર,
રબારણ હો ! મારે નેસલડે."

છેવટે અધિકારી જનને લ્હાણવાની રીત બતાવે છે :

"સ્વાદ અણબોટ્યો હો અંતરના રસનો રબારણ !
આણે છે કો આણનાર,
રબારણ હો ! મારે નેસલડે.
બોલવું છાંડી હો, સ્વાદ ઉરરસનો રબારણ !
માણો જો હો માણનાર,
રબારણ હો ! ઉરના નેસલડે."

ઘણા કવિઓએ યૌવનના ઉન્માદને માઝા મૂકી ગાયો છે. પરંતુ આ આચાર્યકવિની પવિત્ર પ્રતિભાના સ્પર્શથી યૌવનકાવ્યો પણ અનેરો રંગ પકડે છે. કવિ ન્હાનાલાલે તો રસને પુણ્યની પાળ બાંધી આપી, અને એક લોકગીતમાં તો જોબનિયાને પાઘડીના આંટે બાંધવાનો અનુરોધ થયો છે. રસાન્વિત પણ સાત્ત્વિક જોબનિયાંને અભિનયમાં ઝુલાવનારાં આ કવિનાં ૬-૭ ગીતગરબા છે. તેમાં ઉત્કૃષ્ટ કોટિનો સુંદરતમ કહી શકાય તેવો કલાત્મક ગરબો આ પ્રમાણે છે :

"શોભંતાં સુખવંતાં રે કે તનમન બલવંતાં જોબનિયાં,
ચેતનવંતાં રે, કે અજબ રસવંતાં જોબનિયાં.
ચન્દન સમાણાં રે કે ખૂબ મઘમઘતાં જોબનિયાં,
જીવનનાં દીવડે રે ઓર ઝગમગતાં જોબનિયાં.
રસને હિંડોળે રે કે હુલુલુલુલુ ઝુલવે જોબનિયાં,
કર્તવ્યપથે રે કે બસ ધસમસતાં જોબનિયા."

છેવટે એ "પુણ્યપ્રદ સત્ય-સંયમના અમૃત"થી ભરેલાં જોબનિયાંને કવિ કહે છે કે,

"જોબનવંતાં એ કે જુગ જુગ જીવો જોબનિયાં."

'આહ્વાન છે, આહ્વાન છે, જોગણગણો, ! હર ૐ' એ વરિષ્ઠ જોગણની હાકલ સૂણતાં ગિરિગુફાઓમાંથી ઊતરી આવી જોગણો સંગ્રામમાં સાધનોત્સાહમાં મસ્ત બની ઘુમે છે - ગાય છે.

"જંગમાં જોગણ ! ઝુકાવ, જોબનજોમેથી,
જોબનજોમેથી, ઘુમ રોમેરોમેથી, જંગમાં૦
પ્હાડ સમી પ્રખર પ્રાણશક્તિનું બલ પ્રબલ,
અંગ-પ્રત્યંગે સ્ફુરાય ; જોબન જોમેથી, જંગમાં૦

તે જ પ્રમાણે,

"ક્ષત્રાણી ! દાખવજે શૂર, ઉર જંગ જીતવાને,
ક્ષત્રાણી ! સદાય બહાદુર, ઉર જંગ જીતવાને.
તારા સત્યે ને તારા પાતિવ્રતે, કાળ પણ હારે જરૂર ;
દેહ અને દેશના તેજસ્વી તાજનું, તું માત્ર છે એક નૂર,
ઉર જંગ જીતવાને."

વગેરે ગીતોમાં વીરરસ ઉછળતો હોવા છતાં જ્ઞાનનો શાંતરસ તો તેમાં વહેતો જ હોય છે. ભારતીય સન્નારી માટે છેલ્લી પંક્તિમાં કેવી અપૂર્વ કલ્પના કરી છે !

સમુદ્રમંથન પ્રસંગે અસુરો અમૃતકુંભ લઈ જતાં, પ્રભુએ એવું અજબ અને અપૂર્વ મોહિનીસ્વરૂપ ધારણ કરીને, સુરસમાજને સુધાપાન કરાવ્યું કે પાછળથી મહાદેવ પણ તે મોહિનીના સ્વરૂપમાં મુગ્ધ બન્યા હતા ! એ મોહિનીનું મોહક મનોહારી વિશદ શબ્દચિત્ર અંકિત થયું છે. માથે સુધાકુંભ લઈને પ્રવેશતાં તે ગાય છે :

"ચમત્કારી કુમારી સુકુમારી હું આજ,
અમૃત અમૃતની પાનારી.
ઠરશે હું થી કોઈ, મરશે હુંથી કોઈ
જેવા જેના અધિકારી.
અમરોને પાઉં સુધા, અજરોને પાઉં અને
અસુરોને વ્યાકુલ કરનારી.
દેવી ઠારી, દૈત્ય હારી,
પળભરમાં તો છટકનારી."

જેમ "સાગર અને શશી" તથા ચારેક ખંડકાવ્યો પરથી પણ આપણે કાન્તના ઉચ્ચ કવિપદનો સ્વીકાર કરીએ છીએ તેમ "શ્રી ઉપેન્દ્રગિરામૃત"નાં સંખ્યાબંધ પદો ન રચ્યાં હોત અને અત્રે

અવતરણમાં લીધેલા માત્ર કોડીબંધ ગીત-ગરબા જ જો રચ્યાં હોત તો તેના આધારે પણ આપણે શ્રી ઉપેન્દ્રાચાર્યજીનો આગલી હરોળના સિધ્ધહસ્ત રાસકવિ તરીકે સત્કાર કરી શકીએ તેમ છીએ.

હવે જેમાં સોળે કળાએ કાવ્યત્વ ખીલી ઊઠ્યું છે તેવા કવિશ્રીના કેટલાક રાસ અને ગરબા જોઈએ. બ્રહ્મવિહારી કવિનાં આંખ અને કાન તો વિશ્વગરબાને ઘુમતો જુએ છે અને એના દિવ્ય સંગીત **(Celestial music of the Spheres)** ને શ્રવણ કરે છે. "બ્રહ્માંડના ગરબા"ની ભવ્ય કલ્પનામાં વૈજ્ઞાનિક સત્ય પણ સમાવિષ્ટ થયેલું જણાય છે અને કલાનું તથ્ય પણ :-

"કોઇ અદ્ભુત બ્રહ્માંડનો આ ખેલ
જેમાં રસભર સહુ ખેલી રહેલ,
આ વિશ્વ ગરબે ઘૂમે હો રંગ !
પૃથ્વી ગરબો ગાઈ રહી, ઘૂમી ગોળ સદાય,
પેલો ગોળ ઘૂમી રહયો સૂર્ય ગગનની માંહ્ય,
જોઉં આખી ય નક્ષત્રમાળ
વહી અંતરીક્ષ-ચોકે રસાળ
સદાય ગરબે ઘૂમે હો રંગ !
જળ વરાળ થઈ ગગન જઈ, પાછું વારિ સમગ્ર,
જળરૂપ થઈ આવે નીચે, એ પણ અદ્ભુત ચક્ર ;
ફરે વાયુવંટોળ ગોળ ગોળ,
એમ આખું ય વિશ્વ ચગડોળ,
અખંડ ગરબે ઘૂમે હો રંગ !"

વિપત્તિમાં ધૈર્ય-શૌર્યધારિણી બુધ્ધિજયોતિથી ઝબૂકતી ગોરીને કવિ ગરબો રમવા નિમંત્રણ કરે છે :

"બોલાવું, સ્નેહલ બેનડી !
ધમ ધમ ધમ ઘુમણહાર રે –
ગોરી, આવો ગરબે ઘૂમવા.
નિજ સ્નેહસુગંધથી સર્વને
મધ મધ મધ કરી મૂકનાર રે – ગોરી."

રાસખેલન માટેનું ભક્તિમતી સખીઓનું બીજું ભાવભીનું નિમંત્રણ આ રહ્યું :

"કોઈ ભાવ-ભીંજ્યા રમવા, આવોને આ રાસમાં,
આવો આ રાસમાં, કંઈ મીઠાં મીઠાં હાસમાં."

"રંગદર્શન" અને "રંગઝીલણા"ના પ્રચલિત ગરબાનું નિમંત્રણ વધુ રંગભર્યાં શબ્દોમાં આલેખાયું છે.

"ઝીલો રંગે રંગે ને ઉમંગે,
રજનિ ! રંગઝીલણાં."
"હાથે રંગ સ્નેહાળ સત્કૃતિતણો,
આંખે શુભ ને સ્મિતનો છંટકાવ ;
રજનિ ! રંગઝીલણાં."
"હૈયે રસનાં, ઉલ્લાસનાં, શ્રધ્ધાભર્યાં,
નીરૂ નિર્મલતાકેરાં નીર ;
રજનિ ! રંગઝીલણાં."

એક બીજા આહ્વાનમાં,

"આવો આવો ઉલ્લાસે, આ રાસે, કંઈ મીઠાં હાસે, ખેલીએ,
સઉ ખેલીએ, રસ રેલીએ ; – આવો૦
રસિક સખીઓ થઈને વર્તુલ,
ગીત ગાઈએ મૃદુલ, પાડીને તાળી હથેળીએ."

ગરબો ગાતાં અને ગવડાવતાં ગાનારને જે અનુભવો થાય છે તેનું આબેહૂબ આલેખન કોઈ કવિએ કર્યાનું જાણમાં નથી. તેમાં રવાનુકારી શબ્દો અને વર્ણવિન્યાસ પણ જાણે કવિતાદેવીનાં કંકણ કે ઝાંઝર બની શોભી રહયાં છે :

"અલિ ! ગરબો ઝીલતાં, કંકણ ખખડે ખણણણ,
અલિ ! પગ ઠેકવતાં, ઝાંઝર ઝમકે ઝણણણ.
તાળી પરસ્પર દેતાં-લેતાં,
મુખપર મધુરાં સ્મિત ઠરી રહેતાં ;
ઉરરસ એકબીજામાં વહેતા,
સુસ્વર ગગનને ભેદી દેતાં ;
કણ્ઠથી રણકે રણણણ ;
હૃદયસ્પર્શી જે હોય વચનિયાં,
અંતરનાં એ થઇ અંજનિયાં ;
ઠારી સખિ ! સઉનાં તનમનિયાં,
કરવા રસમય દિવ્ય જીવનિયાં,
ગુંજે હૃદયે ગણણણ."

ગરબામાં તાલ અને તાલીનું મહત્ત્વ અનેકગણું છે. એ તાલનો જ મહિમા વર્ણવતો ગરબો કવિની કલ્પનાશક્તિ પર પ્રકાશ નાખનારો છે.

"તાળી પાડોને આજ તાળી પાડો કંઈ,
તાળીમાં ચમત્કાર ભારી રે બહેન !"

પછી ભિન્નભિન્ન ક્ષેત્રોમાં ચમત્કારી તાલીની કેવી બલિહારી છે તે દર્શાવી, કવિ કહે છે,

"જયાં જે નહિ ત્યાં તે થતું, હોયે તે અળપાય,
એવું કરવાની રહી, છે કળ તાળીમાંહ્ય."
"પલટી પલટાવી જીવનબાજી કે'વાઓ,
જગત્તણી અજબ જાદુગારી રે બહેન !
તાળી પાડીને નહિ સાઈ લાવો તો જગ –
પાડશે તમારી હાસ્યતાળી રે બહેન !"

કેટલીક વાર કવિ, વિષયના હાર્દને શ્રોતા-દૃષ્ટાના હૃદયમાં જિજ્ઞાસા ઉત્તેજિત થાય એ રીતે રજૂ કરવાની નવી નવી યુક્તિઓ યોજે છે. એક સખી બીજી દરેક સખીને ખાલી હાથ બતાવે ને પૂછે, "કહે ને સખિ ! મુજ હાથમાં છુપાયું શું ?" અને દરેક જણ કંઈ નથી, ધૂળે નથી, ડામે નથી કહે છે ત્યારે ગરબાકારે થઈને ગરબો ગવડાવે કે –

"આંખો છે છતાં ન જણાય, વાહ વાહ વાહ મતિવાળી,
મારી હાથેળીની માંહ્ય, જો ! છુપાઇ છે તાળી,
વ્યાપી રહી છે સભર, મુજ હાથેળીની અંદર,
છે છતાં ન લહાય; એવી છે અજબ તાળી.
જે શબ્દેથી કે સાને, બોલાવ્યે ના'વે તેને,
જેનાથી બોલાવાય, એવી એ જબર તાળી."

અને "સહેલી સટ" લેવાયદેવાય એવી મર્મોભરી સરસ સંકેતમય તાળીનો મહિમા વર્ણવે છે.

આવી જ કુતૂહલપ્રેરક યુક્તિ કવિએ આંખવિષયક અભિનયગીતો તથા કાળચક્રનો મહિમા ગાતા "ઘડિયાળ"ના ગરબામાં વાપરી છે. આવી યુક્તિઓનો જોકે હવે જમાનો ગયો પરંતુ તે વખતે, ખાસકરીને રંગભૂમિ પર તો, તેનું અજબ આકર્ષણ હતું. એક બે જ ઉદાહરણ લઈશું.

બીજા ગીતમાં કલ્પના જરા જુદી છે. એકસરખી ભાવહીન આંખો હોવાથી બાળકો કહે છે :

"તારા જેવા અહિં બહુ એ છે આગીયા,
ભાવોનાં આંજણ આંજવ,
તારલિયા ! તારી આંખો તો શોભાવ."
"આંખોના કંઈ કંઈ રસભાવ શિખવા,
મારી પાસે તો તું આવ ;
તારલિયા ! તારી આંખો તો શોભાવ."

આંખોની ભિન્ન ભિન્ન ભાવદર્શન કરાવતાં ૪-૫ અભિનયગીતો કલ્પનાયુક્ત છે.

"આંખડી કરી શી આ આંખડી કરી,
એકમાં અનેક ચમત્કારની ભરી."

એક બાલિકા હાવભાવ કરતી ગાતી જાય છે અને વિવિધ અંગોની ઉપકારકતાને સૂચવતી જાય છે :

"મારે નાની આંખ, એ જોતી કંક કંક,
એ તે કેવી અજબ જેવી વાત છે !"

"જીભ" વિશેનું ગીત પણ કેવું કાવ્યાત્મક છે !

"મીઠી મીઠી ને મોહની ભરી ભરી છે,
ભલભલાં હુંથી પાણી પાણી થાય
મુખમન્દિરની રસનારાણી હું તો."

આ સિવાય,

(૧) પડઘમ બોલે છે મારું બ્રમ બ્રમ બ્રમ.
(૨) હું તો છું ખાટીમીઠી ચટણી.
(૩) બાલુડાં છઈએ, બચુકડાં છઈએ, માડીનાં વ્હાલાં સદાય.

(૪) નાનાંઓને મોટાંઓને કહું છું મીઠી વાત.
(૫) મારી પડાલીએ ચાલ્યા આવજો રે.
(૬) જેને કોઈના જુએ તેને જોઈને રે,
મારી આંખલડી હસી હસી જાય ;
એમાં કહોને હું તે શું કરું રે ?"

o o

મોટા યોગીની કલ્પનામાં ના'વતા રે,
મારા મનમાં તે ઠસી ઠસી જાય – એમાં.
હું તો નાની ને એ તો મહાન છે રે,
તો યે મારામાં ફસી ફસી જાય – એમાં.

આ ઉપરાંત શક્કરિયાં, દૂધવાળી, ધૂપદાની, જમરૂખ, નદી, ચંપા, ગુલાબ વગેરે વિષયને પાત્રરૂપ આપીને કવિએ બાળસુલભ ગીતો વહેતાં મૂકયાં છે. છેક સુધી ખબર ન પડે કે પાત્ર કોણ છે તે રીતે એક ગીતમાં "ગોટલી"નું વક્તવ્ય આરંભથી અંત સુધી રહસ્યમય રહ્યું છે :

"આવડીમાંથી થઇ આવડો, ઘટાદાર આંબલો બની જઉં રે
કોણ હું તે સમજી જજો રે.
થાઉં અંકુર, થાઉં પાતરાં, પછી નાની મોટી ડાળ થાઉં રે,
કોણ હું તે સમજી જજો રે."

છેવટે,

"કેરી તો ખાનાર ખાઈ ગયા હવે ગીતો તો ગાશું પ્હોર રે,
કોણ હું તે સમજી જજો રે."

આ પ્રકારનાં કલ્પના, વ્યંજના અને ભાવસભર સંખ્યાબંધ બાલગીતો બાળસુલભ ભાષામાં કવિએ રચ્યાં છે એટલું જ નહીં પણ મંચ પર પોતે માર્ગદર્શન આપી રજૂ કરાવ્યાં છે, એ આચાર્યકવિ માટે જેવી તેવી સિધ્ધિ નથી. છતાં વિવેચનના ઇતિહાસમાં આનો ઉલ્લેખ સરખો પણ ન હોય એ આશ્ચર્યની વાત નથી ?

શ્રી ઉપેન્દ્રાચાર્યજી સ્વદેશભક્ત હતા. તેઓ સ્વરાજ્યના આંદોલનો અને તેના સારાખોટા પ્રત્યાઘાતોથી પરિચિત રહેતાં અને તત્સંબંધી કદી કદી સાધકો સાથે વાતચીતમાં અભિપ્રાય પણ ઉચ્ચારતા હતા, ત્યારે કવિશ્રી રવીન્દ્રનાથ ટાગોર, મહર્ષિ અરવિંદ, મહાત્મા ગાંધીજી વગેરેના તપસ્વી અને તેજસ્વી જીવન અને કવનની પ્રશંસા કરતા.[૧] મીઠાના સત્યાગ્રહ પછી, કહે છે કે, શ્રી ઉપેન્દ્રાચાર્યજીએ કાયમ માટે મીઠાનો ત્યાગ કર્યો હતો. શ્રી વિશ્વવંદ્ય રચિત ભારતના ઉત્કર્ષ માટેનું "ભારતની ચઢતી કરજો, હરજો ભય, જગરાય" આ પ્રાર્થનાગીત તેઓશ્રી હંમેશાં આશ્રમમાં રોજ નિયમિત ગાતા અને ગવડાવતા. તેમણે પોતે તથા શ્રીમતી જયંતી દેવીએ ભારતનાં ભવ્ય કીર્તિગાન ગાતાં લગભગ ૧૦-૧૫ ગીત ગરબા રચીને રંગભૂમિ પરથી રજૂ કરાવ્યાં હતાં, એ તેમના જેવા વૈશ્વિક દ્રષ્ટિવાળા આત્મામાં ઊંડે ઊંડે ઓતપ્રોત રહેલા રાષ્ટ્રપ્રેમનું ધોતક છે. કારણ કે તેઓ પણ માનતા હતા કે ભારત અને ભારતીય સંસ્કૃતિ વિશ્વના કલ્યાણના કેન્દ્રરૂપ છે.

ભારતની દિવ્ય ભૂમિ અને ભવ્ય સંસ્કૃતિનો જયજયકાર ગાતા ગરબા પ્રથમ વડોદરામાં અને પછી અન્ય શહેરોમાં ગવાયા ત્યારે સૌ કોઇ સાનંદાશ્ચર્ય ઉપેન્દ્રકવિના સાહિત્ય વિશે પૂછપરછ કરવા લાગ્યા.

---

૧. 'श्री उपेन्द्रसद्‌बोधसुधासिन्धु' એ શીર્ષક નીચે श्रीसद्‌गुरुदेशश्रेणी -ના અંકોમાં ખંડશઃ પ્રકટ થતી શ્રી મણિલાલ યજ્ઞેશ્વર શેલતની નોંધપોથીમાંથી.

"ભુવન-વ્રયમાં, ભારતીય અણુ અણુ જય ! જય !
જે દિવ્ય હૃદય, મંગલમય, ભુવન૦
જે અણુ માંહિ વસિષ્ઠનું, દિવ્ય ઝળહળે જ્ઞાન
જેના અણુ અણુએ દીઠાં, દધીચિનાં બલિદાન,
એ ભારતી રજ રજ મહિં, રહી મહામતિ, સીતા સતી,
ભાનુમતી, શ્રી અરુન્ધતી
જે અનન્ત જીવનમય, ભુવન૦
આજે પણ જેના અણુ, પૂરે ભીષ્મની સાખ,
યોગી યોગ ભારી રહી, હજી આ ભારત રાખ,
કોઇ ફૂંક મારી ઝળકાવજો, ખીલાવજો, રેલાવજો,
ઝીલાવજો, ફેલાવજો,
કરી ભારત ઉદય-ઉદય, ભુવન૦
આ અણુમાં હજી લપે લપે, કૃષ્ણ તણું કૌશલ્ય,
આ અણુમાંથી ઉઠશે, ફરી દ્રોણને શલ્ય.
ઓ જાગો મહા ભાગીરથો ! દૈવી પથો, સાધી વધો,
જીવન મથો, સુખનો જથો,
ફરી લો અક્ષય અક્ષય. ભુવન૦"

o o o

"ભારતના નામ અને કામ ઉપર વારી વારી,
હોંસે ઉડાવો કુંકુમ ; ભારતનો જય જય જય જય.
ભારતના બોધ-યોધ ઉપર પ્રાણને પ્રસારી,
હોંસે ઉછાળો કુસુમ ; ભારતનો જય.
લોહને સુવર્ણ કરે ભારત - કારીગરો,
પાષાણે પ્રાણ ભરે ભારત - કારીગરો,
જીવના જે શિવ કરે ભારતના સંત તેના,
ડંકા બજાવે ઢુમઢુમ ; ભારતનો જય.

ભારતના સંયમીનો કરજો ટંકાર કંઈ,
ભારતીય સેવકોનો વદજો જયકાર કંઈ,
ભારતની વિજય-જ્યોતિ ઝગઝગાવો ગગનમાંહિ,
પડે જેથી વિશ્વને માલૂમ ; ભારતનો જય."

સં. ૧૯૭૮માં અમદાવાદમાં દુધેશ્વર તટે સાધનસમારંભનો ઉત્સવ યોજાયો ત્યારે આચાર્યશ્રીએ ભારતવર્ષના ઉત્કર્ષ નિમિત્ત નીચેનું ધૂનના પ્રકારનું પદ, વારંવાર ગાયું-ગવડાવ્યું હતું અને ત્યારપછી પણ તે પદનો ઉપયોગ શ્રીનૃસિંહાશ્રમમાં વારંવાર થતો. તેમાં ભારતને વિશ્વવંદ્ય બની રહેવાની દેશોદય માટેની તેમની ઉત્કટ અભીપ્સા પ્રતીત થાય છે.

"ભારત અભયવંત હો, બ્રહ્માંડભરમાં બ્રહ્મચિંતને.
દિવ્ય દષ્ટિવંત હો, અંતર સામર્થ્યે જ્ઞાન અંજને.
પ્રજામાં પ્રભુની પ્રભુતા પ્રકાશો,
જજો સંધ છૂટી પ્રતિકૂલ પાશો ;
જણાજો સદા સર્વના નેત્ર સ્હામે,
પ્રભુનાં રૂપો ભારતે ઠામ ઠામે ;
ભારત વિશ્વવંદ્ય હો, સેવી શ્રધ્ધાથી પરમ સંતને."

"કરો શંખનાદ"ની બીજી એક જયધૂનમાં છેવટે ગાય છે,

"કરો મેઘનાદ હો,
ભારતના ભવ્ય ભાવિ ઉદયનો."

ભારતનાં અર્વાચીન બાળકો, એક ગીતમાં ધ્રુવ, પ્રહ્લાદ, નચિકેતા, માર્કંડ, ભરત, અષ્ટાવક્ર આદિ પ્રાચીન બાળકોને ભારતમાં ઊતરી આવી તેમનાં પરાક્રમપીયૂષ પાવા અને પ્રબળ તપોબળ તેમનામાં જમાવવા આહ્વાન કરે છે.

"પૂર્વે ભારતના ભવ્ય બાલ ! આવો આવો,
તમે ભારતના પુણ્ય પ્રાણ કહાવો રે."
"બાલશરીરધારિ દૈવી આત્માઓ !
ભરતભૂમિ-ભરત બાલ વ્હારે ધાઓ.
ભારત ડંકો વગડાવો વગડાવો રે ;
ભવ્ય બાલ ! આવો આવો."

તે જ પ્રમાણે ક્રાન્તદષ્ટા કવિ કેળવણીકાર બની, દાતા અને નેતાઓને પણ પ્રાચીન ગુરુકુલ સ્થાપી યોગ્ય શિક્ષણસંસ્કાર માટે પ્રબોધ કરવાનો અનુરોધ કરે છે.

"બાલક જેમાં ભાવે આવી, જીવંત જીવનજયોત ઝગાવી,
ભારતવર્ષ દીપે ઝળકાવી, એવી દીવી રચાવો રે.
બાલોત્કર્ષક ભાવો ઉજ્જવલ, જેના ઉરમાં રહયા છલોછલ,
તેવા કાર્યપ્રણેતા ! આગળ, આવો આવો આવો રે ;
બાલકોના હિતને કાજે, આશ્રમો બંધાવો રે."

ભારતને સર્વથા નવપલ્લવિત રાખવા માટે કવિ એક ગરબામાં તો અદ્દભુત કલ્પનાને આકાર આપે છે. નવપલ્લવિતા નિસર્ગશકિતને દેવી રૂપે મધ્યમાં પધરાવી, બહેનો તેનું પૂજન કરે છે અને પ્રાર્થે છે :

"પૂજન લે શકિત નવપલ્લવિ !
વિશ્વવાડી હે અખંડ ખીલવી મા ! - પૂજન૦
તોરણિયાં લીલાં તારા મંદિરિયે ટાંગીએ,
અભિનવ ગૃહ રાખજે અમ, એ અખંડ માગીએ,
રાખ અમ વાડી લીલી અવનવી મા ! - પૂજન૦"

નગરો, ગામો અને ઘરોમાં ધાન્યની કોઠીને પણ સદા લીલાંછમ રાખવાનું જણાવી કહે છે :

"નવપલ્લવ કાયા અને હૈયાં નવપલ્લવિત,
નિત્ય નવીન પલ્લવ સમ રહેજો ભારતજીવિત,
કમલસમ કુટુંબ દે પ્રફુલ્લવી મા ! – પૂજન૦
નવકુસુમિત પુષ્પમાલસમા સુસંધાઓ,
હૃદય હૃદય મળી દેવ – દેશ – ને અર્પાઓ,
સઉને સદા દે સુધાથી ભીંજવી મા ! – પૂજન૦"

યથાર્થ ભારતીય મહાપુરુષના આદર્શચિત્રને અંકિત કરતો એક ગરબો છેવટે જોઈ લઈએ. તેમણે યથાર્થ ઋષિ, તપસ્વી, યોગી, – તથા વિશ્વવંદ્યનાં આવાં સુરેખ શબ્દચિત્રો આપેલાં છે. પણ આ ગરબામાં "ભારતના માનવી"ની જ વાત કરેલી છે. ઘણા લોકો, તેમાં, તે વખતના ભારતના ભડવીર કર્મવીર મહાપુરુષ ગાંધીજીની મૂર્તિનું આરોપણ કરે છે. કેટલેક અંશે તો તે વર્ણન ખુદ આચાર્યશ્રીને પણ લાગુ પડે તેમ છે. "વૈષ્ણવજનની...." જેમ આ ગરબો પણ ખૂબ લોકપ્રિય થયો હતો :–

"એક ભારતનો સાચો માનવી,
એના દૈવી જીવનની માંહ્ય, કર્મરસ ઘૂમે છે.
એક ભારતનો શૂરો માનવી,
એનાં સઘળાં વર્તનમાં સદાય, વીરરસ ઘૂમે છે.
એક ભારતનો પુણ્યમય માનવી,
એની નિર્મલ દષ્ટિમાં અખંડ, અમીરસ ઘૂમે છે.
એક ભારતનો ભક્તિમય માનવી,
એના ઉરમાં શ્રધ્ધાનો પ્રચંડ, દિવ્યરસ ઘૂમે છે.
એક ભારતહિતૈષી માનવી,
એના પ્રત્યેક સંકલ્પ માંહ્ય, પ્રાણરસ ઘૂમે છે.
એક ભારતનો દૈવી માનવી,
એની નિશ્ચયવૃત્તિમાં સદાય, જ્ઞાનરસ ઘૂમે છે.
એક ભારતજીવી મહામાનવી,
એના રોમ રોમે સમર્થ, ત્યાગરસ ઘૂમે છે.
એક ભારતનો અધ્યાત્મ માનવી,
એના ઉરમાં તો સર્વને અર્થ, બ્રહ્મરસ ઘૂમે છે."

સ્વ.પ્રા. શ્રી ચતુરભાઇ શં.પટેલ તેમના "રાસકવિશ્રી ઉપેન્દ્રાચાર્યજી" વિશેના ટૂંકા લેખમાં યથાર્થ કહે છે કે,

"રાસની સાચી કિંમત જનસમાજ એને ચલણી નાણાંની પેઠે કેવા અપનાવે છે એના ઉપર અંકાય છે. પ્રાકૃત સમાજ રાસનો સાચો પરીક્ષક છે, અને જે રાસમાં ખરું રાસત્વ હોય છે તે જ એની કડક પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ લોકપ્રિય અને પ્રચલિત થાય છે. શ્રી ઉપેન્દ્રાચાર્યજીના રાસ સમાજે સરસ સત્કાર્યા છે અને સાનંદ ઝીલ્યા છે. સમાજની કસોટીમાંથી પાર ઉતરેલા એ રાસ ગામડે ગામડે પહોંચી ગયા છે, અને "આવો રબારણ હો મારે નેસલડે" જેવા સુંદર રાસ તો ઘરઘરનું ઘરેણું થઇ પડ્યાં છે. એથી આપણે દૃઢતાથી કહી શકીએ કે શ્રી ઉપેન્દ્રાચાર્યજી એક સિધ્ધહસ્ત રાસકવિ છે, અને રાસયુગના અધિષ્ઠાતા કવિવર ન્હાનાલાલના ગ્રહમંડળના એક તેજસ્વી ગ્રહ તરીકે સાહિત્યાકાશમાં અચલ પ્રકાશે છે અને સદાય પ્રકાશશે."[1]

રાસકવિ તરીકેના આ મૂલ્યાંકનના અંતમાં પુનઃ આપણે સ્મરણ કરીએ કે આ સર્વ સાંસ્કારિક સાહિત્યિક પ્રવૃત્તિઓના પ્રણેતા – કર્તા છતાં અકર્તા રહીને – પોતાની બ્રાહ્મી સ્થિતિમાં જ વિહાર કરતા હોય છે. બ્રહ્માનુભવનું અગમ્ય સ્વરૂપ કેવું નિરૂપાયું છે :

"બ્રહ્માંડભરમાં સભર હું, ન હું વિણ અવર કાંઇ,
હું સઉમાં, સર્વ મુજમાંહિ.
જયાં હું સકલ ત્યાં, હું ન જયાં ત્યાં કાંઇ છે નાહિ,
અહા ! હું હું સકલમાંહિ."

---

૧. શ્રી ચતુરભાઈ શંકરભાઈ પટેલ, "પ્રસાદ" :સંપાદકો, પ્રા.જશભાઈ કા.પટેલ અને પ્રા.હસિતભાઈ હ.બૂચ :, "રાસકવિશ્રી ઉપેન્દ્રાચાર્યજી", પૃ. ૧૦૫.

કેવી અનોખી કલ્પના છે !

"હું રંગરૂપ બની, હું મુજ હસ્તે પીંછી સ્હાઈ,
મુજ પીઠ પર બ્રહ્માંડચિત્ર રચું કદી કયાંહિ ;
વસ્તુતઃ નથી કાંઈ, હું પણ રહ્યો કલ્પાઈ,
આ અટપટું, છે એ જ મારૂં સ્વરૂપ, ચિરસ્થાયી.
અહા ! હું હું સકલમાંહિ."

આમ બ્રહ્મરસનું સતત પાન કરનારની દ્રષ્ટિ વિચિત્ર પણ વાસ્તવ અનુભવ કરે છે.

"બીજાં તો જોતાં રહયાં, હું ઉતરી ઉંડમાંહિ,
અંતરના અમૃતનિશે, અનુભવ ઉલટયો કાંઈ,
મારી ઊંડાણે દ્રષ્ટિ સ્થાપી, ચાલી સીધી."

મહામત્ત શૂન્યમાં રસનિધિ નિહાળતાં બ્રહ્મયોગી છેવટે ગાય છે :

"અસત્યના પડની નીચે, દીઠું અવનવું સત્ય,
વિશ્વસિન્ધુને બિંદુમાં, દીઠો કરતાં નૃત્ય,
બ્રહ્મભોગી બની, બ્રહ્મ સાથે તાળી લીધી -
બ્રહ્મરસની ભરી મેં તો પ્યાલી પીધી,
અનુભવના અણજાણે પાછી આલી દીધી."

બ્રહ્મખુમારીનું કોઇ સમજી કે ઉતારી ન શકે એવું અગમ્ય ઘેન છે.

"મને બ્રહ્મતણી ચઢી લહેર,
જોઉં બ્રહ્મ હું ઠેરઠેર,
જોતાં દીસે નહિ ચોમેર.
જડ-ચેતનકેરો ફેર."

બીજાં જયાં ઝેર જુએ ત્યાં તેની ઘેન ઘેલી દ્રષ્ટિને અમૃતસેર જણાય. તેથી તે કહે છે,

"બ્રહ્મ બ્રહ્મને ભાળતું, વદે બ્રહ્મ શું બ્રહ્મ,
બ્રહ્મ બ્રહ્મને અનુભવે, ઘટના એહ અગમ્ય,
બીજાને લાગું ઘુમતો શહેર,
મને ભાસતું ઘેરનો ઘેર."

બ્રાહ્મી સ્થિતિની "મને ભાસતું ઘેરનો ઘેર" – આ અભિવ્યક્તિ કેવી વિલક્ષણ છે ! તેથી તો બ્રહ્મવાદીઓ નિર્ભયતાપૂર્વક ગાય છે :

"અમે તો બ્રહ્મ-વાદી, ઈચ્છાનુસાર અમો, વિશ્વસર્પને નચવું,
બ્રહ્મગાનની અદ્ભુત મહુવર બજાવતાની સાથ,
ગણાય જે વિકરાલ સર્પ તે – ને ધરી લઈએ હાથ. – અમે૦"

અહીં "વાદી" શબ્દ પરનો શ્લેષ ચમત્કાર સાર્થક નીવડયો છે. આખા ય ગીતમાં તે પથરાયેલો છે. બ્રહ્મકંડિયામાં વિશ્વસર્પને ચપટીમાં પૂરી દેનાર બ્રહ્મ-વાદીનું સામર્થ્ય ખુમારીપૂર્વક વ્યક્ત થાય છે :

"બ્રહ્મ-વાદીના પાશમાંહિ જે પ્રાણી આવી જાય,
મગદૂર નથી તેની કે પછી તે બ્રહ્મરૂપ ના થાય."

એ બ્રહ્મવાદી બ્રહ્મર્ષિ રસર્ષિના રસદર્શનવિહારનો અંત કદી ય નહીં આવે.

x x x

આચાર્યશ્રીએ રચેલાં અને ભજવાયેલાં સંવાદ-નાટકોમાં આવતાં ગીતો પણ ભિન્ન ભિન્ન લયઢાળનાં અને પાત્ર, પ્રસંગ અને ભાવને ઉચિત હોઇ, તે નાટિકાને માણવામાં મોટેભાગે ઉપકારક નીવડે છે. એમાંનાં એક બેનો ઉલ્લેખ કરી લઈએ. "અધમોધ્ધરણ" નાટકના પ્રારંભમાં, એક સંસ્કારી વારાંગનાના વિલાસી આવાસમાં યુવાન શેઠની સામે બેઠેલી સૌન્દર્યસુંદરી ચંજની સંગીત છેડે છે :-

"હું મહામદવંતી, કંજનગંજન ઉપસ્પર્શંતી અંજની,
મૃદુમૃદુ મદયંતી, હું રસકુંજની, મનરંજની, હું પ્રભંજની.
નચાવી વિલોલ લોચન, તનમન કરાવું તન-મન,
હૃદયથી કરી હૃદયનું મંથન, સ્નેહનું કરું હું પ્રબંધન,
મદતરંગિણી, રસશૃંગારિણી, રમ્ય હું મદભંજની, અનુરંજની."

અને પછી તેને અનુસરતું નૃત્ય પણ સુંદર ગીતનો સહકાર સાધે છે :

"રૂમઝુમ રૂમઝુમ કુછ કુછ હાં હાં,
છુમ છુમ ચલના, ચલના, મેરા સાજના !"

આવાં ગીતોમાં યમક, શ્લેષ, વર્ણવિન્યાસ, માધુર્ય વગેરે સુસ્પષ્ટ છે. તે જ પ્રમાણે "સેવનાસિધ્ધિ" નાટકમાં સેવામૂર્તિ શબરીનું ગીત સરળ છતાં હૃદયસ્પર્શી છે. એનો ઉપાડ જ કેવો આલંકારિક છે ! કોઈપણ સેવકને તે પંક્તિઓ આદર્શરૂપ નથી ?

"માથાનો મુકુટ છે મારો સેવાનો ટોપલો,
ઝાડુ મારા હાથનો શણગાર રે ; માથાનો૦
સેવાને જોઇ રૂવાં, ખડાં ન થયાં તો,
સેવકને શતગુણ છે ધિક્કાર રે ; માથાનો૦
સેવાના સાધનથી તો, ઊંચાઈ ના'વે એવા,
હરિના પણ છે ના જરીયે ભાર રે ; માથાનો૦
હૈયાના હાર મારા, પધારો ને પ્રાણ મારા,
કરું ટોપલે હું તમ સત્કાર રે ; માથાનો૦"

"સન્ધ્યાબલ" નાટિકામાં બંગાળી લયનું "તારી અપાર લીલા"નું ગીત ઉત્તમ ઊર્મિગીત છે.[1] "જૂનું તો થયું રે દેવળ" એ લયમાં રજા ભક્તને મુખે ગવાતું ગીત ભાવનાપ્રચુર અને કલ્પનામધુર છે :-

---

૧. જુઓ પૃ. ૭૪૯ પર

"ભાવનાદોરે થન થન નાચ્યો જજે, નટવા !
ભાવનાદોરે થન થન નાચ્યો જજે."

"લટકાં તો સઘળાં તારાં ત્યાં લગી દીપશે,
જયાં લગી દોરને તેં ત્યજ્યો ના રજે; નટવા !
દોર ઉપરથી પગ જો જરી છટકાયો,
ખેલ તો ખલાસ તારો, ત્યાં જ જાણજે; નટવા !"

"જવાબી શ્રધ્ધા"ની શરૂઆત "જગકિનારો"ના સૂચક ગીતથી થાય છે. તે નાટિકામાં પ્રાણમયીના મુખેથી ઝિલાવાતું પદ આજે ખૂબ પ્રચલિત થઇ ગયું છે :

"હરિના બોલની બલિહારી, હરિના કોલની બલિહારી.
હરિનું નામસ્મરણ ક્ષણ ક્ષણમાં, પ્રાણ ભરે ઉર ભારી,
પ્રાણ ભરે છે ભારી, હરિના નામ પર જાઉં વારી."

"ચિરંજીવન" નાટિકાનાં આઠેક ગીતો મનોહર અને સરળ છે.[1] નીચેનાં ત્રણ ગીતોમાં તો કવિત્વ ઝળકી ઊઠે છે :

(૧) વત્સલ પાલક ! પકડી ચરણીયાં, વિનવે બાલ તમારો,
દોષ વિસરજો, કરું છું પ્રણતિ,
પિતુ ! અંતની આજ સ્વીકારો – પ્રણતિ૦

(૨) સાંબહર ! આજે તો તુજને રીઝાવું.
નયનો મિલાવું, હૈયાં મિલાવું,
બાંહ્ય ગ્રહી ઝુલું – ઝુલાવું.
સાંબહર ! તું થી હું નાચું નચાવું.

(૩) આંખથી કરું અભિષેક, સદાશિવ ! થાજો પ્રસન્ન જ.

---

૧. "ચિરંજીવન" નાટિકાનાં કેટલાંક ગીતોની પ્રથમ પંક્તિ આ પ્રમાણે છે
(૧) તારા ચરણકમલનો ભોગી, સહેવે રહું તુજથી સંયોગી.
(૨) સુન્દર પ્રકૃતિ સુંદર સુંદર, બાહિર સુંદર, સુંદર અંતર.
(૩) જેનો રામ છે રાખણહાર, તેને કો મારશે ?
(૪) અહાહાહા જોઉં હુમાં એક તુંનો તુંજ સદા.
(૫) કરું હ્રદયરાજ શિવકાજ કુસુમની માલા હું.

દરેક સંવાદમાં યોગ્ય સ્થળે ધૂન જેવાં નાનાં ગીતો પણ મૂકેલાં છે. તે પૈકી કેટલાંક તો ઉત્તમ કવિતાના નમૂનારૂપ હોય છે. "અધમોધ્ધરણ"માં સાધુ ગાય છે :

"ચૈતન્યસિંધુ ધુધવે
તન્મય તન્મય તન્મય છે પૃથ્વી–વ્યોમ ; ચૈતન્ય૦
ચૈતન્યજ્યોત ઝગમગ ઝગમગે ૐ
ૐની રશ્મિથી ઝળકે સૂર્ય–સોમ ; ચૈતન્ય૦
ધ્યાતાં ધ્યાતાં મુધાંમાં ધ્યાનમાં
ગુંજને ઊઠે રોમ રોમ ; ચૈતન્ય૦"

તે જ પ્રમાણે અન્યત્ર શાસ્ત્રીય રાગમાં ગવાય છે તે ધૂન :

"મન ધુમ ધુમ કરી હરિ ૐ હરિ ૐ "

સંવાદ (નાટિકા)માં આવતાં ગીતોનું કાવ્યત્વ અને સંગીત, નાટ્યતત્ત્વના સંદર્ભમાં તો સવિશેષ રોચક અને આસ્વાદ્ય બની રહે છે, એટલું જ નહીં પણ નાટકના સંદર્ભમાંથી કાઢી લેતાં તે સ્વતંત્ર ગીતો તરીકે પણ આજે સૌના કંઠે રમી રહ્યાં છે. અત્યારસુધીના વિહંગાવલોકન પરથી આપણે જોઈ શકયા કે, શ્રી ઉપેન્દ્રાચાર્યજીની કવિતા – ખાસકરીને "રસદર્શન"ની કવિતા – વિષય, પ્રસંગ, પાત્ર વગેરેને અનુરૂપ અભિવ્યક્તિની ભિન્ન ભિન્ન છટાને ધારણ કરતી હોય છે. તે સર્વ સંપૂર્ણ અભિનયક્ષમતા અને નાટ્યતત્ત્વથી અનુસિકત્ત છે – છે એટલું જ નહીં પણ રંગમંચ પર રજૂ કરીને તેની સફળતા સાબિત થઇ ચૂકી છે. વળી તેમાં માત્ર જૂના ઢાળોની જ એકવિધતા નથી પરંતુ પ્રવર્તમાન અન્યપ્રાન્તીય (બંગાળી) પદો, લોકગીતો અને ચલચિત્રોમાંનાં ગીતોમાંથી લય પસંદ કરવા ઉપરાંત, કવિશ્રીએ પોતે પણ નવા રાહ સર્જીને વહેતા મૂકયા છે. **વિશેષમાં**, વર્ગના પૂર્વોક્ત બે મહાપુરુષોની કવિતાની જેમ તેમની કવિતા કેવળ તત્ત્વબોધના વહેળામાં જ

વહેતી રહેતી નથી પરંતુ ગુજરાતના અન્ય કવિઓની કવિતાની જેમ, તેમની કલમ માટે કોઈપણ પદાર્થ કે પ્રસંગ વિષય બની રહે છે. હા, તેમણે વૈયક્તિક સ્નેહની, શૃંગાર માટે શૃંગારની કવિતા લખી નથી. પરંતુ શૃંગારને દિવ્યતાથી રસાન્વિત કરીને ગાયો છે.

હવે માત્ર એક જ કાવ્યપ્રકાર પ્રતિ ઉડતી નજર નાખીને, શ્રી ઉપેન્દ્રાચાર્યજીના ગદ્યસાહિત્યનો પરિચય મેળવીશું. તે છે આખ્યાન. કવિએ રચેલાં બે ભક્તિરસપ્રધાન આખ્યાનો (૧) સુદામાખ્યાન અને (૨) શ્રી શુકજનકાખ્યાન - નો પ્રથમ તો "શ્રીઉપેન્દ્રગિરામૃત"માં સમાવેશ કરેલો હતો. પણ પાછળથી સ્વતંત્ર પુસ્તિકારૂપે તેની બબ્બે આવૃત્તિઓ પ્રકટ થઈ છે. આનંદ અને ગ્લાનિની વાત તો એ છે કે કવિશ્રીએ બીજાં પણ બે આખ્યાનો (૩) કાલીય મર્દન આખ્યાન અને (૪) દુર્વાસાશ્રાપ આખ્યાન - લખ્યાં હોવાનો ઉલ્લેખ વારંવાર થયો છે પરંતુ હજુસુધી તે અપ્રકટ અને અપ્રાપ્ત છે. એટલે અહીં તો, પ્રથમ બે આખ્યાનોનો સંક્ષિપ્ત પરિચય કરીશું.

આ બન્ને આખ્યાનોમાં પદો, ગીતો, ચોપાઈ, દોહરા, સોરઠા, મરાઠી સાખી, ગીતિ દેશીઓ, ઉપરાંત હરિગીત, શિખરિણી, શાર્દૂલવિક્રીડિત, માલિની વગેરે માત્રામેળ અને અક્ષરમેળ છંદોનો પણ કવિએ ઉપયોગ કર્યો છે. પ્રેમાનંદના આખ્યાનોનો કડવાબંધ તેમાં નથી. કેટલેક અંશે આધુનિક સંગીતરૂપકના જેવું તેનું માળખું કહી શકાય. બન્નેમાં આરંભક સ્તુતિ આવે છે. "સુદામાખ્યાન"માં અંતમાં સ્પષ્ટ ફલશ્રુતિ પણ આપી છે. કૃષ્ણ સુદામાને કહે છે :

"ગાશે સાંભળશે બહુ ભાવે તુજ ચરિત્ર,
તેને મુજ પદમાં ગ્રહીશ, કરીને પૂર્ણ પવિત્ર."
(સુદામાખ્યાન, પૃ. ૬૬)

બંનેમાં અંતિમ ધૂન કે જયગાનનું પદ આવે છે. બંનેમાં અનાસક્તિ, વાસ્તવભક્તિ અને ગુરુકરુણાના મહિમાનું પ્રતિસ્થાપન કરવાનો આશય રહેલો છે. પરંતુ "શુકજનકાખ્યાન" ૨૪ પાનમાં પથરાયેલું ૪૫૧ લીટીનું નાનું આખ્યાન છે અને તેમાં કલાત્મક કાવ્યત્વ કરતાં કથાનું સીધું કથન કરેલું છે. વસ્તુસંકલના પણ સુગ્રથિત લાગતી નથી.

"શ્રી શુકજનકાખ્યાન" :-

નિર્વિકાર નિર્લેપ સિધ્ધ સ્વયંભૂ તત્ત્વજ્ઞ જનકને ત્યાં પિતૃ-આજ્ઞાથી જ્ઞાનફલ લેવા ગયેલા વ્યાસપુત્ર શુક દ્વાર પર સપ્તાહપર્યંત પ્રસન્નચિત્તે સ્થિર ઉભા રહયા અને મનને સમજાવવા લાગ્યા :

"મન ! ડગીશ નહિ તું લગારે, મસ્તીમાં રહે તું તારે,
સ્મરણમાં રાખજે, જ્ઞાન પામવા, તું આવ્યું ગુરુદ્વારે."
"કષ્ટસહનની કીંમત છે નહિ, જ્ઞાનની આગળ મારે."
(શુક., પૃ. ૩)

અને જનક પણ એક પદમાં શિષ્યની "શ્રધ્ધાનો જયજયકાર" ગાય છે :

"ખરી કસોટીમાં જે નથી ડગતા, તેની જગે બલિહારી,
ધન્ય એવા શુકદેવ ! તું ઉપર, જાય જનક આજ વારી."
(શુક., પૃ. ૬)

શુકને મુખે કવિએ ગુરુમહિમા અને ગુરુસ્તુતિનાં બે પદો ગવડાવ્યાં છે.

"નથી મારે નાથ ! જવું ગગને, બની જનક મને લઈ આપ કને,
નિજ હસ્તપિંજરે આ શુકને, પૂરી રાખો હું જેમાં સદાય રમું."
(શુક., પૃ. ૭)

શુકહૃદયમાં શંકાકુતર્કનું બીજારોપણ કરનાર, રત્નજડિત પર્યંકમાં પોઢેલા જનકનું સ્વભાવોક્ત વર્ણન છપ્પામાં કર્યું છે :

"પયકલશાન્વિત એક, ધોતી ચરણો જલકલશે,
ચંદનવર્ણી એક, તનુપર ચંદન સ્પર્શે ;
પ્રફુલ્લપદ્મિની એક, જનકપદપદમ તળાંસે,
મીનલોચના એક, જનક લોચનસહ હાસે ;
રતિની પણ રતીપુર નથી, કિંમત જેની આગળે,
એવી સુન્દરી સારિકા, ત્યાં શુકનું કોણ સાંભળે ?"
(શુક., પૃ. ૮)

આચાર્યશ્રી મૂળકથાથી ઘણીવાર દૂર જતા રહે છે, નવા સુધારાવધારા પણ કરે છે. મૂળમાં શુકની શંકા અંતરસ્થ જ રહે છે. અહીં તો તે જનક સમક્ષ સ્પષ્ટ રીતે શંકા રજૂ કરે છે :

"આથી કંઈક દિવસ થયાં, આવ્યો છું હું અહિં,
જોઉં આપને તો મને, ભાસો માયામાંહિ.
માયાની મધ્યે રહયા, છતાં પમાય શું જ્ઞાન ?
વિલાસભોગ કર્યા છતાં, જણાય તત્ત્વ મહાન ?"
(શુક. પૃ. ૯)

સૂત્રતાંતણે ટાંગેલા પાષાણ નીચે જમવા બેઠેલા શુકની ઉત્કટ મનોમૂંઝવણનું ચિત્ર, કવિએ ધાર્યું હોત તો સરસ ઉપસાવી શકયા હોત ! નીચેનું વર્ણન સાવ ફીકકું લાગે છે :

"પડ્યો કદી આ માથે મારે, ફરી ઉઠાશે ન આ જન્મારે."
એક તરફથી જમતા જાય, બીજી તરફ એ જોતા જાય.
સ્વાદ બધો જમવાને ગયો, જાણે ન જમે પદાર્થ જ કયો."
"પાત્રો નવી નવી મુકાય વાની, પણ શુક તો પાષાણે ધ્યાનિ".
"અચરજ પર અચરજ અતિ, આ સ્થાને દેખાય,
લેતાં પહેલાં જ્ઞાન નવું, હોય તેહ પણ જાય."

(શુક. પૃ. ૧૧)

સુંદરીના વૃક્ષઃ સ્થલ ઉપર હાથ મૂકેલા જનકને જોઈને ક્ષોભ પામેલા શુકને જનકે ૧૮ પંક્તિમાં મર્મબોધ કર્યો કે કાળશિલામાં ચિત્ત ચોંટ્યું હોવાથી શુક વિવિધ વાનગીના સ્વાદથી અનભિજ્ઞ હતા.

"(તેમ) વસ્તુ અહિં નરી એ, જનકનું ચિત્ત તેમાં ન જરીએ.
વાસ્તવ જ્ઞાન થયા પછી તેને, દૃશ્ય ન દૃશ્ય જણાતું,
દૃશ્ય વિષે રહેતાં પણ તેનું, અંતર અન્ય જ ધ્યાતું,
જનક નથી પર્યંકે, જનક છે નિજસ્વરૂપ અંકે."
"આરૂઢ જ્ઞાનદશામાં વિશ્વનું, પ્રતિબન્ધક નથી કાંઇ,
બધિર ફરે જેમ આખા જગતે, શુણે શબ્દ પણ નાહિ,
જગથી જનક જેવા—ને કશી નથી લેવા દેવા."

(શુક. પૃ. ૧૩)

મૂળ કથાથી દૂર જઈને કવિએ શુકના મુખે નીચેનું સંશયવચન કઢાવ્યું કે, "મુખથી કહેવું છે સહેલું, જાણવું સત્ય શી રીતે."

"શીતોષ્ણાદિક અનુભવ, સુખદુઃખ :જો: વૃત્તિ જુદું નહિ માને,
:તો: વહ્નિમાં નહિ ને કાં, હસ્ત ધર્યો ચાર્વાંગી હૃદયસ્થાને ?"

(શુક. પૃ. ૧૪)

અને પછી સગડી મંગાવી અગ્નિવિષયક સોરઠો બોલી જનકે નીચેના પ્રકારની પ્રતિજ્ઞાઓ કરીને અગ્નિમાં હાથ મૂકયો.

"તત્ત્વે શમ્યે તદ્રૂપ થતો, (જો) સર્વકરણસંઘાત,
અદાહ્ય, અગ્નિમાં રહો, તો જ જનકનો હાથ."
(શુક. પૃ. ૧૬)

"જનકહસ્તને લેશ પણ ના'વી ઉની આંચ" એટલે જનકે પ્રેમથી કહ્યું,

"નહિ તો આ હાથે, કઠિન કુચથી મોહ પ્રકટે,
નહિ તો આ હાથે, લગીર ભય વહ્નિ થકી ઉઠે ;
નથી ભેદાપત્તિ, દ્વૈયપણું સદા કલ્પિત જ જયાં,
અખંડૈકત્વે તો, વિહરણ કરે છે જનક આ."
(શુક. પૃ. ૧૭)

છતાં પણ આ ઈન્દ્રજાલ તો નહિ હોય – એવી અવશિષ્ટ શંકાના સમાધાનાર્થે શુકે જનકનું નામ લઈને જાતે અગ્નિ પર હાથ મૂકવાની અનુમતિ માગવાની ધૃષ્ટતા કરી. પ્રતિજ્ઞાઓ ઉચ્ચારાઈ:

"સંસારે રાજે છતાં, (જો) સાધુ મિથિલાનાથ,
અદાહ્ય અગ્નિમાં રહો, તો આ શુકનો હાથ."
(એજન) વગેરે.

અને શંકાનું સંપૂર્ણ નિરસન થતાં વિનીતભાવે શુકે જનકને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને સ્તુતિ કરી,

"જય જય સ્વસ્વરૂપાભિન્ન ! જય જય જનકસ્વામિ !
હું કૃતઘ્ની ને મતિહીન, મુજ ઉરમાં અતિ ખામી.
ભ્રમમાં ભૂલ્યો હું, હાથે કરી, ગુમાવી મારી પતીજ,
ઉપરનાં છોડાંથી ભ્રમાયો, જોઈ ન શકયો હું બીજ રે."
(શુક. પૃ. ૧૮)

પશ્ચાત્તાપથી પાવન થયેલું શુકહૃદય જ્ઞાનામૃત માટે તરસે છે :

"ઝાઝું હવે તું તરસાવ ના, ઓ જનક વિદેહી !
કીધી કસોટી ઝાઝી, હાવે તો થઈ રહે રાજી,
તારી માયામાં તું ફસાવ ના ; – ઓ જનક."
(શુક. પૃ. ૨૦)

શુક પર "અમૃતથી અદકી અતિ, સદ્ગુરુકરુણાધાર" થઈ તેનું ગૌરવગાન કેવું ભાવસભર અને ચમત્કૃતિપૂર્ણ છે !

"ગુરુકરુણાની કીંમત કોણ જ જાણે ?
જે તે નાણે, સુખ માણે ;
શિષ્ય ઉપર જવ વર્ષતી, ગુરુકરુણાનીધાર,
તેનાં અંતર ક્ષેત્ર તો, થતાં લીલાં કુંજાર,
નવપલ્લવિત તે થઈ રહે, શુષ્કતા દહે, શોભા ગ્રહે, જીવન લહે,
નવરસ વહે, તેના તનમનપ્રમાણે. – ગુરુકરુણા."
(શુક. પૃ. ૨૨)

અને પ્રભાતે એકાન્ત ગિરિગુહામાં શુકે મિથિલેશ જોયા. તેનું વિરોધ-ચિત્રોવાળું વર્ણન કેવું સુરેખ અને વિશદ છે !

"ક્યાં લલિત લોચન કાલનાં શૃંગાર કેરા રસભર્યાં;
ક્યાં આજનાં આ પ્રખર તત્ત્વખુમારીવાળાં મદભર્યાં !
જાણે વિરાજ્યા શુભ્ર શંભુ, હિમગિરિ શોભાવતા,
દૃઢ વાળ્યું આસન, અચલ વપુ, આરૂઢ સ્થિતિ દર્શાવતા.
હતું અંગ ભસ્મવિલિપ્ત યોગૈશ્વર્યથી વિભ્રાજતા,
આવા જનકવિદેહિસમીપે શુકમુનિ કંપ્યા જતાં."
(શુક. પૃ. ૨૩)

એ વિધિ અનુસારે, જનકે ગજચર્મ ઓઢીને લક્ષણાથી તત્ત્વબોધનો મર્મ સમજાવ્યો કે,

"બહિર વહેતાં કરણનો, ત્યજાવીને વ્યાપાર,
નિરોધ ઉરકરતાં થતો, સ્વરૂપ સાક્ષાત્કાર.
ચર્મ ઓઢીને સૂચવ્યું, કરવા કરણનિરોધ,
સમજાવ્યા શુક તત્ક્ષણ જ આ, માર્મિક દિવ્ય પ્રબોધ."
(શુક. પૃ. ૨૩)

અને "જય જય ગુરુ ગુરુ"ની ધૂન પછી આ રીતે આખ્યાનની પૂર્ણાહુતિ કરી છે :

"શુકની સ્વરૂપે લક્ષણા લાગી, તત્ત્વનિષ્ઠ થઇ રહયા શુક ત્યાગી,
ભૂપતિ જનકવિદેહી ધન્ય, ધન્ય ધન્ય, શુકભક્તિ અનન્ય.
શુકસમ ભક્તિ અમ ઉર રાજે, એ વર દો નરહરિ પ્રભુ ! આજે.
ઉપેન્દ્ર આપની કરુણા થાતાં, આપની વાસ્તવ ભક્તિ સધાતાં,
તત્ત્વામૃતને પીતાં પીતાં, વિશ્વ વિષે ફરી શું મદમાતા."

(શુક. પૃ. ૨૪)

આ આખ્યાન સામાન્ય પ્રકારનું છે. તેમાં શુકના પાત્રનું ગૌરવ જળવાતું નથી. મૂળ કથામાં કરેલા સુધારા–વધારા વસ્તુ, ક્રિયાવેગ કે રસનિષ્પત્તિમાં ખાસ ઉપકારક નીવડયા હોય તેમ લાગતું નથી. પરંતુ કવિનું બીજું આખ્યાન "શ્રી સુદામાખ્યાન" અનેકવિધ દૃષ્ટિએ ચઢિયાતું અને અભ્યાસપાત્ર છે.

"શ્રી સુદામાખ્યાન" :–

૬૭ પાનમાં લગભગ અઢારસો (૧૮૦૦) પંક્તિઓમાં વિસ્તરેલું શ્રીઉપેન્દ્રાચાર્યજીનું સુદામાખ્યાન, પ્રેમાનંદ (અને અન્ય કવિઓ)ના સુદામાચરિત્ર સાથે તુલનાત્મક અભ્યાસ કરવા યોગ્ય કૃતિ છે. સાહિત્યના અભ્યાસીઓનું આ તરફ હજુ ધ્યાન ખેંચાયું નથી એટલે તેઓ "સુદામાચરિત્ર"ની નવી નવી આવૃત્તિઓ પ્રકટ કરે છે પરંતુ પ્રસ્તાવના કે ટિપ્પણમાં શ્રીઉપેન્દ્રકૃતિનો ઉલ્લેખ સરખો પણ કરતા નથી. અધ્યાપકો અને વિવેચકોની આ સ્થિતિ હોય પછી વિદ્યાર્થીઓના અજ્ઞાન માટે તેમને દોષિત શી રીતે ઠરાવી શકાય ?

આ સાધંત કૃતિનું સાધકસમુદાય સહ પઠન–ગાન વારંવાર – ખાસ કરીને જન્માષ્ટમીની રાત્રે – થતું હતું અને ભાવકો રસાસ્વાદ માણતા. આખ્યાનનાં માન્ય થયેલાં પ્રચલિત લક્ષણોની ચર્ચાને છોડી દઈએ તો ભાષા, શૈલી, કથનકૌશલ, સંવાદ કે નાટયતત્ત્વ, રસનિષ્પત્તિ, પાત્રાલેખન, વસ્તુગુંફન, મર્મકટાક્ષ, ચિત્રાલેખન....

વગેરે વિવિધ દૃષ્ટિબિંદુઓથી – પ્રેમાનંદની કૃતિની જેટલી જ – વિવેચનક્ષમતા આ સુદામાખ્યાન ધરાવે છે.

આ કૃતિમાં ૨૫ પદો અને ગરબી જેવાં પદોનો એટલે કે ગીતોનો સમાવેશ થાય છે, એટલે તેમાં કેટલેક અંશે નાટ્યસંગીતનું તત્ત્વ ઉમેરાય છે. આચાર્યકવિ ઉપેન્દ્રાચાર્ય પ્રેમાનંદનાં આખ્યાનોથી સુપરિચિત છે કારણ કે એક-બે ગીતોના ઢાળ તેમણે "નળાખ્યાન" વગેરેનાં ગીતોના લીધા છે.[1] પ્રાસ પરત્વે પણ તેઓ પ્રેમાનંદની ચુસ્તતાને વળગી રહ્યાં છે. ચરિત્રવસ્તુની બાબતમાં તેઓ શ્રીમદ્ ભાગવતને કે નરસિંહ મહેતા અને પ્રેમાનંદની કૃતિઓને સંપૂર્ણપણે વળગી રહેતા નથી. આખ્યાનનું પ્રયોજનબીજ તેમણે બીજા પદમાં જ રોપ્યું છે :

"માગ્યા વિના પ્રભુ દેતા, એ ભક્તને, મન માગ્યું દેતા.
o o o
જેને દેવા ચહે તેનું પહેલાં હરિ, સર્વસ્વ તો હરી લેતા ;
આખર પોતાનું સર્વસ્વ તેને, આપ્યા વિના નથી રહેતા.
ભક્તને અધીન પ્રભુને વશ કરે તે, થઈ રહેતા વિશ્વના વિજેતા."
(સુ. પૃ. ૨)

પ્રેમાનંદના સુદામાની જેમ અહીં પાત્રગૌરવને હાનિ થતી નથી.

"દૈવીસંપત્તિ સમન્વિત સુદામા વિપ્ર,
પણ લૌકિક સંપત્તિમાં, હતા અતીવ દરિદ્ર.
વિરક્ત વિષયવિષે અને, બ્રહ્મતત્ત્વસંનિષ્ઠ,
પ્રશાંત, જીતેન્દ્રિય અને, સાત્ત્વિકગુણવિશિષ્ટ."
"હતા અપાર દરિદ્ર પણ, હતા લગાર ન દીન,
બ્રહ્મજળે મહાલે અતિ, મસ્ત તેનું મનમીન."
(સુ. પૃ. ૨, ૩)

---

૧. "વેદલી વનમાં વલવલે" એ લયમાં કૃષ્ણ-સુદામાનો સંવાદ પૃ. ૩૮, ૩૯ ; "ઓખાહરણ"ના લયમાં જીરામતીનું વર્ણન, પૃ. ૨૫.

સુદામાની ઝૂંપડી, સુદામા અને તેના ગૃહસંસારનું કવિએ લગભગ ૪૦ લીટીમાં દોરેલું શબ્દચિત્ર સુંદર અને વિશદ છે. કેટલીક છૂટી છૂટી પંક્તિઓ જોઇએ. તેમાં ઉત્પ્રેક્ષા અને સજીવારોપણનો છૂટથી ઉપયોગ થયેલો છે.

"અભ્ર વિષે શોભે જેમ તારા, છાપરામાં તેમ બહુ બાકોરાં,
અંદરથી બહુ બાઝયાં જાળાં, મહીં કીધા ચકલીએ માળા.
અખંડ ધૂળની વૃષ્ટિ થતી, મહિં શોભે સુદામા ધૂર્જટી."
"જટા સાધુની હોય જેમ લુખી, પૃથ્વી છાણવિનાની સુકી."
"પ્રવાસી રહે (જેમ) મુસાફરખાને, રાત વાસો કરતાં ત્યાં શ્વાને."
"કમંડલ જળનું એક હતું, બેસણી વિણ જે ડગમગ થતું,
જાણે દારિદ્રય ઋષિનું નિરખતું, પાત્ર તેહ કંપી ઉઠતું.
સંધ્યાનું ત્યાં પ્યાલું પડેલું, શુક્રાચાર્યનું રૂપે ધરેલું.
ઋષિની દરિદ્રતા જોઈ ત્રાસ્યું, જાણે ટપકાવતું નિજ આંસુ.
તરભાણું હતું શોકે છવાયું, દારિદ્રય જોઈને હૃદય ચીરાયું.
દાંડો આચમનીનો તુટયો તો, ઋષિથી ભાર ઉચકાતો નહોતો !"
(સુ.પૃ.૪, ૫)

પાણી પીને સૂતેલાં બાળકોની દુર્દશાથી વ્યાકુલ બનેલી સુદામાપત્ની વિધાતા પ્રત્યે પ્રકોપ ઠાલવે છે :

"વીંછણ પણ મારાથી સારી, જે બાલકને કાજે,
પોતે મરતી પણ તેનાથી, હું નિષ્ઠુર થઇ આજે.
અરે વિધાતા ! તુજને મુજ બાલક ઘડતાં આવડતાં,
પણ તેને કાજે એક રોટલો, તને ન આવડયો ઘડતા."
(સુ.પૃ. ૬)

સ્વદુ:ખે વજ્રથી ય કઠોર સુદામાનું હૈયું પરદુ:ખે કુસુમથી પણ સુકુમાર બને છે. તે "યોગ્ય સમય નહિ પ્રાપ્ત થાય, ત્યાં લગી શ્રીહરિ સ્મરો" એવું આશ્વાસન આપે છે. સુદામાપત્ની વસિષ્ઠ,

દશરથ, પાર્વતી, અર્જુન, ગુરુપત્ની વગેરેનાં દૃષ્ટાંતોથી બાળકો માટે કાંઈક કરી છૂટવા આજીજી કરે છે. પુનઃ સત્કર્મ અને અનુકૂળ દૈવનો બોધ સાંભળતાં પત્ની કલ્પાંત કરતાં જણાવે છે :

"ગમતું નથી જરાય, સાંભળવું એ જ્ઞાનને,
ધરમાં લાગી લ્હાય, (ત્યાં) શુણવાં ગમે શું ગાનને ?"[1]
(સુ. પૂ. ૧૩)

યાચવું એ બ્રાહ્મણનો આપદ્‌ધર્મ એવી પત્નીની સદૃષ્ટાંત દલીલો સામે સુદામા યાચકપણાને તિરસ્કારે છે. અને છેવટે "કપાય હીરાથી હીરો, (તેમ) યાચકપણું યાચ્યે કપાતું." કહીને પત્ની તેમને બાળકો માટે જવા પ્રેરે છે.

"હજારદ્વારે જવાનો મિથ્યા, કરશો ન નાથ ! બખેડો,
એહ સમર્થના દ્વારે જઇને, આણો ઉપાધિનો છેડો ;
આપને શ્રીકૃષ્ણ સાથે છે નેડો,
કૃષ્ણ લાવશે કષ્ટનો નિવેડો."
(સુ. પૂ. ૧૮)

અને પાડોશણ પાસેથી આણેલા "તંદુલ" લઇ જવા તૈયાર થયેલા સુદામાનાં દીનદુર્બલ બાળકો,

"સુસાઈ ગયલી કેરી કે, સૂકું તુરીયું હોય,
કે ચીમળાયું ચીભડું, તેવાં દીસે સૌ કોય."
(સુ. પૂ. ૨૦)

માર્ગમાં જતા સુદામાનું કવિએ સ્વભાવોક્તિભર્યું સુંદર શબ્દચિત્ર આપ્યું છે. ઉત્પ્રેક્ષા પણ કેવી છે !

" ઋષિનું શરીર હતું જર્જરું, અતિ શુષ્ક સઘળા અવયવો,
બહુ કેશ દાઢી પર ઉગ્યા, શિર મધ્યનું જાણે તવો,
નેત્રે પડયા ઊંડા કુવા, પ્રભુ વિરહજલ જેમાં ઠર્યું,
કર્ણે પડે ન કુશબ્દ તેથી દ્વાર હતું વાળે ભર્યું !"
(સુ. પૂ. ૨૩)

---

૧. સરખાવો : પ્રેમાનંદની પંક્તિઓ :-
"એ જ્ઞાન મને ગમતું નથી ઋષિરાયજી રે ;
રુએ બાળક, લાવો અન્ન ; લાગું પાયજી રે." ("સુદામા ચરિત્ર" કડવું ૪)

પ્રેમાનંદની જેમ શ્રીઉપેન્દ્રાચાર્ય પણ કેવી વિનોદી કલ્પનાઓ કરે છે :

"સૃષ્ટિતણા આરંભમાં દારિદ્રયની એક ગાંસડી,
બાંધી હતી વિધિએ જગતમાં વ્હેંચવા કાજે રુડી ;
દારિદ્રય તો વહેંચ્યું વિધિએ, વસ્ત્ર પણ ત્યાં પડી રહ્યું,
તેને સુદામાએ શરીર પર ઓઢવામાં વાપર્યું !"
"દારિદ્રય તરુને પોષતી કરમાં હતી જલતુંબડી,
સંપત્તિ આઘી હાંકનારી ધરી બીજે કરે લાકડી."

{સુ. પૃ. ૨૩ }

ગોમતીનું વર્ણન પણ કવિની કલ્પનાથી મનોહારી બન્યું છે. તેમાં અતિશયોક્તિ અને અનન્વયનો પણ ઉપયોગ થયો છે.

"માતનિકટ જેમ બાલિકા, નિર્ભય સુઇ રહી હોય,
વહેતી ગોમતીસમીપ, ગોમતીને ઋષિ જોય."

o o o

"પનઘટ પીત ચળકતો નિત્યે, સ્વર્ણવાસણ માંજયાને લીધે,
વસ્ત્રો ધોતી ત્યાંની અંગનાઓ, લઇને હાથમાં હીરાનો પાયો.
લોકો રત્નોમાં જાણે રહેતા, માત્ર ખાવામાં નહોતા લેતા.
જો કે ભસ્મ કરીને તો ખાતા, શરીરે રહેતા મદમાતા.
દ્વારિકાની પ્રજા કેવી કહેવી, એ તો દ્વારિકાની પ્રજા જેવી."

{સુ. પૃ. ૨૫ }

પ્રેમાનંદની પેઠે ઉપેન્દ્રાચાર્યજીએ પણ માર્ગમાં વિપ્રસુદામાને ઉપહાસપાત્ર બનાવ્યો છે ! પનિહારી કહે છે :

"કચ્છ મચ્છ ને વારાહસાર, તેનો એકત્ર આ અવતાર.
કોઇ ષિને કહે ગોળ ગોળ, નથી આ રસ્તે પાંજરાપોળ !
એક કહે નથી તમને સમજ, યજ્ઞમાં હોમવાનો એ અજ."

{સુ. પૃ. ૨૬, ૨૭ }

પરંતુ સુદામા તો ક્રોધક્ષોભહીન પરમ પ્રસન્ન મનથી "પ્રભુની અકલ ગાથા" ગાતા ગાતા જાય છે તે જોઈને કવિથી કહેવાઈ જાય છે કે :

"સર્વ વિકારરહિત થવાનું, ત્યારે તો " ઋષિ" કે'વા વાનું.
અરે ભારતવર્ષીય જીવ ! પામો આવું જીવનમાં ઋષિત્વ."
(સુ. પૃ. ૨૮)

શ્રીકૃષ્ણને વીંટળાઇ વળતી પટ્ટરાણીઓના વર્ણનમાંની ઉપમા-ઉત્પ્રેક્ષાઓ તો અનોખી અને નવીન છે. ગુજરાતી કવિતામાં આવી પંક્તિઓ ભાગ્યે જ મળશે.

"લલાટ જાણે હોય, રજતરસભર્યું સરોવર,
નીલોત્પલસમ નયન, ઉગ્યાં બે તેનાં તટ પર ;
હીરા કેસરી વર્ણના, અધર અલૌકિક અતિ હતા,
કેસરપૂજિત કૃષ્ણનાં, ચરણ વંદને ચૂમતાં ;
ચાંદીના પાત્રમાં, હોય જેમ ઘોળ્યો કસુંબો,
તેવા હતા કપોલ, જેનો રસ કૃષ્ણે ચુંબ્યો ;
કદલી સ્તંભસમ બાહુ, હસ્ત તો પદ્મસમાણાં,
(એ) કદલીમંડપમાંહિ, કહી રહે કૃષ્ણ શમાણા."
(સુ. પૃ. ૩૦)

ધર્માચાર્ય કવિની રસિકતાની અહીં કેવી કસોટી થઇ છે ?

અહીં રાજદ્વાર આગળ સુદામાને આંટા મારવા પડતા નથી. અનુચર દ્વારા કૃષ્ણને ખબર મળતાં જ તે અધીર બની કહે છે :

"રાજ્યવિભવ આ નથી, ખરેખર, કેદખાનું છે આ તો,
મારા સ્નેહી સુદામાને, પણ જ્યાં વિલંબ થાતો -"
(સુ. પૃ. ૩૨)

બંનેનું આલિંગન કેવું આલેખાયું છે :

"કો કોને છોડે નહિ, એક બન્યા ત્યાં બેઉ.
જૂના બખ કોઇ વૃક્ષમાં, બેઠો હોયે કીર,
ઋષિબાથમાં તેમ દિસે, સુન્દર કૃષ્ણશરીર.
બંને નિજ સ્થિતિ ભૂલીયા, અતૃષ્ણ ને સતૃષ્ણ
વાહ નવયૌવન વિપ્ર ને, વાહ નવયૌવન કૃષ્ણ !"
(સુ. પૃ. ૩૩)

વૃક્ષ-કીરની ઉપમા અને નવયૌવન પરના શ્લેષમાં કવિચાતુરી વરતાય છે. હર્ષાશ્રુઓથી પરસ્પરની પીંઠ ભીંજાય છે. મિત્ર સુદામાના હાથમાંથી કૃષ્ણે "તુંબડી" લઇને દાસત્વ આચર્યું તે માટે કવિ ઉત્પ્રેક્ષા કરે છે :

"તે કાળે ઋષિએ હર્યું હરિતણું, હૈયું ત્યજીને બીજું,
પોતે તો કંઈ કાળથી હરિપદે, સર્વસ્વ અર્પ્યું હતું ;
આથી એ ઋષિપાસથી, શું ગ્રહવું, તત્કાળ સૂઝયું નહિ,
કૃષ્ણે કેવલ તેથી એ ઋષિતણા, હસ્તેથી તુંબી ગ્રહી."
(સુ. પૃ. ૩૪)

કેટલીક ઉપમાઓ વિચિત્ર પણ લાગે છે. દા. ત.

"કૃષ્ણ ગયા ઋષિકર ગ્રહી, અન્તઃપુરમોઝાર,
દીસે જાણે વૃધ્ધ શું, પરણી નાની નાર !!"

શ્રીકૃષ્ણ તો સુદામા તીર્થયાત્રાએ નીકળી આવ્યા છે એવો ભાવ જણાવી કૃતાર્થતા દર્શાવે છે ત્યારે સુદામા મનમાં ને મનમાં મૂઝવણ અનુભવે છે :

"માગું કે હાવે ન માગું વૃત્તિ કરી લાજવિહોણી ?
છાશ લેવી છે તો પછી શાને સંતાડવી જ દહોણી ?"
"માગ્યા વિણ માએ નવ પીરસે, કાં તો બનીશ હું વેરી ;
ધરી શિર ખાંડણીએ, શીદ પછી મુઝાવું મારણીએ."
(સુ. પૃ. ૩૬)

કૃષ્ણ-સુદામાના પરસ્પર સંવાદમાં કવિશ્રીએ શ્લેષ અને ચાતુરીનો ઉપયોગ કર્યો છે. કૃષ્ણ પાસે વૈદૂર્યમણિ, વૈજયંતીમાળા, કૌસ્તુભ-રત્ન છે તો સુદામા પાસે અનુપમ વિવેકચિંતામણિ, વિરાગમાલા અને ચિત્તપ્રસાદરત્ન છે. તત્ત્વજલ ઝીલતું હૃદય ધરાવતા સુદામા તો વિશ્વવાસી, જ્ઞાનાહારી અને અમૃતરસ પીનારા છે....વગેરે વખાણ કરીને શ્રીકૃષ્ણ, સુદામાની માગવાની વાતને ઠેલ્યા કરે છે. પ્રેમાનંદની માફક શ્રીઉપેન્દ્રાચાર્યજીએ પણ સુદામાને ક્ષણવાર નારીનિંદક ચીતર્યા છે !

"શીદ આવ્યો સ્ત્રીનું માનીને, સ્ત્રીની મતિ છેડે પાનીને."

(સુ. પૃ. ૩૮)

બંને મિત્રો બાળપણની વાતોને સંવાદશૈલીમાં વાગોળે છે. તેમાં કૃષ્ણની મહત્તા દર્શાવવાની હોય ત્યારે " એ તો ન સાંભરે", કંઈ કંઈ સાંભરે" વગેરે ઉત્તરોથી નમ્રતા દાખવે છે. છેવટે બંનેની પાત્રતા જળવાય છે :

"કૃષ્ણ: ધન્ય ખરે જગે તેહ જે, ગુરુ કરુણાપાત્ર,
સુદામા: શિષ્ય થયા એ તો આપની, જગમાં લીલામાત્ર ;
આપ ગુરુના ગુરુ ખરે."

(સુ. પૃ. ૩૯)

શ્રીકૃષ્ણની સૂચનાથી સર્વ સ્ત્રીઓ સેવા કરી સુદામા સાથે રમણીય સંવાદ કરે છે એ તો ઉપેન્દ્રાચાર્યજીનો મૌલિક ઉમેરો છે. તેમાં શ્લેષ, પ્રાસરચના અને ચાતુરી દ્વારા વિનોદ વહાવ્યો છે. તે દરમ્યાન પ્રભુ પોતે સુદામા માટે બીજા ખંડમાં પલંગ પાથરતા હોય છે ત્યાં તેમની સ્વગતોક્તિમાં સુદામાનું "કદર્ય" હરીને "મારા મનની ભૂખ, આજ મટાડું હું પૂરી" - એ સંકલ્પ સુદૃઢ બને છે.

સુદામાના ગયા પછી તેની પત્નીએ શું કર્યું તેનું ચિત્ર બેત્રણ પદોમાં આપ્યું છે. તે પતિના કૌશલ માટે પ્રાર્થના કરે છે એટલું જ નહીં પણ,

"દળણું દળીને પૈસા લાવી, બાલકને પણ નવ ખવડાવી,
તેનાં તંદુલ આણ્યા વેચાતા, દઈ આવી પાડોશણને ત્યાં."

પ્રેમાનંદે તો સુદામાપત્નીને આ ઋણમાંથી મુક્ત કરી નથી ! માટે ઉપેન્દ્રકવિ કહે છે :

"વ્યવહારે ચોખ્ખી રહે એવી, નિર્ધન પણ નિર્મલ એ દેવી."
(સુ. પૃ. ૪૫)

અને એ પતિવ્રતા દેવીની આર્દ્ર પ્રાર્થના "સદયહૃદય બનીને પ્રભુ રે, હાવાં કરશો વહાર" સાંભળીને, પલંગ પાથરતા,

"સર્વસાક્ષી પ્રભુ પણ તે રોયા, અશ્રુજલે ઋષિ દુરિતો ધોયાં,
કૃષ્ણે હાથ કીધો જરી ઊંચો, ઋષિપત્નીની ભાગી ગુંચો.
ઋષિપત્નીઉર એવું આવે, ધૈર્યજનક કોઇ હાથ બતાવે."
(સુ. પૃ. ૪૬)

પાછળના વ્હેંારથી પેસીને કૃષ્ણે સુદામાની તાંદુલપોટલી લઈ લીધી. પછી તો "પ્રભુએ છોડવા માંડી ગાંઠો" - "પોટલીની ગ્રંથિ છૂટતી, ઋષિની કર્મગ્રંથિ તૂટતી" -

"ગાંઠો છૂટી રહી જયાં કુલ, દીઠાં - "સુદામાનાં તાંદુલ",
પટરાણીઓ ખડખડ હસી, આતુર ઊભી તે પાછી ખસી.
એક રાણીએ સ્વર ત્યાં કહાડ્યો, "ખોદી ડુંગર, ઉંદર કાઢયો."
(સુ. પૃ. ૪૭)

અહીં પણ રુકિમણીને ભક્તિ-ભક્તના ઊંડા મર્મને સમજનારી ઊંચી અધિકારિણી દર્શાવી છે. અને પછી તો એક મુષ્ઠિ ભરીને મુખમાં મૂકતાં "તે જ ક્ષણે ઋષિઝૂંપડી, તડાક ઊડી જાય", બીજી મુઠીઓ ભરતા અને સ્વાદ વખાણતા પ્રભુને જોઇને "સર્વ રાણીને લાગ્યુ જે,

પ્રભુ કંઈ ખસ્યા જણાય !" – આ બધો વિધિ પતાવીને કૃષ્ણ સુદામાને (તેની ઝૂંપડી જેવી જ) એક ઝૂંપડીમાં લઈ આવ્યા અને ત્યાં વિશ્રાંતિ લેવા જણાવ્યું. આ કવિનો મૌલિક ઉમેરો છે. તેનું રહસ્ય નહીં સમજતાં સુદામા મનમાં વિચારે છે :

"દેહની પાછળ છાયા, જેમ અનુસરતી તેમ પ્રિય ઝુંપડી !"
"કૃષ્ણને મન શું આવ્યું, આ દરિદ્ર બ્રાહ્મણ કંઈ ઘરમાં રહી,
તફડાવી લે વસ્તુ, માટે શું મુજને એ લાવ્યા અહિં ?
ખરે જ યાચક જેવી, વિષમ દશા નથી એકે આ જગમાં,
અપમાનિત થઈ જાય ત્યાં, ફરવું કાં તો ગણાઈ જવું ઠગમાં.
પેટે પાટો બાંધી, રહેવું પણ કદીએ યાચક ન થવું,
વૈર થતું વહાલામાં, અમૃતસ્થાને ઝેર પડે પીવું."
(સુ. પૃ. ૫૦)

પણ એટલામાં કૃષ્ણ નજરે પડતાં, નિમ્ન વિચારોનું નિરસન થયું. સાયંકાળે શ્રીકૃષ્ણ અને સર્વ રાણીઓએ સ્નાનાભ્યંગ વગેરે કરાવી વસ્ત્રાલંકારો આપ્યાં તે ઉંધાંછતાં પહેરીને,

"કરવા સુદામા સંધ્યાવંદન, બેઠા રત્નજડિત સિંહાસન,
કર્યું ભસ્મવિલેપન ભાલ, સામા બેઠા શ્રીકૃષ્ણગોપાલ.
ધ્યાતા સુદામા કૃષ્ણ ભગવાન, કૃષ્ણ ધરતા સુદામાનું ધ્યાન."
(સુ. પૃ. ૫૨)

સુદામાનું "સદા ય આ વો લ્હાવો રે" એ પ્રાર્થનાપદ સુંદર છે. પછી ભોજન બાદ બંને મિત્રો વાતો કરતા સૂતા. પ્રભાતે હું પહેરેલાં કિંમતી આભૂષણ સહ ઘેર જઇશ – એવો વિચાર સુદામાના મનમાં સ્ફુરાવીને, કવિએ તેના પાત્રને સહેજ હલકું પાડ્યું છે ! પણ સવારે તો જેવા આવ્યા હતા તેવા જ જવું પડ્યું ! વિદાયવેળાનું કૃષ્ણ-સુદામાનું સંવાદાત્મક કોરસગીત સરસ છે. બંનેએ એકબીજાને ભેટીને – હૃદયેથી નહીં વિસારવા અને સ્નેહે સંભારવા – વિનંતી કરી.

સુદામાના ગયા પછી તેની મૈત્રી માટે ગર્વ ધારણ કરતા શ્રીકૃષ્ણને રુકિમણીએ પૂછ્યું, "છૂપી સંપદ કાં દીધી, કાં ન સુદામા હાથ ?" ત્યારે શ્રીકૃષ્ણ ભકતની ભક્તિનું ગૌરવ વધારતા કહે છે :

"શરમ થઈ મને ભારી, ઓ દેવિ ! શરમ થઈ મને ભારી.
કયાં એ ભકતની ભક્તિ ને કયાં, તુચ્છ શક્તિઓ મારી.
એ વીતરાગી હૃદયની આગળ, હું પણ જઉં છું હારી ;
સમગ્ર વિભૂતિ મુજ દઉં છતાં એની, ભક્તિ તુલ્ય ન થનારી,
આથી સંકોચાઈ મેં સંપદ, મોકલી દીધી પરભારી."

(સુ. પૃ. ૫૫, ૫૬)

આ બાજુ માર્ગમાં સુદામા વસ્ત્રો, માળા અને લાકડીને સંબોધીને શિખરિણી છંદમાં કેવાં મર્મવચનો કહે છે :

"પિછોડી ઓ મારી ! ખરી પતિવ્રતા તું જગતમાં,
અરે તુંબિ મારી ! તું પણ નહિ ભાગી - ન બગડી.
તું ખોવાયે શાની, (જયાં) સજડ થઇ કર્મે મુજ જડી ;
ગઈ મોટે સ્થાને, પણ નવ તું પામી વિકૃતિને,
સતી સીતા જેવી, હરીફરીવરી નિજ ધણીને."

(સુ. પૃ. ૫૬)

અને પછી તો મરાઠી સાખીમાં કવિ બહિર્મુખ થયેલી કૃષ્ણવિરોધી વૃત્તિના ક્ષણિક વિકારોને વાચા આપે છે :

"દઈ જાણ્યું ન કશુંએ, લઈ જાણ્યું તો ખરું પ્રભુએ,
ઓટીમાં કંઈ સંતાડ્યું હોય, તે જોવાને કાજે -
તો શું વસ્ત્ર નહિ બદલાવ્યાં - હોય કપટી મહારાજે ?
નહિ તો શીદ લીધાં, વસ્ત્રો જે રાતે દીધાં."

(સુ. પૃ. ૫૭)

કવિ કહે છે કે,

"જીવનો એક છે સ્વભાવ ખોટો, સંશયમાં દોડે દઈ દોટો.
સંશયને ને પ્રભુને છેટું, પ્રભુ કહે "અસંશયીને ભેટું"."
(સુ. પૃ. ૫૮)

થોડી ક્ષણોમાં સદ્‌વિવેક-શ્રધ્ધા પ્રબળ બનતાં સુદામાએ સમાધાન મેળવ્યું અને ત્રિકાળજ્ઞાની પરમેશ્વરે સ્વહસ્તે પોતાને સંમાન આપ્યું-અપાવ્યું તેમાં -

"કરુણા કૃષ્ણતણી જ અતુલ, મને નવ દીધું અનર્થનું મૂળ.
- દઈશ જો હું સંપત્તિ આને, વહી જશે એ તો અભિમાને,
નહિ વહે એ પછી મુજ ધ્યાને, પછી એ તો પડશે અધઃસ્થાને -
વિચારેલું કૃષ્ણે આવું અમૂલ્ય - કરુણા કૃષ્ણતણી જ અતુલ."
(સુ. પૃ. ૫૯)

પોતાના ગામે આવતાં દ્વારામતી જેવા મંદિર-મહાલય જોઇ વિમાસણમાં પડેલા સુદામા શોધ કરે છે કે,

"ઝૂંપડી ગઈ તો ઓછી ગઈ, પણ બાલક કયાં-સ્ત્રી કયાં ગઈ ?"
"છે એ વૃધ્ધ દુબળી ગૌ જેવી, પણ મારી તો એ ગૃહદેવી.
જો કે બગાઈ સમાં છોકરાં, પણ તે મારાં, નથી પારકાં."
(સુ. પૃ. ૬૧)

એટલામાં,

"મન્દિરમાંથી આવતું, દીઠું સુન્દરીયૂથ,
ઋષિ તેને જોવા ઉભા, બની જડવત તાબૂત."
(એજન)

બની જડવત્ તાબૂત - બ્હોરા સુદામાનું ચિત્ર દોરી, કવિ સુંદરીયૂથનું વર્ણન કરે છે :

"છમક છમક છમકાર, કરતું સુન્દરીયૂથ આવે,
ઝમક ઝમક ઝમકાર, થતાં ઝાંઝર ઝમકાવે,
ચમક ચમક ચમકાર થતાં પહેર્યાં છે વસ્ત્રો,
ઠમક ઠમક ઠમકાર, ચાલી શોભાવે રસ્તો."

(એજન)

પ્રેમાનંદની પેઠે જ કવિ અહીં પ્રસંગને બહેલાવે છે. વ્યાકુળ બનેલા સુદામા વિનવે છે :

"અરે માવડી ! આમ, મારી સામું શીદ જુઓ."

o o o

"નથી દુષ્ટ કોઇ લાલસા, નથી ઠગારો ચોર હું,
નીચ વૃત્તિનો હું નથી, નથી તમારો ગોર હું."

o o o

"હાથ જોડી તમને કહું, કૃપા કરી રો'છેટી ઓ."

(સુ. પૃ. ૬૨)

પછી તો સ્ત્રીઓએ સુદામાને નામથી પોકારી તેનાં દશ બાલકની આણ આપી. છેવટે એક દિવ્ય સ્ત્રીએ હાર પહેરાવતાં, તે કૃષ્ણતુલ્ય નવયૌવનરૂપ દિવ્ય દુકલવિભૂષિત બની રહયા. છેવટે, સુદામાને મર્મ સમજાયો કે પ્રભુ દ્વારિકામાં તેને ઝૂંપડીમાં શા માટે લઈ ગયા હતા ! પ્રભુ માટે પોતે કરેલા નિમ્ન વિચાર-સંદેહ માટે પસ્તાવો કરીને નિશ્ચય કર્યો કે, આ સર્વ વૈભવનું કારણ,

"નથી સુદામાભકિત પણ, કૃષ્ણકૃપા જ ગણાય."

(સુ. પૃ. ૬૫)

વૈભવમાં આસક્ત થયા વિના પોતે સ્નાન કરી ધ્યાન ધરી ભાવભરી પ્રાર્થના કરે છે :

"પ્રભુ ! આપ વિના, આ સઘળું મારે મન લુખું લુખું.
આથી સુન્દર મન્દિર બન્યું, કદી હોયે ધન તેમાંહ્ય ઘણું,
પણ પ્રાણવિનાનું તેહ તનુ ; પ્રભુ ! આપ વિના."
"બીજ કાઢીને છોડાં દો છો, માખણ છાશેથી લઈ લો છો,
આપ્યામાં આપ ન જો હો છો ; પ્રભુ ! આપ વિના."
"પ્રભુ ! હું તો છું ઘેલો કાલો, આ મન્દિરમાં આવી મહાલો,
જો તમને સુદામો હોય વહાલો ; પ્રભુ ! આપ વિના."
(સુ. પૂ. ૬૫, ૬૬)

ત્યાં તો વિભૂતિ સહ કૃષ્ણ પ્રકટ થયા. પૂજન-ભોજન બાદ શ્રીકૃષ્ણે આશીર્વાદ આપ્યા :

"તું મુજમાં હો નિત્ય હું, તુજમાં રહીશ સદાય.
તારાં દર્શન પ્રેમથી, જે કરશે નરનાર,
તેનો ઈહ-પરલોકમાં, થાશે જયજયકાર."
(સુ. પૂ. ૬૬)

અંતિમ ફલશ્રુતિ અને સામૂહિક જયગાનથી આખ્યાન સમાપ્ત થાય છે.

આ આખ્યાનમાં થોડો વધુ પડતો વિસ્તાર થયો ન હોત તો છે તે કરતાં વધુ રોચક અને હૃદયંગમ થાત. તેમાં કરુણ, હાસ્ય અને અદ્‌ભુત – ત્રણે ય રસના મિશ્રપ્રવાહો જોવા મળે છે. ઉપેન્દ્રકવિ પણ કેટલેક સ્થળે સુદામાને ભોગે વિનોદરસને વહેતો રાખે છે – જો કે તે ગુજરાતીપણાના આગ્રહી પ્રેમાનંદ જેટલો અતિરેક થવા દેતા નથી. ગમે તેમ, પણ કવિશ્રીના આ આખ્યાનની સાદ્યંત અભ્યાસપૂર્ણ સમાલોચના થાય એ ઈચ્છનીય છે.

---o o o---

શ્રીમન્નૃસિંહાચાર્યજીના સુપુત્રી શ્રીમતી ભારતીદેવી પણ વિદુષી સન્નારી હતાં. તેમનું અવસાન તા. ૨૪-૧૨-૧૯૩૧ના રોજ થયા પછી, તેમના પુણ્યસ્મરણ રૂપે તા. ૭-૨-૩૨ના રોજ "શ્રી ભારતી ઉત્તરાર્યન સંમેલન" પ્રસંગે વર્ગના કવિબંધુ ભગિનીઓએ ગદ્યપદ્યમાં નિવાપાંજલિ આપી હતી. તે પ્રસંગે શ્રીઉપેન્દ્રાચાર્યજીએ "માતૃહૃદયવેદન" નામનું કાવ્ય પ્રકટ કર્યું હતું. પ્રસ્તુત મંદાક્રાન્તાના ૪૧ શ્લોકોમાં મુખ્ય રસ કરુણ હોવા છતાં તે કેટલેક સ્થળે તત્ત્વચિંતનના શાંતની છાયામાં વહેતો રહેવાથી, ઘટ્ટ બનતો નથી. ઘણા શ્લોકો યતિભંગની પરવા કર્યા વિના, વિચાર કે ભાવને વહન કર્યે જાય છે.

"મેં તો ધારી નભસમ તને, અભ્ર ત્યાં થૈ ગઇ તું,
મેં ધારી આ - રસની પ્રતિમા, મૂર્તિ કર્પૂર થૈ તું;
મેં જાણ્યું તું સરિત પણ થૈ, માત્ર બુદ્‌બુદ્ રહી તું,
મેં માન્યું તું ગગન-ધ્રુવ છે, વીજળી થૈ વહી તું. ૧૨
જાણું જાણું ક્ષણિક સઘળું, વિશ્વ આ સ્વપ્ન જેવું;
જાણ્યું તું તો ચિરજીવિની, છે - સ્નેહઅજ્ઞાન એવું;
સાચે તો છે સ્વરૂપ સત્ ને, જૂઠી આ દૃષ્ટ સૃષ્ટિ,
દેખાડે છે, સત્ અસત્‌માં, અન્ધ આ મોહદૃષ્ટિ." ૧૩
"જાણો પાકું, હૃદય મહિં જે, આખું બ્રહ્માંડ જૂઠું,
આસક્તિના અવસરમહિં, થૈ જજો કાષ્ઠ-ઠૂંઠું." ૩૮
"અંતર્વેગે, ક્ષણભર કદી, ક્લેશ કીધો ન કીધો,
બાકી રે'જો, ઉપરત જગે, જો ગુરુબોધ પીધો." ૩૯

શ્રી નરસિંહરાવ દીવેટિયાની "સ્મરણસંહિતા" પછી આ પ્રકારનાં શોકપ્રશસ્તિ કે નિવાપાંજલિરૂપે અલ્પ સંખ્યામાં લખાયેલાં કાવ્યોમાં શ્રીઉપેન્દ્રાચાર્યજીનું "માતૃહૃદયવેદન" નોંધપાત્ર ઉમેરો છે. તેમાં શોક-વિલાપનો પ્રવાહ નથી તેમ જ સ્વર્ગસ્થની જીવનચર્યા કે ગુણપ્રશસ્તિ પણ નથી. પરંતુ દુઃખદ વ્યતિકરના નિમિત્તે હૃદયમાં ઉદ્‌ભુત થયેલી સદસંવેદનાને આછા તત્ત્વબોધમાં વહેતી મૂકેલી છે.

o o o

હવે આપણે શ્રી ઉપેન્દ્રાચાર્યજીની ગદ્યકૃતિઓનું ઉડતું વિહંગાવલોકન કરીશું.

"દિવ્યમૂર્તિ"

શ્રી માસ્તર સાહેબનો દેહવિલય થયા પછી તા. ૧૫-૭-૧૯૧૨ના રોજ અગ્રણી શ્રેયસ્સાધકોએ "શ્રી વિશ્વવંદ્ય સ્મારક પ્રવૃત્તિ"નો આરંભ કરવાનું અને તે દ્વારા શ્રેયસ્કર વિચારોનું પ્રસારણ-પ્રકાશન કરવાનું નક્કી કર્યું. એ શુભ પ્રવૃત્તિના પ્રથમ મણકા રૂપે શ્રીઉપેન્દ્રાચાર્યે ચિતિશક્તિ, સંકલ્પશક્તિ, ઉત્કૃષ્ટ ચારિત્ર્ય, ઉપકારનિવેદન વગેરે માસ્તરસાહેબના શુભ હિતકારી વિચારોને કેન્દ્રમાં રાખી, સામાન્ય માનવી પણ અંતે કેવીરીતે મહાત્મા બની શકે છે, તેનો રસિક પરિચય "દિવ્યમૂર્તિ" વાર્તામાં કરાવ્યો છે.

સિધ્ધાચલ પર્વતના પવિત્ર પ્રદેશમાં દીર્ઘકાલ સુધી આનંદમય જીવન ગુજારતા સમર્થ સિધ્ધો, તે પ્રદેશ છોડતા પહેલાં એક સુંદર, પ્રેરક, સામર્થ્યવાન દિવ્યમૂર્તિ ઘડવાનું અને ઉપાસ્ય ઈષ્ટદેવોની ઉપસ્થિતિમાં તે મૂર્તિમાં સંસ્કારપ્રતિષ્ઠા કરવાનું નિશ્ચિત કરે છે. નિર્ણીત દિને સિધ્ધો દેવ-દેવીઓનું તેઓને ઉચિત ભવ્ય સન્માન કરે છે તથા આવાહનમંડપ, વિહારસ્થાન, અમૃતાલય વગેરે સ્થળોની આકર્ષક આહ્લાદક વ્યવસ્થા કરે છે. ત્યારબાદ સિધ્ધો અને સાધ્વીઓ તે પાષાણમૂર્તિમાં દિવ્યતા, પ્રસન્નતા, ભવ્યતા, શુભભાવના, શ્રધ્ધા, પ્રતિભાશક્તિ, સામર્થ્યશક્તિ, ઉત્સાહશક્તિ, અમૃતત્વ, ઐશ્વર્ય, ધૈર્ય, જ્ઞાનરહસ્ય વગેરેના અંશો સસંકલ્પ અર્પે છે. પ્રસન્ન થયેલા દેવો સર્વને "જયોતિર્મયતા"નો મંગલકારી અલૌકિક અનુભવ કરાવે છે. વિનોદપ્રિય બાલસિધ્ધ, દેવ-દેવીઓને પૃથ્વીલોકનાં જુદાં જુદાં ચિત્રો બતાવી, મર્યાદિત મતિવાળા અલ્પશક્તિમાન અહંકારી લોકો દેવોને અને તેમનાં રહસ્યસૂત્રોને કેવાં વિકૃત રીતે રજૂ કરે છે તેનું માર્મિક રીતે દર્શન કરાવે છે. સિધ્ધોએ કરેલા સ્વાગતથી પ્રસન્ન થયેલા દેવાધિદેવ મહેશ્વર અંતમાં વરદાન આપે છે,

"જે દિવ્યમૂર્તિનું તમે આજે સ્થાપન કરી તેમાં સંસ્કારપ્રતિષ્ઠા કરી છે, તે દિવ્યમૂર્તિને અનુરૂપ અવતાર મનુષ્યસૃષ્ટિમાં આ ભૂતલ ઉપર થશે, અને તે કાલના સંધિમાં જ પૂર્વોક્ત વરવચનની પણ ફલસિધ્ધિ પ્રકૃતિના નિયમાનુસાર થશે. તમે સર્વ પ્રસન્નતાને પામો."[1]

આમ સિધ્ધો દિવ્યમૂર્તિની પ્રતિષ્ઠા કરી તે સ્થાન છોડે છે. પરંતુ તે દિવસથી ત્યાં વસતી સમગ્ર પ્રજા શ્રધ્ધાપૂર્વક વર્ષોથી માનતી આવી છે કે સર્વને શાંતિ, પ્રેરણા, પ્રસન્નતા, શક્તિ વગેરે શુભતત્ત્વો અર્પતી આ દિવ્યમૂર્તિ સમી કોઈ વિરલ વિભૂતિ તે પ્રદેશમાં ભવિષ્યકથન પ્રમાણે જરૂરથી પધારશે. નાનકડા દીનબંધુને પણ તેની મા રસપૂર્વક આ જ વાત સમજાવે છે. આથી દીનબંધુ બાળપણથી જ શ્રધ્ધા-ભક્તિપૂર્વક અપૂર્વ દિવ્યમૂર્તિને એકાગ્રતાપૂર્વક નિહાળ્યા કરે છે અને તેવો પુરુષ તે પ્રદેશમાં ક્યારે આવશે તેની ચાતકડોકે વાટ જોયા કરે છે. દિવ્યમૂર્તિ જેવો સાધુપુરુષ કેટલાંક વર્ષો બાદ પધારે છે ત્યારે વિશાળ માનવમેદની તેના બાહ્યદેખાવથી પ્રસન્ન થઇ તેને દિવ્યમૂર્તિ તરીકે સન્માને છે, પરંતુ દિવ્યમૂર્તિ અને સાધુપુરુષની વારંવાર તુલના કરતાં દીનબંધુને તેનામાં દિવ્યમૂર્તિના સૂક્ષ્મ તેજસ્વી દિવ્ય અંશોનો અભાવ જણાય છે. બાહ્યતત્ત્વોથી આકર્ષાયેલા પણ અંતરતત્ત્વને ન પકડી-સમજી શકનારા માનવસમૂહને જોઈ તે જે મનોમંથન વ્યક્ત કરે છે તે ફકરો ગદ્યશૈલીની દૃષ્ટિએ પણ નોંધપાત્ર છે.

"મનુષ્યનો મોટોભાગ આજ સર્વને ઉપર ઉપરથી જ જોનાર થઈ ગયો છે. અને તેથી તે કશામાંથી તેને જે જોઈએ છે તે મળતું નથી. જેથી સર્વ તેની નિકટ અને પ્રાપ્તવત્ હોવા છતાં તે

---

૧. "દિવ્યમૂર્તિ", પૃ. ૬૯

વડે લક્ષ્યની કલ્પનાઓ બાંધે છે અને જીવત્વ વડે અને મહાન કાર્યોને સફલ કરવાની આશા સેવે છે. સળેકડાથી તે ભીંતને ટેકવી રાખે છે, રૂના પુમડાના પ્રહારથી તે શત્રુને ઉડાવવા ઈચ્છે છે, લાકડાના લાડુથી તે પેટ ભરવા ધારે છે અને માખી ઉપર બેસીને તે ગગનવિહારી થવા ઈચ્છે છે."[1]

એક વખત તેના નગરમાં દિવ્ય મહાલય બંધાતા તે પણ લોકોની માફક માને છે કે તેનામાં નિવાસ કરનાર વ્યક્તિ તેવી જ સર્વોત્તમ હશે. પરંતુ પ્રચંડ પુરુષાર્થ અને કુનેહથી અઢળક સંપત્તિ પ્રાપ્ત કરનાર સુવર્ણરાજની નગરસ્વારી જુએ છે ત્યારે દીનબંધુને સંતોષ થતો નથી. ઉદાસીન બનેલો દીનબંધુ પોતાની યોગ્યતા કેળવવા શેષ સમયમાં વારંવાર દિવ્યમૂર્તિનું ધ્યાન ધરે છે, ઉચ્ચ સંકલ્પો સેવે છે અને નિર્ભયતા અને ઉત્સાહ અર્પતી પ્રાર્થના પણ કરે છે. આમ તે દિવસે દિવસે વધુ સુંદર છતાં ભવ્ય, શક્તિશાળી છતાં સ્નેહાળ, આકર્ષક છતાં પ્રભાવક બનતો જાય છે.

સમર્થ સૈનિક તરીકે વિશ્વવિખ્યાત બનેલા દેશહિતૈષીને જોઈને પુનઃ પ્રજા તેનામાં દિવ્યમૂર્તિનાં દર્શન કરે છે, પણ આ વખતે ય દીનબંધુ પોતાનો સૂર પ્રજામત સાથે મેળવી શકતો નથી. તે કલ્પનામાં વારંવાર દિવ્યમૂર્તિ જેવા પુરુષને જોવાનો અનુભવ કરે છે, ઉપકારનિવેદન કરે છે તથા ચિત્તને ઈશ્વરાભિમુખ રાખે છે.

થોડાક વખત પછી ચાણક્ય સમી બુધ્ધિ-પ્રતિભાવાળા કુશળ વક્તા ચતુર રાજનીતિજ્ઞ તથા અન્ય દેશમાં યશસ્વી મંત્રીપદની જવાબદારી ભોગવતા એવા રાજપુરુષ પધારે છે, ત્યારે પણ દીનબંધુને તેનામાં દિવ્યમૂર્તિના તેજસ્વી અંશો જણાતા નથી.

---

૧. "દિવ્યમૂર્તિ", પૃ. ૯૩

સાધુપુરુષનો વેશ, સુવર્ણરાજનું ધન, દેશહિતૈષીનું ખડગ કે રાજપુરુષની વાણી દીનબંધુને પ્રસન્ન કરી શકતી નથી. પરંતુ દીનબંધુને ખબર નથી કે ઉચ્ચ સંકલ્પશક્તિ અને પુરુષાર્થથી તથા ઇશ્વર પ્રતિના ઉપકારનિવેદનથી તેણે સર્વતોમુખી વિકાસ સાધ્યો છે અને તે દિનપ્રતિદિન દિવ્યમૂર્તિ-સદૃશ પ્રભાવશાળી પ્રતાપી સ્નેહાળ શાંતિપ્રદાતા વિરલ પુરુષ બનતો જાય છે.

પરંતુ એ પ્રદેશમાં જ્યારે સર્વોત્તમ કલ્પનાની સહાયથી ઉચ્ચકોટિનાં પદો રચતો કવિ - માનવહીરાપારખુ - આવી પહોંચે છે, ત્યારે ભવ્યમુદ્રાવાળા અદ્ભુત દીનબંધુની દિવ્ય અમૃતધારાને સસ્નેહ ઝીલતી માનવમેદનીની વચ્ચે તે કવિ પોકાર કરી ઉઠે છે :

"જુઓ ! જુઓ ! દીનબંધુ પોતે જ જીવંત દિવ્યમૂર્તિ સ્વરૂપે આજે આપણી દૃષ્ટિ આગળ ઊભો છે. નિહાળો ! નિહાળો !"[1]

શ્રી ઉપેન્દ્રાચાર્યે અહીં માસ્તરસાહેબના સૂત્રાત્મક વિચારનું વાર્તાસ્વરૂપમાં વિશ્લેષણાત્મક અને વર્ણનાત્મક પધ્ધતિથી રસિક શૈલીમાં વિસ્તૃતીકરણ કરેલું છે. અડગ નિષ્ઠા, અવિરત પુરુષાર્થ અને ઉપકારનિવેદનથી એક જ ઉચ્ચ અને સર્વોત્તમ ધ્યેયને દૃઢતાથી વળગી રહેલો એક સામાન્ય અદનો માનવી પણ ક્રમિક સાધના વિકાસ દ્વારા વિશ્વવંદ્ય વિભૂતિ પણ બની શકે છે, તેનો ખ્યાલ આપ્યો છે. આડચર્ય, એક જ વિચારની અનુચિત પુનરુક્તિ, બાલસિધ્ધના ચિત્રદર્શનકાર્યક્રમમાં તત્કાલીન પ્રશ્નોની માર્મિક પર્યેષણા, દીનબંધુનું અતિપ્રસ્તારી મનોમંથન વગેરેને લીધે અહીં શ્રી ઉપેન્દ્રાચાર્યજીની ગદ્યશૈલી - માસ્તરસાહેબની શૈલીની જેમ - સૂક્ષ્મ, સઘન અને સૂત્રાત્મક બની શકી નથી.

---

૧. "દિવ્યમૂર્તિ", પૃ. ૧૯૨

"શ્રી સદ્બોધમન્દાર" પ્રથમ અને દ્વિતીય ગુચ્છ

યોગીશ્વર શ્રીમન્નૃસિંહાચાર્યજી અને વર્ગના પટ્ટશિષ્ય તથા "મહાકાલ"ના આદરણીય તંત્રી શ્રી વિશ્વવંદ્ય માસ્તરસાહેબનાં પ્રેરણા-માર્ગદર્શનથી શ્રેયસ્સાધક અધિકારી વર્ગે અકલ્પ્ય વિકાસ સાધ્યો હતો. રસદૃષ્ટા શ્રીઉપેન્દ્રાચાર્યજીએ તેમાં અનેકવિધ સમારંભો, ઉત્સવો અને પ્રવૃત્તિઓ દ્વારા વર્ગના મૂળ ભાવને સાચવીને કલાત્મક સ્પર્શ આપવાનો સહજ પ્રયત્ન કર્યો હતો. આથી કલાકારો, વિદ્વાનો, સાધકોથી માંડીને યુવક-વિદ્યાર્થી સમુદાય માટે વર્ગના આચાર્યશ્રી આદરણીય પ્રિય પાત્ર બની ચૂક્યા હતા. નમ્રતા, સાદાઈ, સરળતા અને પ્રસન્ન વ્યક્તિત્વની મૂર્તિ સમા શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી આબાલવૃધ્ધ સૌના આદર્શ વડીલબંધુ અથવા (સાધકોને માટે) ઉપદેષ્ટા ગુરુ હોવાથી સૌ કોઈ તેમના આનંદપ્રદ કે દુઃખદ પ્રસંગે, શક્ય હોય તો સાક્ષાત્ શ્રી ઉપેન્દ્રભગવાનની પાસે અંગત લાગણી વ્યક્ત કરતા અને ભગવાન્શ્રીના મુખેથી મંગલમય અમૃતવાણી સાંભળી સંતોષ અનુભવતા; અથવા પત્રો દ્વારા સ્વકીય લાગણીને વાચા આપી, શ્રીઉપેન્દ્રભગવાનની આશીર્વાદાત્મક પત્રપ્રસાદીની ચાતકડોકે પ્રતીક્ષા કરતા. સજ્જનો-સાધકોથી માંડીને યુવકો-વિદ્યાર્થીઓ પ્રતિ લખાયેલા આવા વિવિધ ભાવને સૂચવતા પત્રોનો સમુચ્ચય "શ્રીસદ્બોધમન્દાર"ના પ્રથમ અને દ્વિતીય ગુચ્છમાં કરવામાં આવ્યો છે. "ચારિત્ર્યમંદિર" જેવી વિદ્યાર્થીઓની આદર્શ સંસ્થાનું અને "શ્રેયસ્સાધક" જેવા વિશેષતઃ કિશોરો માટેના સાપ્તાહિકનું શ્રીઉપેન્દ્રભગવાન્ ઉચ્ચ આદર્શોને લક્ષમાં રાખી સંચાલન કરતા હોવાથી તથા શ્રેયસ્સાધક અધિકારી વર્ગના આચાર્ય હોવા છતાં સૌની સાથે નમ્ર અને સરળ વ્યવહાર રાખતા હોવાથી વિદ્યાવ્યાસંગી વિદ્યાર્થીઓ પણ તેઓ સાથે અનેકવિધ પ્રસંગે કેવો આત્મીય વ્યવહાર રાખતા હતા, તેની પ્રતીતિ આ બંને પત્રસંગ્રહો દ્વારા થાય છે.

આટલી નાની ઉંમરે સૌના વ્યથિત હૃદયને આશ્વાસન-શાંતિ આપી શકે તેવી તેમની જ્ઞાનસિંચિત સુમધુર શૈલીમાં ઈષ્ટકૃપાનો વિશિષ્ટ વ્યતિકર જ જોઈ શકાય છે.

તેવી જ રીતે યુવાન પુત્રના અવસાન નિમિત્તે કોઈનાથી પણ આશ્વાસન ન પામતા એક દુઃખી વૃધ્ધ સાધકને માત્ર અઢાર વર્ષની વયે શ્રીઉપેન્દ્રભગવાન્ ~~આશ્વાસન ન પામતા એક દુઃખી વૃધ્ધ સાધકને માત્ર અઢાર વર્ષની વયે શ્રીઉપેન્દ્રભગવાન~~ આશ્વાસન-પત્રમાં ચિંતનથી ધૈર્ય રાખવાની કુનેહ, આસક્તિનું સ્વરૂપ વગેરેને દ્રષ્ટાંતો સહ સમજાવતાં અંતે બોધ આપે છે,

"પ્રિય ભાઈ ! આ સર્વ કહી જણાવવા જેવું તાત્પર્ય એ જ છે કે અયોગ્ય આસક્તિની નિવૃત્તિ કરવી. અને હવે તે થવી સુલભ છે. હજી પણ શ્વાન જેમ હાડકાને ચાવી પોતાના મુખમાંથી જ લોહી કાઢી દુઃખી થાય છે તેમ મૃત પ્રતિ અયોગ્ય આસક્તિ સેવી દુઃખી થઈએ તો તે શી રીતે યોગ્ય ગણાય ? આથી તમારા સરખા વિચારવાન્ મનુષ્યે અયોગ્ય આસક્તિ તોડવી એ વિહિત ઠરે છે."[1]

દ્વિતીય ગુચ્છમાં પત્ર ૧૩૫માં પણ તેમણે સંસારને ખાલી રમકડા જેવો ગણાવી શ્રેયસ્કર બોધ આપ્યો છે.

શ્રેયસ્સાધકો વિવિધ સાધનાને એકચિત્તે એકાંતમાં કરવા માટે પ્રતિવર્ષ નદીતટે કે કોઈ રમ્ય સ્થલે સાધનસત્ર યોજતા. તેમાં તેઓ આચાર્યશ્રીને પધારવા નમ્ર વિનંતી કરતા. સંજોગવશાત્ તેઓશ્રી હાજર ન રહી શકે તેમ હોય તો સાધકોના પ્રેમાગ્રહને માન્ય રાખી ઉપદેશવચનો લખી મોકલતા. આવા એક સાધનસત્રમાં શ્રીઉપેન્દ્રભગવાન્ તેમના સંદેશામાં સંયમબળ, સાધનનું

---

૧. "શ્રીસદ્બોધમન્દાર", પ્રથમ ગુચ્છ, પત્ર ૧૧૧,
સં. ૧૯૫૪માં લખાયેલો પત્ર ૨૫૩

સ્વરૂપ, સાધનામાં સ્થિતિ વગેરે વિશે મનનીય વિચારો લખી મોકલે છે. તેઓશ્રીની મીઠી ટકોર કેવી માર્મિક અને હૃદયસ્પર્શી છે !

"આપણને ઈષ્ટકૃપાના ચિહ્નનું ભાન ન થતું હોય તો તેનું કારણ એ જ છે કે આપણે સાધનોને સ્પર્શી સ્પર્શીને ભાગીએ છીએ. જરા કર્યું ન કર્યું કે આપણે તેનાથી વિમુખ બનીએ છીએ — છોડી દઇ આઘા બેસી જઈએ છીએ. અગ્નિની નિકટ જવા છતાં જેટલા નિકટ જવું જોઇએ તેટલા નિકટ નથી જતા તો અગ્નિની ઉષ્મા — ગરમી—નો લાભ આપણને મળતો નથી, તેમ સાધનની અધિક નિકટતર ગયા વિના આપણને એના ફલરૂપ ઈષ્ટાનુગ્રહનો અનુભવ થતો નથી. પારદની ગુટિકા શરીરમાં અદ્‌ભુત ભાન પ્રકટાવે એ વાત સાચી, પણ તે ત્યારે કે જ્યારે તેને શરીરને સ્પર્શીને નિરન્તર દીર્ઘ કાલ રાખી મૂકવામાં આવે — કલાક બે કલાક શરીરે બાંધી તેને છોડી મૂકવાથી તે ધાર્યો લાભ, સમર્થ છતાં, આપતી નથી. તેમ સાધન સાથે આપણે થોડો સંબંધ બાંધ્યો ન બાંધ્યો, ત્યાં તો તેને છોડી દઈએ, તો તે સાધનો, સમર્થ હોવા છતાં, ધાર્યું ફલ નથી દર્શાવી શકતાં."[૧]

નૂતનવર્ષના મંગલ દિને તેઓશ્રીએ પાઠવેલા અભિનંદનપત્રોમાં પણ ઉત્કૃષ્ટ પ્રકારનું ચિંતન વહેતું જોવા મળે છે. તેમાં તેઓ સાધકોની આધ્યાત્મિક સાથે માનસિક અને શારીરિક ઉન્નતિ પણ ઈચ્છે છે. એક સ્થળે — પત્ર ૧૬માં — પત્રલેખકે સક્રિય (Active) દૃષ્ટિ અને અક્રિય (Inactive) દૃષ્ટિનો તુલનાત્મક પરિચય કરાવ્યો છે તથા ઉન્નતિવાંછુ જાગ્રત અને સભાન વ્યક્તિ, સક્રિય દૃષ્ટિથી પોતાના જીવનમાં ચમત્કારિક આમૂલપરિવર્તન કરી શકે છે, તે સમજાવ્યું છે.

---

૧. "શ્રીસદ્‌બોધમન્દાર", પ્રથમ ગુચ્છ, પત્ર ૬૭

"બીજી સક્રિય દૃષ્ટિ તે મનુષ્યજીવનને ઉન્નત કરવામાં અતિસમર્થ છે. તે કેદી ઉપર Guard જેવી, બાલક ઉપર માતા જેવી, પતિ ઉપર પત્ની જેવી, મિત્ર ઉપર સન્મિત્ર જેવી — વિશ્વસનીય મિત્ર જેવી — એમ વિવિધ પ્રકારની હોય છે."[1]

યુવકો અને વિદ્યાર્થીઓ પ્રતિ લખાયેલા મોટાભાગના પત્રોમાં કર્તાએ મન અને તનના સુદૃઢ આરોગ્ય પર ખાસ ભાર મૂક્યો છે. માસ્તરસાહેબનો સંકલ્પશક્તિ અને આંદોલનનો સિધ્ધાંત, પણ અત્રે નવા સંદર્ભમાં પ્રયોજાયેલો જોવા મળે છે. દા.ત. પત્ર ૧૫૦ માં શ્રીઉપેન્દ્રભગવાન્ વ્યાધિગ્રસ્ત યુવાનને રોગમુક્ત થવા સારા હિતકારી આરોગ્યવર્ધક વિચારો કરવાનું તથા અધ્યાત્મબલપોષક ગ્રંથમાળાના પ્રથમ અંકમાં સૂચવ્યા મુજબ શુભ આંદોલનો પ્રવર્તાવવાનું જણાવે છે. પત્ર ૧૬૬માં જેમને બાળપણથી જ સતત જોતા આવ્યા છે એવા યુવાનવયના એક ભાઈને રંગુનનો લાંબા સમયનો પ્રવાસ ખેડતાં પૂર્વે જે કેટલાંક વ્યવહારોપયોગી સૂચનો કર્યાં છે તે કોઈપણ યુવકને માટે જીવનમાં ઉતારવાં જેવાં છે.

શ્રીઉપેન્દ્રાચાર્ય સૌને માટે માનવંતી વ્યક્તિ હોવાથી તેઓની સાથેના પત્રવ્યવહારમાં આચાર્યશ્રીની અંગત લાગણી કે ભાવને બદલે ઉત્કૃષ્ટ પ્રકારનું જીવનપાથેય પૂરું પાડતો સર્વોત્તમ સદુપદેશ સંક્રાંત થતો જોવા મળે તે સ્વાભાવિક છે. તેમ છતાં પ્રસંગ, પરિસ્થિતિ કે વ્યક્તિ પરનું મર્માળું પણ નિર્દંશ પ્રસન્નપ્રવાહી હાસ્ય પણ કેટલાક પત્રોમાં જોવા મળે છે.

દ્વિતીય ગુચ્છમાં પત્ર ૧૧૯માં કાવ્યપંક્તિનો ઉલ્લેખ કરી સ્મિતજનક ચમત્કૃતિ ઉપજાવવામાં આવી છે.

---

૧. "શ્રીસદ્બોધમન્દાર", પ્રથમ ગુચ્છ, પત્ર ૧૬

"મારે "વેણી ગુંથી ને માંહિ ફૂલ હું તો ભૂલી" જેવું થયું ! તમારે ત્યાં આવી તમને પૂછવાનું ગોખતો ગોખતો આવેલો તે ભૂલાઇ ગયું ! તમે પ્રથમ લખેલું તે હવે યાદ નથી."[૧]

તેવી જ રીતે "ભવ" અને"ભાવ" પરની શબ્દરમત પણ એવી જ રમૂજપ્રેરક છે :

"આ ભવોદધિમાં ત્યાંના ભાવોદધિની છોળોને અનુભવી અહીં આવવું થયું છે."[૨]

ફુટબોલ અને વાલપાપડી જેવી ક્ષુલ્લક બાબતોને પણ મર્માળા હાસ્ય માટે સુંદર રીતે પ્રયોજી છે.

"હમણાં તો ફુટબોલના દડાની પેઠે આમથી તેમ અને તેમથી આમ ધક્કાધક્કી ચાલે છે.....તમારી પ્રકૃતિ કેમ છે ? હવે તો સ્વસ્થતા ઉપર હશે જ. – ભાઈ તો વાલપાપડી ખાતા થઈ ગયા છે. આત્માનો ઢગલો વાલનો ઢગલો પચાવી દે છે. એમને જયગુરુ."[૩] એક સાધકબંધુનો તેમની દુર્બલતાના સમાચાર આપતો પત્ર સુંદર આકર્ષક ગુલાબી પરબીડિયામાં આવે છે, ત્યારે આચાર્યશ્રી એક જ લીટીમાં આ વિસંવાદિતા પર વેધક કટાક્ષ કરી મીઠી ટકોર કરે છે –

"હજી હું અહીં જ છું. ગુલાબી રંગના કવરમાં દુર્બલતાના સમાચાર વાંચી આશ્ચર્ય થયું."[૪]

તો યોગ્યતા, અધિકાર અને અભિમુખતા પર ભાર મૂકતા એક પત્રમાં તેમની વાણી કેવી આખાબોલી બની જાય છે !

---

૧. "શ્રીસદ્બોધમન્દાર", દ્વિતીય ગુચ્છ, પત્ર ૧૧૯
૨. એજન
૩. એજન, પત્ર ૩૦૨
૪. એજન, પત્ર ૧૧૮

"તમે કંઈ પારમાર્થિક ક્રિયા કરવાની દુકાન કાઢીને બેઠા નથી, કે જેને હોય તેને "આવો, ભાઈ આવો" કહીને વકરો કરાવવાને તમે બોલાવો. તેમને ગરજ હોય તો આવે; અને એ નિશ્ચય જયારે તમે યુવકવર્ગ સેવશો, ત્યારે જ તેઓ તમારા પ્રતિ ઘસડાઇ આવશે."[1]

વાચકોના પદ્યમાં લખાયેલા પત્રોના કર્તાએ પણ (પત્ર ૧૮૬, ૨૭૩ વગેરેમાં) પદ્યમાં જ પ્રત્યુત્તર પાઠવ્યા છે.

પરંતુ બ્રહ્મવિદ્વરિષ્ઠ અતિથિ સાધુપુરુષને લખાયેલો પત્ર તેમાંના દિવ્ય ભાવ, હૃદયંગમ આલંકારિક કલ્પના, સ્વરૂપાનંદમાં મસ્તીથી વિહરતા હંસનું અદ્દભુત વર્ણન વગેરે વિશિષ્ટતાને લીધે બને સંગ્રહમાં તે જુદો તરી આવે છે. તેમાંથી એકાદ ફકરો ઉદાહરણાર્થે જોઇએ :

"સ્વરૂપાનન્દના નિમિત્તાનન્દને તમે તો અહીંથી લઇ આનન્દપૂર્વક ચાલ્યા ગયા. ત્યાં હવે સ્વતંત્રાનન્દાનુભવ કરતા હશો. પોપટ, ચકલાં પિંજરમાં પૂરાય છે; પિંજર સુવર્ણ કે રત્નનું હોય પણ તેમાં કદી હંસ પૂરાય એ બની શકે ? એ સ્વેચ્છાચારી—સ્વતંત્ર વિહારી જ રહે છે, અને તેમાં તેનું હંસત્વ છે. હંસની વિદ્યમાનતાથી જે કાદવનું ખાબોચિયું પણ માન સરોવરસમાન શોભતું હતું, તે સ્થળ પુનઃ "હંસ વિનાનાં મારાં સરોવર સૂનાં રે" જેવું શુષ્ક બની રહ્યું છે. જડ વસ્તુની જડતાનું જ એ લક્ષણ છે — જડ પરપ્રકાશી છે. પરન્તુ જે ચેતનહૃદયોએ ચૈતન્યહંસના ફફડાટ—શબ્દધ્વનિ—ને પોતાના અન્તરમાં ધારણ કર્યાં છે તે હૃદયો તો હંસની ચૈતન્યતા સાથે જ સંલગ્ન છે, અને તેથી તેવા તો ચૈતન્ય વસ્તુની છાયાને પોતાના અન્તરમાં જાગ્રત રાખી શકયા છે, અને તેથી અદ્યાપિ આનન્દાનુભવ કરી રહ્યા છે."[2]

---

૧. "શ્રીસદ્દબોધમન્દાર", દ્વિતીય ગુચ્છ, પત્ર ૮૩

૨. એજન, પ્રથમ ગુચ્છ, પત્ર ૨૫૮

આમ શ્રીઉપેન્દ્રાચાર્યે વિવિધ કક્ષાના સજ્જનો, સાધકો કે વિદ્યાર્થીઓને પ્રસંગ પ્રમાણે ભાવસભર ઉપદેશલ્હાણી કરી છે તેમાં તેમના નિખાલસ નિર્વ્યાજ નમ્ર વ્યક્તિત્વનો પરિચય થાય છે. શ્રીમન્નૃસિંહાચાર્યજીના "શ્રીસદ્બોધપારિજાતક" અને શ્રીમાસ્તરસાહેબના "પ્રાસંગિક ઉક્તિઓ અને સુહૃત્પુષ્પાંજલિ"ની માફક શ્રીઉપેન્દ્રાચાર્યજીએ પણ "શ્રીસદ્બોધમન્દાર"ના બંને ગુચ્છો દ્વારા ગુજરાતી સાહિત્યના પદ્યસાહિત્યમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

"વિદ્યુત્-લેખા"

સંસારના સુખોની પ્રાપ્તિનો વિહિત માર્ગ પ્રેયસ્નો છે. પરમ સુખદ આહ્લાદક મુક્તિની અવસ્થાની પ્રાપ્તિનો માર્ગ શ્રેયસ્નો છે. સામાન્યરીતે ઉન્નતિવાંછુ સજ્જન-સાધક શ્રેયસ્ના હિતકારી માર્ગ પર ચાલવાનો ભગીરથ પ્રયત્ન કરતો હોય છે. પરંતુ સંસારની મોહમાયાયુક્ત વિચિત્ર એષણા અને પ્રલોભનોમાં અટવાતા તે ગાઢ અરણ્યમાં ભૂલો પડ્યો હોય તેવો ભાવ અનુભવે છે. તેવે વખતે કોઈ વિદ્યુલ્લેખા ઝબકી જાય તો પથિકને મુખ્ય રાહ પર જવાની યોગ્ય કેડી લાધે છે. પ્રસ્તુત "વિદ્યુત્-લેખા"માં પણ શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીના સુંદર પ્રતિભામય ચમકારા જોવા મળે છે. લગભગ ૭૫ જેટલા વિવિધ વિષયો પર સૂત્રાત્મક શૈલીમાં સુંદર મનનીય વિચારપાથેય પૂરું પાડી કર્તાએ સાધકોને મુખ્ય માર્ગ પર જવાની સર્વોત્તમ અને સરળ કેડી બતાવી છે. ટૂંકાંટૂંકાં અર્થઘન વાક્યો એટલાં સુંદર અને ચિંતનસભર છે કે તેમાનું પ્રત્યેક વાક્ય રત્ન સમું સુભાષિત લાગે છે. એમાંથી નમૂનારૂપ બે ઉદાહરણો જોઈશું.

" શબ્દ પર

બ્રહ્માંડ આખું રહ્યું ( નિર્ભર ) એક શબ્દ પર.
આ મનતણું પ્રાબલ્ય તે પણ શબ્દ પર.

આ વિશ્વ સજીવન થયું એક શબ્દ પર.
અતિ શૂન્યમાંથી દ્વૈતરૂપે થઈ રહ્યું તે એક શબ્દ પર.
થયું એકમાંથી અનેક તે એક શબ્દ પર.
તે સર્વનું અસ્તિત્વ છે એક શબ્દ પર.
વ્યવહારકેરી ઉથલપાથલ શબ્દ પર.
વિશ્વતંત્રનું યંત્ર — શબ્દ પર.
કોકિલા કે કાગ — શબ્દ પર.
મિત્રતા — શબ્દ પર.
કલ્યાણ કરવાનું કે અહિત કરવાનું નૃપતિકેરા શબ્દ પર.
પ્રતિષ્ઠા શબ્દ પર.
વ્યવહાર — શબ્દ પર.
લાખ રૂપિયા જે લીધા તે એક શબ્દ પર.
યુધિષ્ઠિરનું આસન અધ્ધર — તે શબ્દ પર.
ખૂબ કાબુ રાખજો નિજ શબ્દ પર."[1]

તેવી જ રીતે "પુરુષાર્થ" વિશે વિવિધ દ્રષ્ટિકોણ રજૂ કરી, મનુષ્યના પુરુષાર્થ પર કર્તાએ સૂક્ષ્મ કટાક્ષ કર્યો છે. વિચારો અને તેની કલાત્મક અભિવ્યક્તિ બંને દાદ માગી લે તેવાં આકર્ષક છે.

"પુરુષાર્થ

સુવાસની સરિતા વહાવતું પેલું મૃદુ અને મનોહર પુષ્પ જોયું ?
તેને મેં પૂછયું : આવું પ્રસન્ન શાથી ? તેણે કહયું : ગહન પુરુષાર્થથી.
અણી અડકતાં રસની ધાર છોડે એવો પેલો મધુરો શેલડીનો સાંઠો જોયો
તેને મેં પૂછયું : આવો રસપ્રદ શાથી ? તેણે કહયું : કઠોર પુરુષાર્થથી.
બાલકની ગોદમાં રાખનાર માતાની પેઠે પોતાની ઘનઘટામાં
પથિકને આશરો આપી તેનું તનમન શાંત કરનાર પેલું વૃક્ષ જોયું ? તેને
મેં પૂછયું : આવું પ્રફુલ્લ શાથી ? તેણે કહયું : અથાગ પુરુષાર્થથી.

---

૧. "વિદ્યુત–લેખા", પૃ. ૧૩૩

સારી ય સૃષ્ટિને અમૃતની રસધાર પાતો પેલો ગગનગામી ચન્દ્ર જોયો ?
તેને મેં પૂછ્યું : આવો અમૃતદાતા શાથી ? તેણે કહ્યું : પ્રશાંત પુરુષાર્થથી.
મોટામોટા માનવીનાએ વ્યાધિ હણનાર બળવાળી પેલી મૂળી જોઈ ?
તેને મેં પૂછ્યું : આવી પરોપકારી શાથી ? તેણે કહ્યું : અશ્રાંત પુરુષાર્થથી
મહામૂલ્યવંતો, મહારાજાને ય માથે ચઢી બેસનારો પેલો હીરો જોયો ?
તેને મેં પૂછ્યું : આવો પ્રભાવશાળી શાથી ? તેણે કહ્યું નિગૂઢ પુરુષાર્થથી.
ઈશ્વરના ઐશ્વર્યને પણ નિર્મૂલ્ય ગણી તરછોડનાર પેલો અસ્પૃહી અવધૂત જોયો ?

તેને મેં પૂછ્યું : આવો આત્મતૃપ્ત શાથી ? તેણે કહ્યું : પરમ પુરુષાર્થથી.
દુઃખની મધ્યે છતાં દુઃખમાત્રથી અસ્પૃષ્ટ મહામસ્ત પેલો જ્ઞાની જોયો ?
તેને મેં પૂછ્યું : આવો ઈશ્વરત્વવાળો શાથી ? તેણે કહ્યું : આત્મપુરુષાર્થથી
પરમાત્મા જેના હૃદયમાં પ્રકટ રહેવા છતાં અધમતા અનુભવનાર પેલો માંવી જોયો ?
તેને મેં પૂછ્યું : આવો કંગાલ શાથી ? તેણે કહ્યું : ભ્રષ્ટ પુરુષાર્થથી.
મેં મારા સામું જોઈને કહ્યું : હરિ હરિ."[1]

કર્તવ્ય, સાધન, સંયમ, વિકાસ, શુધ્ધવિચાર, સેવ્યધર્મ, સિધ્ધજીવન, એક, જાગૃતિ, વાણી, પરમપ્રશાન્તિ, સ્થૂલ–સૂક્ષ્મ, અબલ–સબલ, ઉત્સવ, આચરણીય, આત્માનું પૂજન વગેરે અનેકવિધ ભાવાત્મક વિષયો પર આ જ લઢણમાં સુભાષિત સમાં સુવાકયોની અમીવર્ષા શ્રીઉપેન્દ્રાચાર્યજીએ કરી છે.

"નિત્ય–સંદેશ"

વર્ગના જાણીતા સાપ્તાહિક "શ્રેયસ્સાધક"ના પ્રથમ પાને શ્રીઉપેન્દ્રભગવાન્ વિદ્યાર્થીઓની ઉછરતી યુવાન પેઢીને ધ્યાનમાં

---

૧. "વિદ્યુત્–લેખા", પૃ. ૧૨૬

રાખીને "નિત્ય-સંદેશ" આપતા. આવા કુલ ૮૪ સંદેશ પ્રસ્તુત "નિત્ય-સંદેશ" પુસ્તકમાં સંગ્રહાયેલા છે. વિદ્યાર્થીઓને જ લક્ષમાં રાખીને તે લખાયેલા હોવાથી, સદુપદેશ અને સદ્વિચાર-પાથેય પૂરું પાડતા આ નિત્યસંદેશની ભાષા સરળ, રસિક, પ્રસન્નપ્રવાહી અને સદૃષ્ટાંત બની છે.

શ્રીઉપેન્દ્રાચાર્ય યુવાનોના સર્વતોમુખી વિકાસમાં સૌપ્રથમ ઉત્તમ ચારિત્ર્ય પર સવિશેષ ભાર મૂકે છે. તેઓશ્રીનુ દૃઢ મંતવ્ય છે કે યુવાનોએ શારીરિક તેમ જ આધ્યાત્મિક સંપત્તિ પ્રાપ્ત કરવી હોય તો પાયાની ઈંટ સમા ચારિત્ર્યને સુદૃઢ અને સર્વોત્તમ બનાવવું જોઇએ. ચારિત્ર્યવિહીન વ્યક્તિઓ સાધનસંપન્ન અને સત્તાધીશ હોવા છતાં તેમના વ્યક્તિત્વની સમાજ પર પ્રભાવક અસર નથી પડતી. પરંતુ ચારિત્ર્યથી શોભતા મનુષ્યનું વ્યક્તિત્વ શતદલથી અલંકૃત પદ્મની જેમ સર્વત્ર ફોરમ પ્રસરાવે છે. "શ્રેયસ્સાધક" સાપ્તાહિકના મુખપૃષ્ઠ પર જ આથી તેઓ કાયમ સોનેરી સૂત્ર લખતા : "જીવન ઘડો". ગમે તે નિત્યસંદેશનું વાચન-અધ્યયન કરીશું પણ તેમાં સીધો, આડકતરો કે અછડતો ઉલ્લેખ યુવાનોની ચારિત્ર્યસંપત્તિ પર આવવાનો જ. આ નિત્યસંદેશ પાઠવવાની શુભ પ્રવૃત્તિનો આરંભ તા. ૨૨-૭-૧૯૩૧ થી કરેલો જણાય છે. આપણે નમૂનારૂપ બે-ત્રણ ઉદાહરણો જોઇશું.

"ચારિત્ર્ય" વિશે તો કર્તાએ અનેક સંદેશામાં વિવિધ ચર્ચાઓ કરી છે અને ચારિત્ર્યની વિભિન્ન રસપ્રદ વ્યાખ્યાઓ પણ બાંધી છે. અત્રે એક સંદેશમાં ઘોડાનું દૃષ્ટાંત આપી કર્તા વિદ્યાર્થીઓને - યુવાનોને બોધ કરે છે :

"ફલાણો ઘોડો તો જાતવાન્ છે, એમ કોઇ કહે તો આપણે તે ઘોડા માટે શું સમજીએ ? તે ઘોડો ખૂબ કામ કરી શકે છે,

પોતાના ઉપર બેઠેલી સ્વારીને પજવતો કે પાડતો નથી, અને કદાચ સ્વારી અણઘડ હોય અને ઘોડા ઉપરથી પડી જાય તો એ ઘોડો તેને છોડી, દોડી જતો નથી, પણ પાસે જ ઊભો રહે છે; પોતાના ધણીની સંભાળ રાખે છે – કોઈ એને પજવે નહિ તેની કાળજી ઘોડો રાખે છે; પોતાનો ધણી માંદો જુએ–જાણે છે તો તે ખાતોપીતો પણ નથી. આમ દરેક રીતે સ્વામીને અનુકૂલ રહેનાર – સ્વામી તરફ અભિમુખ રહેનાર અને સ્વામી ખાતર જાન આપનાર ઘોડો તે જાતવાન્ કહેવાય છે. બીજા શબ્દોમાં કહીએ તો તે ઘોડો ચારિત્ર્યવાન્ કહેવાય છે. જે મનુષ્યમાં પણ આવી શક્તિ છે તે ચારિત્ર્યવાન્ કહેવાય છે. ચારિત્ર્યવાન્ કહેવાવું અથવા હોવું એટલે મનુષ્યથી મેળવી શકાતા બધા સદ્ગુણ અને સદાચાર સાધવા તે. એથી ચારિત્ર્યની જરા સહેલી વ્યાખ્યા કહીએ તો જે કાર્ય માટે મનુષ્ય કાર્યતત્પર બન્યો હોય, એટલે જે કાંઈ કરવાનું તેણે સ્વીકાર્યું હોય, તે સિધ્ધ કરવાની સંપૂર્ણ શક્તિ મેળવવી અને કેળવવી, તથા તેનો સદુપયોગ કરતાં આવડવું, એનું નામ ચારિત્ર્ય. તમે વિદ્યાર્થી છો – વિદ્યા મેળવવી એ તમે કર્તવ્ય સ્વીકાર્યું છે તો ઉત્તમોત્તમ વિદ્યા મેળવો, વિદ્યા પામવા માટે જે જે જરૂરનાં લક્ષણો હોય તે બધાં સાધો, વિદ્યા મેળવતાં જે કષ્ટ પડે તે બધાં હોંસથી સહન કરો, વિદ્યા પામવાના પ્રયત્નમાં જીવનને રસવાળું, ઉત્સાહવાળું અને આગ્રહવાળું કરો, વિદ્યાર્થીઅવસ્થામાં જે જે દોષો આવવાનો સંભવ છે તે બધાથી દૂર રહો, પામેલી વિદ્યાનો સર્વોત્તમ ઉપયોગ કરો, એ વિદ્યાર્થી પોતાનાં અને બીજાનાં દુઃખો ટાળો, તો તમે માત્ર વિદ્યાર્થી નહિ પણ ચારિત્ર્યવાન્ વિદ્યાર્થી કહેવાઓ."[૧]

---

૧. "નિત્ય–સંદેશ", સંદેશ : ૧૭, પૃ. ૩૩–૩૪

તો અન્યત્ર, શ્રી ઉપેન્દ્રાચાર્ય સ્વમાનભર્યું કર્તવ્યપરાયણ જીવન જીવવા માટે સંદેશ : ૩૬માં વ્યવહારમાંથી અનેકવિધ દષ્ટાંતો આપે છે. તેમાંનો આરંભનો કેટલોક ભાગ આ પ્રમાણે છે :

"ઊંચામાં ઊંચી જાતના ચોખા, ઊંચામાં ઊંચી જાતના કેસરકસ્તૂરી જેવા મસાલા, અને તેવી જ બીજી વસ્તુઓ આપવામાં આવે, અને રસોઈયો તેનો દુણાઈ ગયેલો, જરૂરની વસ્તુ નાંખ્યા વિનાનો, અર્ધો કાચોપાકો ખીચડો બનાવે તો તમે તેની કારીગરીનાં કેટલાં વખાણ કરો ? ઉત્તમોત્તમ રંગો અને ચીતરવાનું સંપૂર્ણ સાહિત્ય આપ્યું હોય, અને તે કાગળ ઉપર તમારી સુંદર છબીની જગાએ, જમરૂખ જેવું તમારું નાક ચીતરે, સરગવાની શીંગ જેવા તમારા હાથ ચીતરે, હાથીના પગ જેવા પગ અને ડુક્કરના ઘાટનું માથું ચીતરે, રવૈયાં વેંગણ જેવી આંખો કહાડે, અને તમારી પાસે ચિત્ર લાવે તો તમે તેને કેટલું ઈનામ આપશો ? મોંઘામાં મોંઘું રેશમી કાપડ લાવી તમે દરજીને તમારો કોટ કરવા આપો, પછી તે દરજી તે કોટની એક બાંહ્ય તમારા પગના અંગુઠા સુધીની બનાવે, આગળ બટન રાખવાને બદલે પાછળ ટાંકે, તમારું ગળું તેર ઈંચ હોય અને કોટનું ગળું ચાર ઈંચ રાખે, ગજવું એવડું બનાવે કે જેમાં બેચાર કુરકુરિયાં પેસી જાય – આવી કારીગરીવાળો કોટ લઈ દરજી દોડતો દોડતો તમારી પાસે આવે તો તમે તેના ઉપર કેટલા રાજીરાજી થઇ જાઓ ? તેવી જ રીતે અનેક શક્તિવાળું, અનેક ગુણવાળું, અનેક વિધાવાળું અને અનેક ઉત્તમતાવાળું મનુષ્યજીવન આપણને મળ્યું છે તેને એક કાગડા જેવું તો બીજી તરફથી બિલાડીના જીવન જેવું, તો ત્રીજી તરફથી સાપના જીવન જેવું ને ચોથી તરફથી પાડાના જીવન જેવું જીવન બનાવીએ, ખીસકોલી જેવો ખાઉકણ સ્વભાવ કરીએ, કાબર જેવી કચકચ કરવાની ટેવ પાડીએ, કુદા જેવી દોડાદોડ કરવાની ટેવ રાખીએ, બકરા જેવો જ્યાં ત્યાં માથું મારવાનો અભ્યાસ પાડીએ, ક્રોધભરી આંખો, દ્વેષભર્યો સ્વભાવ, સ્વાર્થભર્યું મન,

બીજાના દોષ જોવાની કે ચાડી ખાવાની ટેવ, મહોડેથી ન બોલવા જેવી ગાળ દેવી વગેરે લક્ષણવાળા આપણે બનીએ, તો આપણે કેવા મનુષ્ય કહેવાઇએ ? ઉપર કહ્યા તેવા રસોઈયાને, ચિત્રકારને અને દરજીને જો આપણે મૂર્ખ કહીએ તો પછી આપણે આપણને તો શી જ પદવી આપીએ ?"[1]

અંતમાં, મનુષ્યજીવન વિકૃત અને અસ્વાભાવિક ન બને તે માટે તેઓએ આપેલો સંદેશો જોઇશું :

"જેમ રસોઈ એક વસ્તુની બનતી નથી, પણ અનેક પદાર્થોના મિશ્રણથી બને છે, અને તે મિશ્રણ સપ્રમાણ એટલે જેટલું ઘટે તેટલું જ હોય છે તો દરેક વસ્તુ સ્વાદિષ્ઠ અને ઉપયોગિતાવાળી થઇ પડે છે, તેમ મનુષ્યજીવન એક જ વસ્તુનું બનેલું નથી, તેમ જ એક જ વસ્તુથી તેનો નિર્વાહ ચાલતો નથી, પરંતુ અનેક વસ્તુનું સંમિશ્રણ એ માનવજીવન છે, અને તેને યથાયોગ્ય ચલાવવા માટે અનેક વસ્તુનું યોગ્ય સંયોજન એટલે મેળવણી કરવાની જરૂર છે. અમુક અમુક પદાર્થો અમુક અમુક પ્રમાણમાં મળે અને તેનો અમુક પધ્ધતિથી ઉપયોગ થાય વા વપરાય તો સારી દાળ બને, તેમ અનેક વસ્તુનું યથાચેટિત મિશ્રણ થઇ તેનો અમુક રીતે વા પધ્ધતિથી ઉપયોગ થાય તો મનુષ્યનું જીવન યથાર્થ રીતે રચાય છે. આ પ્રમાણે મનુષ્યજીવનને યથાયોગ્ય રચવું એ માટેની કુશલતા ઉપજાવનાર શકિત તે ચારિત્ર્ય છે. જેમ હાથોટી પડી જવાથી દાળશાકમાં વગર જોખ્યે પણ મીઠું, મસાલા, યોગ્ય પ્રમાણમાં પડી જાય છે, તેમ માનવીમાં જે અનેક શકિતઓ છે, અનેક વૃત્તિઓ છે તથા તે જે નવીન મેળવે છે, એ સર્વનો મનુષ્યજીવનનો પરિપાક કરવામાં સપ્રમાણ ઉપયોગ થવાની જરૂર છે. જેમ એક વસ્તુ બનાવવામાં

---

1. "નિત્ય-સંદેશ", સંદેશ : ૩૬, પૃ.૭૧-૭૨

શરૂઆતમાં અમુક પ્રમાણમાં વધારે તાપ જોઈએ, અમુક સમયે મધ્યમ જોઈએ, અમુક સમયે ઓછો જોઈએ, અને અમુક વખતે તો તપેલી ઉપર જ થોડા અંગારા રાખી મૂકવા પડે છે, તેમ આપણામાં રહેલી શક્તિઓ, આવેશો સદ્‌ગુણો વગેરે અમુક કાર્યમાં અમુક પ્રમાણમાં જ જોઈએ છે, અને તેમ થતાં, જીવન જોઈએ તેવું ઉત્તમ રચાય છે. આપણામાં જે શક્તિઓ, આવેશો વગેરે છે તેનો ખોટો ઉપયોગ ન થતાં મીજાનસર ઉપયોગ થઈ ધાર્યાં પરિણામ આણવા માટે, એ શક્તિઓ વગેરે ઉપર જેની સત્તા અથવા અંકુશ છે એવી વસ્તુની જરૂર છે, અને એ વસ્તુ તે ચારિત્ર્ય છે. ચારિત્ર્યબલ આપણામાં રહેલી શક્તિઓને અંકુશમાં રાખે છે, આપણા મનમાં વિવેકશક્તિ જગવે છે, આપણે ક્યાં શું કરવું અને શું ન કરવું એનું આપણને ભાન કરાવી, જ્યાં ઘટે ત્યાં તે તેટલું કરાવે છે. આથી ચારિત્ર્યની માનવ જીવનના વિકાસ અથવા પરિપાકમાં અત્યંત જરૂર છે. ન કરવાની જગ્યાએ શોક કરવાથી, ન ધરવાની જગાએ મોહ ધરવાથી, ન લાવવાની જગાએ વાણી અથવા ક્રિયાનો આવેશ લાવવાથી, અને તે જ પ્રમાણે જે સદ્‌ગુણ, શક્તિ કે મનોબલ જ્યાં ઉપજાવવાં જોઈએ ત્યાં ન ઉપજાવવાથી, જીવન અપૂર્ણ અને અપરિપક્વ બને છે. ન ઘટે ત્યાં વિરાગ રાખવાથી, ન ઘટે ત્યાં રાખવાથી અને એવી રીતે અવ્યવસ્થા કરવાથી, માનવ જીવન વિકૃત બને છે. એ વિકૃત ન બને પણ યથાઘટિત અને ઉત્તમ બને તે માટે ચારિત્ર્યની જરૂર છે."[૧]

સદ્‌વિચારોનું સિંચન કરતા આવા નિત્યસંદેશે તે વખતના યુવાનોના ચારિત્ર્યઘડતરમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે એમ કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી.

---

૧. "નિત્ય-સંદેશ" : સંદેશ : ૩૦, પૃ. ૫૯-૬૦

"શ્રી વિશ્વવંદ્ય વિભૂતિવૈભવ"

વર્ષોના અપ્રતિમ વિકાસમાં, ઉત્સવોની કલાત્મક આયોજનામાં, સામયિકોના વૈવિધ્યસભર રસથાળમાં તથા શ્રીઉપેન્દ્રાચાર્યજીના દિવ્ય જીવનઘડતરમાં શ્રી વિશ્વવંદ્ય – છોટાલાલ માસ્તરસાહેબની ભવ્ય આર્ષદ્રષ્ટિનો મહત્ત્વનો અવિસ્મરણીય ફાળો હતો. માસ્તરસાહેબનો દેહવિલય થતાં સમસ્ત સાધકસમુદાય આઘાત અને દુઃખની ઘેરી લાગણી અનુભવી રહ્યો હતો. સદ્‌ગુરુના પવિત્ર સ્થાનને જ દિવ્યમંદિર માની તેની નાનીમોટી અનેકસેવાઓ શ્રધ્ધાભક્તિથી કરનાર તથા પરમયોગી શ્રીમન્નૃસિંહાચાર્યજીનું સ્વરૂપાવસ્થાન થતાં ૧૨ વર્ષની ઉંમરના બાલઉપેન્દ્રમાં રહેલા દિવ્યઅંશોને પ્રકટ થવા માટે અનુકૂળ ભવ્ય વાતાવરણ રચનાર શ્રીમાસ્તરસાહેબ અને તેમની અનેકવિધ પ્રવૃત્તિઓના, શ્રીઉપેન્દ્રાચાર્ય – તથા તેમનાં ધર્મપત્ની શ્રીજયંતીદેવી પણ – નિકટના દૃષ્ટા–ભોક્તા હતાં. આથી માસ્તરસાહેબની અનુપસ્થિતિમાં, શ્રીઉપેન્દ્રાચાર્ય તેમના પવિત્ર સ્મારકરૂપે "સ્મરણસંમેલન"ની યોજના ઘડી કાઢે છે અને પ્રતિવર્ષ સાધકો એ સિધ્ધાત્માની અપૂર્વ ભવ્ય ગૌરવવંતી પ્રવૃત્તિઓને અને તે મહાપુરુષના ચેતનમય જીવંતચિત્રને યાદ કરી શ્રધ્ધાંજલી અર્પે છે. "શ્રી વિશ્વવંદ્ય વિભૂતિવૈભવ"માં લાગણીસભર હૃદયે સંવેદનપટુ શ્રીઉપેન્દ્રાચાર્ય અને શ્રીજયંતીદેવી, શ્રીમન્નૃસિંહાચાર્યજીના આ સાધુચરિત પટ્ટશિષ્યને અનેકવિધ લેખો દ્વારા ભાવાત્મક અંજલી અર્પે છે.

"શ્રી માસ્તરસાહેબ વિહોણા આપણે" નામનો શ્રીઉપેન્દ્રાચાર્યજીના હૃદયભાવને વ્યક્ત કરતો ઉત્તમ લેખ આપણું સૌપ્રથમ ધ્યાન ખેંચે છે. "પરમ વિશુધ્ધ ચારિત્ર્યની મૂર્તિ" શ્રી છોટાલાલ જીવનલાલ કુમારાવસ્થામાં કેવું ઉત્કટ મનોમંથન અનુભવતા તથા પ્રાર્થનાસમાજ,

ગુર્જરોધ્ધારક સમાજ, થિયોસોફિકલ સોસાયટી વગેરે અનેકવિધ સંસ્થાઓમાં ઘૂમતા; શ્રીમન્નૃસિંહાચાર્યજી જેવા સર્વોત્તમ સદ્‌ગુરુ પ્રાપ્ત થતાં કેવી પરમશાંતિ અનુભવતા અને શ્રધ્ધાપૂર્વક ગુરુશુશ્રૂષા કરતા તથા સિધ્ધાવસ્થામાં તેમની અપૂર્વ શક્તિઓ કેવો દિવ્ય-ભવ્ય આકાર લેતી તેનો રસાત્મક પરિચય અહીં જોવા મળે છે. પ્રસંગોનું આછું ચિત્ર હોવા છતાં માસ્તરસાહેબના દિવ્યગુણોને બીરદાવતી તેમની સૂક્ષ્મ મૂર્તિને પ્રસ્તુત લેખમાં તાદેશ કરી છે અને દરેક પરિચ્છેદને અંતે "આપણે કે જે "માસ્તરસાહેબવાળા" હતા તે "માસ્તરસાહેબ વિહોણા" થઈ રહ્યા" ધ્રુવવાક્ય મૂક્યું છે. માસ્તરસાહેબનું ગુણદર્શન કરાવી "હવે આપણે માસ્તરસાહેબ વિહોણા થઇ ગયા"એ વાક્યનું વારંવાર રટણ કરી પ્રસ્તુત વ્યાખ્યાનલેખમાં શ્રીઉપેન્દ્રાચાર્યે લાક્ષણિક રીતે – માનસશાસ્ત્રીય પધ્ધતિએ – શ્રોતાઓના ચિત્ત ઉપર સચોટ અસર ઊભી કરી છે. તેમાનું એકાદ ઉદાહરણ જોઈએ :

"બંધુઓ ! આના પરિણામે શું થયું ? તે દિવસથી આપણને આગળ વધવાની ગતિમાં વેગને સ્થાને મંદતા ભાસવા લાગી, ગંતવ્ય-માર્ગ સરળને બદલે અસરળ જણાવા લાગ્યો, જીવન-ક્રમ સુગમને બદલે અસુગમ થતો ગયો, અંતઃકરણમાં વિશાલતાના સ્થાનને સંકોચે લઈ લીધું, પ્રસન્નતાના સ્થાનકે નિર્વેદની કૃષ્ણમૂર્તિ ખડી થઈ ગઈ, ઉત્સાહ નિરુત્સાહમાં પલટાઈ ગયો, ટૂંકામાં આપણું જે કાંઈ હતું તે સર્વમાં મહદવસ્થાન્તર થઈ ગયો. અને આપણે કે જે "માસ્તરસાહેબવાળા" હતા તે "માસ્તરસાહેબ વિહોણા" થઈ રહ્યા."[1]

---

૧. "શ્રી વિશ્વવંધ વિભૂતિવૈભવ", પૃ.૭

"દિવ્યદર્શન"માં પ્રભાતના સમયનું, મધુર મીઠા પવનનું, સુંદર ભવ્ય આશ્રમનું તથા તેમાં ડાબા હાથ ઢીંચણ પર ટેકવીને પદ્માસન વાળીને બેઠેલા મહાત્માનું શ્રીઉપેન્દ્રાચાર્યજીએ જે મનોરમ અપાર્થિવ વર્ણન કર્યું છે તેમાં શ્રીઉપેન્દ્રાચાર્યજીની અનોખી ભાત પાડતી શૈલીનાં આપણને દર્શન થાય છે. તેમાં બાણશૈલીની યાદ અપાવે તેવો અલંકારવૈભવ તથા ટૂંકાં ટૂંકાં વાક્યોમાં અનાયાસે સધાયેલું કોમળ ભવ્ય વાતાવરણને તાદૃશ કરવામાં ઉપકારક નીવડે છે. એ લેખનો અંતભાગ આ પ્રમાણે છે :

"અને ધનતાભર્યા અગર્જન મેઘસમું ગંભીર મુખ । દેહનું પ્રત્યંગ સ્વસ્થ, તંગરહિત – તરંગરહિત તળાવસમું – અધ્ધર પકડી રાખેલી સાંકળી સમું – સીધું છતાં સખ્ત નહિ. પ્રત્યંગનો પ્રત્યંશ લીનતામાં ઢળેલો – યોગનિદ્રામાં શમેલા જાણે વિષ્ણુભગવાન અને છતાં ય સુસ્થિર–ચેતન છતાં સંપૂર્ણ નિશ્ચેષ્ટ.

મન્દ ગતિભર્યો પ્રાણ – જાણે આકાશવહેતો શનિ. કૂપમાં જલની ભીતર ઊંડે ઉતરતા ઘટ સમું ચિત્ત અંતરાલ પ્રવેશી બને છે. તરનાર આખી જબરી નદી તરી પાર પહોંચીને ઉદ્દેશ સિધ્ધ થતાં રેતીમાં પડે તેમ, પરાથી પાર વહી સ્વસ્થભાવે શમતી બુધ્ધિ, સર્વ કાંઈ ભૂલી કૃષ્ણપ્રતિ વહેતી ગોપીઓ સમી નિતાન્ત શાન્ત થવા શમતી ઈન્દ્રિયો, પૂર્ણ તૃપ્ત સિંહના શયન સમું, અમૃતસંતૃપ્ત દેવોના અંતર સમું, કોઇ ગરવા ધેનલશું, "અજર નિશો" કરેલું મન. રાણીઓને સુરેશ સહ પોતાનામાં શમાવવા અંત:પુરસમું – ઈન્દ્રિયોસહિત મનને નિજમાં વિલાવતું હૃદય–અહો ! એનાં તે શાં કથન કથ્યાં જાય !

દેહમન્દિરનો દેવસ્વામી છતાં અતિથિસમો વર્તતો સઉથી અસ્પૃષ્ટ અભિમાની, ગગને વિમાન સંચરે, તેમ મૂર્ધ્ધે વહી રહ્યો છે –

विजेता गढ उपर चढे तेम, तुकाराम सदेहे स्वर्गे वहे तेम. हवाइ ऊंचे चढी आकाशमां व्यापी जाय – त्यां ज लुप्त थइ जाय तेम, अहो ! स्वस्वरूपभर्या मूर्धाकाशमां अभिमानी व्यापतो अने –

अने नथी जणातुं आगळनुं ! आ मन्द कल्पना अने मन्द वाणी वडे आलेखायेलुं श्री विश्ववंद्यनुं ध्यानस्थ स्वरूप ! अहो धन्य ए दर्शन, धन्य ए द्रष्टा !

नृसिंहहृदयनुं आ तो एक अणु ! त्यारे ते तो ?....."[१]

तदुपरांत "बे बाबतो", "अमारा विश्ववंद्यने शुं गमतुं ?", "विश्ववंद्य एटले", "विश्ववंद्य शुं शुं करता ?", "विश्ववंद्य शुं शुं नहोता करता ?", "स्व–संवेदन" वगेरे लेखोमां पण मास्तरसाहेबनी सद्गुण–चारित्र्यसंपत्तिनो परिचय कराव्यो छे. "स्व–संवेदन"मां तेओश्री लाक्षणिक रीते कहे छे :

"श्रीमान् विश्ववंद्य ! बावीश बावीश वर्षथी कोईथी उत्साहपूरे हृदयनाळां न भरायां ते न ज भरायां ! दृष्टिसंसार खील्यो, हृदयसंसार शून्य ज रह्यो ! मनः पक्षी तो आ रह्युं, पण तेनां आकाशनां उड्डयन नथी. बुध्धिकोकिला तो आ ऊडे, पण तेनो टहुको क्यां छे ? चंद्र तो चाले छे, पण निरभ्रता क्यां छे ? चिन्तन तो छे, पण चैतन्य क्यां छे ? हास्य तो छे, पण रस क्यां छे ? सुकृति तो छे, पण सार्थकता क्यां छे ? प्रतिमा छे, प्राण क्यां छे ? भरपूर भंडार छे, कूंची क्यां छे ? ए सउ तमारी सोडे. जीवितो कहेशे : ए तो मनोन्माद होय, जवा दो ए वात पण.

---

१. "श्री विश्ववंद्य विभूतिवैभव", पृ. ३–४

શ્રીમાન્ વિશ્વવંદ્ય ! પરન્તુ જીવનમાં આજ સાધનસાધના હોય તો તમારે લીધે, વિશ્વહિતવાસના હોય તો તમારે લીધે, ઈશ્વરારાધના હોય તો તમારે લીધે, હૃદયાશ્વસના હોય તો તમારે લીધે, જીવનસુવાસના હોય તો તમારે લીધે, આત્મઉપાસના હોય તો તમારે લીધે : સઉ કોઇ ગમે તે કહેશે, છતાં ન જઈ શકે એ વાત ! ન જવા દેવાય એ વાત !"[૧]

શ્રીઉપેન્દ્રભગવાને માસ્તરસાહેબના સૂક્ષ્મ દિવ્ય અંશને કલાત્મક રીતે નિરૂપ્યો છે. શ્રીજયંતીદેવીએ પણ માસ્તરસાહેબના નાનામોટા અનેકવિધ પ્રસંગોને "શ્રી વિશ્વવંદ્ય-જીવનદર્શન"માં ગૂંથીને સૌપ્રથમ શ્રધ્ધેય ચરિત્રકથા આપી છે. શિક્ષકજીવનમાં મૌલાબક્ષ, તાજુમીયાં વગેરે સાથે પડેલા પ્રસંગો ; શ્રીમન્નૃસિંહાચાર્યજી તથા શ્રીઉપેન્દ્રાચાર્યજી સાથેના તેમના રોચક વાર્તાલાપો-પ્રસંગો-પત્રો ; મહાકાલ, સ્ત્રીસન્માનભાવના, સ્ત્રીકેળવણી, સાધનસમારંભ વગેરે વિશેની તેમની દૃષ્ટિ ; તથા ગુજરાત, ભારતમાંથી જ નહીં પરંતુ પશ્ચિમના વિદ્વાનો કે સંસ્થાઓ તરફથી તેમને મળેલી માનદ પદવીઓ (Deputy Grand Rabbonie, Master of the Livingstonian Philosophy વગેરે ) - વગેરે પ્રસંગો દ્વારા સામાન્ય માનવમાંથી સાધક, શોધક અને સિધ્ધ બનેલા માસ્તરસાહેબની ઐહિક-પારમાર્થિક ઉત્ક્રાંતિની આછી રેખા દોરવામાં આવી છે. "આછી રેખા" એટલા માટે કે લેખિકાએ માસ્તરસાહેબના જીવનમાં બાલ્યકાળથી મૃત્યુપર્યંત બની ચૂકેલા સર્વ અનેકવિધ પ્રસંગોનું સંશોધન-સંપાદન કરી તેને નિરૂપ્યા નથી પરંતુ વર્ગમાં અતિખ્યાત બની ચૂકેલા અને પોતે જેના દૃષ્ટા હોય તે પ્રસંગોને સ્મૃતિના આધારે તેમણે રજૂ કર્યા છે.

---

૧. "શ્રી વિશ્વવંદ્ય વિભૂતિવૈભવ", પૃ. ૮૦-૮૧

"ધનત્રયોદશીનો ધની"માં સાધનધન,[૧] સદ્‌ગુરુધન[૨], સંયમધન[3] તથા સત્ત્વધનને વિશ્વવર્ધનો ધનભંડાર તરીકે વર્ણવી તેમનાં કાવ્યોનું અર્થઘટન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેથી તથા "નિષ્કામકર્મયોગ" અને "પ્રભુમયજીવન"માં માસ્તરસાહેબની નિર્મોહતા, સદ્‌ગુરુ પ્રત્યેની શરણાગતિ અને સદુપદેશનો માસ્તર-સાહેબની જ કાવ્યપંક્તિના આધારે સમજવાનો સન્નિષ્ઠ પ્રયાસ થયો છે તેથી શ્રી જયંતીદેવીના આ આસ્વાદાત્મક- વિવેચનાત્મક લેખો નોંધપાત્ર બને છે.

શ્રી જયંતીદેવીની ગદ્યશૈલીનો એકાદ નમૂનો આપણે જોઇએ :

"આવા દિવ્ય કર્મયોગને વેદોએ વખાણ્યો, બ્રહ્મા, વિષ્ણુ, રુદ્રે તેની સ્તુતિ કરી, શ્રી કૃષ્ણે યશોગાન ગાયાં, ગૌતમબુધ્ધે

---

૧. "ગુરુપ્રબોધિત સાધને, પછી મેં સાધ્યો સ્નેહ,
અલ્પશ્રમે અનુગ્રહ થયો, અકથ્ય શબ્દે જેહ.
મુજ હૃદયે સદ્‌ગુરુ દીઠા, મુજ આત્માથી અભિન્ન."
("સુધાસ્ત્રોતસ્વિની", પૃ. ૩૨૨)

૨. "છું હું ચેલો નૃસિંહગુરુનો, વિશ્વે જ્ઞાનમત્ત ફરતો."
(એજન, પદ : ૨૪૧)

3. "સંશયની સઘળી ગ્રંથીઓ, સંયમ સમય છૂટી જતી,
સાચું શું છે, ખોટું શું છે, વાસ્તવ પ્રતીતિ તો થતી ;
o o o
સંયમસમય આ દૃશ્યનો, મહા ધટાટોપ ન ભાસતો,
પ્રજવલિત આ ભવદવાનલનો, સ્પર્શસરખો ના થતો ;
આનન્દનો સઉ સ્થળ પ્રકાશ, પ્રશાંત પૂર્ણ પ્રકાશતો,
ધ્યાતા શમી નિજ કારણે, નિજ પૃથક્ ભાન ભૂલી જતો."
(એજન, પદ : ૩૪૫)

તેની પ્રભુતા જોઈ, જીસસ ક્રાઇસ્ટે તેનો પશ્ચિમમાં ઉદ્‌ઘોષ કર્યો, મહમદ પેગંબરે તેને ઈશ્વરનો આદેશ કહયો, ઝોરો આસ્ટરે તેને જ ગાયો, દક્ષિણમાં જ્ઞાનદેવે તેને ઉપદેશ્યો, તુકારામે અભંગમાં લલકાર્યો, રામદાસસ્વામીએ ભુજંગપ્રયાતમાં વૃત્તબધ્ધ કર્યો, બંગાલમાંથી રામકૃષ્ણ પરમહંસે તેનો આઘોષ કર્યો, અને સ્વામિ વિવેકાનન્દે તેનો પ્રતિઘોષ કર્યો : ગુજરાતમાં એ જ કર્મયોગને શ્રીમન્નૃસિંહાચાર્યજીએ બોધ્યો, મહર્ષિ વિશ્વવંધે વિકસાવ્યો."[1]

પ્રસ્તુત ગ્રંથના છેલ્લાં સો પાનામાં આચાર્ય દંપતિએ રચેલાં પધોમાં શ્રીમાન્ વિશ્વવંધનાં ગુણસ્મરણ, ઉપકારસ્મરણ ઉપરાંત તેમને નિવાપાંજલિ આપતાં ભાવસભર ગીતો છે. તેમાં શ્રી વિશ્વવંધના વિલય અને વિરહના વિલપનનો કરુણભાવ રજૂ કરતાં તત્ત્વસિધ્ધાંતના ચિંતનનો પણ સ્વાભાવિક રીતે સમાવેશ થયેલો છે. આમાંનાં કેટલાંક તો શોકપ્રશસ્તિનાં ઊર્મિકાવ્યોમાં પણ સ્થાન લઈ શકે તેવાં ઉત્કૃષ્ટ પ્રકારનાં છે. પધસાહિત્યની ચર્ચા વખતે ઉપરોક્ત પધોનો ઉલ્લેખ થયો હોવાથી અહીં તેનું પુનરાવર્તન કરવું ઉચિત નથી. આ ગ્રંથની સમાલોચના શ્રીઉપેન્દ્રાચાર્યજીની પંક્તિઓ દ્વારા જ પૂર્ણ કરીશું :

"વિશ્વવંધ ! રંગ જ રાખ્યો, તેં તો અમૃતરસ ચાખ્યો રે ;
અન્યની કલ્પનામાં પણ નાવે એવા પ્રદેશનો ભેદ —
જાણી તેં તારા સાધનબલથી, કરી પ્રતિબંધનો વેધ,
માર્ગ કાંઈ અદ્‌ભુત ઝાંખ્યો ; તેં તો.

o o o

"તું નથી મર્ત્ય પરન્તુ અખંડિત અજરામરરૂપ આજ",
એવો વિલક્ષણ અનુભવ કેરો, અવનવો માનવીકાજ.
અજબ તેં તો વર્તારો ભાખ્યો ; તેં તો."

: "શ્રી વિશ્વવંધ વિભૂતિવૈભવ", પૃ. ૧૪૬ :

---

1. "શ્રી વિશ્વવંધ વિભૂતિવૈભવ", પૃ. ૭૧-૭૨

## શ્રી ઉપેન્દ્રાચાર્યજીની સંવાદનાટિકાઓ

ઇ.સ. ૧૯૨૧ થી ૧૯૩૭ સુધીના ગાળામાં "શ્રી ઉપેન્દ્રજયંતી-મહોત્સવ" નિમિત્તે રાત્રીના સમયે રાસ, ગરબા, સંવાદ નાટકો વગેરેનો ભવ્ય મનોરંજન કાર્યક્રમ થતો, તેમાં પણ રસદૃષ્ટા શ્રીઉપેન્દ્રાચાર્ય, વિશાળ પ્રેક્ષકવૃંદ સમક્ષ સાત્ત્વિક મનોરંજનની સાથે સાથે કલાત્મક રીતે બોધવિતરણ કરતા અને પોતાનો દિવ્ય જીવનસંદેશ વહેતો મૂકતા. રાસ, ગરબા વગેરેની માફક આ નાનકડી નાટિકાઓ પણ તેમાંની અભિનેયતા અને કલાત્મકતાને લીધે સાધકપ્રેક્ષકોનું વિશિષ્ટ આકર્ષણ બની ચૂકી હતી.

ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ નાટિકાનું મહત્ત્વ નોંધપાત્ર છે. તે વખતે દેશીનાટક કંપનીઓ પોતાનાં ધંધાદારી નાટકો દ્વારા લોકોનું હળવું મનોરંજન કરતી, પરંતુ તેમાંની સંવાદ અને ગીતોમાં રહેલી અશ્લીલતા શિષ્ટ-સભ્ય સમાજને આંખના ખૂણામાં કાંકરીની જેમ ખૂંચતી. શિષ્ટ નાટકોમાં સાહિત્યિક ગુણવત્તાનું પૂરતું પ્રમાણ હોવા છતાં ભજવણીની દૃષ્ટિએ તે મહદંશે નિષ્ફળ સાહસ તરીકે પૂરવાર થયેલાં. વળી પશ્ચિમના સાહિત્યસંપર્કથી અન્યસ્વરૂપોની જેમ એકાંકીનો હજુ પૂરતો વિકાસ થયો ન હતો. તેવા સમયમાં શિષ્ટ અભિનેય મનોરંજક નાટિકાઓ આપીને શ્રીઉપેન્દ્રભગવાને ગુજરાતી સાહિત્યની ધ્યાનપાત્ર સેવા કરી છે. સર્વપ્રકારનાં શુભતત્ત્વોનો સ્વીકાર કરતી અને તેને ઊર્ધ્વગામી જીવનવિકાસના સબળ ઉપાદાન તરીકે પ્રયોજતી તેમની દિવ્ય દૂરંદર્શી દૃષ્ટિએ રંગભૂમિનો પણ વિશિષ્ટ સંદર્ભમાં વિનિયોગ કર્યો છે. તેથી જ ઠેઠ વીસમી સદીના ત્રીજા દશકામાં વિશ્વવંદ્યઉદ્યાનમાં સુંદર કલાત્મક ત્રિખંડી નાટ્યમંચ ઊભો કરી, સાધકકલાકારોની સુવિધા-સગવડતાનો સંપૂર્ણ વિચાર કરી તેઓ માટે પાશ્વર્ભૂમિમાં અલાયદી જગ્યા

ફાજલે પાડી, બોધપ્રધાન નાટકો દ્વારા તેમણે રંગભૂમિ પ્રત્યેની તત્કાલીન સમાજની આત્યંતિક સૂગને દૂર કરી નાખી છે. આજે શાળા, કોલેજો તથા અવેતન સંસ્થાઓ દ્વારા નાટકની ભજવણી માટે સ્વતંત્ર નાટ્યહોલ ઠેરઠેર રચવામાં આવે છે તેમ જ રંગભૂમિ અને તેના કલાકારો પ્રત્યેની ઉપેક્ષાયુક્ત ચીડવૃત્તિ સદંતર નષ્ટ થઈ છે અને સભ્યકુટુંબનાં બાળકો પણ વિવિધપ્રસંગે નાટ્યરચનાઓ રંગમંચ પર ઉત્સાહથી રજૂ કરી રહ્યા છે, ત્યારે કદાચ આ થિયેટરનું મહત્ત્વ-મૂલ્ય આપણને કદાચ નહિંવત્ લાગે. પરંતુ તે જમાનામાં એક ધર્માચાર્ય પોતે જ રંગભૂમિની પ્રતિષ્ઠા કરે, નિત્યનવીન નાટ્યકૃતિઓ રચે, યથાસમયે સાધકવૃંદમાં તેનું કુશળ દિગ્દર્શન કરે[1] અને સહજ રીતે વર્ગના સર્વોત્કૃષ્ટ સિધ્ધાન્તોનું અધિકારી સામાજિકોમાં સરળતાથી સંક્રમણ કરે, એ વિગતો શ્રી ઉપેન્દ્રભગવાનની કલાત્મક રસદૃષ્ટિ, વિનમ્રતા અને વિશદતાની પ્રતીતિ કરાવે છે.

આ સર્વ નાટિકાઓ ઉત્સવપ્રીત્યર્થે લખાયેલી હોવાથી કલાત્મક બનતી હોવા છતાં તે વિશેષતઃ બોધપ્રધાન છે. વળી આબાલવૃધ્ધ સર્વ સાધકોને સ્પર્શતું જીવંત સાહિત્ય આપવાની વર્ગના આચાર્યની નેમ હોવાથી, "બાલવિનોદ"માં કિશોર બાળકો માણી શકે તેવાં રોચક-બોધક પ્રહસનો છે, કેટલાકમાં માત્ર તાત્ત્વિક મુદ્દા પરની બે અથવા બેથી વધુ પાત્રો વચ્ચેની ચર્ચા પણ છે, તો મોટાભાગની કૃતિઓ પાત્ર-પ્રસંગપ્રધાન સુંદર અભિનેય નાટિકાઓ બની છે. એક કે દોઢ કલાકમાં પૂરી થતી

---

૧. વૃધ્ધવયે પહોંચેલા અને શ્રીઉપેન્દ્રભગવાનના દિગ્દર્શન હેઠળ નાટિકાઓમાંની કેટલીક ભૂમિકાઓને જીવંત કરી ચૂકેલા સાધકબંધુઓ સાથેના વાર્તાલાપમાં જાણવા મળે છે કે શ્રીઉપેન્દ્રભગવાન "રસદર્શન"ના કાર્યક્રમ પ્રસંગે પોતે એક સામાન્ય અદના માનવીની જેમ કલાકારોને પ્રોત્સાહન મળે તે માટે પડદા પાછળ રહેતા અને જરૂર પડે ત્યારે "પ્રોમ્પટીંગ"ની પણ જવાબદારી અદા કરતા.

અને માત્ર જૂજ પ્રસંગો પરની વસ્તુસંકલનાને કેન્દ્રિત કરતી આ કૃતિઓ સંસ્કૃતનાટકોની તુલનાએ નાનકડી નાટિકા લાગે તે સ્વભાવિક છે. તેમાં સંસ્કૃતનાટકોનાં સર્વ તત્ત્વોનો સમાદર કરવાની કોઈ સભાન પ્રવૃત્તિ પણ નથી જણાતી. વળી આંગ્લ-સાહિત્યના સંપર્કે વિકસી રહેલા "એકાંકી"નાં સર્વ તત્ત્વો પણ તેમાં દૃષ્ટિગોચર નથી થતાં. તેથી શ્રીઉપેન્દ્રાચાર્ય આ સર્વ નાટ્યકૃતિઓને "સંવાદ" તરીકે ઓળખાવે છે, તે સર્વ રીતે યથાર્થ લાગે છે. આપણે માત્ર મહત્ત્વની નોંધપાત્ર કૃતિઓનું ઊડતું વિહંગાવલોકન કરીશું.

શ્રી ઉપેન્દ્રાચાર્યે રામાયણ, મહાભારત, ઉપનિષદ્ પુરાણોમાંથી અથવા સુપ્રસિધ્ધ ભક્તોના જીવનમાંથી સૌજનપરિચિત કથાવસ્તુ ઉપાડી, તેમાં ઉચિત ફેરફારો કરી તેને "સંવાદ"માં કલાત્મક સ્પર્શ આપવા પ્રયત્ન કર્યો છે અથવા કેટલાક સંવાદોમાં મૌલિક નવીન કથાવસ્તુ પણ વણી લીધુ છે. ઉત્સવનિમિત્તે ભજવવા માટે જ રચાયેલા આ સંવાદો સતત ઉપદેશધારાથી કે ચિંતનપ્રવાહથી તખ્તા પર શુષ્ક કે મોળા ન પડી જાય તેનો કર્તાએ ખાસ ખ્યાલ રાખ્યો હોય તેમ જણાય છે. આથી ગંભીર અને ચિંતનપ્રધાન પાત્રસૃષ્ટિની પડખે લગભગ દરેક સંવાદમાં કર્તાએ રજસ્-તમસ્ ગુણમાં રાચતી સ્વાર્થપ્રધાન ભોજનરસપટુ પાત્રસૃષ્ટિ પણ ખડી કરી દીધી છે. ક્યાંક કર્તાએ સમાજની વિચિત્રતાને હાસ્યરસ માટે ઉપાદાન-સામગ્રી બનાવી દીધી છે. આમ જ્યાં જ્યાં તક મળી છે ત્યાં ત્યાં કટાક્ષ કે વ્યંગ દ્વારા આ ધર્માચાર્યે સંવાદ દ્વારા સમાજસુધારણાની ઝુંબેશ ઉપાડી છે.

ગુરુમહિમાનું ભવ્ય ગૌરવ ગાતા "ગુરુભક્તિમાહાત્મ્ય" સંવાદમાં ગુરુઆજ્ઞાને વશ થયેલો ગોરખ કલ્યાણી નામની સ્ત્રી પાસેથી ગઈકાલનાં જેવાં સ્વાદિષ્ટ વડાંની માગણી કરે છે

ત્યારે ઈન્દ્રિયલોલુપ લાગતા ગોરખની તે સ્ત્રી મશ્કરી કરે છે. પરંતુ આદર્શ શિષ્ય ગોરખ નમ્રતાપૂર્વક કેવું ગુરુનું ગૌરવગાન ગાય છે : "ગુરુ નિમિત્ત માગવું એ તો મુક્તિનું સાધન છે." કસોટી કરવાની મમતે ચઢેલી કલ્યાણી એક આંખના બદલામાં ગોરખને વડાં આપવા તૈયાર થાય છે ત્યારે સદ્દગુરુ નિમિત્તે તે તેમ કરતાં પણ અચકાતો નથી. પોતાની સ્ત્રીજીદથી થયેલા અનર્થથી કલ્યાણી અત્યંત પસ્તાય છે, પરંતુ ગોરખ તો પ્રસન્નચિત્તે ભિક્ષા લઈ ગુરુ પાસે પહોંચી જાય છે. ગુરુમત્સ્યેન્દ્ર આ સત્‌શિષ્યની વધુ આકરી કસોટી કરે છે અને તેનાં નિરહંકાર, નિર્મોહ, નિખાલસતા અને પ્રપત્તિની પ્રતીતિ માટે તે તેની શેષ બચેલી બીજી આંખ પણ માગી લે છે. ગોરખની નિષ્કામ પ્રવૃત્તિ અને ગુરુપ્રત્યેની અડગ શ્રધ્ધા જોઈ અંતે સદ્દગુરુ તેને દિવ્યલોચન આપે છે તથા વરદાન માગી લેવા જણાવે છે. સ્વતંત્ર અહમ્‌ના અસ્તિત્વ વિનાનો ગુરુમય થયેલો ગોરખ કેવું ઉદાત્ત અને ભવ્ય વરદાન માગે છે :

"હૃદયતાપ હરી શાન્તિ દો, ગુરુવર મૈયી માઈને."

આમ કર્તાએ આદર્શ અધિકારી ઉત્તમ શિષ્યની ભવ્ય ગાથા દ્વારા ગુરુનું ગૌરવગાન ગાયું છે પણ સાથે સાથે માર્મિક કટાક્ષચિત્રો દ્વારા શિષ્યસમુદાયમાં રહેલો અધિકાર ભેદ પણ સ્પષ્ટ કર્યો છે. અડગ શ્રધ્ધા, અવિરત પુરુષાર્થ અને ઈષ્ટ કૃપાથી સતત સાધનાને અંતે યોગ્ય અધિકાર કેળવતાં શિષ્યો, ગોરખની માફક પરમપદ, કે તેના દર્શનને અધિકારી દિવ્ય લોચન પામી શકે છે.

ગુરુનાં જ ઉપદેશાત્મક સૂત્રાત્મક વાક્યો તેમના શિષ્યો, ગુરુ મત્સ્યેન્દ્ર વડાંને વખાણે છે ત્યારે મનોમન કટાક્ષમાં ઉચ્ચારે છે. પરંતુ અધૂરા ઘડાની જેમ આછકલા અને અભિમાની બનેલા તે અનધિકારી શિષ્યોને ખબર નથી પડતી કે ગુરુની આ લીલા પણ તેઓની કસોટીપ્રીત્યર્થે છે. શિષ્યોના મનોભાવને વ્યક્ત કરતું એ માર્મિક ચિત્ર સુરેખ દોરાયું છે. તેમાંનો કેટલોક ભાગ આ પ્રમાણે છે :

"ગુરુ – કેમ ભિક્ષા લાવ્યો ?

ગોરખ – હાજી.

ગુરુ – લાવ ત્યારે, અહીં જ બધાને આપી દે.

(બધા બેસે છે. ગોરખ ગુરુ આગળ પાત્ર ધરે છે, પછી બીજાને આપે છે).

ગુરુ – અહો ! આ જ તો વડાંની ભિક્ષા આવી છે ને શું ? (જમે છે)

બાલશિષ્ય–(સ્વગત) અતિ સાત્વિક !

ગુરુ – બહુ સ્વાદિષ્ઠ વસ્તુ છે. રુચિ કરતાં પણ જરા વધારે ખવાઇ જવાય એવાં છે.

૨ શિષ્ય –(સ્વગત) આહાર બહુ મિત પ્રમાણમાં કરવો."

"સેવના સિધ્ધિ"માં મતંગ ઋષિના આશ્રમને, તેમની વાટિકાને તથા આશ્રમથી નદી સુધીના માર્ગને કોઈને પણ ખબર ન પડે તેમ સ્વચ્છ રાખતી અને

"માથાનો મુગુટ છે મારો સેવાનો ટોપલો,
ઝાડુ મારા હાથનો શણગાર રે"

નો સેવામંત્ર ગાતી આદર્શ સેવામૂર્તિ શબરી,

"ગજરો ગૂંથું રે હું તો, ગજરો ગૂંથું,
રામનામના **ફૂલનો** હું તો ગજરો ગૂંથું."

– એ ભાવવાળી પદનું ગુંજન કરતી રામના આગમનની પ્રતીક્ષા કરી રહી છે અને એક દિવસ તેની દિવ્ય આશા ફળે છે એટલું જ નહીં પણ તેનાં એઠાં બોર પ્રસાદ તરીકે ગ્રહણ કરતા ભક્તાધીન રામ અચકાતા નથી – એ સુપ્રસિધ્ધ કથાપ્રસંગને વણી લેવામાં આવ્યો છે. પરંતુ આ સંવાદની વિશિષ્ટતા તો કર્તાએ સર્જેલું બ્રહ્મરાક્ષસનું મૌલિક પાત્ર છે. મતંગ ઋષિનો શિષ્યસમુદાય, બ્રહ્મરાક્ષસ અને સેવામૂર્તિ

શબરી – એ ત્રણ વિવિધ દૃશ્યોને કર્તાએ એક વિશિષ્ટ ભાવનાદોરથી બાંધી દીધાં છે, વેદાન્ત અને પુરાણોનાં થોથાં કંઠસ્થ કરવા માત્રથી જ પરમબ્રહ્મને પામી શકાતો નથી. વિધ્વત્તા વિનમ્રતાથી શોભે છે. જ્ઞાનનું પણ મિથ્યાભિમાન ચઢે અને અહમ્‌નું તિરોધાન થવાને બદલે અકળ રીતે તેનો પ્રસ્તાર– વિસ્તાર થાય તો તે જીવ બ્રહ્મજ્ઞાની થવાને બદલે બ્રહ્મરાક્ષસ થાય છે. નિષ્કામ સેવા અને નિર્વ્યાજ નિખાલસતા વગરની સાધના વંધ્ય નીવડે છે. દિવ્ય સેવામંત્રના પ્રતાપે જ શબરી રામને પ્રાપ્ત કરી શકે છે. શિષ્યવૃંદને સર્વથા હેરાન–પરેશાન કરતો બ્રહ્મરાક્ષસ પણ લક્ષ્મણના સેવાસાધનાના બળને પ્રતાપે જ ઉધ્ધાર પામે છે. આમ કર્તાએ સેવાને કેન્દ્રમાં રાખીને પ્રસંગવર્તુળો દોર્યાં હોવાથી, રામ–શબરીના મિલનનો પ્રસંગ સંવાદની પરાકાષ્ઠારૂપ ન બનતાં, જલ્દીથી આટોપાઈ ગયો હોય તેવું પણ જણાય છે.

સંધ્યાકાળના ઝાંખા અજવાળામાં મા તરફથી અપાતા બાજરીના લોટના પાણીને દૂધ સમજતો બાલ ઉપમન્યુ મિત્રસૌષ્ઠવના જન્મદિન નિમિત્તે અમૃત જેવું મીઠું, ચીકાશવાળું અને શ્વેત દૂધ પીએ છે ત્યારે તે તેવું જ દૂધ દરરોજ પીવાની મા પાસે હઠ લે છે. પરંતુ ગરીબાઈને લીધે મા તે બાલહઠને સંતોષી શકતી નથી. આથી મા પાસેથી 'ॐ નમઃ શિવાય' નો મંત્ર મેળવી માને જ ઉપદેષ્ટા ગુરુ તરીકે સ્થાપી, તે આશુતોષ શંકરને પ્રસન્ન કરવા જંગલમાં ચાલ્યો જાય છે – અને ઉગ્રતપોબળથી શંકરભગવાનને પ્રસન્ન કરે છે. આમ गुणा: पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वय:। એ ઉક્તિ પ્રમાણે બાલઉપમન્યુ પણ દૃઢમનોબળથી દેવાધિદેવ શંકરને રીઝવી શકે છે, તે પ્રસંગને ભક્તિપ્રધાન સંવાદ "<u>બાલની ફાલ</u>"માં વણી લેવામાં આવ્યો છે. ગંભીર કથાવસ્તુને મનોરંજક શૈલીમાં રજૂ કરવા કર્તાએ "વનચર"નું પાત્ર નિર્મ્યું છે. નગર અને તેની

સંસ્કૃતિથી દૂર દૂર જંગલમાં વસતો વનચર અબુધ અને નાસ્તિક જેવો છે. પરંતુ બાલઉપમન્યુની તપોભૂમિને સ્વચ્છ રાખતો વનચર પણ અંતે, તીવ્ર તપશ્ચર્યાબળે દિવ્ય તેજને પામેલા ઉપમન્યુને અન્તઃસ્ફુરણાથી વારંવાર પ્રણામ કરે છે. તેવી જ રીતે શિવની આજ્ઞાથી તેના બે ગણ આ ધ્યાનસ્થ કોમળ બાળકની કડક કસોટી કરવા વિરહવ્યથાએ આક્રંદ કરતી માનું ચિત્ર તેની આંતરદૃષ્ટિ આગળ રચે છે, તે આખો પ્રસંગ તખ્તાલાયકીની દૃષ્ટિએ દાદ માગી લે તેવો છે. (૧) વચ્ચે ધ્યાનસ્થ ઉપમન્યુ (૨) જમણી બાજુ સદાશિવના ગણોથી નિર્માયેલું તેની માતાનું આંતરવ્યથાનું દુઃખ અને તેનો કરુણ વિલાપ (૩) ડાબી બાજુ શિવગણોનો વાર્તાલાપ – એ ત્રણે દૃશ્યોને એકીસાથે ત્રિખંડી નાટયયોજના પ્રમાણે આજથી લગભગ ચાલીસ વર્ષ પૂર્વે રજૂ કરવામાં આવતો ત્યારે સમગ્ર સાધકસમુદાય આશ્ચર્યચકિત બની આનંદપૂર્વક તેને માણતો. અલબત્ત, આરંભમાં સૌષ્ઠવના જન્મદિને તપસ્તેજની સૂચનાથી અધિપ, વત્સલ, સુપ્રસન્ન, ઉપમન્યુ આદિ ઋષિકુમારો એક પછી એક "ચિન્તનીય ત્રિવાર્તા"[1] કહે છે તે, તથા બે પ્રવેશની વચ્ચે અને અન્યત્ર રજૂ કરવામાં આવેલાં ગીતોની વધારે પડતી સંખ્યા સાતપ્રવેશમાં વહેંચાયેલા પ્રસ્તુત કથાપ્રવાહની દૃષ્ટિએ શિથિલ જરૂર બનાવે છે. પરંતુ કર્તા તે દ્વારા ઉન્નત ઊર્ધ્વગામી જીવનપાથેય સૂત્રાત્મક શૈલીમાં તથા ભાવનાપ્રધાન પદોમાં રજૂ કરતા હોવાથી સાધક-સમુદાયને માટે તો તે પણ આસ્વાદ્ય નીવડ્યાં હશે.

---

૧. "ચિન્તનીય ત્રિવાર્તા"નું એક ઉદાહરણ –

"બોલવા માગું છું ત્રણ વાત : સત્ય, પ્રિય અને હિતકર.
છોડવા માગું છું ત્રણ વાત : પ્રમાદ, દુરાચાર, અશ્રદ્ધા.
કહેવા માગું છું ત્રણ વાત : દુર્બલ ન જીવો, પરાધીન ન જીવો, ઉન્મત્ત ન જીવો.
કરવા માગું છું ત્રણ વાત : નિર્લેપ વ્યવહાર, દુઃખીને સહાય, શુદ્ધ સંકલ્પ."

"ભક્તિવલ" સંવાદમાં, અત્યંત આગ્રહપૂર્વક વેપારીઓ નરસિંહ મહેતાને ત્યાં જોખમ સમું નાણું મૂકી જાય છે અને ભક્ત નરસિંહ ભગવાનને ભરોસે હૂંડી લખી આપે છે તે પ્રસિધ્ધ પ્રસંગને શ્રીઉપેન્દ્રાચાર્યે વર્ણવ્યો છે. આ ભક્તિરસપ્રધાન પ્રસંગની પડછે કર્તાએ સામાજિક રીતરિવાજો અને સ્વાર્થી માનવસ્વભાવ પર રમૂજી છતાં વેધક કટાક્ષ કર્યો છે. તેમાં ય નરસિંહ મહેતાને ત્યાં ભૂખ કરતાં અધિક ખાતા અને પછી નરસિંહની જ ટીકા-નિંદા કરતા ખાઉધરા નાગરોનું ચિત્ર રસપ્રદ બનાવ્યું છે. "રામબાણ વાગ્યાં હોય તે જાણે" એ લયમાં નફ્ફટ બનેલા નાગરો નીચેનું ગીત ગાય છે, તે કેવું મનોરંજક છે !

"અન્નબાણ વાગ્યાં હોય તે જાણે,
બીજા ભુખડી બારશ શું પ્રમાણે ; અન્ન૦
ભીમને વાગ્યાં, દુર્વાસાને વાગ્યાં, બીજા શું એને પીછાણે,
પ્રસુતા પેટની વેદના સહે પણ, બાલકનું સુખ માણે. અન્ન૦
દેવના દેવ ગણેશ, ને વીંધાયો, વડવાનલ એ બાણે,
અને એવા બલિકેરા બળેથી તો, પૃથ્વી બધો ભાર તાણે. અન્ન૦"

ઉપદેશવચનોને સાહજિક બનાવવા કર્તાએ પાત્રમુખે કહેવતો અને રૂઢિપ્રયોગોનો ઉપયોગ પણ ઠીક પ્રમાણમાં કરાવ્યો છે. રાજસી-તામસી પાત્રસૃષ્ટિ રચી, તેના વિરોધાભાસમાં નિષ્કામ નિર્મોહી નરસિંહના વ્યક્તિત્વને આમ કર્તા સુંદર રીતે નિરૂપી શક્યા છે.

"ચિરંજીવન"માં પિતા મૃકંડુ ઋષિની ઈચ્છા પ્રમાણે દીર્ઘ આયુષ્યમાન થવા માર્કંડેય મહામૃત્યુંજયમંત્રનું સતત રટણ કરતો શિવસ્તુતિ કરે છે. વિક્ષેપશક્તિની માયાવી સૃષ્ટિ કે યમરાજની

ધમકીથી તે ડરતો નથી અને તીવ્ર તપશ્ચર્યા અને દૃઢ મનોબળથી ભગવાન શંકરને પ્રસન્ન કરી અંતે ઈપ્સિત સિધ્ધિ પ્રાપ્ત કરે છે – એ લોકખ્યાત પ્રસંગનું આલેખન કરવામાં આવ્યું છે.

"અધમોધ્ધરણ" સંવાદ નવીન મૌલિક કથાવસ્તુ, સુશ્લિષ્ટ ગતિશીલ પ્રસંગયોજના, માયાવી, કૃત્રિમ જેવા અમાનવીય કાલ્પનિક પાત્રોનો પ્રવેશ અને તે દ્વારા સરળતાથી રજૂ કરવામાં આવતું બોધદર્શન, પાત્રોચિત બોલીનો પ્રયોગ વગેરેને લીધે જુદો તરી આવે છે. તેનું ઉદ્‌ઘાટન જ હૃદયંગમ છે. અંજની નામની પ્રખ્યાત ગાયિકા "ડોલું હું આજ ઉરના હિંડોલે" શૃંગારગીત અને નૃત્યથી નગરશેઠને રીઝવી સાચાં મોતીની માળા પ્રાપ્ત કરે છે. પરંતુ મધરાતે તેજસ્વી સાધુમુખે "એક સુર છવાય રહ્યો ૐ ૐ નો દિવ્ય અલૌકિક સંગીતધ્વનિ તે સાંભળે છે ત્યારે તેનું સંગીતવિષયક અભિમાન છિન્નભિન્ન થાય છે. સાધુ સાથેની વાતચીતથી પ્રભાવિત થયેલી અંજની રાજાના રાજા મહારાજા પ્રભુને રીઝવવા સાધુ પાસેથી સર્વોત્તમ સંગીત શીખી લે છે. માયાવી અને તેનો ગુલામ કૃત્રિમ વિવિધ પ્રલોભનો ઊભાં કરી અંજનીને પરમપદ પ્રાપ્તિને માર્ગે જતાં વિઘ્નો ઊભાં કરે છે. પણ તેમાં નિષ્ફળ જતા અંતે બ્રાહ્મણના રૂપમાં પ્રગટ થઈ માયાવી છેલ્લો પાસો ફેંકે છે અને પૂજારીને ચેતવે છે કે અંજની વારાંગના હોવાથી તે મંદિરમાં સ્વહસ્તે પ્રભુકંઠે મોતીની માળા ન પહેરાવી શકે. લોભી પૂજારી મોતીની માળા ધોઈ તેને પવિત્ર કરી [illegible] જાતે પ્રભુકંઠે આરોપવા જાય છે પણ મૂર્તિ વધુ ને વધુ ઊંચી થતી જતાં પૂજારી તેમ કરવામાં નિષ્ફળ નીવડે છે. અંતે અંજનીની યાચનાથી પ્રભુ પ્રત્યક્ષ દર્શન દે છે અને સ્વમુખે તેની પાસેથી હાર માગે છે. પરંતુ એકબાજુ જીવનની ઉન્નતિનો સાચો માર્ગ બતાવનાર ગુરુસમ સાધુ છે તો બીજી બાજુ બ્રહ્મસ્વરૂપ પ્રભુ સાક્ષાત્ દર્શન આપવા

ઉપસ્થિત થયા છે. આથી અંજની મનમાં મૂંઝાય છે. "અંજની – (સ્વગત) કોને ચઢાવું ? પ્રભુને કે દેવને ? મારા દેવ પહેલા, જેણે મને પ્રભુ બતાવ્યા. પણ પ્રભુના દેખતાં તે કેમ પહેરાવાય ?" – અને ઉગ્ર મનોમંથન બાદ અંજની સાધુને હાર આપે છે અને તેમના પવિત્ર હસ્તે પ્રભુને પહેરાવવા વિનંતી કરે છે. કેવો ઉચ્ચપ્રકારનો ગુરુભાવ ! આથી તો પ્રભુ પણ સ્પષ્ટ કહે છે :

"ત્યારે જ પ્રભુભક્તિ સાચી છે, જ્યારે ગુરુભક્તિ સાચી છે; પ્રભુપ્રીતિ ત્યારે જ સાચી છે જ્યારે ગુરુપ્રીતિ સાચી છે."

કર્તાએ પ્રસ્તુત સંવાદ દ્વારા, ગમે તે કક્ષાનો જીવ અધિકાર પ્રાપ્તિ બાદ પ્રભુને પામી શકે છે તેનો સદ્બોધ કર્યો છે અને જેમ સદ્ગુરુનું પણ માહાત્મ્ય ગાયું છે તેમ મોહ, માયા અને વાસનાથી ખદબદતા લોભી પૂજારી જીવો પ્રતિ સમભાવયુક્ત કટાક્ષ પણ કર્યો છે.

પ્રવેશ ૬માં સૂચવ્યું છે તે પ્રમાણે મુક્તપુરીમાં દેવદર્શનાર્થે અનેક પ્રવાસીઓ જઇ રહયા છે. પરંતુ પ્રભુદર્શનનો દિવ્ય લ્હાવો લેવાનું અલૌકિક પ્રયોજન તે પાછળ નથી. કોઈ ધનની, કોઇ સંતાનની તો કોઈ તેમની સ્ત્રીઓએ માનેલી માન્યતા પૂરી કરવાની ઐહિક એષણાથી જ ત્યાં જઈ રહયા છે. સાધુપુરુષ ચોથા વિદ્વાન પ્રવાસીને તેના આગમન અંગેની પૃચ્છા કરે છે ત્યારે તેની ઉક્તિ ઠીક ઠીક હાસ્ય પૂરું પાડે છે અને તેના દંભડોળને ખુલ્લા પાડે છે.

"સાધુ : આપને કેમ પધારવું પડે છે ?

૪ પ્રવાસી : રોગશત્રુવિનાશાય, સમગ્રદુ:ખદલનાય, સકલ-જ્ઞાતાજ્ઞાતપાપતાપનિવૃત્યર્થે, તનમનધનપરિવારાભિવૃદ્ધ્યર્થે, રાજ્યમાન્ય રાજ્યશ્રી, રાજ્યવૈભવાદિ ઐશ્વર્યસિધ્ધ્યર્થે, સમગ્ર-યોગક્ષેમ નિર્વહણાર્થાય, સંપૂર્ણગ્રહોપગ્રહપીડાનિવારણાર્થાય, અપરં ચ સૃષ્ટિલીલાનિરીક્ષણાર્થાય, વિદ્યાજ્ઞાનપ્રદાનાર્થાય, ઈત્યાદિ કિંચિત્ કિંચિત્ સંકલ્પનિમિત્ત આવવું બને છે. બાકી ખાસ કોઈ સવિશેષ ઈચ્છા નથી.

સાધુ : (સ્વગત) આમના આવડા વાસનાકોષમાં પણ ઈશ્વરનું
ક્યાંહિ નામ જણાતું નથી."

પરંતુ આ સર્વમાં સૌથી વધુ ધ્યાન ખેંચતાં પાત્રો તો માયાવી અને કૃત્રિમ છે. તેઓ પૃથ્વીલોકનાં માનવીય પાત્રો ન હોવા છતાં આ કાલ્પનિક પાત્રોને કર્તાએ એવી સુંદર રીતે — તખ્તાલાયકીની દૃષ્ટિએ — લોહીમાંસવાળાં અભિનેય પાત્રો બનાવ્યાં છે કે તે પાત્રો કથાવાર્તાના ગંભીર સ્વરૂપને હળવું બનાવવા ઉપરાંત મુખ્ય પાત્રોના ચિત્તમાં ભાવાત્મક સંઘર્ષ ઊભો કરે છે, અને અઘટિતઘટનાપટિયસી માયાના સ્વરૂપને સુસ્પષ્ટ કરે છે. માયાવીની ભાષા પણ કહેવતોથી ભરપૂર અને નાટ્યાત્મક હોવાથી અભિનયક્ષમ બને છે. દા. ત.

"માયાવી : (પ્રવેશી કૃત્રિમનો કાન આમળતાં) કોનું કામ ?
કૃત્રિમ : (એકદમ હાથ જોડતાં) એ આપનું, આપનું, આપનું,
મારી ભૂલ થઇ સરકાર, એના તો એકલા આપ જ છો ઈજારદાર.
માયાવી : ત્યારે શું બકી રહ્યો હતો ? શિયાળ જેવું કાળજું ને વાઘ જેવી છટા, આજકાલના જોગી ને ઢીંચણસમી જટા ! હજી તો દુધિયા દાંતે ફૂટ્યા નથી, હજી બેં બેં તો કરી શકતું નથી ત્યાં અમે અમે અમે કરવાનો સંનેપાત થઇ આવે છે ? નાદાન ! હાથમાં નહિ લાકડી ને લાખનો ઈજારો, મારે મીયાં ને ફૂલે પીંજારો ! આવડે નહિ ઘેંશ ને રાંધવા પેશવાળી વાત. તને આવડે છે શું ? તું સમજે છે શું ? ભાન તો છે નહિ કે ઊંટકા પુછડા કીધર હૈ. ટુચકા જેવડાં દેડકાં, તે થઈને બેઠાં ઠાવકો. પેટમેં પુમડા પાની નહિ, ને મેરા નામ દરિયાવખાં ! ખબરદાર, આજ પછી એવું ટેંટેં પેંપેં કર્યું છે તો. (સ્વગત) ઠીક દબડાવ્યો છે."

વળી કૃત્રિમ માયાવીનો ગુલામ હોવાથી માયાવીની વિશેષતાની સાથે મર્યાદાથી પણ સંપૂર્ણ વાકેફ હોય છે. આથી જ્યારે માયાવી પોતાની સત્તા અને શક્તિ વિશે બડાશ ફૂંકતો હોય છે ત્યારે કૃત્રિમ વિરોધાભાસી એવું વાક્ય – સ્વગત – બોલી તેની મર્યાદા સ્પષ્ટ કરે છે. આથી પ્રેક્ષકો સમક્ષ સૂક્ષ્મ હાસ્યરસ તો નિષ્પન્ન થાય છે પણ અનિર્વચનીય ગૂઢ માયાનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે.

"માયાવી – (વિચારીને) બસ, જરૂર એને એ રસ્તેથી પાછી વાળું. મુક્તપુરીના મધ્યે હું બેઠો છતાં એ એમ ને એમ જઈ શકે જ કેમ ? મને શું અસાધ્ય છે ?

કૃત્રિમ – (સ્વગત) સત્ક્રિયા.

માયાવી – મને શું અશક્ય છે ?

કૃત્રિમ – (સ્વગત) પ્રભુકૃપા.

માયાવી – હું શું મેળવી શકું એમ નથી ?

કૃત્રિમ – (સ્વગત) ઉધ્ધાર.

માયાવી – મારા પંજામાંથી કોણ છૂટી શકે એમ છે ?

કૃત્રિમ – (સ્વગત – ઈશારાથી) એક પ્રભુભક્ત.

માયાવી – યોગીમુનિને એકવાર લલચાવી દઉં તો છોકરીના શા ભાર છે ?

કૃત્રિમ – (સ્વગત) વખતે ઠીકરી ઘડાને ફોડે પણ ખરી."

ભાવવાહી પ્રસંગો, લોકભોગ્ય સંવાદો વગેરેને લીધે સમગ્ર સંવાદ આસ્વાદ્ય બને છે. સન્માર્ગે વળેલી એક વારાંગના પણ સતત સાધના અને અવિરત ભક્તિબળે પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે, એવો એક ધર્માચાર્ય તે જમાનામાં બોધ કરે તે શું ઓછું આશ્ચર્યકર છે ?

"જીવનપતંગી" સંવાદમાં ખોટી નિંદા અને મિથ્યા અભિમાન કરનારાઓની કેવી બેહાલ દુર્દશા થાય છે તેનો ચિતાર બે વિવિધ

હાસ્યપ્રસંગો હારા આપ્યો છે. પાત્રોચિત બોલી અને સર્વભોગ્ય સરળ શૈલીને લીધે આ સંવાદનો સદુપદેશ પણ સહજરીતે કહેવાયો છે. તળાવ બાંધવા માટે પૈસા મળી ચૂકયા હોવા છતાં શેઠ તળાવ માટે કાણી પાઈ કાઢતા નથી. પણ નિર્ધન ભક્તની પ્રસરેલી કીર્તિ ન ખમાતાં અદેખાઈથી તે તળાવ તો બંધાવે છે પણ જાતે જ તેની જયાં ત્યાં મિથ્યા પ્રશંસા કરતો ફરે છે. તેનું એક ઉદાહરણ જોઈએ.

"શેઠ – (પ્રવેશીને) ટેટડીસ હજાડ, ટેટડીસ હજાડ, ટેટડીસ હજાડનું ટલાવ બંઢાઇવું. છે કોઇ માડીજાયો છાટીપડ પઠ્ઠડ મૂકનાડો ! કાંઇ કામ કર્યું છે કાંઇ કામ ! પાનીએ ભડપટ્ટે પીઢા જ કડો, પીઢા જ કડો. ટલાવની ચાડે બાજુ ઢોડો બંઢાઇવો, ટેના ટોટેડ હજાડ ! કેમ મુનીમ !

મુનીમ – જી. (સ્વગત) આટલા દહાડા તો તેત્રીસ હજારનો આંકડો કહેતા, આજે તો તેના તોતેર થયા."

તેવી જ રીતે ભાવનાભૂખ્યા પ્રભુભક્તને ત્યાં ભોજન માટે જતા બ્રાહ્મણોના મોદક વિશેના વિચારો પણ ઠીક હાસ્ય પૂરું પાડે છે.

"૧ બ્રાહ્મણ – શિવજીના માથામાં જેમ ગંગા શમે તેમ મોદકમાં ઘી શમે. એ તો સાક્ષાત્ શિવજી જ જાણવા.

૨ બ્રાહ્મણ – અરે ! ગંગા તો નીકળીએ જાય, અને મોદક તો, તેને કયાં એ છૂપાવી દે તે ખબર ન પડે. એટલે મહાદેવ કરતાં યે મોદક તો ચઢે !

૧ બ્રાહ્મણ – નામ જ કેવું મઝાનું, – મોદક – આનંદ આપે તે ! નામથી આપે તો (મોં તરફ હાથ કરી) કામથી તો શું શું ન આપે ?"

આવા હાસ્યરસિક સંવાદો અને એકબીજાને ઉપકારક એવા બે કથાપ્રવાહો હોવા છતાં નાનકડા પ્રવેશો, રંગભૂમિ પર દેખાતા ઈન્દ્ર, ધર્મરાજ, વિષ્ણુ વગેરે દૈવીપાત્રો તથા કયાંક સીધો ઉપદેશ વગેરેને લીધે

સમગ્રતયા પ્રસ્તુત સંવાદ કલાત્મક રસકોટિએ પહોંચી શક્યો નથી.

"શ્રધ્ધા સકલ સુખ મૂળ છે, શ્રધ્ધા વિના બધું ધૂળ છે" એ શ્રી માસ્તરસાહેબની અત્યંત પ્રસિધ્ધ પંક્તિને શ્રીઉપેન્દ્રાચાર્યે મૌલિક કથાપ્રસંગો દ્વારા "જવાબી શ્રધ્ધા"માં કુશળતાથી ચરિતાર્થ કરી બતાવી છે. પ્રભુભક્ત પ્રાણમયી અને નાસ્તિક સરખા તેના વ્યવહારુ દાદા ભક્તજનના સ્વાંગમાં બેઠેલા બે ઠગો સાથે વિકરાળ જંગલમાંથી પસાર થાય છે ત્યારે બંને ઠગો વિશ્વાસઘાત કરી વૃધ્ધને મારી નાખે છે અને પ્રાણમયીને પણ એ જ અમરાપુરીનો રસ્તો બતાવે છે. પરંતુ પ્રાણમયીની ભાવપૂર્ણ શ્રધ્ધાનો જાણે પ્રત્યુત્તર પાઠવતા હોય તેમ પ્રભુ પ્રત્યક્ષ થાય છે અને નિખાલસ હૃદયા પ્રાણમયીની વિનંતીથી બંને ઠગોના નિત્યસંગી દુષ્ટમનનો નાશ કરે છે તથા દાદાને પુનઃ જીવિત કરે છે. સંગીતમાધુર્યથી સભર ભાવવાહી પદો એ આ સંવાદનું ઉજ્જવલ ઉત્કૃષ્ટ પાસું છે. ચુપાચુપ ચુપાચુપ કામ કરતા ઠગોનો સંવાદ (અને અભિનય) પણ વૈવિધ્યની ભાત પૂરી પાડે છે. દા. ત.

"૧ ઠગ — (પ્રવેશતાં) ચુપાચુપ, ચુપાચુપ, ચુપાચુપ — એ જ મારી
ક્રિયાપધ્ધતિનો ઉદેશ. અને એ જ મારો જગદુપદેશ.
કામ કરવું તો ચુપાચુપ, ભક્તિ કરવી તો ચુપાચુપ,
યોગ સાધવો તો ચુપાચુપ, ધ્યાન ધરવું તો ચુપાચુપ,
જ્ઞાન સાધવું તો ચુપાચુપ, દાન કરવું તો ચુપાચુપ, —
હાથ મારવો તો ચુપાચુપ — સઘળું ચુપાચુપ, ચુપાચુપ,
ચુપાચુપ. કુદરત કેવી રીતે કામ કરે છે ? ચુપાચુપ,
ચુપાચુપ, પેટમાં ખાધું પચાવે છે, કેવી રીતે ? ચુપાચુપ.
શ્વાસ ચલાવે છે, કેવી રીતે ? ચુપાચુપ. માના ઉદરમાં
બાલક રચાય છે, કેવી રીતે ? ચુપાચુપ. અરે, છીપમાં
મોતી પાકે છે, કેવી રીતે ? ચુપાચુપ. ગોટલીમાંથી

આંબો અને આંબામાંથી કેરી, કેવી રીતે થાય છે ?
ચુપાચુપ. જે જે મોટા તે બધા ચુપકીથી કામ કરી રહ્યા
છે. સૂર્ય-ચન્દ્ર ઉગે છે, કેવી રીતે – ધડાકા કરીને ?
નહિ, ચુપાચુપ, ચુપાચુપ, ચુપાચુપ. વાઘ કોઈ ઉપર
તરાપ મારે છે, કેવી રીતે ? ગાઈ વગાડીને ? નહિ,
ચુપાચુપ, ચુપાચુપ, ચુપાચુપ. હજારો માણસોનું સૈન્ય શત્રુ
તરફ કેવી રીતે કુચ કરે છે ? ચુપાચુપ, ચુપાચુપ. અરે,
આ બિલાડી ઉંદરનો શિકાર કરે છે, કેવી રીતે ?
ચુપાચુપઇ ચુપાચુપ, ચુપાચુપ. મારે પણ એ જ રીતે
કરવાનું – મોટાઓ અને કુદરતને જ અનુસરવાનું."

આમ સર્વત્ર શ્રધ્ધાનો જયજયકાર ગાતી આ કૃતિ પણ એટલી જ રસપ્રદ લાગે છે.

પરંતુ "મહદાશ્રય" સંવાદ, કર્તાએ માત્ર પ્રાણીસૃષ્ટિનાં પાત્રો દ્વારા રૂપકશૈલીમાં બોધ પાઠવ્યો હોવાથી સર્વ સંવાદો કરતાં વધુ લાક્ષણિક લાગે છે. રસ્તામાં જ રાત પડવાથી નિશાચર જંગલી પ્રાણીઓથી ગભરાતી બકરી સ્વરક્ષણાર્થે એક યુક્તિ દોડાવે છે અને પાસે પડેલા સિંહના પગલાને સાચવતી હોય તેમ બેસી રહે છે. ભૂખ્યું વરુ, ભોંયસુંઘણિયું રીંછ, વિકરાળ વાઘ વગેરે રાની પશુઓ બકરી જેવા લલચામણા ભક્ષને જોઇને તેના પર તૂટી પડવા તત્પર થાય છે પરંતુ તેણે સિંહ જેવા મહાન વનરાજનો આશ્રય લીધો છે, તેથી તેનો કોઈ વાંકો વાળ કરી શકે તેમ નથી, તેમ તે હિંમતપૂર્વક જણાવે છે. આથી ખોટી બડાઈ-ડંફાશ મારતાં તે સર્વ પ્રાણીઓ "પલાયન મંત્ર" ભણી જાય છે. અંતે પ્રાણીશ્રેષ્ઠ વનરાજ સિંહ આવતાં, બકરી નમ્રતાપૂર્વક તેમના નામનો તેણે કેવો ચમત્કારિક ઉપયોગ કર્યો છે તે જણાવે છે અને કહે છે કે પોતે ભૂખી છે પણ ઝાડના પાલાને પહોંચી શકતી ન હોવાથી

લાચાર છે. આથી સિંહ હાથીને બોલાવે છે અને તેના પર આરૂઢ થઇ બકરી આનંદપૂર્વક પાલો ચરી શકે છે. કર્તા અંતમાં સદુપદેશ આપે છે :

"નીચસંગી થાશો નાહીં, થજો તો મહદાશ્રયી,
મહાદાશ્રયના સંગે ગજારૂઢા અજા થઈ."

કર્તા રૂપકશૈલીમાં કેવો સુંદર બોધ સચોટ રીતે આપે છે કે અલ્પશક્તિમાન અલ્પમતિ જીવ, સર્વજ્ઞ સર્વવ્યાપક-સર્વશક્તિમાન પરમાત્માનો મહદાશ્રય લે, તો તેને ડર કે ભય રાખવાની કશી જ જરૂર નથી. તેમાં લેખકે સિંહ અને નૃસિંહ તથા અજા (માયા)- શબ્દો પરના શ્લેષનો પણ ઉપયોગ કરી લીધો છે :
સંવાદના અંતમાં બકરી નીચેની પંક્તિઓ દ્વારા પ્રેક્ષકોને બોધ આપે છે :

"હું બકરીએ પણ ધાર્યું કર્યું એ સિંહ કરુણાએ,
તો શું ન કરી શકશો તમે નરસિંહ કરુણાએ."

શ્રીઉપેન્દ્રાચાર્યની હાસ્યવૃત્તિ આ સંવાદમાં પણ છૂપી નથી રહી. મિથ્યાભિમાની અહંકારી ફૂલણજીઓ અર્થ વગરની પ્રશંસાથી પણ કેવા રીઝાય છે તેનો નમૂનો મહાકાય હાથીના પાત્ર દ્વારા આપવામાં આવ્યો છે.

"શૃગાલ – આપને મ્હોડે જ આપનાં વખાણ કરતાં શરમ આવે છે. પણ એમાં તો એક આપ જ ખરા પરાક્રમી છો, એ જગજાણીતી વાત છે.
હાથી – તે તો ઠીક, પણ ગર્દભ !
ગર્દભ – જી જી જી જી.
હાથી – શૃગાલ !
શૃગાલ – જી જી જી જી.
હાથી – તમે જ કહો, મારામાં તમે શું પરાક્રમ જોયું ?

ગર્દભ — અહો ! તેની શી વાત કરવી ? આપ જેટલું ખાઈ શકો છો, એટલું પેટથી ઉઠાવી શકો છો, અને જેટલું પેટથી ઉઠાવી શકો છો, એટલું, ખાઈ શકો છો !

શૃગાલ — આપ આંખ ઉઘાડી રાખો છો એટલો વખત જોઈ શકો છો, અને જોઈ શકો છો એટલો વખત આંખ ઉઘાડી રાખી શકો છો ! મહારાજ ! નાને મ્હોડે કેટલી વાતો કરીએ ? આપના સામર્થ્યની અલૌકિકતાની એક જ વાત કહું : વાઘનાં વૃત્ત થયાં, હરણનાં થયાં, મોરના છંદ થયા, પણ હજુ કોઈ એવું માડીજાયું નથી પાકયું કે જે આપનાં વૃત્ત કે છંદ કરી શકયું હોય !"

તેવી જ રીતે અન્ય સ્થળે —

"હાથી — મારા બળને કોણ જાણી શકે ?

ગર્દભ — જી આપના બળને જાણી શકે એવું કોઇ જાયું (જન્મ્યું) નથી ને.

હાથી — (જરા ઊંચે સ્વરે) શું બોલે છે ? મારી સાથે તારી ગણતરી કરે છે ? હું ને તું સરખા ?

ગર્દભ — અરે મારાથી એવું બોલાય ? આપ તો મારાથી બમણા મોટા.

હાથી — કારણ ?

ગર્દભ — કારણ આપને આગળ ને પાછળ બે પૂછડાં છે, ને મારે તો એક જ છે !"

અર્થ વગરની વાતોમાં વાદવિવાદ કરનારાં દંભી મિથ્યાભિમાનીઓ પરનો આ કટાક્ષ પૂરતો નથી ! પંચતંત્રની માફક શ્રીઉપેન્દ્રાચાર્યે પ્રાણીઓની વિશાળ પાત્રસૃષ્ટિ દ્વારા ગુરુ-પરમાત્માની મહત્તાનું ગૌરવગાન ઉચિત અને સબળ રીતે ગાયું છે.

બ્રાહ્મણધર્મના આત્મા સમી પાવનકારી સંધ્યાવિધિનું માહાત્મ્ય ગાતો "સન્ધ્યાપ્રિય" સંવાદ, આછેરું કથાવસ્તુ હોવા છતાં તેની કલાત્મક અભિવ્યક્તિને લીધે સંવાદશ્રેષ્ઠ બન્યો છે. તે વખતે સમગ્ર ગુજરાત પર અનેરું કામણ કરનારી ન્હાનાલાલની – અમોઘ શસ્ત્ર સમી – ડોલનશૈલી, પ્રસ્તુત સંવાદમાં ધર્માચાર્ય શ્રી વલ્લભાચાર્ય અને પ્રજાહિતચિંતક રાજા જેવા ઉત્તમપાત્રોના મુખે ઔચિત્યપૂર્વક મૂકી કર્તાએ અમૂર્ત દિવ્ય-ભવ્ય ભાવોને કલાત્મક રીતે નિષ્પન્ન કર્યાં છે. અદ્વૈત બ્રહ્મને વલ્લભાચાર્ય આ રીતે સમજાવે છે –

"કમલથી જલ અને જલથી કમલ
વલયથી રત્ન અને રત્નથી વલય ।
આંખ બે, દર્શન એક.
અખંડ ખેલી રહ્યો રાસ રસનો.
ખેલાવનાર એ, ખેલનાર હું
રાસ એક.
રસના અનુભવાવનાર – અનુભવનાર બે
રસાનુભવ એક.
ચાખનાર ચખાડનાર બે
રસામૃત એક.
સમજનાર સમજાવનાર બે
સમજવાની વસ્તુ એક
એવો એ રાસ :
રમી રહે જયાં પરસ્પર
પરમસ્નેહી ને દેહનો દેહી.
તાળીદેનાર બે, તાલ એક
હાથ બે, તાળી-ધ્વનિ-એક
હાથ બે, તાળી-ધ્વનિ-એક
ઝીલનાર ઝીલાવનાર બે
રસસંગીત એક."

આ સંવાદનું કથાવસ્તુ આ પ્રમાણે છે : અકાલે ભયંકર માંદગીમાં પછડાયેલા પ્રજાપ્રેમી રાજાનો પ્રાણ બચાવવા કર્તવ્યનિષ્ઠ પ્રધાન વૈદ્ય-જ્યોતિષ, સાધુ-સંતો, માંત્રિક-તાંત્રિક વગેરે દ્વારા સર્વ પ્રકારના ઉપચાર કરી છૂટે છે. પરંતુ સર્વમાં સદંતર નિરાશા-નિષ્ફળતા સાંપડતાં તે વધુ વ્યથિત થાય છે. એવામાં કોઈ જ્યોતિષ અને મંત્રશાસ્ત્રના જ્ઞાતા વૃધ્ધ સાધુની ખ્યાતિ સાંભળતાં પ્રધાન તેમને આદરસત્કાર સાથે મહેલમાં બોલાવે છે. તાંત્રિક વૃધ્ધ પુરુષની સૂચના પ્રમાણે રાજાના વજન બરાબરનું સોનાનું પૂતળું તૈયાર કરવામાં આવે છે અને તેમાં "કાલ"નું આકર્ષણ પણ કરવામાં આવે છે. જતાં જતાં વૃધ્ધ પુરુષ તે સુવર્ણમય પૂતળાને કોઈ પણ વિપ્રને દાનમાં આપવાની સૂચના આપે છે. અનેક ધનલોભી સ્વાર્થી દંભી તકસાધુ બ્રાહ્મણો આવું મોંઘેરું દાન મેળવવા પડાપડી કરે છે પરંતુ જેવા તેઓ પૂતળાને સ્પર્શ કરે છે કે તરત જ પૂતળું તેની એક આંગળી ઊંચી કરે છે. આવો અણધાર્યો વિચિત્ર વ્યતિકર જોઈ બધા જ બ્રાહ્મણો વાસ્તવમાં તો ભયથી કંપતા - થરથરતા હોય છે પરંતુ ગમે તે નિમિત્ત બતાવી મોટાઈનો દંભ-ડોળ કરી તેઓ ત્યાંથી છૂ થઇ જાય છે. ધર્મપ્રેમી રાજા પોતે નીરોગી થઇ શકતો નથી તેનું દુઃખ નથી અનુભવતો પણ તેને વારંવાર એક જ પ્રશ્ન મૂંઝવે છે કે,

"શું શુધ્ધ સમર્થ બ્રાહ્મણબીજ જગતમાંથી નષ્ટ થયું છે ?"
પવિત્ર પુણ્યશાળી આદરણીય આદર્શ બ્રાહ્મણને કયાંય ન ભાળતાં રાજા વ્યથિત હૃદયે ચિત્કાર કરી ઊઠે છે :

"શુધ્ધ બ્રાહ્મણ વિહોણું જગત્ સ્મશાનથી પણ શુષ્ક-ભયંકર-છે."

શ્રીમદ્ વલ્લભાચાર્યના કાને આ કરુણ **આર્તનાદ** સંભળાતાં બ્રાહ્મણધર્મની લાજ બચાવવા તે દાનગ્રહણના સંકલ્પ નિમિત્તે પૂતળાને સ્પર્શે છે. દર વખતની જેમ આ પછી પણ પૂતળું એક આંગળી ઊંચી કરે છે, શ્રી વલ્લભાચાર્ય પ્રત્યુત્તરમાં ત્રણ આંગળી ઊંચી કરે છે. આથી

પૂતળું તેમના ચરણમાં નમી પડે છે. સર્વત્ર જયજયકાર થાય છે. કાલનું તેમાં આકર્ષણ કર્યું હોવાથી કોઈને તે પૂતળું વિઘ્નકર્તા ન નીવડે તેથી તેના અનેક કકડા કરી બ્રાહ્મણોમાં વહેંચી દેવામાં આવે છે. આનંદવિભોર બનેલો રાજા કુતૂહલથી વલ્લભાચાર્યને એક અને ત્રણ આંગળીનું રહસ્ય પૂછે છે, ત્યારે આ વિપ્રશ્રેષ્ઠ જણાવે છે :

"સુણો મહાનુભાવ !
કારમા કાલપુરુષનું સંકેત કહેણ.
એક આંગળી ઊંચી કરી
ભાખતો કાલપુરુષ :
નહિ જેરવાય મારું વિષ સહેજે
જેરવશે તે વિપ્ર
જે નિત્ય એક કાળ પણ
સાચી નિષ્ઠાથી આદરતો હશે સંધ્યાકર્મ,
અંગુલિસંકેત પૂછતો સર્વને :
કરો છો એક કાલની યે સાચી સંધ્યા ?
ન દેવાણા ઉત્તર કોથી.
પુત્તલ અણનમ રહ્યું.
પૂછયું મને પણ એ જ.
સંકેત દીધો ત્ર્યંગુલિએ :
"એક નહિ પણ ત્રિકાલ
આદરું છું નિત્ય સંધ્યાચાર."
અને તે શાન્ત રહ્યું."

શ્રીઉપેન્દ્રાચાર્યે આધુનિક જમાનામાં શુધ્ધ સેવાભાવનાથી નિયમિત રીતે સંધ્યાધર્મને નહિ આચરનારા પરંતુ સેવાને સ્થાને સત્તા, ધર્મને સ્થાને લોભ, નમ્રતાને સ્થાને આપવડાઈમાં રમમાણ

રહેનારા મિથ્યાભિમાની બ્રાહ્મણો પર માર્મિક કટાક્ષ કર્યો છે. દાન લેવા માટે પધારનારા બ્રાહ્મણોની સ્વાર્થલીલા અને સ્પર્ધાત્મક વૃત્તિ પ્રેક્ષકોને સારું હાસ્ય પૂરું પાડે છે. પૂતળાને સ્પર્શ કરવા જતા એક બ્રાહ્મણની દંભી મનોવૃત્તિનું જુઓ કેવું સુંદર નિદર્શન કર્યું છે !

"૧ બ્રાહ્મણ – (તેમ કરતાં ચમકી સ્વગત) બાપલીયા રે ! આ તે પૂતળું કે હડકાયું કૂતરું ? મારા તો હાંજા જ ગગડાવી નાંખ્યાને. એ તો ફકત આંગળી ઊંચી કરે છે ને મારી તો ટાંગડી ધ્રુજી જાય છે. આમાં આવું તે શું કારમાપણું ? પણ અહીં ઢીલાપણું બતાવ્યે નહિ ફાવે. ઢીલી ટાંગ પણ રાખવી તો ઊંચી જ.

પુરોહિત – કેમ મહારાજ ! પાછા હઠયા ?

૧ બ્રાહ્મણ – (જરા ગરમ થતાં) અરે શું મહારાજ ! આ તે કંઈ વાત છે ? પૂતળું થઈને ભૂદેવ જેવા ભૂદેવ ઉપર હાથ ઉગામવા તૈયાર થાય ? સોનાનું થયું તેમાં મોટું શું થઈ ગયું ? એ એના મનમાં કંઈ સમજતું હશે, પણ ખબર છે ? અમારે બ્રાહ્મણોને સોનાની કિંમત શી ? समलोष्ठश्मकाञ्चन: માટીના ઢેફા બરાબર. આ તો ઠીક છે, મહારાજના માનખાતર આવ્યા છીએ. શું કરું કે આ – આ તો રાજમંદિર છે; નહિ તો આવડું ફુરફુરીયા જેવડું મારા સામે આંગળી ઊંચકવાની દેન ધરે ? મારા સામે હાથ ઊંચકનાર એ કોણ ? ના, ના, મારા સામે હાથ ઊંચો કરનાર એ કોણ ? હાથ જ કલમ કરી નાખું. આવા અવિવેકી ક્ષુદ્ર તરફ અમે નજરે નાખવા માગતા નથી. (સ્વગત) ઓય રે ! આ શું ? શરીરમાં તો સાપોલીયાં સળવળવા લાગ્યાં ! તાવના લક્ષણ–કાળજવરનાં ! આ તો લેને ગઇ પૂત, ત્યાં ખોઈ આઈ ખસમ. જરી ઉઠી. ચાલ બેસી જઉં. નહિ તો ભૂમિ ઉપર કયાંહિ ગંગાવતરણ થઇ જશે. (બેસે છે)

પરંતુ આ સંવાદનાં સર્વોત્તમ ચિંતનશીલ પાત્રો તો રાજા અને શ્રી વલ્લભાચાર્ય છે. એક સંસારી છે, બીજો સંન્યાસી છે. એક રાજ્યાધીશ છે, બીજો ધર્માધીશ છે. છતાં બંનેના મુખમાંથી વહેતી મનનીય તત્ત્વધારા હૃદયસ્પર્શી છે. પ્રધાનને પોતાના ક્ષણભંગુર દેહની ચિંતા કરતો જોઇ રાજા કેવા ઉત્કૃષ્ટ પ્રકારના વિચારો વ્યક્ત કરે છે !

"અરે વહાલા પ્રધાન ! આટલું બધું કષ્ટ શા માટે ? દેહ શી મોટી વસ્તુ છે ? એ તો ફરી ફરી આવશે જ. જૂનું વસ્ત્ર ભલેને જાય. તમારા રાજાને નવું વસ્ત્ર પહેરાવવા પૂરતાએ ઉદાર નહિ થાઓ !"

અથવા મૃત્યુને મંગલમય પાવનકારી આવકાર્ય પરિસ્થિતિ માનતા રાજા નિર્ભય ચિત્તે તેની ઓળખ આપતા કહે છે :

"મરણ એ તો આત્માનાં મન્દિરનો જીર્ણોધ્ધાર."

તેવી જ રીતે શ્રી વલ્લભાચાર્યના મુખે જીવાત્મા, પરમાત્મા, માયા, બ્રહ્મતત્વ વગેરે વિષયક રમતું કરેલું તત્ત્વજ્ઞાન પણ એટલું જ આસ્વાદ્ય બન્યું છે. ભાવવાહી પદો, ભવ્ય વિષયની કલાત્મક રસગૂંથણી, વિશાળ પાત્રસૃષ્ટિ, દંભી બ્રાહ્મણો પરનો વેધક કટાક્ષ, તથા શ્રી વલ્લભાચાર્યના મુખે સાધંત રજૂ કરવામાં આવેલી ડોલનશૈલી... ...વગેરે તત્ત્વોને લીધે "સન્ધ્યાબલ" સંવાદ સર્વશ્રેષ્ઠ નીવડ્યો છે. ધર્માવતાર શ્રી વલ્લભાચાર્ય અંતમાં પણ જગતના અનર્થો અને પાપો દૂર કરવા બ્રાહ્મણોને નિયમિત રીતે પ્રસન્નચિત્તથી સંધ્યાકર્મ કરવાનું સૂચક રીતે કહે છે :

"ભૂદેવ !
સંધ્યા છે તમારો સ્પર્શમણિ,
સંધ્યા છે તમારો અમૃતકૂપો.
તમ દ્વારે મળશે એ અમૃત
જગતને
સંધ્યાસાધન !"

ઉપરોક્ત સંવાદોને ભજવાતા જેઓએ જોયા-માણ્યા છે તે પૈકીના કેટલાક પ્રૌઢ અને વયોવૃધ્ધ હયાત સાધકોની મુલાકાતમાં સ્પષ્ટ જાણવા મળ્યું છે કે ગંભીર વિષયોને નિરૂપતી આ ડોલનશૈલી જયારે તખ્તા પર છટાપૂર્વક ઉચ્ચારાતી ત્યારે તે ભવ્ય વાતાવરણ ઊભું કરતી.

સાધંત ડોલનશૈલીમાં લખાયેલા "સાધનદર્શન" સંવાદમાં આસનવાળી પવનપાવડી પર સ્થિત થયેલો બાલસિધ્ધ દિવ્ય સિધ્ધધામમાં જગતને માર્ગદર્શન આપવાના શુભહેતુથી દાન, ધ્યાન અને જ્ઞાનની સાધનમૂર્તિઓને સંકલ્પપૂર્વક આકર્ષે છે.

"સંયમબલે આકર્ષુ આજ
પ્રત્યક્ષ કરું સાધનત્રયીને
અને જણાવું જગતને તેના પરમ લાભ !"

વિશ્વના ચેતન સમા દાનનો પરિચય પૂછતાં તે બાલસિધ્ધને જણાવે છે :

"સિધ્ધવીર !
ત્યાગની ઉગ્ર મૂર્તિ છું.
નિત્યાનિત્ય વિવેકનો પરિણામ છું.
મહામોહનો નિવર્તક
અને પરિહારક છું મમત્વનો,
વિત્તેષણાના સમરે, દેવ !"

ત્યારબાદ ધ્યાન મૂર્તિ પ્રવેશતાં તે જણાવે છે :

"સિધ્ધબાલ !
અપૂર્વ નિગ્રહશક્તિ છું
પ્રિયતમ છું સિધ્ધજનોનો
ભુલવું છું જગદ્‌ને અને ખોલું છલ દ્વારો
અન્તરાલનાં.

ભુલાવું છું લોકૈષણાને
આકર્ષું છું મનને જડમાંથી ચેતને,
ને ગમ્યમાંથી અગમ્યમાં."

તેવી જ રીતે ત્રીજી સાધનમૂર્તિ ज्ञान આત્મપરિચય આ રીતે આપે છે:

"પૂર્ણતાનો સાગર છું.
આનંદનો સમીર છું.
ત્રિકાલાબાધિત છું.
પરમતૃપ્ત અને પરમજ્ઞપ્ત
પોતાને પોતાનાથી પ્રસન્ન રાખનાર છું.
ઉઘાડું છું માનવીની અન્તઃપ્રજ્ઞાને.
સ્વયં બ્રહ્મ છું
અને બ્રહ્મમય કરું છું સર્વને.
મેં ટાળી છે કંઈકની ભેદબુધ્ધિ
આણ્યાં છે અલ્પત્વમાં પૂર્ણત્વ
સ્વાતંત્ર્ય સમર્પ્યું છે કંઈકને
સ્વામિ છું મુક્તિમન્દિરનો, સદા શિવના કોલથી:
ज्ञानादेव हि मुक्तिः स्यात्।
કર્તવ્યમન્દિરનો અન્તિમ સ્તંભ છું
દાન અને ધ્યાનનો સહોદર:
મારું નામ ज्ञान."[1]

---

૧. શ્રીઉપેન્દ્રાચાર્યજી, શ્રી ન્હાનાલાલની અમૂર્ત ભાવોને રજૂ કરતી સંવાદશૈલીનું સફળ અનુકરણ કરી શક્યા છે, તેની પ્રતીતિ, "જયા-જયન્ત" સાથેના કેટલાક નમૂનારૂપ સંવાદને ઉપરોક્ત શ્રીઉપેન્દ્રાચાર્યજીના "સાધનદર્શન"માંનાં પાત્રોના સંવાદ સાથે સરખાવતાં થાય છે. દા.ત. "જયા-જયન્ત"ના અંક ૧, પ્રવેશ ૬માં દેવર્ષિના ત્રિકાલદર્શનના દશ્યમાં, દેવર્ષિ જગતનું મહાભારત વાંચવા તત્પર થયા છે, અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાન કાળને બોલાવી તેમનો હિસાબ લે છે:

(આગળ જુઓ)

અંતમાં જગતને ઉત્કૃષ્ટ સાધનોનો પૂરતો ખ્યાલ આપી બાલસિધ્ધ
કહે છે :

---

"ભૂતકાલ : યોગીરાજ ! ઈતિહાસમૂર્તિ છે.
સૃષ્ટિનું હું સ્મરણ છું,
માનવકથાનું મહાકાવ્ય છું,
ચિત્ર વિચિત્રનો ચોપડો છું
મહાપુરુષોના અનુભવ છું, ડહાપણ છું,
ઉદાર દૃષ્ટિ છું, યોગીન્દ્ર !" ....વગેરે.

o o o

"વર્તમાન : યોગીરાજ ! જીવનમૂર્તિ છું,
જગતની ગતિ ને પ્રવૃત્તિ છું,
માનવ મહાકથાનો ચાલતો અધ્યાય છું,
ચિત્ર વિચિત્રની કલમ છું,
દિવસ ને રાત્રિની પરંપરા,
અન્ધકાર ને પ્રકાશના પડછાયા
પાડું છું સ્થૂલને સૂક્ષ્મમાં
તિક્ષ્ણ દૃષ્ટિ છું, યોગીન્દ્ર !"....વગેરે.

o o o

"ભવિષ્ય : યોગીરાજ આદર્શમૂર્તિ છું,
માનવી ને દેવની યે આશા છું,
બ્રહ્માંડની હું કવિતા છું,
પરબ્રહ્મની પ્રસન્નતા છું
ઊર્ધ્વ દૃષ્ટિ છું, યોગીન્દ્ર !"....વગેરે.

o o o

"જયા-જયન્ત"ની રચ્યાસાલ ઇ.સ. ૧૯૧૪ છે, જયારે શ્રીઉપેન્દ્રાચાર્યજીનો
"સાધનદર્શન" સંવાદ ઇ.સ. ૧૯૨૧માં રચાયો-ભજવાયો હતો.

"આ જ સાધનત્રયી.
વિશ્વવશીકરણ મંત્રો
અને એ જ
જીવનોધ્ધારણ યંત્ર.
સત્યસરખાં સનાતન
ગગનસમાન અવિકારી
અને પૃથિવીસમાન સર્વૈશ્વર્યસમ્પૂર્ણ
સાધે છે તેને સાધકો
જીવન વિકાસનાં રસિયાં :
મનના સાચા મુમુક્ષુઓ
દેહના દૈવી તિતિક્ષુઓ
તથા ઈશદર્શનના ભિક્ષુઓ."

સૂક્ષ્મ—ગહન ભાવોને આવરી લેતા ભવ્ય વિષયને અનુરૂપ એવી ડોલનશૈલીનો આવો સફળ પ્રયત્ન કર્યો હોવાથી આપણને પ્રતીતિ થાય છે કે ન્હાનાલાલની શૈલીનું સફળ અનુકરણ કરનારાઓમાં શ્રીઉપેન્દ્રાચાર્યજી પણ વિરલ કવિઓ પૈકીમાંના એક છે.

શ્રીઉપેન્દ્રાચાર્યે તદ્દન હળવા પ્રકારનાં અગંભીર પ્રહસનો પણ લખ્યાં છે. ગંભીર સંવાદને વચ્ચે વચ્ચે હળવો કરવા અથવા ઉપરોક્ત પ્રકારના વિવિધ પ્રસંગો—પાત્રોથી અલંકૃત લાંબા સંવાદોમાં રંગભૂમિ પરની દૃશ્યરચના (સેટ) બદલવાની હોય ત્યારે બે પ્રવેશની વચ્ચે, તેઓશ્રી ઘણુંખરું આવાં નાનકડાં પ્રહસનો મૂકતા. તેમાં મહદંશે સ્થૂળ પ્રકારનો હાસ્યરસ નિષ્પન્ન થતો હોવા છતાં તે દ્વારા વિવિધ કક્ષાવાળી વિશાળ સામાન્ય જનતાને મનોરંજન સાથે સહજ અને સફળ રીતે તેઓ બોધવિતરણ કરતા.

"લડ્ડુવાલા" સંવાદમાં ઈન્દ્રિયની લોલુપતા તરફ કટાક્ષ કર્યો છે અને સંયમનું મહત્ત્વ ગાયું છે. સળંગ હિંદીભાષામાં લખાયેલી આ કૃતિમાં ભોજનભૈયાની લાડુ **ઘેલતાની** જાહેરાત પણ પ્રેક્ષકોને ખડખડાટ હસાવે તેવું મનોરંજન પૂરુ પાડે છે.

"ભોજનભૈયા – ભાઈઓ ! દુનિયાભરમેં જો કુછ હૈ સો સબ લડ્ડુ જૈસે હૈ. પહીલેસે ગીનો. યે બ્રહ્માંડ લડ્ડુ જૈસા, દેવમેં ગણપતિકા પેટ લડ્ડુ જૈસા, આકાશમેં સૂરજ લડ્ડુ જૈસા, પંચ ભૂતોંમેં આભ લડ્ડુ જૈસે, શાકમેં કાંદે બટાકે લડ્ડુ જૈસે, લડાઈમેં તોપકે ગોલે ભી લડ્ડુ જૈસે. ઓર મન્દિરકે ઘુમટ ભી લડ્ડુ જૈસે. જમનાભૈયા જે કરે તો ઈસ લિયે લડ્ડુ તો જરૂર ખાના ચાહીએ. ક્યું ? ઠીક કહાના ?"

અથવા લડ્ડુ વિશેનાં અનેક ગીતોમાંથી એક નાનકડી ટૂંક જોઈએ :

"ઈતના ઈતના લડ્ડુ ઉડાઓ,
ખાકે ખાકે પેટ ફુલાઓ,
પીઓ દવા ફીર ભી ખાઓ,
આખીર લડ્ડુમેં મર જાઓ,
તો ભી લડ્ડુ ખૂબ ઉડાઓ."

જોડકણાં, પ્રાસ અને હાસ્યપ્રધાન કલ્પનામાં રાચતી પ્રસ્તુત કૃતિને અંતે લેખકે લડ્ડુવાલાના મુખે નિષ્કર્ષરૂપે આ પ્રમાણે બોધ તારવ્યો છે :

"લડ્ડુકા નામ હય, સમજના મુકામ હય,
જીભકા ગુલામ હય, વો તો બદનામ હય.
ઈન્દ્રિય અંકુશધર, રસનાકું જીત કર,
રહેવે જો નાર–નર, ઉનકું પ્રનામ હય."

"વખાણના વોરંટ" ગુજરાતી (તેમાંય વીશીવાળીની સૂરતી બોલી), મરાઠી, હિંદી વગેરે વિવિધ પાત્રોચિત ભાષા અને નાનકડા રમૂજી પ્રસંગને લીધે આસ્વાદ્ય પ્રહસન બને છે. વિવિધ ભાષાઓનો જાણકાર કુશળ કથાકાર કેશવબુવો ચાર ચાર મહિના સુધી વીશીમાં જમે છે પણ તેનું બીલ ચૂકવતો નથી. વોરંટ નીકળતાં તે ભાગતો ફરે છે. પરંતુ તેના પાડોશી ગુજરાતી સદ્‌ગૃહસ્થને ત્યાં કેશવ બુવો સંતાઈ ગયો છે તેમ જાણતાં, પ્રમોદ નામના ચતુર બેકાર યુવકની હોશિયારીથી વીશીવાળો માધવરાવજી બની તથા પ્રમોદ દક્ષિણી વેશ પહેરી ગુજરાતી સદ્‌ગૃહસ્થને ત્યાં જાય છે તથા શુધ્ધ મરાઠી ભાષામાં કથાકાર કેશવ બુવાનાં વખાણ કરે છે. વખાણને અંતે પ્રમોદ દર વખતે પૂછે છે :
"પરન્તુ તો બુવા કુઠે...." અનેકવિધ પ્રશંસાથી ફૂલાયેલો કેશવબુવો એકવખત તો પરિસ્થિતિ અને ભાનસાન ગુમાવી પ્રગટ થઈ બોલી ઊઠે છે : – "રાવ સાહેબ ! તો મીજ આહે." અને આમ વીશીવાળો બેલીફ દ્વારા બુવાને પકડી લે છે. બુવો પણ કહે છે – "સરકારી વોરંટને તો હું કંઈ ધોળી પી જઉં એમ છું, મને પકડનાર સરકારનાં વોરંટ નથી. મને પકડનાર વખાણનાં વોરંટ છે."

"નોકર અને મિયાં" પણ સળંગ હિંદીમાં લખાયેલું મૌલિક પ્રહસન છે. પડદો ઉઘડે છે ત્યારે શેઠ મિયાં નોકરની તલાશમાં હોય છે. પરંતુ નોકર ન મળતાં તે કહે છે :

"મિલતી રોટી દાલ ઔર મીલતા ઘી શક્કર
લેકિન નહિ કહીં ભી મિલે, ટુકડા નૌકર.
ચાંચડ મિલત, માંકડ મિલત, ઔર મિલત જુ, મચ્છર,
સારી જહાંમેં ઢુંઢા તો ના મિલા કોઈ નૌકર."

તો બીજી બાજુ નોકર પણ શેઠની શોધમાં હોય છે. બંને પરસ્પર મળે છે. નોકર શેઠની ગુલામી કરવા તૈયાર થાય છે પણ તે કામચોર જાણી બૂઝીને બહેરા હોવાનો ડોળ કરે છે. આથી બંનેનો સંવાદ પ્રેક્ષકોને ઠીક ઠીક રમૂજ આપનારો નીવડે છે.

"મિયાં – યે મુસાફીરખાના હે.

નોકર – કયું ફીર ખાના હે ?

મિયાં – બડા બદમાશ. ખાનેકી હી સુઝતા હે. ઔર કુછ નહિ. {મોટેથી} અબે ઈધર ઠેરનેકા હે. અબ તો શામકી આંખ પડ ગઈ.

નોકર – {ચમકીને} હેં હઝુર ! કીસકી સાથ આંખ લડ ગઈ ?"

નોકરથી તંગ આવેલો મિયાં મુસાફરખાનામાં રહેવાનું નક્કી કરે છે. રાત્રીના સમયે ચોકીદાર સૂચના આપતો જાય છે કે તે ઠગ અને ચોરોનું ગામ હોવાથી તેઓ સાવધ રહે. બંને પેટ ભરીને નિરાંતે જમી લે છે અને રાત પડતાં સૂવાની તૈયારી કરે છે. ઘોડાની ચિંતાથી મિયાં સૂઈ શકતા નથી. પરંતુ નોકર આખી રાત ચોકી કરવાની ખાત્રી આપે છે અને શેઠને ચિંતામુક્ત થઈ સૂઈ જવાનું કહે છે. પરંતુ વધારે પડતું ખાધુ હોવાથી નોકર ઝોકાં ખાય છે અને "ખ્યાલ"માં ચઢી જાય છે. સ્વપ્નાંની મસ્તીમાં તે "આયા આયા....", "લે ગયા, લે ગયા" અથવા "પકડો પકડો"ની બૂમ પાડી ઉઠે છે ત્યારે ત્રણેય વખત મિયાં ચોર સમજીને જાગી જાય છે. પરંતુ નોકરના ખ્યાલોની વાત સાંભળી તે નારાજ થાય છે. અતિશય ખાધું હોવાથી પાછા મિયાં નિદ્રાવશ થઇ જાય છે અને નોકર ખ્યાલેમસ્ત થઈ ઝોલે ચઢે છે. એ તકનો લાભ લઈ ઘોડો પરંતુ જીન ત્યાં જ રહેવા દઇ, ચોર ઘોડાને લઈ ભાગી જાય છે. નોકર જાગે છે ત્યારે ઘોડો ન જોતાં ગભરાય છે, મિયાં પણ અંતે પસ્તાય છે.

આ રૂપકાત્મક સંવાદ–પ્રહસનમાં કર્તાએ અત્યંત રસપ્રદ અને સરળ શૈલીમાં સૂચક રીતે તત્ત્વજ્ઞાન વહેતું મૂક્યું છે. પ્રસંગોને એવી રીતે ગૂંથવામાં આવ્યા છે કે તેમાંથી નિષ્પન્ન થતો ગર્ભિત બોધ શ્રોતાઓને સરળતાથી સુસ્પષ્ટ થાય છે. મિયાં અંતમાં કહે છે તે સૂચક છે :

"ભાઈઓ ! મેરા સુનીઓ. યે નોકર કુ ખાનેકા ધેન આયા. મેરે મેં નિંદકા ધેન આયા. દોનો ધેન બડે ખરાબ હે. યે સંસારકી મુસાફરીમેં ભી ખાને ઔર સોને પેં બડા કાબૂ રખના. નહિ તો ચેતનરૂપ ઘોડા ચલા જાયગા, ઔર યે તનરૂપ જીન પડા રહેગા. ઔર ભાઇઓ ! ખૂબ યાદ રખના કી ખાલી ખ્યાલ પેં કભી મત ચઢના, ઔર ઐસે બેવકૂફોકે ખ્યાલપે કભી ઈતબાર મત રખના. અપને કામમેં કાબેલીયત રખકેં સચ્ચે ખ્યાલમેં હી રહેના, નહિ તો મેરા જૈસા હોગા."

માયાના સ્વરૂપનું અને ચેતનરૂપ આત્માનું કેવું સુંદર નિદર્શન કર્યું છે !

"અંધનો બેલી", "પેટનાં પાપ", "અક્કલખાંની અક્કલનું પ્રદર્શન" વગેરે પણ આવી જ કક્ષાનાં મનોરંજક પ્રહસનો છે.

"જન્મસાર્થક્ય"માં જન્મદાતા માતા મેનાવતી પુત્ર ગોપીચન્દને સર્વોત્તમ યોગી શ્રેષ્ઠ બનાવવા, તેના અધિકારની કક્ષા નિર્ણિત કરવા માટે તેની અનેક કસોટીઓ કરે છે અને પ્રશ્નો પૂછે છે, તેમાં માયાના સ્વરૂપની વિશદ ચર્ચા થયેલી છે. "શ્રધ્ધાત્રયી"માં ઉપદેષ્ટા શ્રધ્ધા, સાધનશ્રધ્ધા અને આત્મશ્રધ્ધા એકરૂપ થઇને નિવાસ કરતાં હોય તો જ તે સિધ્ધિને યોગ્યક્રમમાં પામી શકે છે, તેની સંક્ષિપ્ત આલોચના કરવામાં આવી છે. "ફક્કડ"માં ઉન્મત્ત દશામાં વિચરનાર સિધ્ધ પુરુષની મસ્તીને વર્ણવવામાં આવી છે. "શ્રીકૃષ્ણ–કુન્તી સંવાદ"માં બાલક, કુમાર અને યુવાન કૃષ્ણને

કુન્તી અત્યાર સુધી જોતી હતી પરંતુ હવે તે સર્વ અવસ્થાથી અતીત વિશ્વવ્યાપી કૃષ્ણને સમજી-ઓળખી શકે છે. આથી ભક્તહૃદયા કુન્તી પ્રપન્નભાવે કૃષ્ણને ક્યાંય ન જવાની યાચના કરે છે તેનું આછું ચિત્ર દોરવામાં આવ્યું છે. ધનિકપુત્રી ગર્વિણી અને ગરીબ મૃદુલની ચર્ચા દ્વારા સર્વજ્ઞ સર્વવ્યાપક સર્વસત્તાધીશ ઈશ્વરના સ્વરૂપનો "પરમપ્રભુ"માં પરિચય આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પ્રકારના સંવાદો વિશાળ પાત્રસૃષ્ટિ અને કથાવસ્તુના અભાવને લીધે એક કે બે મુદ્દાને આવરી લેતી માત્ર ચર્ચા બની જાય છે.

નાનાં નાનાં કિશોરવયનાં બાળકો સમજી-માણી શકે તે પ્રકારના પ્રેરક અને બોધક સંવાદો પણ શ્રીઉપેન્દ્રાચાર્યજીએ "બાલવિનોદ" વિભાગમાં આપ્યા છે. તેમાં પશુ, પંખી, પ્રાણી, વનસ્પતિ, દેવ, દાનવ, અપ્સરા એમ સર્વ કોટિનાં પાત્રો દ્વારા સરળ છતાં પ્રેરણાદાયી વાતો બાળકો પાસે મૂકી શ્રીઉપેન્દ્રાચાર્ય બાળનાટ્યકાર બન્યા છે. દા.ત. એક સંવાદમાં જિજ્ઞાસુ ઊભો છે અને તેની પાસે વેલ, છેલ, રેલ, ચુડેલ અને છેવટે ગુણિયલ એકપછી એક પાત્રને ઉચિત મેક-અપ અને વસ્ત્રમાં આવે છે અને તેઓ તેમની પ્રકૃતિ પ્રમાણે શું શું લાવ્યાં છે તેની યાદી રજૂ કરે છે. દા.ત. છેલ જિજ્ઞાસુને કહે છે:

"છેલ - સિનેમાની ચાલ લાવી
લટકતો રૂમાલ લાવી
"બોબ" કરેલા બાલ લાવી
"પફ" કરેલા ગાલ લાવી
બેટરીની મશાલ લાવી
કાંડાની ઘડિયાલ લાવી
રંગ હોઠે લાલ લાવી
ખોટી મોતીમાળ લાવી
મોહકતાની જાળ લાવી

મીજાજની તો ઝાળ લાવી
જીવનમાં જંજાળ લાવી
જીભલડી રસાળ લાવી
સ્વભાવ તો ચંડાળ લાવી."

જિજ્ઞાસુ રીતે નિર્ણાયક બની પોતાનો મત આ પ્રમાણે રજૂ કરે છે:

"વનસ્પતિની વેલ આવી
છાકી ગયેલી છેલ આવી
પાણીની તો રેલ આવી
દેખીતી ચુડેલ આવી
સઉમાં ગુણિયલ પહેલ આવી."

નાનાં ભૂલકાંઓના સ્વાભાવિક અભિનયથી ઓપતા આ પ્રકારના "બાલવિનોદ"ના સંવાદો આબાલવૃધ્ધ સૌને અનેરા અને આકર્ષક લાગતા. પધ વિભાગમાં જણાવ્યું છે તેમ શ્રીઉપેન્દ્રાચાર્યે સંખ્યાબંધ સાભિનય બાલગીતો રચ્યાં છે. આમ ગીતો, સંવાદો કે એકોક્તિઓ દ્વારા તેમણે બાળસાહિત્યમાં પણ ગણનાપાત્ર ફાળો આપ્યો છે.

આવી બોધક સૂચક મનોરંજક રહસ્યમય અભિનેય સંવાદકૃતિઓએ પ્રેક્ષકોનું મનોરંજન કરતાં કરતાં ઉત્કૃષ્ટ પ્રકારનું ચિંતન-મનન અને ભવ્ય જીવનપાથેય સહજ રીતે પૂરું પાડી અવિસ્મરણીય સંસ્કારસેવા કરી છે.

પ્રો. શ્રી ભાઈલાલભાઈ પ્ર. કોઠારી તેમના અભ્યાસલેખ "નાટ્યકાર શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી"માં શ્રીઉપેન્દ્રાચાર્યજીના સંવાદોની અને તે દ્વારા સાહિત્ય-સંસ્કારસેવાની નોંધ લેતાં લખે છે:

"સામાન્ય માનવીના હૃદયમાંની ધર્મભક્તિની જ્યોત આ "સંવાદો" દ્વારા પોષણ પામે, શ્રધ્ધાહીનો શ્રધ્ધાળુ બને, અને રોજિંદા કલેશમાંથી માનવી કાંઈક રાહત મેળવે, અને ઈશ્વરાનુરાગી અને ઉચ્ચ જીવનાભિમુખ બને એ જ કલ્યાણકારી હેતુ, આ સંવાદોના

નાટ્ય નિરૂપણનું રહસ્ય છે. આવા ઉચ્ચાશયથી પ્રેરાઇને ગુજરાત સમક્ષ ભક્તિરસની સામગ્રી નાટકના અતિ આસ્વાદક રૂપમાં ધરનાર તે કાળમાં કોઈ ધર્મસંસ્થા હોય તો તે થવાનો યશ ઘટે છે શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગને અને તેને સ્વકર્તવ્યમાં નિત્યનવીન પ્રેરણા અર્પતા એના ઉચ્ચાશયી ગુરુવર્ય શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીને. આજે એ સંવાદનામી એકાંકીઓનું મૂલ્ય કલાદૃષ્ટિએ ભલે ઓછું હોય, પણ ઈતિહાસ દૃષ્ટિએ મહત્ત્વનું છે. રંગભૂમિના સો વર્ષના ઈતિહાસમાં ધર્મબુધ્ધિને જાગૃતિ અને ઉચ્ચ જીવનના પોષણમાં ઉપકારક એવી અનોખી નાટ્યસામગ્રી ધર્મસંસ્થાના આશ્રયે રજૂ કરનાર નાટ્યકાર શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીનું નામ અવિસ્મરણીય રહેશે એમાં શંકા નથી. તત્કાલીન સમાજના જીવન વિકાસમાં આ સંવાદોએ જે ભાગ ભજવ્યો છે એ જોતાં આપણા સાહિત્યમાં તેમનું સ્થાન ગણનાપાત્ર બની રહે છે.

નાટ્યશાસ્ત્રના અંતિમ અધ્યાયના છેલ્લા દસ શ્લોકોમાં નાટ્યશાસ્ત્રનું મહત્ત્વ દર્શાવતાં ભરતાચાર્ય કહે છે કે આ શાસ્ત્ર પુરુષોની બુધ્ધિ વધારનારું, ત્રૈલોકયની ક્રિયાવાળું, સર્વ શાસ્ત્રનું નિદર્શન કરાવનારું, પાપનો નાશ કરનારું, ઉત્તમ ફલ આપનાર, દેવોને સંતોષનાર અને પુણ્ય સદ્ગતિ આપનાર છે. આ દૃષ્ટિએ નાટ્યશાસ્ત્ર ખરેખર મોક્ષનું સાધન બને છે. અને આ પવિત્ર હેતુથી શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીએ નાટકનો ઉપયોગ શ્રેયસ્સાધનાર્થે કર્યો છે તે સાચે જ આર્યપ્રણાલી અનુસારનો છે."[1]

શ્રીઉપેન્દ્રાચાર્યજીના સમયની પરિસ્થિતિ અને સાહિત્યની સ્થિતિ જોતાં કશાંપણ ડિંડિમનાદ વગાડ્યા વગર આ ધર્માચાર્યે એકલે હાથે રંગભૂમિની, સાહિત્યની અને તે દ્વારા સમાજમાં ઉત્કૃષ્ટ પ્રકારનું સંસ્કારસિંચન કરવાની ત્રિવિધ સેવા નિષ્કામભાવે

---

૧. પ્રો. ભાઈલાલ પ્ર. કોઠારી : "વિવેચનસંચય", પૃ. ૯૭,૯૮

બજાવી છે, તે સર્વથા નોંધપાત્ર છે. આ "સંવાદ" સાહિત્યની મહત્ત્વની લાક્ષણિકતા આ પ્રમાણે અલગ તારવી શકાય :-

(૧) સાધકની ઉચ્ચકક્ષાની તાત્ત્વિક ઉન્નતિને કેન્દ્રમાં રાખીને આ સંવાદસાહિત્ય સર્જાયું હોવાથી તેમાંની મોટાભાગની કૃતિઓ તખ્તાલાયકીની દૃષ્ટિએ સફળ નાટ્યકૃતિઓ પૂરવાર થઈ હોવા છતાં સર્વમાં ગર્ભિત તત્ત્વબોધ કલાત્મક રીતે નિષ્પન્ન થયેલો જણાય છે. આ હેતુલક્ષી સાહિત્યનું પ્રધાન ધ્યેય લોકમનોરંજન અથવા જાહેરપ્રસિધ્ધિનું ન હતું, પરંતુ શ્રી વિશ્વવંદ્યઉદ્યાનની રંગભૂમિ પણ અભિનેતા અને સામાજિકો માટે સાધકમાંથી સિધ્ધ થવા માટેની - સાધનરૂપ-આદર્શ તાલીમશાળા બની ચૂકી હતી.

:૨: વર્ણના આચાર્યનું ધ્યેય અઘટિત ઘટનાપરિચયી માયા અને તેના સ્વરૂપનો વિશદ પરિચય આપવા ઉપરાંત તપ, જપ, ધ્યાન, ભક્તિ, શ્રધ્ધા વગેરે પરમબ્રહ્મને પામવા માટેનાં ઉપકારક સાધનોનો વિગતે ખ્યાલ આપવાનું તથા અનિર્વચનીય પરમતત્વને સર્વને સરળતાથી સમજાય તેવી લોકગમ્ય ભાષામાં નિરૂપવાનું હોવાથી મોટાભાગના સંવાદો ગહન વિષયને નિરૂપતા ગંભીર સ્વરૂપના બની જાય તે સ્વાભાવિક છે. સંવાદમાં વ્યાપેલો એકમાત્ર (શાંત) રસ અથવા તાત્ત્વિક ચર્ચા ભજવણીની દૃષ્ટિએ અતે શુષ્ક અને નીરસ બની જાય, એનો તેઓશ્રીને સંપૂર્ણ ખ્યાલ હોવાથી, રસદૃષ્ટા શ્રીઉપેન્દ્રાચાર્યજીએ દરેક સંવાદમાં અનેકવિધ રસોનું કાં તો રસમિશ્રણ કર્યું છે અથવા નોંધપાત્ર રસસંક્રાન્તિ કરી છે.

ગુરુમાહાત્મ્ય, શ્રધ્ધાબલ, ભક્તિબલ, આત્મબલ, સંયમબલ, સંધ્યાબલ, પ્રપન્નભાવ વગેરે ભાવો-વિષયોને કેન્દ્રમાં રાખીને જયારે કર્તા પ્રસંગોની યોજના કરે છે ત્યારે કાં તો વિરોધાભાસમાં, તો કયારેક માર્મિક કટાક્ષરૂપે, તો કયારેક મૂળ પ્રસંગને ઉપકારક હાસ્યરસ નિરૂપતી પાત્રસૃષ્ટિ રચે છે. આને લીધે મૂળ પ્રસંગ વધુ

નાટ્યાત્મક અને આસ્વાદ્ય નીવડે છે તથા તેમાંથી નિષ્પન્ન થતો બોધ પણ વધુ ચોટદાર બને છે. અલબત્ત, કેટલાક સંવાદોમાં દેખાતી ખાઉધરા લાડુભટ્ટ બ્રાહ્મણોની પાત્રસૃષ્ટિ સંસ્કૃતનાટ્યસાહિત્યના વિદૂષકની યાદ અપાવે છે અને અત્રે પણ તેઓનો હાસ્યરસ સ્થૂળ કોટિનો બની જાય છે. પરંતુ તે સિવાય "સેવના સિધ્ધિ"નો બ્રહ્મરાક્ષસ, "સન્ધ્યાબલ"નો વામનસ્વરૂપ ગટ્ટીભટ્ટ, "બાલની ફાલ"નો વનચર, "અધમોધ્ધરણ"ના માયાવી અને કૃત્રિમ, "જવાબીશ્રધ્ધા"ના "ચુપાચુપ" કલાના નિષ્ણાત બે ઠગો, "જીવનપતનો"નો અભિમાની શેઠ, "ગુરુભક્તિ માહાત્મ્ય"નો બાલ શિષ્ય, "મહદાશ્રય"નો મિથ્યાભિમાની હાથી, નોકર, મિયાં, વીશીવાળો, પ્રમોદ, કેશવબુવા વગેરે અનેક પાત્રો સમાજના વિવિધ થરમાંથી આવેલા અમુક વર્ગના પ્રતિનિધિ સમાં પાત્રો છે. તેઓની વિચિત્રતા — લાક્ષણિકતાને નાટ્યાત્મક રીતે નિરૂપી કર્તાએ તેના પર માર્મિક પ્રહાર કર્યા છે અને તે વ્દારા સૂમ હાસ્યરસ નિષ્પન્ન કર્યો છે.

સંવાદોનો મુખ્યરસ શાંત છે, તો ગૌણ રસો હાસ્ય અને અદ્ભુત છે. મહાભારત, રામાયણ, પુરાણો વગેરેમાંથી કથાવસ્તુ મેળવ્યું હોવાથી ધાર્મિક સંવાદોમાં ઇન્દ્ર, વિષ્ણુ, શંકર વગેરે દેવો, સિધ્ધો તેમ જ બ્રહ્મરાક્ષસ જેવાં પાત્રોનું અને ચમત્કારિક પ્રસંગોનું અલૌકિક નિરૂપણ કર્યું હોવાથી તેમાં અદ્ભુત રસ નિષ્પન્ન થાય છે.

આમ માત્ર એક જ રસનું નિર્વહણ સાદ્યંત ન થતાં વિવિધ ભાવોથી શબલિત પાત્રો—પ્રસંગોને લીધે તત્ત્વજ્ઞાનને નિરૂપતા પ્રસ્તુત સંવાદો રસાત્મક કોટિના આસ્વાદ્ય નીવડ્યા છે.

(3) આ સંવાદોમાં અનેક પ્રવેશો અને ગીતોની સંખ્યા કદાચ આજના પ્રેક્ષકને કથાપ્રવાહને સ્ખલિત કરતા અવરોધક અને નિરર્થક લાગે તે સ્વભાવિક છે. પરંતુ વાસ્તવમાં તો તે જમાનામાં સંવાદમાંનાં ગીતોએ લોકો પર અજબનું આકર્ષણ જમાવ્યું હતું.

શ્રીઉપેન્દ્રાચાર્યની રસદૃષ્ટિ ઉદાત્ત અને તત્ત્વાનુસારી હોવાથી ગમે તે સ્થળે-પ્રસંગે રહેલાં શુભ તત્ત્વોનો કલાત્મક સમન્વય કરતાં તે અચકાતી નથી. અગાઉનાં પ્રકરણોમાં ઉલ્લેખ કર્યો છે તે પ્રમાણે રંગભૂમિનાં ગીતો તેના કર્ણમધુર સંગીત તત્ત્વને લીધે તે વખતે લોકજીભે સતત રમતાં રહેતાં હતાં. પરંતુ તેમાં ય કેટલાંક ગીતોમાં રહેલા અશ્લીલભાવોને લીધે શિષ્ટ-સભ્ય સમાજ તેને જાહેરમાં ગાતાં ખચકાતો હતો. શ્રીઉપેન્દ્રાચાર્યે લોકહૃદયમાં વસી રહેલાં તે ગીતોના લયનો સમુચિત ઉપયોગ સંવાદમાં આવતાં ગીતોના લય-ઢાળ માટે કુશળતાપૂર્વક કર્યો અને તે લોકવિખ્યાત રાહમાં અનિર્વચનીય અવ્યક્ત તત્ત્વજ્ઞાનને પણ હસતાં હસતાં વ્યક્ત કરી દીધું ! આમ એક ધર્માચાર્ય હોવા છતાં શ્રીઉપેન્દ્રાચાર્ય ચોખલિયાવૃત્તિ ધારણ કરી અમુકનો ન થાય તેવી આભડછેટ વૃત્તિ ન રાખતા અને લોકહૃદયને સ્પર્શે તેવાં સર્વ સાધનોને સાધકોના જીવનોત્કર્ષ માટે સર્વોત્તમ રીતે પ્રયોજતા.

દા.ત. :-

{૧} "વાત જરી વાંચી જુઓને ઈતિહાસમાં" એ લય પરથી
"આખું જગત્ જકડાઈ રહ્યું મોહપાશમાં." {ગુરુભક્તિમાહાત્મ્ય}

{૨} "અલી એ તે શી બીમારી" શૃંગારપદના પ્રચલિત લય પરથી
"હરિના બોલની બલિહારી, હરિના કોલની બલિહારી."
{જવાબીશ્રધ્ધા}

{૩} "આનંદ મંગળ ગાઓ પરણાવી લઈશું લ્હાવો" એ જાણીતા રાહ પરથી "હું છું નિત્યનિરંજન, હું સ્વતંત્ર સ્વાત્માનંદન, હું નિસ્પંદન પરમાત્મન ચિદ્ધન બ્રહ્મ ૐ " {બાલની ફાલ}

{૪} "દુનિયા તણા દીવાના ડાહ્યા દીવાના લાગે" એ સુંદર ગઝલના લય પરથી "સંસારના પ્રવાસી ! સાવધ સદાય હો જે"
{જીવનપતનો}

(૫) "મોરબીની વાણીયણ મછુપાણી જાય" એ જાણીતા લય પરથી "મરજીવા તારી બ્હેલ્યુ પાછી વાળ" (ભક્તિબલ).

(૬) "મારીમાઝમ રાતનાં સોણલાં" એ લય પરથી "કાંઈ અજબ અજાણ્યા કાલ હો". (સન્ધ્યાબલ)

વગેરે અનેક ઉત્કૃષ્ટકક્ષાનાં ભક્તિપદો શ્રીઉપેન્દ્રાચાર્યજીએ રચ્યાં છે. જયારે તે રંગભૂમિ પર કુશળ સાધક—અભિનેતા દ્વારા ગવાતાં ત્યારે ભક્તિભર્યા વાતાવરણમાં તરબોળ થઈ ગયેલો પ્રેક્ષક સમુદાય પણ અભિનેતાની સાથે સાથે તે ગીતની તત્ત્વસભર પંક્તિઓ કશા પણ ક્ષોભ—સંકોચ વગર આનંદપૂર્વક ઉચ્ચારતો—લલકારતો.

તેમાં ય "અધમોધ્ધરણ"માં શરૂઆતમાં સાધુમુખે અને પછી અંજની અને બીજા પાત્રો દ્વારા "એક સુર છવાઈ રહયો ૐ ૐ" ગવાતું ગીત, "જવાબીશ્રધ્ધા"માં પ્રાણમયીના મુખે સતત રટાતું "હરિના બોલની બલિહારી, હરિના કોલની બલિહારી" ભાવસભર ગીત — વગેરે ગીતો તો રંગભૂમિ પર ગવાતાં—ભજવાતાં ત્યારે તે ભાવમસ્તીયુક્ત "ધૂન" બની જતાં. નાટકને અંતે આવી ધૂનની પંક્તિઓ વારંવાર ઉચ્ચારતા કલાકારો તો ભાવાવેશમાં લૌકિક સાન—ભાન ગુમાવી ધૂનમય થઇ જતા અને ધૂનમાં જોડાયેલો પ્રેક્ષકસમુદાય પણ તેનો એક ભાગ બની જતો. આ સંવાદોને રંગભૂમિ પર ભજવાતા જેમણે જોયા અને માણ્યા છે તે સર્વને સ્પષ્ટ પ્રતીતિ થઇ છે કે ભાવનામસ્ત ગીતો એ સંવાદનું મહત્વનું ઉજ્જવલ પાસું છે.

ઉપરોક્ત પ્રકારના કલાત્મક, રસાત્મક, અભિનેય, મનોરંજક છતાં આદર્શ સદુપદેશને સરળતાથી નિષ્પન્ન કરતા વૈવિધ્યસભર સંવાદો આપી શ્રી ઉપેન્દ્રાચાર્યે આર્યધર્મના શિવ—સત્ય—મંગલ તત્ત્વોનું પ્રસારણ કરવાનું ધર્મકાર્ય તો કર્યું જ છે પણ સાથે સાથે શિષ્ટ—અભિનેય સંવાદો રચી ઉત્તમ પ્રકારની સાહિત્યસેવા અને સંસ્કારસેવા કરી છે.